# અધ્યાત્મ આભા



ગુણવંત બરવળિયા

# આધ્યાત્મ આભા

: લેખક :

ગુણવંત બરવળિયા

**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ, નટરાજ ટોકીઝ પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

Adhyatma Aabha
by **Gunvant Barvalia**
**Published by** Navbharat Sahitya Mandir,
Ahmedabad-1 & Mumbai-2
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

© MRS (DR) M. G. BARVALIA

**પ્રથમ આવૃત્તિ :** ઓક્ટોબર, ૨૦૦૩

**મૂલ્ય : રૂ. ૧૦૦-૦૦**

**પ્રકાશક :**
**અશોક ધનજીભાઈ શાહ**
**નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ – ૪૦૦ ૦૦૨
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧
૨૦૧, પેલીકન હાઉસ,
નટરાજ ટોકીઝ પાસે, આશ્રમ રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૬

**ટાઈપસેટિંગ :**
**ઈનોવેટિવ પ્રિન્ટ ઍન્ડ પૅક**
કચરિયા પોળ, બાલાહનુમાન,
ગાંધી રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
ફોન : ૨૧૩૭૯૫૭, ૨૧૭૧૯૪૮

**મુદ્રક :**
**યુનિક ઑફસેટ**
એન. આર. એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪

અનુક્રમણિકા

# અધ્યાત્મ આભા


| | | |
|---|---|---|
| ૧. | સ્વની આત્મ સમૃદ્ધિનું ભાન કરાવે તે સ્વાધ્યાય | ૭ |
| ૨. | સિંહની જેમ દીક્ષા લઇ, સિંહવૃત્તિથી સંયમ પાળતા આત્માઓને અભિવંદના | ૯ |
| ૩. | જૈન દર્શનમાં રાષ્ટ્રચિંતન | ૧૬ |
| ૪. | ઉપાશ્રયને વાચા ફૂટી | ૨૩ |
| ૫. | પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ સાત્ત્વિક ચિંતનની આબોહવા સર્જી શકે | ૩૦ |
| ૬. | મંગલમય કરુણાનું દિવ્ય સામ્રાજ્ય | ૩૩ |
| ૭. | સાંપ્રત જીવનમાં ભગવાન મહાવીરનો દષ્ટિકોણ | ૩૬ |
| ૮. | ખજાનો ....! | ૪૧ |
| ૯. | શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનો પુરુષાર્થ | ૪૩ |
| ૧૦. | ભગવાન મહાવીરની સૂક્ષ્મ સંવેદના | ૪૮ |
| ૧૧. | જિનવાણી પરમ હિતકારી | ૫૨ |
| ૧૨. | સત્પુરુષો પનિહારી સમાન છે | ૫૬ |
| ૧૩. | વિશ્વચેતનાના વણઝારા : આંતરસમૃદ્ધિથી છલકતા આચાર્ય તુલસી : એક દર્શન | ૫૮ |

| | | |
|---|---|---|
| ૧૪. | શાસનસમ્રાટ પૂ. ધર્મસિંહજી સ્વામી | ૬૧ |
| ૧૫. | સંયોગથી સ્વભાવ પર દૃષ્ટિ તે ધર્મ | ૬૯ |
| ૧૬. | ભક્તિનો હૃદય સાથે સંબંધ છે | ૭૨ |
| ૧૭. | સંજ્ઞાના આક્રમણથી બચાવે તે જ ધર્મ | ૭૫ |
| ૧૮. | મહાવીરધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાઇ રહ્યું છે | ૮૦ |
| ૧૯. | લબ્ધિપ્રયોગ દિશાદર્શન | ૮૪ |
| ૨૦. | મિત્રના ઘરનું આમંત્રણ.....! | ૮૯ |
| ૨૧. | ત્રીજો ચૂલો .....! | ૯૧ |
| ૨૨. | કષાય : આત્મગુણોને હરનાર ચોર | ૯૩ |
| ૨૩. | આવતું વર્ષ કેવું જશે ? | ૯૮ |
| ૨૪. | શ્રીમદ્ રાજચંદ્ર : અંતરંગ દશાની કથા | ૧૦૦ |
| ૨૫. | જ્ઞાન : શુદ્ધિપૂર્વકની બુદ્ધિનો વૈભવ | ૧૦૪ |
| ૨૬. | ભગવાન મહાવીર : ચ્યવનથી જન્મકલ્યાણક સુધીની યાત્રા | ૧૦૭ |
| ૨૭. | જૈનધર્મમાં આરોગ્યની સંગીન વિચારણા | ૧૧૧ |
| ૨૮. | જૈનધર્મ પર્યાવરણ સંતુલનપોષક છે | ૧૧૫ |
| ૨૯. | જૈન દર્શન : મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ | ૧૧૯ |
| ૩૦. | અહિંસા પરમો ધર્મ | ૧૨૪ |

# લેખકનું નિવેદન

પરમ ઉપકારી સંતોની અધ્યાત્મ સભર સંતવાણી, સ્વાધ્યાય, પ્રવચન, આદિ. સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો ત્યાર પછી, હૃદયમાં ઉઠેલા ભાવોને કલમ દ્વારા ચિંતન મનન રૂપે રજૂ કરવાનો અવસર મળ્યો. કોઇ મર્મસ્પર્શી પ્રસંગ વાચવામાં આવ્યો અને પછીના વિચાર મંથન દ્વારા કંઇક લખવાની પ્રેરણા મળી આમ આ લખાણોની શ્રૃંખલા રચાણી.

આ બધાં લખાણો મારી સાધના કે વિદ્વતાભર્યા જ્ઞાનથી લખાયેલા નથી આ લખાણો સંતસમાગમ અને વિદ્વતવર્યોના સંબંધો ની નીપજ છે. વિદ્વતજનો ને ગુરુભગવંતોના પ્રવચનો સાંભળીને અને સ્વાધ્યાય દ્વારા જે કાંઇ જાણ્યું તેને મારી રીતે આ લેખો દ્વારા રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. જેમા મારા નિજી સંવેદનો અને નિરિક્ષણો નું આલેખન થયેલું જણાશે.

પ્રસ્તુત ગ્રંથમાં ધર્મ, અધ્યાત્મ, સંસ્કૃતિ વગેરે વિષયક મારા લેખો ગ્રંથસ્થ કર્યા છે. તે છેલ્લા પંદેરક વર્ષ દરમ્યાન લખાયેલા છે.

આ બધા લખાણો 'મુંબઇ સમાચાર', 'જન્મભૂમિ', 'કાઠિયાવાડી જૈન', 'જૈન પ્રકાશ', 'જાગૃતિ સંદેશ', 'જૈન સૌરભ', 'ધર્મધારા', 'શાસન પ્રગતિ', 'વડલો વિહાર', 'પરમાર્થ' વ. વર્તમાન પત્રો અને સામયિકોમાં પ્રગટ થયેલા છે.

આ લખાણોની પ્રેરણા માટે અનેક ગુરુભગવંતો અને સતીજીઓ મારા ઉપકારી છે. પૂ. બાપજી સ્વામીના શિષ્યા પૂ. ડૉ. તરુલતાજી વિદ્યાગુરુ નવલભાઇ જોષી, વિદ્વાન મુરબ્બી ડૉ. જયંત મહેતા, રમણીકભાઇ શેઠ, પન્નાલાલ શાહ અને ડૉ. રસિકભાઇ મહેતાનો હું આભારી છું.

મારા ધર્મ પત્ની ડૉ. મધુબહેન બરવાળિયા પુત્રીઓ અમીષા, નિલેષા, શૈલેષી અને પુત્ર ચિંતને મારા આ કાર્યમાં હંમેશા સહયોગ આપ્યો છે. કૉમ્પ્યુટર ટાઇપ સેટીંગ માટે વિધાતા આર્ટસના ધ્રુવ અજમેરા નો આભાર.

'**અધ્યાત્મ આભા**' નું પ્રકાશન કરવા બદલ નવભારત સાહિત્ય મંદિરના શ્રી અશોકભાઇ શ્રી મહેન્દ્રભાઇ તથા મુરબ્બી શ્રી ધનજીભાઇનો આભાર માનું છું.

**– ગુણવંત બરવાળિયા**

૬૦૧, સ્મિત એપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન,
ઘાટકોપર (ઇ.), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
ઓક્ટોબર-૨૦૦૩

# સ્વની આત્મ સમૃધ્ધિનું ભાન કરાવે તે સ્વાધ્યાય

સ્વાધ્યાય એટલે અંતરયાત્રા, બહારથી અંદર તરફની યાત્રા. સ્વ, આત્મલક્ષી ચિંતન આપણી કર્મધારાથી નીકળી જ્ઞાનધારા તરફ પ્રવાહિત થાય તે સ્વાધ્યાય. જ્ઞાનધારામાં રહેવા માટે કર્મધારામાંથી નીકળવું પડે. ચેતના એક છે તેને વહેવાની ધારા બે છે. મોટા ભાગના કર્મધારામાં વ્યસ્ત છે. સુખી જીવો સુખ ભોગવવામાં ગળાડૂબ છે, વ્યસ્ત છે અને દુ:ખી જીવો દુ:ખમાંથી મુક્ત થવાના ઉપાયોમાં વ્યસ્ત છે. ક્ષણે ક્ષણે કર્મબંધનનું આજ કારણ છે માટે કર્મધારામાંથી જ્ઞાનધારામાં આવવાનો પુરુષાર્થ કરવાનો છે. તો જ આપણે ઉપાધિથી સમાધિ તરફ જઈ શકીશું.

સમતાભાવને પ્રાપ્ત થયેલા સત્પુરુષો દ્વારા પ્રણીત, શાંતભાવને ઉત્પન્ન કરનારા, સાધકને સાચો રાહ બતાવનારા વચનોનું શ્રવણ, વાંચન, સ્મરણ અને ચિંતન કરે તે સ્વાધ્યાય. જ્ઞાનાર્જનની ભાવનાથી પ્રેરિત થઈ સત્સંગના યોગમાં રહી સત્શાસ્ત્રના વાંચન વિચાર પ્રમાદ રહિત પણે કરવો તે સ્વાધ્યાય છે.

શાસ્ત્રકાર પરામર્શી 'સ્વાધ્યાય'નું વિશ્લેષણ કરતાં કહે છે કે સ્વ અ અધિક અ આય ઇં સ્વાધ્યાય. 'સ્વ' એટલે પોતે, અધિ એટલે 'સન્મુખ' થઈને 'આય' એટલે જોડાવુ. તેનું નામ સ્વાધ્યાય જેમાં 'સ્વ' તત્વના વાંચન શ્રવણ અને મનન અભિપ્રેત છે.

જ્ઞાનીઓએ સ્વાધ્યાયના પાંચ પ્રકાર બતાવ્યા છે. સત્શાસ્ત્રો, આત્મલક્ષી ગ્રંથોનું વાંચન કરવું તે વાંચના, શંકા ઉપજે કે જિજ્ઞાસાનું સમાધાન કરવા સદ્ગુરુ કે જ્ઞાની પુરુષને પ્રશ્નો પૂછીને 'સમાધાન મેળવવું' સ્વાધ્યાયનો ત્રીજા પ્રકારમાં જે વાંચ્યુ શ્રવણ કર્યું કે પૂછ્યું તેનું ચિંતન મનન અને પુન:સ્મરણ, કરવું ધર્મકથા કરવી, વાંચવી કે સાંભળવી અને સ્વાધ્યાયનો પાંચમાં પ્રકારને જ્ઞાનીએ અનુપ્રેક્ષા કહી છે. અનુપ્રેક્ષા એટલે ભાવના, ચિંતવના કે વિશેષ પ્રકારે જોવું. અનુપ્રેક્ષા સ્વાધ્યાય રૂપે ત્યારે જ પરિણામે જ્યારે મનનો ઉપયોગ અંતરાત્મા તરફ વળે.

આ પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં અનુપ્રેક્ષા સ્વાધ્યાય જ ઉપયોગ વિના થઈ શકે નહિ. ઉપયોગમાં આત્માની અતિ સંપૂર્ણ જાગૃતિ હોય છે. માટે અનુપ્રેક્ષા જ ઉત્તમ સ્વાધ્યાય છે, ઉપયોગ વિના સ્વાધ્યાય તે દ્રવ્ય સ્વાધ્યાય છે. જ્યારે ઉપયોગ સહિતનો સ્વાધ્યાય જ ભાવસ્વાધ્યાય છે. સ્વાધ્યાયના પહેલા ચાર પ્રકારમાં દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારના સ્વાધ્યાય છે. જ્યારે અનુપ્રેક્ષા એ ભાવ સ્વાધ્યાય છે. અહીં આપણે આત્માને જોવાનો, સ્વ તરફ જોવાનો અંતરદૃષ્ટિ કરવાનો પુરુષાર્થ કરવાનો છે. આત્માની અનુપ્રેક્ષા કરવાની છે. આત્માનાં અખંડ દ્રવ્યને અને ગુણોને નજરમાં લેવાના છે અને પછી ધીમે ધીમે આ સ્વાધ્યાય જ ધ્યાનરૂપ બની જશે.

સ્વાધ્યાય આપણને આપણી નિજી આત્મ સમૃધ્ધિનું ભાન કરાવે છે. બાહ્યાંભ્યંતર તપમાં સ્વાધ્યાય ઉત્કૃષ્ઠ તપ છે. સ્વાધ્યાયથી આત્મહિતનું જ્ઞાન, અશુભવિચારોનું નિવારણ, નિત્ય, નૂતન વૈરાગ્ય, ચારિત્ર્યમાં દૃઢતા, તપશુધ્ધિ, ઉત્તમ વિચાર અને પરોપકારની ભાવના જાગૃત થાય છે.

કોઈ દર્દીને પીડા થતાં ડોક્ટર પાસે જાય. ડોક્ટરને પોતાના દર્દ અને વ્યથાની વીતક કથા વિગતે કહે. ડોક્ટર પ્રીસ્ક્રીપ્શન લખી આપે પણ દર્દી ડોક્ટરના કહ્યા પ્રમાણે ઔષધ કે અનુપાન ન લે અને ચરી ન પાળે તો રોગ કેમ જાય?

બસ! પેલા દર્દી જેવું જ આપણું છે, આપણે ઉપાસના ભક્તિ અને પ્રાર્થનામાં ભગવાનને આપણાં દુ:ખ દર્દની લાંબી લાંબી ફરિયાદ કરીએ છીએ. પ્રભુ, સંતવાણી અને સત્‌શાસ્ત્રો દ્વારા આપણાને પ્રિસ્ક્રીપ્શન આપે છે, જેમાં આપણાં દર્દો અને દુ:ખોનો ઉપાય છે, ભવરોગની દવા છે, પરંતુ એ પ્રિસ્ક્રીપ્શન, સાંભળવા, વાંચવા કે અનુસરવાનો આપણાને સમય જ ક્યાં છે?

પ્રાર્થના એ ભક્તિ છે, સત્ પુરુષ સંગ અને સદ્‌વાંચન એ સ્વાધ્યાય છે. ભક્તિમાં જે આપણી ફરિયાદ છે તેનો સ્વાધ્યાય દ્વારા આપણાને ઉકેલ મળે છે. ફરિયાદ એ ઉકેલ નથી. ભક્તિમાં આપણી અભિવ્યક્તિ તો સ્વાધ્યાયમાં આપણું મૌન, ભક્તિમાં આપણે વક્તા અને ભગવાન શ્રોતા, સ્વાધ્યાયમાં આપણે શ્રોતા અને ભગવાન વક્તા છે. ભક્તિ અને સ્વાધ્યાયના સમન્વયથી ફલિત થતી ક્રિયા જીવનમાં સત્યમ્ શિવમ્ અને સુંદરમ્‌ની ત્રિવેણી રચશે.

## સિંહની જેમ દીક્ષા લઈ, સિંહવૃત્તિથી સંયમ પાળતા આત્માઓને અભિવંદના

આત્મસાક્ષાત્કાર થયો છે એવા જ્ઞાની પુરુષની વાણી સાંભળવા, સાધક આત્માઓ, ચાતક જેમ સ્વાતિના જલબિંદુની પ્રતીક્ષા કરે તેમ આતુર હોય છે.

આજથી લગભગ ૨૫૩૦ વર્ષ પહેલા ઋજુવાલિકા નદીને કિનારે, ગોદોહ આસનમાં વૈશાખ સુદ દશમને દિવસે શ્રમણ ભગવાન મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. દીર્ઘ મૌન સાધના પછી પ્રભુની પાવન વાણીનું પ્રાગટ્ય થયું.

વૈશાખ સુદ ૧૧ના પાવાપુરીમાં સમવસરણની રચના થઈ જેમા પ્રભુએ સર્વદુ:ખોનો નાશ કરી જીવને મુક્તિ સુધી પહોંચાડનાર ધર્મને જીવનમાં અંગીકાર કરવાની પ્રરૂપણા કરી. ઈન્દ્રભૂતિ ગૌતમ, ચંદનબાલા આદિ હજારો સ્ત્રી પુરુષોએ સંસાર ત્યાગી સંયમ માર્ગે પ્રયાણકરી દીક્ષા અંગીકાર કરી. પ્રબુદ્ધ કરૂણાના કરનારા મહા શ્રમણ ભગવાન મહાવીરે ધર્મના બે માર્ગ બતાવ્યા.

**'दुविहे धम्मे, पण्णते – अगरधम्मे चेव, अणगार धम्मे चेवा'** ધર્મ સાધનાના બે માર્ગ છે, એક આગાર ધર્મ અને બીજો અણગાર ધર્મ. હકીકતમાં ધર્મ તો એક જ છે. આત્માની પરમશુધ્ધિ કરી મોક્ષપદ પ્રાપ્ત કરવું. પરંતુ લક્ષની પ્રાપ્તિ માટેની સાધનાના બે માર્ગ છે. એક સરળ માર્ગ અને એક કઠિન માર્ગ છે. સરળ માર્ગ પર પોતાની મર્યાદિત શક્તિ પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં રહીને ધર્મ કરી શકે. આગાર એટલે છૂટ સુવિધા-વિકલ્પ જેટલાં નિયમ પાળી શકાય તેટલાં નિયમ લેવાની છૂટ તે આગારધર્મ.

અણગાર ધર્મમાં આવી છૂટ નથી. સંયમ માર્ગે શ્રમણ બની જીવનભર પંચમહાવ્રતોનું પાલન કરવાનું હોય છે.

ભગવાન મહાવીરે સંયમ જીવનની પ્રેરણા કરી જેથી અનેક લોકોએ દીક્ષા ગ્રહણ કરી પરંતુ, આ દીક્ષા લેવા અને પાળવાવાળા લોકોના ભિન્ન પ્રકારને દર્શાવવા પ્રભુએ દર્શાવેલી ચોપાઈ રસપ્રદ છે.

**चतारि पुरिसजाया पणत्ता, त जहाः**
**सीहताए णाममेगे णिक्खते सीहत्ताए विरहई।**
**सीहतो णाममेगे णिक्खते सियालताए विरहई**
**सियालताए णाममेगे णिक्खते सिहताए विहरई**
**सियालताए णाममेगे णिक्खते सियालताए विहरई।**

**આચાર્ય નિત્યાનંદસુરીજીએ આ ચૌભંગીનું અર્થસભર રસદર્શન કર્યું છે.**

**ઘર સંસાર, સગા સંબંધીનો ત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કરવાવાળા પુરુષોના ચાર પ્રકાર છે. કેટલીક વ્યક્તિ સંસાર ત્યાગતી વખતે સિંહવૃત્તિવાળી હોય અને જીવનપર્યંત સિંહવૃત્તિથી સંયમનું પાલન કરે છે. કેટલીક વ્યક્તિ ઘરનો ત્યાગ કરતી વખતે સિંહવૃત્તિવાળી હોય છે પરંતુ, ધીરે ધીરે તેની ભાવના બદલતી જાય છે. ઉત્સાહ ઠંડો પડતો જાય. વૃત્તિની અધોગતિને કારણે તે વ્યક્તિ શિયાળ જેવું જીવન જીવવા લાગે.**

**કેટલીક વ્યક્તિઓ સંસાર ત્યાગ વખતે શિયાળ વૃત્તિ જેવા હોય પરંતુ, સાધનામાં આગળ વધતા જ્ઞાન પ્રાપ્ત કરતાં, અનુભવ રસ ચાખતાં તેમના ઉત્સાહ અને જાગૃતિમાં વૃધ્ધિ થાય છે અને તે સિંહવૃત્તિવાળા બની જાય છે. ચોથા પ્રકારના પુરુષો શિયાળવૃત્તિથી સંસાર ત્યાગે અને જીવનભર એજ વૃત્તિમાં પડ્યા રહે છે.**

**સિંહ પરાક્રમશીલતાનું પ્રતીક છે. સિંહ આત્મ વિશ્વાસનું પ્રતિક છે. માટે જ તીર્થંકરોને પુરિસ સીહાંણં** પુરુષોમાં સિંહ સમાન ઉપમા આપેલ છે. ભગવાન મહાવીર સાધના કાળમાં પરિષહોને સમતા ભાવે સહેતા અને ઉપસર્ગો પર વિજય મેળવી સંયમ યાત્રામાં આગળ વધતા તે વાત ભગવાનના જીવનના સમ્યક્ પરાક્રમનો નિર્દેશ કરે છે.

શિયાળ લુચ્ચાઈ અને લાલચયુક્ત મનોવૃત્તિનું પ્રતિનિધિત્વ કરે છે. આ બન્ને મનોવૃત્તિને ધ્યાનમાં રાખીને જ્ઞાનીઓ કહે છે કે કેટલીક વ્યક્તિઓ સાધનામાર્ગમાં સિંહની જેમ આગળ વધે છે તેના મનમાં વૈરાગ્યભાવની ભરતી હિલોળા લે છે અને જે સમગ્ર સંસારના સુખો પ્રત્યે ઉદાસીન-વિરક્ત હોય છે.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્ર ૧૯/૩૨માં ફરમાવ્યું છે કે સંયમજીવન રેતિના કોળીયા જેવું નિરસ અને ખાંડા (તલવાર)ની ધાર પર ચાલવા જેવું કઠીન કામ છે.

દશવૈકાલિક સૂત્રમાં પ્રભુએ ફરમાવ્યું છે કે જે ને સંયમમાં રસ આવ્યો અને જે સંયમ જીવનમાં સ્થિર થઈ ગયેલ છે, તેને તો સંયમ જીવન સ્વર્ગના સુખોથી પણ અદકેરું લાગે છે અને જે સંયમજીવનમાં રત નથી કે જે ચ્યુત થયેલ છે તેને માટે તે જીવન નર્કના દુઃખોની ભારે વેદના સમાન છે.

સાધુ મારગ આકરો, જેમ ચડવું ઝાડ ખજૂર;
ચઢે તો ચાખે પ્રેમરસ, પડે તો ચકનાચૂર.

ખજૂરના વૃક્ષ પર ચડવા જેવો સાધુ જીવનનો માર્ગ કઠીન છે. ખજુરના ઝાડ પર ચડી જાય તો મીઠા ફળ મળે અને પડે તો હાડકા ભાંગે, તેમ સાધુ જીવનમાં સંયમમા પાર ઉતરે તો આત્માનુભુતિ થાય અને તે માર્ગથી પડે તો અધોગતિ થાય.

દૃઢ સંકલ્પ મનોબળ અને ઉત્સાહને કારણે કેટલાંકના મનમાં વિરક્તિ જાગે, કેટલાંકને પૂર્વના સંસ્કારને કારણે જાગે આઈમુતા (અતિમુક્તક) કુમારના મનમાં ગૌતમ સ્વામીના દર્શન થતા જ ભગવાન મહાવીરના દર્શન કરવાની અને સંયમલેવાની ભાવના જાગી. શ્રેષ્ઠીવર્ય ધન્નાને સુભદ્રાનું એક વચન માત્ર સાંભળી સંસાર ત્યાગની ભાવના જાગી. હવેલીના સાતમા માળે દૈવી સુખો ભોગવતા શાલિભદ્રે, ધન્નાનો એક સાદ સાંભળતા સંસાર ત્યાગ્યો.

નમિરાજાનો દાહજ્વર અને અનાથી કુમારની આંખોની વેદનાના નિમિત્તમાં સિંહવૃત્તિ યુક્ત મહાભિનિષ્ક્રમણ અભિપ્રેત હતું.

કેટલાંક ભવ્ય આત્માઓ માટે ભગવાનની વાણી સંયમ જીવનનું નિમિત બને છે. થ્થાવર્ચ્યાપુત્ર અને મુનિ ગજસુકુમાર ભગવાન અરિષ્ટનેમિના પાવન વચનોને કારણે, અને ભગવાન મહાવીરની વાણી સાંભળી મેઘકુમારે સિંહવૃત્તિથી મહાભિનિષ્ક્રમણ કર્યું.

બીજા પ્રકારના પુરુષો સિંહ જેમ વૈરાગ્યમાર્ગે નિકળે પણ ધીરે ધીરે નિરૂત્સાહી બની શિયાળવૃત્તિના બની જાય. બાહ્ય મુનિવેષ સિંહનું પ્રતિક છે. પરંતુ આચરણ શિયાળ જેવું, ભોગો માટે લાલચુ બની જાય.

જમ્બુકુમાર ચરિત્રમાં તેના પૂર્વભવનું વર્ણન છે. જમ્બુકુમાર ભાવદેવ તેના મોટા ભાઈ માટે ભવદેવ દીક્ષા લે છે. તેના સંયમ જીવનથી પ્રેરાઈ ભાવદેવ, યુવાન સુંદર પત્ની નાગીલાને કહે છે કે મારે દીક્ષા લેવી છે. શ્રાવકકુળમાં જન્મેલી સમજદાર નાગીલા કહે છે હું શ્રાવિકાવ્રત ધારણ કરી ધર્મ આરાધના કરીશ આપ સંયમ માર્ગે સીધાવો.

ભાવદેવે દીક્ષા લીધી. યૌવનના ભયંકર પ્રભાવે ભાવદેવને થાય છે કે આવી સુંદર યુવાન પત્નીનો ત્યાગ કરી મેં ભૂલ કરી છે. તેને સંસાર સુખો સાંભરવા લાગ્યા. મોટાભાઈ મુનિના સ્વર્ગવાસ પછી ઘર સંસારમાં પાછા જવાના ભાવ સાથે તે પોતાના ગામ પહોંચ્યો.

ગામ બહારના ઉદ્યાનમાં રોકાયો. વર્ષો વીતી ગયા છે. પત્ની ગામમાં હશે કે ગામ છોડી ગઈ હશે, પીયર ગઈ હશે મને ઓળખશે કે નહી? વિ. વિચારો કરતો ઉદ્યાનના કૂવા પાસે ઉભો હતો. કુવા પર સ્ત્રીઓ પાણી ભરતી હતી. તેમાં નાગિલા પણ હતી. નાગિલા ચોંકી ગઈ. પોતાની ઓળખ આપ્યા વિના નાગિલાએ મુનિના દર્શન કર્યા.

મુનિએ પૂછ્યું, 'બહેન તું, અમૂક શેઠની પૂત્રવધુ. નાગીલાને ઓળખે છે' – 'તે તો મારી સહેલી છે. પરંતુ આપને તેનું શું કામ છે?' નાગિલા કહ્યું, ભાવદેવ મુનિ પધાર્યા છે તને દર્શન કરવા બોલાવે છે તેટલો સંદેશો આપજે.

નાગિલા વિચારે છે મુનિ પતિત થશે. શિથિલ થયેલા પતિને ચારિત્ર્યમાં કેમ સ્થિર કરવા તેનો નાગિલા વિચાર કરે છે.

થોડી વાર પછી નાગિલા એક નાટક રચે છે. એક પડોસી સ્ત્રીને લઈ નાગિલા દર્શન કરવા આવે છે. થોડીવારમાં પડોશી સ્ત્રીનો પુત્ર આવીને કહે છે માં, માં તે મને જે ખીર પિરસી હતી તે મેં પુરે પુરી ખાઈ લીધી.

'સારું થયું બેટા' – મા એ કહ્યું.

પુત્ર કહે, 'પરંતુ મા, એ ખીરમાં એક માખી પડી હતી તે માખી સહીત ખીર ખાઈ લીધી, એટલે મને ઉલ્ટી થઈ ગઈ અને બધી ખીર નિકળી ગઈ.' મા કહે, 'સારું થયું માખી નીકળી ગઈ.' પુત્ર કહે, 'માં મેં માખી કાઢી ફરીથી એ ખીર ચાટી લીધી.'

માં પૂત્રની પીઢ થાબડીને કહે, 'વાહ બેટા સારું થયું તું બહુ હોશિયાર છો. આટલી સરસ ખીર નકામી ન જવા દેતા તે ફરીથી ચાટી લીધી સારું કર્યું.'

ભાવદેવ મુનિએ પડોસી સ્ત્રી સાથેનો વાર્તાલાપ સાંભળી કહ્યું 'તુ પાગલ છો? કે તું તારા પુત્રને શાબાશી આપે છે. ખીર ચાટવા માટે વમન કરેલું કોણ ખાય. ઉલ્ટી તો કુતરું ચાટે. માણસ પોતાની ઉલ્ટી ન ચાટે! રે મુર્ખ તું તારા પુત્રને કેવી ખોટી શિખામણ આપે છે?'

ત્યારે નાગિલા કહે છે 'કેમ મા'રાજ આ બાળકે ઉલ્ટી ચાટી તો તમને ગંદુ-ખરાબ લાગ્યું.' પરંતુ તમે શું કરવા જઈ રહ્યાં છો? ત્યાગ કરેલા ભોગ, ત્યાગ કરેલી પત્નીને પુનઃ સ્વીકારવા જઈ રહ્યા છો. આ ક્રિયા શું ઉલ્ટી ચાટવા જેવી નથી? તમે વમેલું ચાટશો? તમારા જેવાં ચતુર સમજદાર પુરુષને આ શોભે?' મુનિ અટક્યા!

સિંહવૃત્તિથી દીક્ષા લઈ શિયાળવૃત્તિ તરફ જતાં શિથિલ મુનિને પૂર્વાશ્રમની પત્નીએ ચારિત્ર્યમાં સ્થિર કર્યા. મુનિનું સિંહવૃત્તિ તરફના પુનઃપ્રયાણમાં આત્મોત્થાન અભિપ્રેત હતું.

શિયાળવૃત્તિથી મહાભિનિષ્ક્રમણ કરનાર સિંહવૃત્તિથી પણ જીવન જીવી શકે.

શેઠને ત્યાં એક ચાકર કામ કરે. શેઠને ત્યાં મુનિ ગોચરી માટે પધારે છે. શેઠ ખૂબ ભક્તિભાવથી મુનિને ઘેવર વહોરાવે છે. તાજા સુગંધી ઘેવર જોઈને ચાકરનું મન લલચાય છે. ચાકર મુનિની પાછળ પાછળ ઉપાશ્રયમાં જાય છે. ગુરુજી પૂછે છે ભાઈ તું કેમ આવ્યો? ચાકર કહે ઘેવર ખાવાની મારી તીવ્ર ઈચ્છા છે. જ્ઞાની ગુરુ વિચારે છે આ જીવ સરળ અને ભદ્રપરિણામી છે. વૈરાગ્ય ભાવ નથી, માત્ર ઘેવરની ઈચ્છા છે ધર્મબોધ આપતા આ જીવ ઉત્કૃષ્ટ તપસ્વી પણ બની શકે. ગુરુ કહે – જો તુ સાધુ બની જા તો અમે તને ઘેવર આપી શકીએ. તું મનોવાંચ્છિત ભોજન પણ પ્રાપ્ત કરી શકે. શર્ત માત્ર સાધુ બનવાનું છે. ઘેવરના લોભથી આ સાધુ બનેલ ચાકરના જીવનમાં સ્વાધ્યાય અને ગુરુના ઉપદેશથી પરિવર્તન આવે છે. વાતાવરણના પ્રભાવથી આ ઘેવરીયા મુનિ ઉત્કૃષ્ઠ તપસ્વી બની જાય છે.

ચૌભંગીના ત્રીજા ભાગમાં લખ્યા પ્રમાણે શિયાળવૃત્તિ ખાવાની લાલચથી દીક્ષા લેનાર સિંહ વૃત્તિથી દીક્ષાનું પાલન કરી જ્ઞાન પ્રાપ્ત કરી પોતાના જીવનનું ઉચ્ચ લક્ષ પ્રાપ્ત કરી લે છે. આવા આત્માઓ ધન્ય છે.

ચૌભંગીના ચોથા ભાંગામાં જેનામાં ઉત્થાનની લગીરે પાત્રતા નથી એવા પુરુષની વાત કહી છે.

શિયાળ વૃત્તિથી દીક્ષા લે અને શિયાળ વૃત્તિથી જ દીક્ષાનું પાલન કરનારની વાત કરી છે. એક યુવાન મહાત્મા પાસે જાય. ત્યાં રોજ મિષ્ટાન પક્વાનના ભોગ ચડતા જોઈ તેનો ચેલો બની ગયો અને પછી ખૂબ મિષ્ટાન ખાય અને રાતદિ સૂતો રહે.

ગુરુજીએ કહ્યું, ભાઈ ભોજન તો ખૂબ કર્યું હવે થોડું ભજન કર.
ચેલો કહે, ભજન શું કામ કરવું?
ગુરુજી કહે, મોક્ષની પ્રાપ્તિ માટે.
ચેલો કહે, મોક્ષમાં શું મળશે.
ગુરુજી કહે, મોક્ષમાં આનંદ આનંદ છે, મોક્ષમાં અનંત સુખ છે.
''ખાવા માટે ખીચડી, ઓઢવા માટે સોડ
ચેલો ગુરુને પૂછતો, મોક્ષમાં આથી શું વિશેષ?''

ખાવા માટે ઘીમાં ફીણેલી ખીચડી, ઠંડીમાં ઓઢવા રજાઈ મળી જાય તો આનંદ છે. મોક્ષમાં આથી વિશેષ શું છે, ચેલાએ પૂછ્યું.

ગુરુજી કહે મોક્ષમાં તો ભાઈ પરમાનંદ છે. ચેલો કહે ગુરુજી મને તો આવુ જ મોક્ષ જોઈએ. તમે પરમાનંદવાળું મોક્ષ મેળવો, મારે નથી જોઈતું, ગુરુજી શું બોલે?

શિયાળવૃત્તિથી દીક્ષા લઈ પ્રભુના વચનોમાં શ્રધ્ધાન્વિત થઈ જ્ઞાન પ્રાપ્ત કરે તો શિયાળવૃત્તિથી મુક્ત થઈ ભીતરમાં સુતેલા સિંહને જાગૃત કરી સિંહત્વના પરાક્રમની અનુભૂતિ કરી શકે. સિંહની જેમ દીક્ષા લઈ સિંહવૃત્તિથી સંયમ પાળતા આત્માઓને અભિવંદના કરીએ.

## જૈન દર્શનમાં રાષ્ટ્રચિંતન

દર્શન સાહિત્યનું પ્રયોજન સ્વ ને ઓળખવા માટેનુ છે. દર્શન સાહિત્યનું કેન્દ્રસ્થાન આત્મા છે. આમ આત્મચિંતન દર્શન સાહિત્યનું હૃદય છે. છતાંય ભારતીય પરંપરાના તમામ દર્શનોએ રાષ્ટ્ર ધર્મના ચિંતનની અવગણના કરી નથી.

રાજ્યકર્તાઓ, સંતો અને ઋષિઓની આજ્ઞામાં રહેતા. એ જ આર્ષદષ્ટા પરામર્શિઓએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સંસ્કૃતિ નિર્દેશ કર્યો.

આત્મલક્ષી જૈન દર્શનમાં કેટલીક જગ્યાએ રાષ્ટ્રચિંતનનો ઉલ્લેખ જોવા મળે છે.

આવશ્યક સૂત્રમાં શ્રાવકોને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ ન કરવાની, તથા રાજ્યના કરની ચોરી નહિ કરવાની સલાહ આપવામાં આવી છે અને કોઈક સંયોગોમાં ચોરી થઈ ગઈ હોય તો તેનું પ્રાયશ્ચિત કરી ફરી ચોરી ન કરવાના પ્રત્યાખ્યાન લેવાનું જણાવાયું છે. આમ અચૌર્ય વ્રતમાં રાષ્ટ્રધર્મનું ચિંતન અભિપ્રેત છે.

વીતરાગી પરમાત્મા સુદેવ છે. નિર્ગ્રંથ સદ્‌ગુરુ છે અને અહિંસાની પ્રરૂપણા કરનાર જ સુધર્મ છે, એમ જૈન ધર્મ માને છે. માટે સુદેવ અને સદ્‌ગરુને જ મસ્તક નમાવી વંદના કરાય અન્ય કોઈને નહિ. અન્યની અનુમોદના કરવી તે પણ મિથ્યાત્વની પ્રરૂપણા કર્યા બરાબર છે. પરંતુ રાજા જે દેવને માનતા હોય અને રાષ્ટ્ર પર આવેલી આફત, કુદરતી, માનવસર્જિત કે અન્ય રાજ્યો દ્વારા આવેલી આફક, મૂશ્કેલી કે કટોકટી દૂર કરવા તે દેવોની પૂજા અર્ચના કરે. આ પૂજા પ્રાર્થના અહિંસક વિધિથી કરવામાં આવતી હોય તો આવી જાહેર પ્રાર્થનામાં રાષ્ટ્રહિત માટે શ્રાવકોને અપવાદરૂપે ઉપસ્થિત રહેવાની છૂટ આપવામાં આવી છે આમ વંદના સૂત્રમાં રાષ્ટ્રચિંતન અભિપ્રેત છે.

જરૂરિયાતથી વધારે સંપત્તિ કે વસ્તુઓનો પરિગ્રહ ન કરવાનું અપરિગ્રહ વ્રતમાં જણાવાયું છે. આ વ્રતનું પાલન સંગ્રહખોરી નફાખોરી અને કૃત્રિમ અછતની પરિસ્થિતિને ટાળશે જે રાષ્ટ્રહિતમાં છે. વધારાની સંપત્તિનું દાન દ્વારા વિસર્જન કરવાનું અપરિગ્રહવ્રતમાં જણાવાયું છે. વધુ ભેગું કરી લેવાથી અમર્યાદ ભોગ-ઉપભોગ નિવારવા માટે અપરિગ્રહ સાથે ભોગ-ઉપભોગ પરિમાણની વાત કહી છે તે ઉપભોક્તાવાદથી માનવજાતને ઉપયોગની સંસ્કૃતિ તરફ લઈ જશે. આમ અપરિગ્રહવ્રત રાષ્ટ્રના સમાજવાદના આદર્શને ચરિતાર્થ કરવામાં સહાયક બને છે.

અશાંતિ દૂર કરી શાંતિ સ્થાપવા માટે અહિંસા એ રામબાણ ઈલાજ છે. બીજાના મત અને વિચારને ગણાત્રીમાં લેવાની વાત 'અનેકાંતમાં છે તેના દ્વારા આંતરિક અને આંતરરાષ્ટ્રિય સંવાદિતા-સૂમેળ સ્થપાશે.

સ્થાનાંગ સૂત્રના ૧૦માં અધ્યયનની ૧૨૭મી ગાથામાં ૧૦ પ્રકારના ધર્મમાં રાષ્ટ્ર ધર્મનો ઉલ્લેખ છે.

**दंस विहे धम्म पण्णते तं जहां**
**गाम धम्म णगरधम्म रठ्ठधम्म**
**पासड धम्म, कुलधम्म संघ धम्मे**
**चरित धम्मे ऊत्थिकाय धम्मे।**

ગ્રામધર્મ, નગરધર્મ, રાષ્ટ્રધર્મ, અન્યધર્મ, કુલધર્મ, ગણધર્મ, સંઘધર્મ, શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને અસ્તિકાય ધર્મ એમ દશ પ્રકારના ધર્મ બતાવેલ છે.

મુનિશ્રી સંતબાલજી કહે છે કે, આ લોકધર્મો માનવજીવનની દસ સંજ્ઞાનુ સંસ્કરણ કરે છે.

સતત કર્મબંધનને કારણે જીવાત્મામાં વિવિધ મનોવૃત્તિઓ જન્મે છે તેને જૈન પરિભાષામાં 'સંજ્ઞા' કહે છે.

સંજ્ઞા એટલે વૃત્તિ, સંજ્ઞા એટલે મુર્ચ્છા, સંજ્ઞા એટલે આસક્તિ. આધુનિક મનોવિજ્ઞાન જેને સહજ સ્વાભાવિક મનોવૃત્તિઓના નામે ઓળખે છે તેને જૈન દર્શને સંજ્ઞાનું નામ આપ્યું છે. દસ લોકધર્મ દ્વારા આ સંજ્ઞાનું સંસ્કરણ થાય તો રાષ્ટ્રના લોકોનું નીતિમત્તાનું ધોરણ ઊંચુ જશે.

માનવી સાથે જન્મ-જન્માંતરથી મૈથુનસંજ્ઞા જોડાયેલી છે. કુલધર્મ દ્વારા આ સંજ્ઞાને નિયંત્રણમાં રાખી શકાય છે. કુલધર્મ દ્વારા નર-નારીના વિવિધ પ્રકારના નિર્દોષ સંબંધો દ્વારા સંસ્કારાય છે. કુલધર્મની લગ્નસંસ્થા, સંજ્ઞાના સંસ્કરણનું કાર્ય કરે છે.

આહાર સંજ્ઞા-ગ્રામધર્મમાં જગતાત બનવાની પારિવારિક ભાવનાથી અન્નવસ્ત્રાદીના સંવિભાગથી સંસ્કારાય છે. મળ્યુ છે તો બધું એકલું આરોગી જવું (આહાર કરી લેવો) તેવું નહિં, બીજાને પણ ભાગ આપવો-પેટભરા ન થવું. અન્નદાન ગ્રામધર્મની ભાવનાને વિકસીત કરશે. ગ્રામધર્મ આહાર સંજ્ઞાનું સંસ્કરણ કરશે.

ભય સંજ્ઞાને નગરધર્મના કાનુન-કર્તવ્યપાલન નિયમોથી સુવ્યવસ્થિત કરી સંસ્કરાય છે. પરિગ્રહ સંજ્ઞા, જરૂર કરતા વધારાનો સંગ્રહ ન કરવો, દાન દ્વારા પરિગ્રહ વિસર્જન કરી અપરિગ્રહ વ્રત પાલનથી સંસ્કારાય છે. અહીં ન્યાયસંપન્ન વૈભવ અને સાધન શુધ્ધિની પવિત્ર ભાવના અભિપ્રેત છે.

રાષ્ટ્રના લોકો અવૈચારિક દશામાં કોઈનાથી દોરવાઈ ગાડરીયા પ્રવાહ જેમ ચાલે તેને ઓઘસંજ્ઞા કહે છે. આ ઓઘ સંજ્ઞાને સંસ્કારવાનું કામ સંતો અને લોકશિક્ષકોનું છે. નાત-જાત ભાષા પ્રાંત કે પ્રદેશના ભેદથી મુક્ત સદ્ભાવ અને સૌજન્યનો સંગમ અને સમવાય કરતાં રાષ્ટ્ર ધર્મથી સંસ્કારિતા કરાય છે. આનાથી અન્ય ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ અને ધર્મ ઝનૂન ઘટશે.

લોકસંજ્ઞા એટલે પરંપરાને જડતાથી પકડવી, રૂઢિ કુરીવાજને પોષવા, "લોકો કરે છે માટે કરવું" આ લોકસંજ્ઞાને લોક ઉદ્યોત કરનારના ને ક્રાંત સંતોના માર્ગદર્શને ચાલનારી સંઘની સામુદાયિક જીવન સાધનાથી સંસ્કારાય છે.

ક્રોધ, વેર, ઝેર, ઈર્ષાની સંજ્ઞા સૂત્રધર્મના પાલન અને શ્રુત ભક્તિથી એટલે સમ્યક્જ્ઞાનની સાધના કરવાથી સંસ્કારય છે.

માન, મદ અને અભિમાનની સંજ્ઞા, વ્રત સંકલ્પની અર્પણતા શીખવતા, વ્રત-ધર્મ અને વિનયથી સંસ્કારાય છે.

દંભ, દર્પ, કપટ અને માયાની સંજ્ઞા સત્ ચારિત્ર્ય અને શીલધર્મના પાલનથી સંસ્કારાય છે.

તૃષ્ણા અને લોભની સંજ્ઞા ''જીવન આત્મધર્મ'' છે. તે શીખવતા ત્યાગ ભાવના અને સંતોષ દ્વારા સંસ્કારાય છે.

આમ કુલ, ગ્રામ, નગર, ગણ, રાષ્ટ્ર, સંઘ, સૂત્ર, વ્રત, ચારિત્ર, આત્મધર્મ તેના નાયકો સંસ્થા અને સંગઠન દ્વારા સંજ્ઞા સંસ્કારની સંસ્કૃતિ નિર્મિત થાય છે. જો રાષ્ટ્રના નાગરિકોની આ દસ સંજ્ઞાથી સંસ્કારિતા થાય તો રાષ્ટ્રના નાગરિકો ચારિત્ર્યવાન ઓજસ્વી અને તેજસ્વી બને.

જિનાગમમાં વર્ણવેલા આ દર્શ ધર્મ દ્વારા માનવીમાં રહેલી દરેક સંજ્ઞાનું સંસ્કરણ કરવામાં આવે, તો કુટુંબ અને રાષ્ટ્રનું હિત તો થાય જ, પરંતુ માનવીનું આત્મોત્થાન પણ જરૂર થાય.

ગુજરાતના એક અગ્રણી સમાજ સુધારક શ્રી મહીપતરામ રૂપરામ એમ માનતા હતા કે જૈન ધર્મથી ભારતવર્ષની અધોગતિ થઈ છે.

એકવાર શ્રીમદ્ રાજચંદ્રજી સાથે એમનો મેળાપ થયો.

શ્રીમદ્જીએ પૂછ્યું, ભાઈ જૈન ધર્મ – અહિંસા સત્ય, સંપ, દયા, સર્વ પ્રાણીહિત પરમાર્થ પરોપકાર, ન્યાય નીતિ, આરોગ્યપ્રદ, આહારપાન, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિનો બોધ કરે છે?

મહીપતરામ કહે 'હા'

શ્રીમદ્જી કહે – કહો દેશની અધોગતિ શાથી થાત? અહિંસા, સત્ય,

સંપ, દયા, પરોપકાર, પરમાર્થ, સર્વ પ્રાણીહીત, ન્યાય, નીતિ, આરોગ્ય આપે અને રક્ષે એવા શુધ્ધ સાદા આહારપાન, નિર્વ્યસનતા ઉદ્યમ આદિથી કે તેથી વિપરિત એવા હિંસા, અસત્ય, કુસંપ, ક્રુરતા, સ્વાર્થપટુતા, છળકપટ, અન્યાય, અનીતિ, આરોગ્ય બગાડે અને શરીર અને મનને અશક્ત કરે એવા વિરૂધ્ધ આહાર-વિહાર વ્યસન, મોજશોખ, આળસ પ્રમાદ આદિથી?

મહીપતરામ – ''બીજાથી અર્થાત વિપરીત એવા હિંસા, અસત્ય, કુસંપ, પ્રમાદ આદિથી.''

શ્રીમદ્જી – ''ત્યારે દેશની ઉન્નતિ એ બીજાથી ઉલટા એવા, અહિંસા, સત્ય, સંપ, નિર્વ્યસનતા, ઉદ્યમ આદિથી થાય.''?

મહીપતરામ – 'હા'

શ્રીમદ્જી – ''ત્યારે જૈન ધર્મ દેશની અધોગતિ થાય એવો બોધ કરે છે કે ઉન્નતિ થાય એવો?''

મહીપતરાય કહે – ભાઈ હું કબુલ કરું છું કે 'જૈનધર્મ' જેથી દેશની ઉન્નતિ થાય તેવી સાધનાનો બોધ કરે છે આવો સુક્ષ્મ વિવેકપૂર્વક મેં કદી વિચાર કર્યો ન હતો. નાનપણમાં વિદેશીઓથી ચાલતી શાળામાં શીખતા સંસ્કાર થયેલા, તેથી વિચાર્યા વગર પૂર્વગ્રહે લખી માર્યું.

નિર્વ્યસની થઈ સદાચારી અને વ્રતી જીવન જીવવાની મહાત્મા ગાંધીજી, સંતવિનોબાજી અને અનેક રાષ્ટ્ર સંતોએ શીખ આપી છે તે મૂલ્યોનું જતન અને સંવર્ધન શ્રમણ પરંપરા યુગોથી કરતી આવી છે.

ગુલામ દશામાંથી મુક્ત કરી ચંદનબાળાને દીક્ષા આપી ભગવાન મહાવીરે દાસીપ્રથાને તિલાંજલિ આપવા, શુદ્ર જાતિમાં જન્મેલા હરિકેશીને દીક્ષિત કરી જાતિ નહી પણ કર્મ અને જ્ઞાનને પ્રતિષ્ઠા આપવા અંગુલ નિર્દેશ કર્યો. રાષ્ટ્રમાં નારી ગૌરવને ઉજાગર કરવાનું શ્રેય જૈન ધર્મને ફાળે જાય છે.

જ્યારે જ્યારે ગ્રામ નગર અને રાષ્ટ્રમાં આપત્તિ આવી ત્યારે તે આપત્તિ મીટાવવા હેમચંદ્રાચાર્ય, હિરવિજયસુરી જેવા અનેક પ્રબુધ્ધ કરૂણાના કરનારા જૈનાચાર્યોએ લબ્ધિ પ્રયોગ કરી રાષ્ટ્રની પ્રજાની આપત્તિ દૂર કરવાનો સમ્યક્ પુરુષાર્થ કર્યો. ભદ્રબાહુસ્વામીજી રચિત 'ઉવસગ્ગહરં સ્તોત્ર'ના જય ધ્વનિના પ્રભાવે રાજ્યમાંથી મરકી જેવો રોગ દૂર થયો હતો.

ચારિત્ર્યપાલન અને સાધનાના પરિપાક રૂપે પ્રાપ્ત થયેલી આ લબ્ધિનો પ્રયોગ સંતો સ્વાર્થ, સ્વસુખ-સગવડ, પ્રસિધ્ધિ કે ચમત્કાર માટે કદી કરતાં નથી. સંઘ કે રાષ્ટ્ર પર આવેલી આપત્તિ નિવારવા છેલ્લા શસ્ત્ર રૂપે જ કરે છે આ દ્વારા સંતોના લબ્ધિ પ્રયોગનું દિશા દર્શન થાય છે.

રાજ્ય અને કેન્દ્રીય કરવેરા ભરવામાં જૈનો અગ્રેસર છે. જૈનોના અપરિગ્રહ અને ત્યાગભાવનાનો સિધ્ધાંત ભારતીય સંસ્કૃતિની દાનભાવનાને પુષ્ટ કરે છે જેથી દેશની કેટલીય સામાજિક શૈક્ષણિક ધાર્મિક તબીબી (મેડીકલ) સંસ્થાઓમા જૈનોનું મોટું યોગદાન છે. હોસ્પીટલ્સ, સ્કૂલો, ટાઉન હોલ, ધર્મશાળા, વિ. ની સ્થાપના કરવામાં જૈનોએ પોતાના દાનનો પ્રવાહ સતત વહાવ્યો છે. પ્રાંત ભાષા અને ધર્મના ભેદભાવ વિના સમગ્ર દેશમાં દરેક ક્ષેત્રમાં જૈનોની મોટી સખાવતો છે.

સહઅસ્તિત્વનો સિધ્ધાંત જૈન ધર્મનો પાયો છે. 'જીવો અને જીવવા દો' અહિંસા કરૂણા અને દયા ધર્મનો અવિભાજ્ય અંગ રૂપે સ્વીકાર થયો છે. જૈન ધર્મમાં ગાયો અને ગૌવંશની જાળવણીને પ્રથમથી જ મહત્ત્વ અપાયુ છે. ભગવાન મહાવીરના શ્રાવકો આનંદ, કામદેવ, ચૂલની પિતા, ચૂલણી શતક, કુંડ કૌલિક, સુરાદેવ, મહાશતક વિગેરે પાસે મોટી સંખ્યામાં ગોકુલો હતા. ગોરક્ષા માટે અનેક જૈન ધર્મી રાજાઓ, નગરશેઠ અને અનેક જૈનાચાર્યોનું યોગદાન ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત છે. શાકાહારની તરફેણ કરતો જૈનધર્મ રાષ્ટ્રના પશુધનના રક્ષણ અને સંવર્ધનમાં સતત સહાયક બને છે. મોટા ભાગની જીવદયા સંસ્થાઓ, પાંજરાપોળ કે ગૌશાળા જૈનોના આર્થિક અનુદાનથી નભે છે.

ઉપભોગ પરિભોગના પરિમાણ વ્રતમાં સંયમ અને એકેન્દ્રીયથી પંચેન્દ્રિય જીવો પ્રત્યેની કરૂણાનો ભાવ અભિપ્રેત છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના બેફામ ઉપયોગ સામે વિવેકપૂર્વક સંયમિત ઉપયોગ કરવા જણાવ્યું છે. શાકાહાર અને અહિંસા રાષ્ટ્રના પર્યાવરણ સંતુલન પોષક પરિબળો છે.

જ્યારે જ્યારે દેશપર રાષ્ટ્રિય આપત્તિ કે આફત આવે, સાર્વભૌમત્વ અને સંરક્ષણનો પ્રશ્ન, ધરતીકંપ, પુર, દુષ્કાળ (અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ) કે વાવાઝોડું જેવી કુદરતી આફતો વખતે દેશ અને વિદેશમાં વસતા જૈનો અને જૈનોની સંસ્થાઓનું ઉત્કૃષ્ટ યોગદાન હોય છે.

જૈનધર્મનો ક્ષમા અને અહિંસાનો સિધ્ધાંત કાયરતા નહિં, પણ વીરતાની પુષ્ટિ કરે છે. શત્રુના આક્રમણ સમયે દેશને, નગરને, પરિવારને, કુટુંબને કે પોતાની જાતને બચાવવા માટે અન્યાયના પ્રતિકાર કરવા માટે આઝાદીની સુરક્ષા કે રાષ્ટ્રની શાંતિ માટે જે યુધ્ધ કરવામાં આવે છે તે વિરોધી હિંસા છે તે પ્રત્યાક્રમણ હિંસા અર્થાત આક્રમણનો વળતો જવાબ. સુરક્ષા બચાવ રૂપે જે હિંસા આચરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. હિંસા સંકલ્પી, સ્વાર્થયુક્ત ન હોવી જોઈએ. વળી એ ક્ષણે કષાયના ભાવો ન હોવા જોઈએ, વિરોધી હિંસાનું લક્ષ રક્ષા બચાવના ભાગરૂપ, નૈતિક કે રાષ્ટ્રિય ફરજના ભાગરૂપ, અંતિમ સાધનરૂપ, દ્વેષ કે મનના વેરભાવ રહિત જ હોય છે.

રાષ્ટ્રચિંતનમાં રાષ્ટ્રના સાર્વભૌમત્વની રક્ષા, સંસ્કૃતિની રક્ષા, જળ, જમીન, જંગલોની રક્ષા, ગૌરક્ષા, પશુરક્ષા, સાંસ્કૃતિક પરંપરાની વિવેકપૂર્ણ રક્ષા, તીર્થસ્થાનો, મંદિરો, મૂર્તિઓ, શિલ્પ જ્ઞાન ભંડારો, પ્રાચિન તાડપત્રીય કે હસ્તપત્રોની રક્ષા, આત્મધર્મ અને સદાચારી જીવનનો માર્ગ બતાવનાર સાધુ સંત-સતીઓ, સદ્‌ગુરુની રક્ષા, રાષ્ટ્ર ચિંતનમાં અભિપ્રેત છે.

ભારતની તમામ દાર્શનિક પરંપરામાં રાષ્ટ્ર ચિંતનનું નિરૂપણ થયેલું છે, જેનું વિવેકપૂર્ણ આચરણ જ સાચી રાષ્ટ્રભક્તિ છે.

## ઉપાશ્રયને વાચા ફૂટી

ઉપાશ્રયનાં પગથિયાં ઊતરતા અવાજ સંભળાયો, ઊંડે ઊંડેથી અવાજ આવતો હતો.... 'તંદ્રામાં છો કે નિદ્રામાં, જાગૃત થા, ચાતુર્માસ શરૂ થઈ ગયું. પર્વાધિરાજ પર્યુષણનું સ્વાગત કરવા તૈયાર થા.'

'પર્યુષણ એટલે તેજને તેડા કરવાનું પુનિત પર્વ. એ પ્રસંગે તેજમાં અવગાહન કરવા તત્પર થા.' ઉપાશ્રયની દીવાલોને જાણે વાચા ફૂટી. 'તું પ્રકાશપૂંજનો એક અંશ છો એ હું જાણું છું.... પરંતુ તારા પર કર્મ આવરણોના થર છે. પુન:પ્રકાશમાં પ્રવેશવાની તારા અંતરની આરત છે, તે માટે જરૂર છે એક ચિનગારીની. એ ચિનગારી, પાટ પર બિરાજમાન સંત-સતી પાસેથી જરૂર તને મળશે.

'વીતરાગ વાણીના વિમલ વારીનો હૈયાની વસુંધરા પર અભિષેક કરવા અહીં સંતો બિરાજમાન છે. અહંકારનો ઓવરકોટ ઉતારીને, સ્વાર્થની છત્રીનો ત્યાગ કરીને, આંખમાં ભક્તિના અંજન આંજીને આત્મ મસ્તીમાં નિમગ્ન થઇ ભીતરથી ભીંજાવા મારું તને નિમંત્રણ છે.'

'ઊભો રે બે પળ...! મારા ગૌરવવંત ઇતિહાસની તને વાત કરું, અહીં જે દાનવીરોએ આ ઉપાશ્રયની ઇમારત બંધાવી, તેમાં સંત-સતીઓની અપૂર્વ પ્રેરણા મળેલી, તે સંતોએ આ ઉપાશ્રય, ગચ્છ, મત, સંપ્રદાય કે ભાષા આધારિત પ્રાંતના લોકો માટે બનાવવા નોતું કહ્યું, માત્ર ધર્મની પ્રભાવના માટે પ્રેરણા આપી હતી.'

'જે દાનવીરોએ આ ધર્મસ્થાનક બનાવવા માટે દાન આપેલું તેમણે પોતાના નામની કીર્તિના કે ટ્રસ્ટી બનવાની સત્તાના મોહ માટે નહિ, પરંતુ અહીં સંઘમાં જ્ઞાન, દાન, શિયળ, તપ, ભાવની વૃદ્ધિ થાય માટે ઉલ્લાસભાવપૂર્વક દાન દઇ પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી....' ભાઈ તું લક્ષ્મીને ભોગવે

છે, તેની ભવ્યતાના પ્રદર્શનમાં રચ્યોપચ્યો રહે છે ત્યારે આ દાનવીર શ્રાવકોએ પરિગ્રહના પર્વતમાં તિરાડ પાડી દાનની ભાગીરથી વહાવી લક્ષ્મીની દિવ્યતાના દર્શન કરાવ્યા.'

'અહીં જે સંત-સતીજીએ વાસ કર્યો હતો તે સાધુજીની સમાચારીના પાલનમાં ચૂસ્ત હતાં. નવવાડે વિશુધ્ધ બ્રહ્મચર્યના પાલન સાથે વિશુધ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્ય પાલન તેમની જીવનચર્યા હતી. જાગૃતિવાળા આ શ્રાવકો પણ શ્રાવકાચારના પાલનમાં ચૂસ્ત અને સાધુસંતના સાચા અર્થમાં 'અમ્મા પિયા' હતા.'

'સંત-સતીજીઓના સ્વચ્છંદાચારને અને શિથિલાચારને પ્રોત્સાહન ન આપતાં જાગૃત શ્રાવક બની લાલબત્તી ધરતાં.'

'અત્યારે તમારી જેમ સત્ય-અસત્ય જાણ્યા વિના વર્તમાનપત્રો પાસે જઇ, જૈન અને જૈનેતરની દૃષ્ટિમાં જૈનધર્મ પરત્વે ગેરસમજ ફેલાવી શાસનને નબળું ન પાડતાં.'

'અત્યારે જ્યારે સાધુ-સંતોની નિશ્રામાં આરંભ-સમારંભ વધ્યા, ગુરુભગવંતો, દાનવીરો અને સંઘપતિઓ પોતાનો પ્રચારવિશેષ કાર્યક્રમો કરતા જાય છે, તો સંઘની પ્રવૃત્તિમાં સાત્ત્વિકતા ક્યારે આવશે?'

ઉપાશ્રયની દીવાલોમાંથી ઘૂંટાયેલી વેદનાભર્યો અવાજ આવતો હતો કે, "...જ્યાં મુનિત્વ ડચકાં લેતું જીવતું હશે ત્યાં તારા શ્રાવકત્વની શી વલે થશે? શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનો પુરુષાર્થ કોણ કરશે?"

'આ ધર્મસ્થાનકમાંય રાજકારણ? ટ્રસ્ટીઓ, કારોબારીની ચૂંટણીમાં જે ધમાલ, ભ્રષ્ટાચાર અને દ્વેષભાવવાળું પ્રદૂષિત વાતાવરણ સર્જાય છે, તેનાથી તો તોબા. આ ક્યા પ્રકારની સત્તાની સાઠમારી કહેવાય! અહીં કર્મબંધન માટે નહીં. કર્મનિર્ઝરા માટે આવીએ છીએ. એ પણ ભૂલી જવાય છે. કેવી કરુણતા! સંઘનાસંચાલનમાં ધર્મના ખરા જાણકાર અને આચારપાલનમાં ઉત્કૃષ્ટ શ્રાવક,

શ્રાવિકાઓ કેટલા? દાતાઓની બિનજરૂરી દખલગીરી સંઘના કારોબારમાં બંધ થાય તો સ્વચ્છંદાચાર પર અંકુશ રાખવાનું સરળ બને.'

'તારા ઘરમાં પાણી ચૂવે તો તારો ઇન્ટિરીયર રંગારા અને *કડીઆની* ફોજ લાવે, વોટરપ્રૂફિંગ પણ કરાવે. અહીં મારી દીવાલ કે છતના સમારકામ, માટે તું ત્રણ ત્રણ મિટિંગો ભરે તોય ઠરાવ પાસ ન થાય અને પાસ થાય તો પણ સમારકામને કેટલો સમય લાગે, ચોમાસુ પૂરું થવા આવે તેટલો. ભાઈ! મારી દીવાલનું તો જે થવું હશે તે થાશે પણ તારા આત્માની દીવાલો પર જે આશ્રવનો ધોધ વહે છે, તે કર્મબંધને રોકવાનો તો પુરુષાર્થ કર...!

'બાળકોને તો ચોકલેટ આપવી જોઈએ તે સમજ્યા, પરંતુ તારે ત્યાં તો બધાયને લોલીપોપની લાલચ છે, તેનું શું? તેથી તો સંત-સતીઓએ નવલખા જાપ, સામાયિકની પચરંગી, આયંબિલ, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઇને માસખમણ માટે બહુમાનરુપી પ્રાઇઝ લીસ્ટ નક્કી કરી નાખ્યાં. બીજા કોઈ પણ ધર્મવાળા ધર્મના સ્થાનમાં જાય તો કાંઇ લેતા નથી તો ગાંડાભાઈ! ધર્મસ્થાનકમાં કંઈ દઇ શકાય તો દેવાય, પણ લેવાય ખરું? શું લોકોત્તર અનુષ્ઠાનોનું આવું અને આટલું મૂલ્ય. તે તો ભાવના કરતાં, પ્રભાવનાનું મહત્ત્વ વધારી દીધું છે.'

'પહેલાં અહીં સંતોનું મહત્ત્વ, તેના આચારપાલન અને જ્ઞાન પ્રમાણે થતું. હવે તે ભાષાને બદલાવી સાથે વ્યાકરણ પણ બદલી નાખ્યું કે શું?'

હવે તો તું જુએ છે કે ચાતુર્માસ પ્રવેશમાં કેટલી સંખ્યાની હાજરી હતી? કયા મહાનુભાવો અતિથિવિશેષ રુપે પધારેલા, સ્વામિવાત્સલ્ય જમણમાં કેટરર કોણ? મેનુ શું હતું? કેવી અને કેટલી પ્રભાવના થઇ, કેટલા છાપામાં ફોટા આવ્યા? બસ! આ જ છે ને તારું બેરોમિટર?'

'વિવિધ પ્રસંગો નિમિત્તો અને જાતજાતના ફંડફાળા સાધુ-સંતો પ્રેરિત ટ્રસ્ટો અને ફાઉન્ડેશનોમાં, કરોડોનો વહીવટ, કાંઇક ચિંતન કર...' આ આત્મનિરીક્ષણનો અવસર છે, તારા દેરાસર અને ઉપાશ્રયમાં અનેક દાનખાતાઓ છે છતાંય તેને અલગ વહીવટ કેમ કરાવવો પડ્યો.

શું તારો વહીવટ બિનકાર્યક્ષમ છે?

તું ગુરુ આજ્ઞામાં નથી?

કે તારા અંગતસ્વાર્થ કે પ્રસિધ્ધિ માટે સ્વચ્છંદાચારને પોષે છે?

'તારે ગુરુ આજ્ઞામાં રહેવાનું છે અને સાથે એ પણ જોવાનું છે કે ગુરુ સાધુની સમાચારીમાં છે કે નહિ?'

નિ:સ્વાર્થ સેવા અને શ્રાવકાચારનું પાલન જ તને સાચા અર્થમાં સંત-સતીજીના 'અમ્મા પિયા' બનાવી શકે.

'સંતો કોઇ પણ પ્રકારની લબ્ધિ માટે સાધના કરતાં નથી, આત્મકલ્યાણની આરાધનાના પરિણામે સહજ લબ્ધિ પ્રગટે છે, પણ ખરો સંત તો તેની આત્મમસ્તીમાં જ નિમગ્ન છે. મંત્રેલા દોરાધાગા, રક્ષાપોટલીઓ, વાસક્ષેપ, તાવીજ કે શંખ વ. ચમત્કારો સંસારનું પરિભ્રમણ વધારનારા છે. આત્મધર્મના માર્ગે ચાલનારા સંત-સતીને ચીલો ચાતરવો પડે તેના નિમિત્ત તારે શું કામ થવું?'

'ભાઈ! તારી મહાજન સંસ્થાઓને ઢંઢોળ, મહાસંઘ, પરિષદ અને મહામંડળોને ઉપાશ્રય અને દેરાસરની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ લેતા કર, સાધુસંતોની વૈયાવચ્ચ અને ચતુર્વિધ  સંઘના નિયમન- દેખરેખની જવાબદારી મહાજન સંસ્થાઓની છે, આ સંસ્થાઓ મજબૂત બનશે તો જૈન એકતાનું કામ સરળ થશે. સાધુ-સાધ્વીજીઓની રક્ષા, તીર્થસ્થાનોની રક્ષા, વહીવટ અને માલિકી, જૈનોને લઘુમતીની માન્યતાનો પ્રશ્ન, દેવદ્રવ્યનો ઉપયોગ, સાંપ્રદાયિક ખેંચાખેંચી અને તિથિના વિવાદ આ દેરાસરના ગુંબજ અને ઉપાશ્રયના મધ્યસ્થ ખંડમાં કણસે છે. સંપ, એકતા અને સંગઠનની તાકાતમાં આ પ્રશ્નોનો ઉકેલ છે.'

ઉપાશ્રયની દીવાલોમાંથી જાણે નિ:શ્વાસભર્યો અવાજ આવતો હતો. આગળ સંભળાયું -

'સામેના તારા દેરાસરમાં રંગબેરંગી લાઇટની રોશની મંદિરની ભવ્યતા વધારશે, પરંતુ ભગવાનની પ્રતિમાજી સામે તેનું આલંબન લઇ ધ્યાન ધરવામાં

એ ચળકાટ કાંઇ ઉપયોગી નથી, પ્રભુના મુખ પરના પ્રશમભાવોનું આંતરદર્શન જ અતલમાં રહેલી વીતરાગતા પ્રગટાવવાનું કામ કરશે અને એ જ દિવ્યતા છે.'

'આજકાલ ભાવનામાં ગવાતાં ગીતો (સ્તવનો?) માં પણ તું મનોરંજન શોધતો હોય તેવું લાગે છે. ફિલ્મીઢાળમાં ગવાતાં ગીતો વખતે તારી સામે ભગવાનને બદલે એ ફિલ્મોનાં દૃશ્યો આવી જશે. આધુનિક સંગીત વાજિંત્રોની તું ધૂમ મચાવે છે. સ્તવનના વિવિધ આલાપો અને રાગોમાં ઢાળીને ગાવાથી ભક્તિ કદાચ ભવ્ય લાગશે, પરંતુ રાગમાં ખોવાઈ ગયેલો તું હાર્દમાં જઇશ તો આત્માની વધુ નજીક આવી શકીશ.'

'પૂર્વના શ્રાવકો, ટીપની યાદી કે ઉછામણીની વ્યવસ્થામાં ત્યાગની ભાવનાનું દર્શન કરતા, યાદ કર ગુજરાતના ચતુર જૈન મંત્રી વાહડ (વાગભટ)ને કે જેણે સાત દમડી દાનમાં દેનાર ભીમાશાહનું નામ દાનવીરોની યાદીમાં પ્રથમ લખાવ્યું હતું.'

'ત્યાગ અને અનુષ્ઠાનોનાં પચ્ચખાણ દ્વારા પણ કોઈ કોઈ ઉછામણી કરી શકાય તેની તો તને ખબર છે ને, તેથી ગરીબ પાણ લાભ લઇ શકે. પ્રતિક્રમણ, આરતી, મંગળદીવો કે ચૌદ સ્વપ્નાંની બોલીઓ અને ચઢાવા તે એટલા મોંઘા બનાવી દીધા કે બીચારા ગરીબ શ્રાવકોને પુણ્યની દુકાનનાં પગથિયાં ચઢવા ભારે પડે!'

'તપસ્યાનું દિવ્યસંગીત લહાણીઓના વાસણોના ખખડાટમાં વિલય પામી ગયું છે; તેનું દુઃખ કોને છે? તપશ્ચર્યા પછીના વહેવારો એટલા તો વધારી દીધા છે કે ગરીબ શ્રાવકોને તપશ્ચર્યા કરતા પહેલાં વિચાર કરવો પડે, શાતા પૂછવા અને ચાસણી (મીઠાઇ) દેવા કોણ આવ્યું ને કોણ ન આવ્યું, ચાલ્લો, ભેટ અને પ્રભાવનાના લેખાજોખામાંથી બહાર ક્યારે નીકળીશ? તપશ્ચર્યા તો કર્મનિર્ઝરાનું ઉત્કૃષ્ઠ સાધન છે, તેના ઊંચા ભાવો અને તપની અનુમોદનામાં

પ્રવૃત્ત થા! લોકોત્તર ધર્મનાં અનુષ્ઠાનો પર સામાજિક અતિક્રમણમાં તારો સિંહફાળો છે. અહીં તપોત્સવની બહારની ભવ્યતા પાછળ તું તેની દિવ્યતાનો મૃત્યુઘંટ તો નથી વગાડી રહ્યો ને?

'જૈનશાળા અને મહિલામંડળની પ્રવૃત્તિમાં આધ્યાત્મિક સક્રિયતાની જરૂર છે. જો તું જૈનશાળાઓ વધુ ખોલીશ તો ભવિષ્યમાં તારે ઘરડાઘર ઓછા ખોલવા પડશે, તારા સંતાનોને ટી.વી.માંથી ખંડસમયની મુક્તિ અપાવી ધર્મસ્થાનકમાં આવવા પ્રેરશે? - સાથે સાથે એ પણ વિચારવું પડશે કે, સંતો માત્ર શાસ્ત્રોની વાતો અને દંતકથાઓ કહ્યા કરશે, તો યુવાનો અને પાશ્ચાત્ય જીવનશૈલીની અસર નીચે જીવતા લોકોને, એ વાતો અંધશ્રધ્ધા લાગશે. તેમને ધર્મની દલીલો, અતાર્કિક, કપોળ કલ્પિત કે અસત્યમૂલક લાગશે, તેમને તો મંત્ર મેડીટેશન અને આહારની વાતો સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક અને પર્યાવરણનો સંદર્ભ આપી સમજાવવી પડશે અને એ રીતે ધર્મ પ્રત્યે ૠચિ જાગૃત કરવી પડશે.'

'તમામ પવિત્રતાને પોતાના પાલવમાં લઇને પર્વાધિરાજ પર્યુષણ પધારી રહ્યા છે. આ દિવસોમાં તારી જાહેર વ્યાખ્યાનમાળાઓ પણ ચાલુ થશે, પર્યુષણપર્વ સંતોની નિશ્રામાં જપ-તપ-દાન અને શિયળ ભાવમાં રહી આત્મકલ્યાણની સાધના કરવાનો પર્વસમૂહ છે - ધર્મસ્થાનકોમાં બિરાજમાન સંતોના દર્શન શ્રવણને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ જેથી વ્યાખ્યાનમાળાના સમયનું એવી રીતે આયોજન કર કે જેથી સંતોની નિશ્રામાં થતા વ્યાખ્યાન વાંચણી પ્રતિક્રમણના સમયને ખલેલ ન પહોંચે.'

'મેઘરાજાની સવારી ધરતીની પ્યાસ બુઝાવવા આવે છે, તેમ આત્માની પ્યાસ બુઝાવવા પર્યુષણપર્વ આવે છે. તું આ સમક્તિના આનંદપર્વની ઉજવણી કરવા આઠ દિવસ નિયમિત દેરાસર અને ઉપાશ્રયે આવીશ. સૌંદર્યસ્પર્ધા જેવું વાતાવરણ ન થાય તે જોજે.... વસ્ત્રપરિધાન અને કેશગૂંફનની કલાનું પ્રદર્શન.... કોણે કેવાં વસ્ત્રો અને ઘરેણાં પહેર્યાં છે તે નિહાળવાનો અવસર.... દીકરા, દીકરીના વેવિશાળ અને ધંધાની વાટાઘાટો પર ખરી તારી વહેવારકુશળતા અને રસિકતા અંગે થોડું આત્મનિરીક્ષણ કરજે.'

'પર્વાધિરાજ પર્યુષણાનું ગૌરીશિખર તે સંવત્સરીપર્વ છે. કાળજામાંથી કટુતા-કડવાશ કાઢી નાખવાનો કીમિયો એટલે ક્ષમાપના! વર્ષભર ખરેખર જેમને તે દુભવ્યા હોય અને જેમણે તને દુભવ્યા હોય તેમની સાથે ક્ષમાની આપલે કરી લેજે, માત્ર વ્યવહાર ખાતર મિચ્છામિ દુક્કડં નહિ. ક્ષમાપનામાં ભાવ અને ક્રિયાનો સમન્વય હોય તો ક્ષમા, સમતા અમૃત અને કષાયોને ઉપશાંત કરનાર રસાયન છે, તેનો ઉપયોગ કરીને આંતરશુધ્ધિ કરી લેજે.'

ઉપાશ્રયની દીવાલોમાંથી ઘૂંટાતા અવાજમાં કંઇક અલગ રણકાર સંભળાયો... તાજગીસભર.... ઉત્સાહપ્રેરક.

'તું ગમે તેવું વર્તન કરે છતાંય મને આશા છે - આ ધર્મસ્થાનકમાં હજીએ વિશુધ્ધ ચારિત્ર્યપાલન કરનારા મુનિઓ વાસ કરે છે, હજીએ આત્મમસ્તીમાં જીવનારા માત્ર સ્વ પરના કલ્યાણ કરનારા સાધુસંતોનો અહીં વર્ષાવાસ થાય છે. હજી પણ શ્રાવકાચારને વળગી રહેનારા નિષ્ઠાવાન શ્રાવક - શ્રાવિકાઓ અહીં શાશ્વતસુખના માર્ગની આકાંક્ષામાં આરાધના કરે છે. તપશ્ચર્યાઓ અને જાપ આદિ અનુષ્ઠાનોનું પ્રમાણ પણ કેટલું વધી રહ્યું છે. માત્ર આત્મકલ્યાણ અર્થે સાત્વિક પ્રભુપૂજા કરનારાઓ પણ દેરાસરમાં આવે છે. ત્યારે મારી આંખો હર્ષાશ્રુથી ઉભરાઇ જાય છે. ભલે તું તેને અમીઝરણાં કહી અભિવાદન કરે. શ્રમણસંસ્કૃતિના સંવર્ધન અને રક્ષામાં જૈન નારીનું યોગદાન પણ નોંધનીય છે. હું આશાવાદી છું. બાળકો અને યુવાનો પણ આ માર્ગે વળશે. ભૌતિકવાદથી વાઝ આવી ગયેલ વિશ્વ, શાંતિ શોધવા અધ્યાત્મને શરણે આવી રહેલ છે. એકવીશમી સદીમાં અધ્યાત્મને ઊંચો આવકાર અને જિનશાસનની પ્રભાવનામાં મને શ્રદ્ધા છે. અવાજ બંધ થતા ઉપાશ્રયની દીવાલોની ભીનાશ પલકો ભીંજવી ગઇ.

# પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ સાત્ત્વિક ચિંતનની આબોહવા સર્જી શકે

વાણી એ મા સરસ્વતીનું વરદાન છે. વકતૃત્વશક્તિ એક શસ્ત્ર છે. ભદ્રસમાજનાં સંસ્કારીજનો એનો ઉપયોગ કરે તો એ ધર્મ, સમાજ અને રાષ્ટ્રને માટે કલ્યાણકારી બનશે અને વિકૃતના હાથમાં મહાવિનાશ !

જૈનદર્શન મૌનને મહત્ત્વ આપે છે. તીર્થંકર ભગવંતો કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી મૌનસાધના કરતાં. મૌનસાધના પછી પ્રગટતી વાણી, મંત્ર બનીને અનેકની તારણહાર બની જતી.

આ તો સાધક આત્માઓની વાત થઇ. સમાજનાસાંપ્રતપ્રવાહે અભિવ્યક્તિ માટે દરેક ક્ષેત્રમાં વકતૃત્વશક્તિ આવશ્યક છે. ઇતિહાસ સાક્ષી છે કે વાણી દ્વારા દરેક ક્ષેત્રે ક્રાંતિ થઇ છે.

પર્યુષણપર્વની પરંપરાગત ઉજવણીમાં કર્મકાંડ અને આરંભસમારંભનું પ્રાધાન્ય વધ્યું. ત્યારે પંડિત સુખલાલજીએ સમ્યક્જ્ઞાનના પ્રચાર અને જૈનદર્શનને વ્યાપકરૂપમાં જનસમાજમાં પ્રચલિત કરવા, વ્યાખ્યાનમાળા પ્રવૃત્તિની પ્રેરણા આપી. સ્વ. પરમાણંદ કાપડિયા અને સ્વ.ચીમનલાલ ચકુભાઇ શાહે મુંબઇમાં પ્રવૃત્તિના મંડાણ કર્યા.

વર્તમાનસમયમાં ગુજરાત, મુંબઇ અને અન્ય મોટાશહેરોમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાઓનું મોટા પ્રમાણમાં આયોજન થતું હોય છે.

આવી વ્યાખ્યાનમાળાઓનું આયોજન કરતી વખતે, કેટલાક લક્ષમાં લેવા જેવા મહત્ત્વના મુદ્દાઓની આપણે ચર્ચા કરીશું.

પર્યુષણ પર્વ, સંતોની નિશ્રામાં જપ-તપ, દાન અને શિયળ ભાવમાં રહી આત્મકલ્યાણની સાધના કરવાનો પર્વસમૂહ છે. ધર્મસ્થાનકોમાં બિરાજમાન સંતોના દર્શનશ્રવણને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઇએ. વ્યાખ્યાનમાળાના સમયનું એવી રીતે આયોજન કરવું જોઇએ કે ઉપાશ્રયોમાં થતાં વ્યાખ્યાન, વાંચણી તથા પ્રતિક્રમણના સમયને ખલેલ ન પહોંચે.

સમર્થવકતા કે વિદ્વાનપંડિત, પંચમહાવ્રતધારી સાધુ-સંતોનો વિકલ્પ બની શકે નહીં. ધર્મસ્થાનકોમાં તેઓશ્રીની નિશ્રામાં જપ-તપ થવાને કારણે ત્યાંના ઉચ્ચ પવિત્ર પરમાણું (વાઇબ્રેશન્સ) અને પૂજ્ય મહારાજ, મહાસતીજીના ઉત્કૃષ્ઠચારિત્ર પાલનને કારણે તેઓના પ્રવચનની ઊંડી, પ્રભાવક અને લાંબા ગાળાની અસર પડે છે.

જૈનધર્મ પ્રચાર કરતાં આચરણના પ્રભાવને પ્રાધાન્ય આપે છે. તેથી સાધકોની સામાચારીને કારણે ગુરુ ભગવંતોને ક્ષેત્ર કાળની મર્યાદાઓ હોય છે. વળી કેટલાંક ઉપકરણોનો ઉપયોગ પણ ન કરી શકે તેથી આવી વ્યાખ્યાન શ્રેણીઓમાં સાધુ-સાધ્વીજીઓનો ખૂબ ઓછો લાભ મળી શકે છે.

અત્યારે એક એવો પણ વર્ગ છે જેમાં યુવાનો વિશેષ, કે જે ઉપાશ્રયો અને દેરાસરોની ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ લેતો નથી અને ધાર્મિક શિક્ષણ પણ લેતો નથી, તેનાં ઘણાં કારણો છે તે ચર્ચાને અહીં અવકાશ નથી. તે વર્ગમાં ધર્મની રુચિ જાગૃત કરવા વ્યાખ્યાનમાળા ઉપયોગી થઇ શકે.

પર્યુષણવ્યાખ્યાનમાળામાં એવા જ વકતાઓને વકતવ્ય માટે આમંત્રણ આપવું જોઇએ કે જે જૈનધર્મ, ભારતીયદર્શનો અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસી હોય તો જ તે વ્યાખ્યાનમાળાને ગૌરવ કે ગરિમા અપાવી શકે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના વિષયો માત્ર ધાર્મિક, આધ્યાત્મિક કે શુષ્કજ્ઞાનને લગતાં જ રાખવા એવું કહેવાનો આશય નથી, પરંતુ કુટુંબ, સમાજ, વિજ્ઞાન, શિક્ષણ કે જીવનશૈલીને લગતા વિષયો પણ ધર્મના સંદર્ભે ચર્ચાય તો જ ઉપકારી બની શકે. કારણ કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ભારતીય સંસ્કૃતિના મુખ્ય પાયા છે.

ધર્મશાસ્ત્રો અને કથાનકોમાં આવતી ચમત્કારિક વાતો શ્રદ્ધાની દષ્ટિએ અને વૈજ્ઞાનિક રીતે સાચી હોય છે પરંતુ વૈજ્ઞાનિક દષ્ટિકોણથી આ વાતો નહિ સમજાવીએ તો એકવીસમી સદીના દ્વાર પર ઉભેલા, જિનેટીક સાયન્સ, કોમ્પ્યુટર, મેડિકલ અને સ્પેસ ટેકનોલોજી જેવો ઉચ્ચ અભ્યાસ કરતાં યુવક યુવતીઓ જલદીથી તે સ્વીકારી નહીં શકે. તેને તો આ વાતો માત્ર દંતકથા કે અંધશ્રદ્ધા લાગશે. તેમને ધર્મની દલીલો અતાર્કિક, કપોળકલ્પિત કે અસત્યમૂલક લાગશે. તેમને તો મંત્ર મેડીટેશન અને આહારની વાતો સામાજિક, આર્થિક, વૈજ્ઞાનિક અને પર્યાવરણના સદંર્ભ આપી સમજાવવી પડશે. સદાચાર કે જીવનમૂલ્યોનું સ્વકીય તથા વાસ્તવિક મૂલ્ય જ યુવાનો કે બાળકોનાં ચિતમાં

પ્રગટાવવું જોઇએ તો સહજતાથી વાત ગળે ઊતરી જશે. વૈજ્ઞાનિક અભિગમયુક્ત શિક્ષણનો આ પ્રયોગસિદ્ધ સિદ્ધાંત છે. વિદ્વાન વક્તાઓ, છેલ્લા વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક સંશોધનો આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા સમજાવી શકે.

પ્રવચન શ્રેણીમાં સ્ટેજની સજાવટ માઇક અને લાઇટની ઉત્તમવ્યવસ્થા, વિશાળ ઓડીટોરિયમ, શ્રોતાઓને સંમોહિત કરે તેવું મંત્રમુગ્ધ વક્તવ્ય, હાવભાવ, શૈલી આરોહઅવરોહ અને આદર્શવક્તાનું ઉપનિષદ અપનાવ્યું હોય તેવા વક્તા એ વ્યાખ્યાનમાળાની ભવ્યતા છે. પરંતુ વક્તાના આચરણ અને ચારિત્રમાંથી પરાવર્તિત થયેલી વૈચારિકસમૃદ્ધિ, વિચારતત્ત્વનું ઊંડાણ અને મૌલિક તત્ત્વચિંતન વાણીની દિવ્યતા છે અને દિવ્યતા જ શ્રોતાઓનું કલ્યાણ કરી શકે.

વ્યાખ્યાન શ્રેણીઓમાં સપાટી પરની વાતો કહી મનોરંજન કરતાં વક્તાઓ વર્તમાન સમયના પ્રવાહમાં કદાચ લોકપ્રિય બની શકે. પરંતુ કાળની કસોટી સામે વિચાર તત્ત્વનું ઊંડાણ અને મૌલિકતા જ ટકી શકે. આવા આદર્શ વક્તાઓ દ્વારા જ વ્યાખ્યાનમાળા સાત્ત્વિક ચિંતનની આબોહવા સર્જી શકે.

સમર્થવક્તાઓ પાસેથી ધર્મની વૈજ્ઞાનિક વાતો સાંભળી, યથાર્થ તત્ત્વો રુચિપૂર્ણ રીતે સમજી અને યુવાવર્ગ સંતોના સાન્નિધ્યે જતો થશે તો આપણા મુનિભગવંતો પાસે તો જબરદસ્ત તાકાત છે કે તે, તેઓને સંભાળી લેશે. વિષયના ઊંડાણમાં ગયેલા વક્તાઓ સ્વતંત્ર અને ન્યાયયુક્ત રીતે સંસ્કૃતિ અને ધર્મનાં રહસ્યો સચોટ રીતે સમજાવે તો તે યુવાનો અને માત્ર પાશ્ચાત્ય જીવશૈલીની અસર નીચે જીવતા લોકોને ધર્મભિમુખ કરવાની પૂર્વભૂમિકા પૂરી પાડશે અને શ્રોતાઓમાં ગુરુ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા પ્રગટાવશે.

મુંબઇમાં જૈન અધ્યાત્મ સ્ટડીસર્કલ માત્ર જૈન તત્ત્વજ્ઞાન પર પ્રવચનમાળાઓ યોજે છે. શ્રી જૈન યુવકસંઘ, માટુંગાની શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વ્યાખ્યાનમાળા, ઘાટકોપરની શ્રી કાઠિયાવાડ સ્થા. જૈન સમાજની વ્યાખ્યાનમાળાઓ ખૂબ જ લોકપ્રિય બની છે. મુંબઇની અનેક ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓની પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ માનવીના ચારિત્રનિર્માણમાં પોતાનો ફાળો આપી રહી છે.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓને જાગૃત સંયોજકો, સુરુચિપૂર્ણ કરી ગૌરવવંતી બનાવી, નવી ચેતના પ્રગટાવશે એવી અભ્યર્થના.

## મંગલમય કરુણાનું દિવ્ય સામ્રાજ્ય

સૂર્યનાં સૌમ્ય કિરણો રાત્રિના અંધારાને દૂર કરી નગરી પર પ્રકાશનું આધિપત્ય જમાવી રહ્યા છે. પ્રભાતના રમ્ય વાતાવરણમાં, જ્યોતિષ વિદ્યાના પ્રખર વિદ્વાન છાયાશાસ્ત્રી વિદ્યાપાળ અને તેમના મિત્ર હર્ષદત્ત ચાલી રહ્યા હતા. શાંત વાતાવરણમાં મૌન તોડતા હર્ષદત્તે કહ્યું, ''મિત્ર! થોડી ક્ષણો પહેલાં આ માર્ગ પરથી કોઈ મહાન વ્યક્તિ પસાર થઈ હોવી જોઈએ.''

''મિત્ર શા કારણે આમ કહે છે?'' વિદ્યાપાળે પ્રશ્ન કર્યો. કોયલનો ટહુકો અને ખળખળ વહેતા ઝરણાંના સંગીતનું સામંજસ્ય, મલયાનિલને સુગંધિત બનાવતી ફૂલોની પરાગ, સામેની એક તલાવડીમાં સિંહ અને હરણ બન્ને સાથે પાણી પી રહ્યા છે. એક જ વૃક્ષની છાયામાં સાપ અને નોળિયો વિશ્રામ કરી રહ્યા છે. માર્ગ નિષ્કંટક છે. મિત્ર! કોઈ દિવ્ય પુરુષના પરમાણુની ઉપસ્થિતિની અનુભૂતિ કરાવે છે. વાતાવરણનું માધુર્ય અને પ્રસન્નતા પ્રતિતી કરાવે છે. અધ્યાત્મસાધનામાં મસ્ત રહેતા ધર્મનિષ્ઠ હર્ષદત્તે વાત પૂરી કરી.

નતમસ્તક ચાલી રહેલા પંડિત છાયાશાસ્ત્રી નીચે રસ્તા પર જોઈ દંગ થઈ ગયા, થંભી ગયા, અને બોલ્યા, મિત્ર તારી વાતમાં તથ્ય લાગે છે, જો આ પગલાં! કોઈ સમ્રાટના પગલા....શતદલ કમળની પાંખડી માંથી જાણે પરાવર્તિત થયેલ રેખાઓ....! સામુદ્રિક લક્ષણ પ્રમાણે એક ચક્રવર્તી સમ્રાટના પગલાં જ હોય. પરંતુ પંડિત વિદ્યાપાળ ક્ષણિક ચમક્યા અને પછી બોલ્યા, ચક્રવર્તી સમ્રાટ...એકલા... અને ખુલ્લે પગે.... જો સમ્રાટ જતા હોય તો તેની સાથે પરિવાર, સેવકો કે સેના પણ હોય પરંતુ આ પગલાં તો એક જ વ્યક્તિના છે. મિત્ર! શું મારી જ્યોતિષ વિદ્યા મને દગો દઈ રહી છે? શું આ ઉંમરે મારી બુધ્ધિ નષ્ટ થઈ રહી છે?

હર્ષદત્ત કહે ના, મિત્ર નિરાશ ન થા, મને તારી જ્યોતિષવિદ્યામાં શ્રદ્ધા છે અને બન્ને મિત્રો પેલા પગલાનું અનુસરણ કરતાં આગળ ચાલ્યા. આ પગલાં રાજગૃહીનગરના ગુણશીલ ચૈત્યઉદ્યાનમાં કાર્યોત્સર્ગ મુદ્રામાં ધ્યાન કરી રહેલા એક સાધક પાસે સમાપ્ત થયાં.

ખિન્ન વદને વિદ્યાપાળ બોલ્યા, હર્ષ! ક્યાં છે સમ્રાટ? અહીં તો એક ભિક્ષુક...!

હર્ષવિભોર હર્ષદત્ત બોલ્યા, વિદ્યાપાળ તારી વિદ્યાને ગૌરવ અપાવે એવી *આ ઘટનાની વાત સાંભળ, 'જેમના મુખારવિંદ પર પ્રશમ ભાવો રમી રહ્યા છે તેવા* કલ્યાણ મિત્ર આ ભિક્ષુક બીજા કોઈ નહીં પરંતુ સ્વયં ભગવાન મહાવીર છે.'

'આંતરકર્મો સામે દારૂણ યુદ્ધ કરી વિજય મેળવનાર ચક્રવર્તી છે. અષ્ટકર્મના કાલીનાગને સંયમનાં શસ્ત્રોથી એમણે જીતી લીધાં છે. નિર્વિકલ્પ ધ્યાનરૂપી પિતાના ખોળામાં તે ઊભા છે. તે અહિંસા રૂપી અષ્ટપ્રવચન માતાની નિશ્રામાં છે. બ્રહ્મચર્ય રૂપી ભાઈ, અનાસક્તિરૂપી બહેનને એમનું સદૈવ સાન્નિધ્ય છે. શાંતિરૂપી પ્રિયતમા એના જીવનમાં અભિપ્રેત છે. વિવેકરૂપી પુત્ર અને ક્ષમારૂપી પુત્રી તેની સાથે જ હોય છે. અનેકાંત તેનો મંત્રી છે.'

'રાજાની સેનાને એક નિશ્ચિત સીમા હોય, પરંતુ પ્રભુના આભામંડળમાંથી નીકળેલા દિવ્ય કિરણો અગણિત લોકોના કલ્યાણનું કારણ બની જાય, અકારણ કરૂણા કરનારા, આ યુગપુરુષના ઉચ્ચ પુણ્ય અને તીર્થંકરના અતિશયોની અસરને કારણે તેમની ઉપસ્થિતિથી ચોપાસ વૈર વિખવાદ મટે - રોગ ન હોય, દુષ્કાળ ન હોય, માલકૌંસ રાગમાં પ્રવાહિત થતી તેમની પાવન વાણી સૃષ્ટિના તમામ જીવો પોતાની ભાષામાં સમજી અને સ્વનું કલ્યાણ સાધી શકે.'

'એમના શુભતરંગોની સેના જ ચારે બાજુ સુરક્ષા કરી શકે છે. એમનું ધર્મચક્ર સર્વત્ર આનંદ, શાંતિ અને માધુર્ય ફેલાવતા રહે છે. તેમને સ્પર્શેલું વાયુમંડળ સર્વત્ર પવિત્રતા અને ચંદન જેવી શીતળતા પ્રસરાવે છે. સંસારના તમામ સામ્રાજ્ય કરતાં આ સામ્રાજ્ય ઉત્કૃષ્ટ છે. કોઈ પણ વ્યક્તિ સાથે લડાઈ નથી કરી, હિંસા નથી કરી છતાં હૃદય સિંહાસન પર રાજ્ય કરનારા આ રાજાનું જ વાસ્તવિક રાજ્ય છે. કારણ કે આ સામ્રાજ્યમાં, હિંસા નથી, ચોરી નથી, અબ્રહ્મમ્ નથી, જૂઠ નથી અને પરિગ્રહ નથી. અહીં સત્યના સિંહાસન પર અહિંસા, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહને રાજતિલક કરાયું છે.'

હર્ષદત્તે જ્યારે વાત પૂરી કરી ત્યારે બન્ને મિત્રો ભગવાનનાં શ્રીચરણોમાં ભાવપૂર્વક વંદના કરી અને છાયાશાસ્ત્રી વિદ્યાપાળે કહ્યું, 'હવે મને સમજાયું કે સામુદ્રિક લક્ષણો માત્ર બાહ્ય ચિન્હો કે સંકેતો પર આધારીત નથી હોતા. માનવીની આંતરિક લાક્ષણિકતાઓમાં અગણિત સંભાવના છુપાયેલી પડી હોય છે. આજે હું ભગવાન મહાવીરના આંતરવૈભવના ઘૂઘવતા સાગરનાં પ્રચંડ મોજાઓ નિહાળી રહ્યો છું.'

મિત્ર! આજે મારી જ્યોતિષવિદ્યા સાચે જ સાર્થક થઈ. આજે મને સાચા સમ્રાટનું દર્શન થયું. પંચમહાવ્રતનું મહાત્મ્ય સમજાયું.

પ્રણામ હો અનેકાંત દ્દષ્ટાને, વંદન હો! મંગલમય કરૂણાના દિવ્ય સામ્રાજ્યને!

## સાંપ્રત જીવનમાં
## ભગવાન મહાવીરનો દષ્ટિકોણ

જૈનધર્મે માનવજાતને સુખી, શાંત અને સમૃધ્ધ કરવા ધર્મ અને મોક્ષની ભૂમિકા સજ્જ બનાવવા માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પુરુષાર્થોની અહિંસા આધારિત સંસ્કૃતિ બતાવી.

માનવજીવનનું લક્ષ મોક્ષ જ હોવું જોઈએ. તે સાધ્ય સિધ્ધ કરવા માટે ધર્મ જ સાધન બની શકે. મોક્ષમાર્ગમાં અર્થ અને કામ લક્ષે પહોંચવા માટે અંતરાય પેદા કરે તેવા છે તે ખરું, પરંતુ વહેવારિક જીવનના તો આ બે અવિભાજ્ય અંગો છે. પરંતુ અર્થ અને કામમાં ધર્મ, સંયમ, નિયમ અને વિવેક હોય તો તેમાનું બાધક તત્ત્વ દૂર થઈ શકશે.

અર્થમાં નીતિ, નમ્રતા અને સંતોષ નામનાં ધર્મો, કામમાં સદાચાર, વૈરાગ્ય અને સંતોષ નામના ધર્મો જો અભિપ્રેત હોય તો તે અર્થ અને કામને પણ પુરુષાર્થ બનાવી દે છે.

સાંપ્રતજીવનમાં ભગવાન મહાવીરની વાણીને લક્ષમાં રાખીને જીવન શૈલી અપનાવીએ તો જીવનમાં સત્ત્વશીલતા અને શાંતિ પ્રસ્થાપિત થાય તેમાં કોઈ શંકા નથી. ભારતીય પ્રજાના ભૌતિક અને અધ્યાત્મ વિકાસના મૂળ તપાસવા જેવા છે.

સૂક્ષ્મ અને સ્થૂળ અહિંસાનો જીવનમાં સ્વીકાર એટલે કોઈને દુ:ખ ન પહોંચાડવું, કોઈનું શોષણ પણ ન કરવું. અને જીવમાત્રના જીવનના પૂર્ણ અધિકારનો સ્વીકાર કરવો. આમાં વનસ્પતિ અને પ્રાણીઓની રક્ષા પણ સામેલ થઈ જતી હતી. ભૌતિકજીવનમાં સાધન શુદ્ધિના સ્વીકારને કારણે જીવનમાં શાંતિ અને સમૃદ્ધિ હતાં.

પ્રજા અને શાસનકર્તાઓ સંતોના નિયમન હેઠળ હતા. ધર્મગુરુઓની આજ્ઞામાં હતા. એ ભારતીય પ્રજાના આધ્યાત્મિક વિકાસનું મૂળ છે.

લીચ્છવી ગણરાજ્યના પ્રમુખ મહારાજચેટક, સમ્રાટઅશોક, સંપ્રતિ ખારવેલ, શ્રેણિક, ચંદ્રગુપ્ત, સિદ્ધરાજ, કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ અને શિવાજી જેવા શાસકો ભગવાન મહાવીર, ગૌતમબુદ્ધ, હેમચંદ્રાચાર્ય કે સમર્થ સ્વામી રામદાસ જેવા મહામનિષીઓની આજ્ઞામાં રહેતા. તેથી પ્રજા ખૂબ જ સુખી હતી.

અન્ય ધર્મના તહેવારના ઓઠા હેઠળ મહાવીર જયંતી જેવા અહિંસા દિને પણ મુંબઈની મ્યુનિસિપાલીટીએ "ધાર્મિક વધ" માટે કતલખાના ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. અહિંસા પ્રેમીઓના પ્રચંડ વિરોધને કારણે આ મંજૂરી તો પાછી ખેંચાઈ ગઈ પણ શાસકો "ધર્મ" અને "વધ" શબ્દ જોડીને ધર્મનું શું અર્થઘટન કરતા હશે?

હિંસાના પાયા પર ઉભેલ, જીવનધોરણ, સમાજરચના કે શાસનનું પતન નિશ્ચિત થાય છે. ક્રૂરતાથી શરીરનું પોષણ એ ભૌતિક સમૃધ્ધિ નથી. જ્યાં કરુણા અને દયાનો સ્તોત્ર સુકાઈ જાય ત્યાં પરિણામે અશાંતિ સર્જાઈ છે.

પ્રજાનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અન્નાહાર પર આધારિત છે પરંતુ હવે તો મલ્ટીનેશનલ એગ્રીકલ્ચર કંપનીઓનો ભારતીય કૃષિપદ્ધતિ અને ખેત-પેદાશ પર ડોળો છે. તેણે ભારતીય જીવનપદ્ધતિને દૂષિત કરવાનું કાર્ય ક્યારનુંય શરૂ કરી દીધું છે. હિંસકજંતુનાશક દવાઓ (પેસ્ટીસાઈડઝ)ને બદલે સજીવ ખેતી જમીનને ફળદ્રુપ બનાવે છે. જાપાની ખેડૂતોએ પ્રાચીન ભારતીય સજીવ ખેતીના સફળ પ્રયોગો કરેલા અને તે માને છે કે રાસાયણિક ખાતરો (ફર્ટિલાઈઝર) કરતા ગાય, બળદ કે અન્ય પશુઓના છાણમાના સેંદ્રિય તત્ત્વો ખાતરરૂપ, જમીનને અને પાકને વધુ સમૃદ્ધ બનાવે છે અને પુષ્કળ પોષક તત્ત્વો (વીટામીન્સ) પૂરાં પાડે છે.

પરંતુ અહીં તો પશુઓનો ઘાસચારો રાજકારણીઓ ચરી જાય છે. અને વિદેશી મેકડોનાલ્ડની ચેઈન રેસ્ટોરાં સમગ્ર ભારતમાં હમ્બર્ગર-ગાય અને બળદનું માંસ સુલભ બનાવી રહી છે. મેક્સમિલન કંપનીના તૈયાર રોટલીના પેકેટો માછલીના લોટ સાથે મેળવીને બનાવેલા હોય તો નવાઈ પામવા જેવું નથી. ગેટ કરાર અને

પેટંટના કાયદા આપણી અર્થ વ્યવસ્થામાં જ નહિ પણ જીવનવ્યસ્થા પરનો ખતરો છે. લીમડા કે બાસમતી ચોખાની પેટંટનો તાજો જ અનુભવ છે.

હિંસા આધારિત પ્રવૃત્તિઓ માનવીનું હીર હણી લેશે. મત્સ્યઉછેર (દરિયાઈ ખેતી) પોલ્ટ્રીફાર્મ કે યાંત્રિક કતલખાનાની પ્રવૃત્તિઓ પાણીના બેફામ દુર્વ્યય સાથે પર્યાવરણ અસંતુલિત કરે છે.

એકવાર વિદેશમાં ફરતા સ્વામી વિવેકાનંદને યાંત્રિક કતલખાનું બતાવાયું. એક ભેંસને કાપીને તેના તૈયાર થયેલા કેટલાક પેકેટો ખૂબજ ત્વરાથી તેની સામે મૂકવામાં આવ્યા. ધન્યવાદના શબ્દો સાંભળવાની અપેક્ષાએ કતલખાનાના સંચાલકો સ્વામીજી સામે જોવા લાગ્યા. પણ અફસોસ! સ્વામીજીએ સાવ અલગ જ વાત કરી. "જો હવે આ પેકેટોમાંથી એટલી જ ત્વરાથી તેવી જ જીવતી ભેંસ તમે ઊભી કરી દો તો તમને ધન્યવાદ આપું!" ત્યાર પછી વિદેશોની હિંસક સંસ્કૃતિ પર માર્મિક કટાક્ષ કરતા સ્વામી વિવેકાનંદ બોલ્યા, "જે જીવને આપણે જીવાડી શકતા નથી તેને મારવાનો આપણને કોઈ અધિકાર નથી. તમે બંદૂકની ગોળીથી હાથીને મારી શકો છો પણ કીડીને જીવાડી શકતા નથી."

ભગવાન મહાવીરે આર્થિક અને ભૌતિક વિકાસની વાતના સંદર્ભે સાધન શુદ્ધિની વાત કરી છે. આર્થિક વિકાસ કરવામાં ધર્મ વિઘ્નકર્તા નથી. સાધન શુદ્ધિની સાથે તેમણે વિવેક અને પરિગ્રહ પરિમાણની વાત કરી છે.

મહાવીરના ઘણા ભક્તો આર્થિકસમૃદ્ધિથી સંપન્ન હતા. આનંદશ્રાવકની વાત કરીએ તો તેની પાસે હજારો વીઘા જમીન, હજારો ગૌશાળા, સેંકડો વહાણો, હજારો ધાન્યના કોઠારો અને કરોડોની સંપત્તિ વ્યાપારમાં લાગેલી હતી. તે વ્રતધારી શ્રાવક હતો. અર્થોપાર્જનમાં અપ્રામાણિક સાધનોનો ઉપયોગ નહોતો કર્યો. પરિગ્રહ પરિમાણનું વ્રત હતું. વધારાની સંપત્તિનો સદવ્યય કરતાં. સંપત્તિ તેને લાગેલી હતી તે સંપત્તિને નહોતા લાગ્યા, તેના ચિત્તમાં સંપત્તિ પ્રત્યે લેશમાત્ર આસક્તિ નહતી, નિસ્પૃહી હતા.

વ્યક્તિ, કુટુંબ, રાજ્યો કે રાષ્ટ્રોમાં આ માલિકીભાવ, પરિગ્રહ જ હિંસા અને અશાંતિનું કારણ બને છે. અશુદ્ધ સાધનો દ્વારા મેળવેલી સંપત્તિ, સાધનો કે ભૌતિક સુખ અંતે અશાંતિ કે દુ:ખમાં જ પરિણમે છે. એ વાત સમાજ, રાજ્ય કે શાસનને લાગુ પડે છે.

કોઈ રાજ્ય જુગાર, દારૂ, લોટરી, કી-કલબો, અભદ્ર વિડીયો ચેનલો કે ફિલમો વ. ના વ્યવસાય કે એવી જ અન્ય પ્રવૃત્તિઓ પર કરવેરા દ્વારા આવક મેળવી તે પ્રવૃત્તિને પોષશે તો તે દ્વારા એકઠી કરેલી સંપત્તિ પ્રજાનું કલ્યાણ તો નહિ કરી શકે પરંતુ નૈતિક અધ:પતન જરૂર કરાવશે. જે રાજ્યો દારૂ અને પાન મસાલા જેવા નશીલા અને ઝેરી દ્રવ્યોને કરવેરાની આવક મેળવવા માટે પ્રતિબંધિત નથી કરતા તે રાષ્ટ્ર પ્રજાની શારીરિક સંપત્તિ અને આરોગ્યની પાયમાલી કરે છે. માનસિક સ્વસ્થતા અને પારિવારિક સંતુલનને હાનિ કરે છે.

શ્રીમદ્‌રાજચંદ્રના સહવાસને કારણે ગાંધીજીએ પણ સાધનશુદ્ધિના વિચારને મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. ભગવાન મહાવીરનું અર્થશાસ્ત્ર અહિંસા અને અપરિગ્રહના સિદ્ધાંત પર રચાયેલું છે. આધુનિક અર્થશાસ્ત્ર ઈચ્છાઓ વધારવાની, જરૂરિયાતો વધારવાની હિમાયત કરે છે. ઈચ્છાઓ, જરૂરિયાતો વધવાથી શોધો વધશે, પ્રવૃત્તિઓ વધશે પરંતુ ભગવાને આ વૃત્તિનું વિશ્લેષણ કરી, અલ્પઈચ્છા દ્વારા ઈચ્છાપરિમાણ કરવાનું કહ્યું અને સાધકો માટે તો ઈચ્છા ઉપર વિજય મેળવી ઈચ્છાજયી બનવા કહ્યું. તેથી જીવનમાં ધીરે ધીરે વિકલ્પો ઓછા થતાં જશે. અર્થોપાર્જનની આધુનિક વિચારધારા આ પ્રવૃત્તિને, વ્યક્તિના લાભાર્જનના સંદર્ભે મૂલવે છે. જેમાં કોઈ લાભ નથી, તે વહેવારનું, અર્થશાસ્ત્રની દૃષ્ટિએ કોઈ મૂલ્ય નથી. સામેની વ્યક્તિની સ્થિતિ માણસની પ્રકૃતિની કે પરિસ્થિતિની બિલકુલ ઉપેક્ષા કરવામાં આવે છે.

અર્થઉપાર્જનની પ્રવૃત્તિમાં અધ્યાત્મ ધર્મ અભિપ્રેત હોય ત્યારે એ ધર્મમાર્ગે આજીવિકા ચલાવે છે. જૈનધર્મના અનન્ય શ્રાવક શ્રીમદ્‌રાજચંદ્રજીના ઝવેરાતના વેપારનો પ્રસંગ આપણે સૌ જાણીએ છીએ. અહીં અર્થોપાર્જનમાં અગંત લાભ કે નફાની વાત નથી હોતી પણ મૈત્રી, વિવેક કે કરુણાબુદ્ધિની ભાવના હોય છે.

વિશ્વશાંતિ માટે ભગવાન મહાવીરે પ્રરૂપેલ અનેકાંતવાદ ઉત્તમ વિચાર છે. કોઈપણ વાતને અનેક દૃષ્ટિકોણથી તપાસતા, દેખીતી રીતે ખોટી લાગતી વાત પણ સાચી લાગે, મિત્રો, વ્યક્તિ, કુટુંબ, ગુરુશિષ્ય, પતિ-પત્ની વચ્ચે, નોકર-મજૂર માલિક વચ્ચે, બે ધર્મો વચ્ચે, બે રાજ્યો કે બે રાષ્ટ્રો વચ્ચે, શાસકો અને પ્રજા વચ્ચે બે પક્ષો કે સહકાર્યકરો વચ્ચેના વિચાર વિનિમય વેળાએ અનેકાંત દૃષ્ટિકોણ નજર સમક્ષ રાખતા ગેરસમજૂતી દૂર થઈ મૈત્રીભાવ જાગશે. વિસંવાદિતા દૂર થઈ સંવાદ સર્જાશે. વ્યક્તિ પોતાની દૃષ્ટિથી જૂએ તો અડધુ જગત શાંત થઈ જાય એ વાત ભગવાને અનેકાંતવાદ દ્વારા સમજાવી.

આમ, સાંપ્રત જીવનમાં ભગવાન મહાવીરનો અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતની વિચારધારા સાચા સુખ, સમૃધ્ધિ અને શાંતિ આપનારી બની રહેશે.

## ખજાનો.....!

નાનુડી ગામને પાદરે દસ-બાર ઝુંપડાના ઝૂંડમાં ગરીબો વસતા હતા, એમાં કાના કુંભારનું એક નાનું સરખું ઝુપડું ! ઘરમાં માટીનો ચૂલો અને થોડાં વાસણો, માટીના ઠામ-ઠીકરા અને ફાટેલી ગોદડીઓના ગાભા, દરિદ્રનારાયણનાં દર્શન કરાવે. ગરીબીમાં જીવે, મહેનત મજૂરી કરતાં રોટલા પૂરતાં પૈસા માંડ રળી ખાય !

એના મનમાં હંમેશાં શ્રીમંત થવાના વિચારો ઘૂમરાયા કરે. એક રાત્રે ઊંઘમાં એણે એક સ્વપ્ન જોયું. બાજુમાં ખાંભાનગરમાં ઘાતરવડી નદી પાસે ઘણું બધું ધન દાટેલું પડ્યું છે. કાનાએ સ્વપ્નની વાત પર ધ્યાન આપ્યું નહિ. બીજીવાર રાત્રે એજ સ્વપ્ન આવ્યું. જાણે કોઇ ત્યાં જવાની પ્રેરણા કરતું હોય, પરંતુ માંડી વાળ્યું. ત્રીજી રાત્રે ફરી એજ સ્વપ્ન, જાણે તેને કોઇ ત્યાં જવાની આજ્ઞા કરતું હતું.

કાનો હવે અધીરો બન્યો, ખાંભા જઇ ધાતરવડીના પૂલ પાસે જવાનો નિશ્ચય કર્યો.

એ દિવસોમાં ભારત સરકાર દીવ-દમણ અને ગોવાને પોર્ટુગિઝ-ફીરંગીઓથી મુક્ત કરવા કૃતનિશ્ચયી બની હતી. દીવ, દમણ અને ગોવામાં ત્રિરંગો લહેરાવવાની નહેરુજીની હાકલનો પ્રતિછંદ જાણે હવામાં ગૂંજી રહ્યો. સૈનિકોએ કૂચ કરી. ખાંભા, ઉના, દીવ સુધી મિલીટરીએ તંબૂઓ તાણી પડાવ નાખ્યા. ખાંભા, ઉના દીવ સુધી જવાના દરેક પુલ પર સૈનિકો પહેરો ભરતા. ખાંભામાં રાજપૂતાના રેજિમેન્ટની રાવટીઓમાં સૈનિકોની છાવણી હતી.

સંધ્યાસમયે ચોરીછૂપીથી લપાતોછૂપાતો કાનો ધાતરવડી નદીને કિનારે આવ્યો. પ્રેમના પૂજારી, ધાતરવડના ધણી, વીર માંગડાવાળાની લુપ્ત થયેલી નગરીનો કોઇ ખજાનો નદીમાં તણાઇને આ પૂલ નીચે દટાયેલો હશે. તેવી આશામાં બીજા નાળા પાસે પહોંચ્યો.... ત્યાં જ એક સૈનિકની નજર એના પર પડી. તરત જ એને પકડ્યો અને પૂછ્યું, કેમ અહીં આંટા મારે છે ? કાનાએ ડરના માર્યા પોતાના સપનાંની સાચી વાત

કરી દીધી સપનાંની વાત, ખજાનાની વાત સાંભળીને પેલો સૈનિક ખડખડાટ હસી પડ્યો. કાનાને ખોટું લાગ્યું. એ ખીજવાઇ ગયો. શું હસો છો, આમ પાગલની જેમ ?

હસુ નહિ તો શું કરું ? આવાં સપનાં તે કંઇ સાચાં થતાં હશે ? જો આવા સપનાં સાચાં પડતાં હોત તો હું અત્યારે અહીં પહેરો ભરતો ન હોત પણ નાનુડી ગામના કાના કુંભારના ઘરે હોત !

કેમ ? કાનો ચમકી ઉઠ્યો....

કારણ કે મને એવું સપનું આવેલું કે કાના કુંભારની ઝુંપડીમાં પાણિયારા પાસે, બ્રિટીશકાળના ચાંદીના રાણીસિક્કાથી ભરેલા બે ચરૂ દટાયેલા પડ્યા છે. બોલ ? તો તો હું જઇને કાઢી ન લાવત, પણ સપનાં ઇ તો ભાઇ સપનાં, હું એ ભ્રમણામાં નથી પડતો. સારુ, સારું ત્યારે મારો ધક્કો નકામો થયો, કહી કાનો કુંભાર ઝડપભેર પોતાને ગામ આવ્યો. ઘરમાં જઇ બારણું બંધ કરી, કોશ લઇ. પાણિયારું ખોદવા લાગ્યો, થોડીવારમાં કોશ, ચરુ સાથે અથડાવવાથી ખડીંગ કરતો અવાજ આવ્યો ને કાનો કાનજીભાઇ થઇ ગયો....

ખજાનો આપણી ભીતરમાં છે....ને આપણે બહાર શોધવા ભટકીએ છીએ.

ભૌતિક ખજાનો મળતાં, આ ઉપનય કથાના નાયક, કાનાનું આ ભવનું દારિદ્રય ટળ્યું પરંતુ આપણી ભીતર તો તેજપૂંજ રૂપ આત્મખજાનો પડ્યો છે. તેને પામતા આપણી ભવપરંપરા સુધરી જાય.

અજ્ઞાન-દારિદ્રય ટળે ને જ્ઞાનસમૃદ્ધિ સંપ્રાપ્ત થાય. કસ્તુરી શોધતા મૃગની જેમ આપણે બહાર ભટકીએ છીએ. કારણકે આપણી અંદર રહેલી દીવ્ય સુગંધનું સરનામુ આપણી પાસે નથી, જે ક્ષણે એ સ્થળના ભાળ મળે એ દીન આપણે માટે સુગંધ પર્યું બને જ્યારે અંતર્મુખ થઇએ ત્યારે આપણને આપણી નિજ સંપત્તિનું ભાન થાય, અંધારામાં અથડતાં આપણે સ્વયં પ્રકાશથી ઝળાંહળાં થઇએ અને એવી સંપત્તિ લાધે જ દેહી ચૈતન્યનું વિશ્વ ચૈતન્ય સાથે અનુસંધાન કરાવી આપણને અમૃતમાર્ગના યાત્રી બનાવી દે.

## શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનો પુરુષાર્થ

તીર્થંકર પરમાત્માએ તીર્થની સ્થાપના કરી જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સંઘનાં ચાર અવિભાજ્ય અંગો છે. શ્રાવકધર્મ કે સાધુધર્મ બન્નેનું અંતિમ ધ્યેય તો મોક્ષ જ છે. સાધુધર્મ ટૂંકો અને કઠીન માર્ગ છે, જ્યારે શ્રાવકધર્મ સરળ અને લાંબો માર્ગ છે. ગણધર ભગવંતોએ સૂત્ર સિદ્ધાંતોની રચના કરી. આચાર્ય ભગવંતોએ આચારસંહિતા બતાવી. સાધુઓ માટે 'સમાચારી' અને શ્રાવકોએ પાળવાના નિયમો તે શ્રાવકાચાર. સાધુની સમાચારી અને શ્રાવકાચાર તે ખારા સંસારમાં મીઠા જળનું મોટું સરોવર છે. હંસવૃત્તિવાળાનું સરોવર તરફ આકર્ષણ હોય. કાગવૃત્તિ ખાબોચિયા તરફ ખેંચાય.

દાર્શનિક સંદર્ભમાં તપાસીએ તો શાસ્ત્રોક્ત આચારસંહિતાના મૂળ સૂત્રસિદ્ધાંતો ત્રણેય કાળમાં એક જ હોય, કારણ કે સર્વજ્ઞ ભગવંતોએ રચેલા હોય. તેથી કાળના પ્રવાહમાં તે કદી બદલાય નહીં, છતાં મૂળભૂત સિદ્ધાંતોમાં લેશ પણ પરિવર્તન કર્યા વિના ગીતાર્થ આચાર્યો અર્થઘટન અને શાસ્ત્રાનુસારી પરિવર્તન અંગે નિર્ણય લઇ શકે.

જૈનધર્મનો સંયમમાર્ગ અતિ કઠીન છે. અનેક પરિષહો સહીને ઉપસર્ગો સામે ઝઝૂમતાં સંત-સતીઓ ચારિત્રયાત્રામાં આગળ ધપે છે. પંચમહાવ્રતધારી સાધુસંતો પણ આપણા જેવા માનવ છે. કયારેક પ્રમાદ કે કર્મોદયને કારણે આચારપાલનમાં, માનવસહજ મર્યાદાને કારણે શિથિલતા આવવાનો સંભવ છે. આવી શિથિલતા કે સ્વચ્છંદીપણા વિશે જ્યારે સાંભળીએ ત્યારે આંખ આડા કાન ન કરાય. મૌન પણ ન સેવાય અને વગરવિચાર્યે જાહેરમાં હોબાળો પણ ન કરાય. શિષ્યોના શિથિલાચાર કે સ્વચ્છંદાચારના નિયમનની જવાબદારી ઘણું કરીને તો જે તે ગચ્છ કે સંપ્રદાયના આચાર્ય ગુરુભગવંતો જ નિભાવે છે.

વિક્રમાદિત્યના સમયમાં સિદ્ધસેનસૂરીના પાલખીના ઉપયોગના શિથિલાચારની વાત તેમના ગુરુ વાદીસૂરીએ જાણી ત્યારે તેમના વૃદ્ધ ગુરુ વાદીસૂરીએ શિષ્યની આંખ ઉઘાડવા ખુદ સાધુ વેશ પર ચાદર ઓઢી પાલખી ઉપાડનાર ભોઈ બની શિષ્યમાં જાગૃતિ લાવ્યા.

મુનિ ધનમિત્ર પોતાના બાળપુત્ર મુનિધનશર્મા સાથે વિહાર કરતા હતા. ગ્રીષ્મના બળબળતા બપોરમાં વિહારમાં બાળમુનિ કારમી તૃષાથી પીડાતા હતા. પિતા મુનિએ પાસેની નદીનું પાણી પી લેવા તેને જણાવ્યું અને પોતાને લાગ્યું કે પોતાની હાજરીથી બાળમુનિ પાણી નહીં પીએ, જેથી ઝડપથી આગળ નીકળી ગયા, પરંતુ ધગધગતી રેતમાં પ્રસન્નતાથી પરિષહ સહી બાળમુનિ પ્રાણ છોડી દેવાત્મા થયા. દેવે ધરતી પર આવી તમામ મુનિને વંદન કર્યું, પરંતુ પિતામુનિને ન વંદ્યા. દેવાત્માને કારણ પૂછતાં જણાવ્યું કે એમણે મને કાચું પાણી પીવાની મોહગર્ભિત સલાહ આપી હતી. આવી સલાહ આપનાર સાંસારિકપણે પિતા હોય તો પણ એ વંદનને પાત્ર નથી. પિતામુનિએ પશ્ચાત્તાપ આલોચના કરી. આમ શિષ્યે ગુરુની ભૂલ સુધારી. શાસનમાં પેઠેલી વિકૃતિને દૂર કરવા ક્રાંતિવીર લોંકાશાહની શહાદત જૈનઇતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત છે.

શિથિલાચાર કે સ્વચ્છંદાચારના વિવિધ પ્રસંગોમાં સત્યાસત્યનું અન્વેષણ કે સંશોધન બહુ જ મુશ્કેલ કાર્ય છે. જેથી જાણતાં કે અજાણતાં ગુરુની અવહેલના કે નિંદાની પ્રવૃત્તિથી બચવા માટે જાગૃતિ અને વિવેકની ખૂબ જ આવશ્યકતા ગણાય. ભોળા શ્રદ્ધાળુ અને યુવાવર્ગ ખૂબ જ સંવેદનશીલ હોય છે. આવા સમયે પ્રચારમાધ્યમો દ્વારા વહેતા થયેલા વિકૃત કે અર્ધસત્ય અહેવાલો શ્રદ્ધાળુ વર્ગને ઠેસ પહોંચાડશે અને યુવાનોને ધર્મવિમુખ કરશે. આવી પ્રવૃત્તિ ધર્મશાસનની હિલના કે કુસેવા જ ગણાય. જે સાધુ કે સાધ્વી, સાધુ ધર્મપાળી શકે તેમ નથી તે અંગેનું તેનું સત્ત્વ જ ખતમ થઇ ગયું છે. મહાવ્રતોના પાલન સાથે જે મુનિવેશને વફાદાર રહી શકે તેમ ન હોય તેમણે ગૃહસ્થ જીવનનો સ્વીકાર કરી ઉત્તમ કોટીના શ્રાવકનું જીવન જીવવાનો પુરુષાર્થ કરવો તે જ સમ્યક્ સમજણ છે.

સંયમજીવનમાં ચૂસ્ત રીતે વ્રતાદિનું પાલન ન કરવા સાથે ગોચરી-પાણી વહોરીને લાવવાં, વાપરવાં અને સાધુવેશમાં રહેવું તે નર્યો દંભ કે આત્મવંચના છે. વળી શિથિલાચારી સંત-સતીની દેશના, ઉપદેશ કે સંદેશાનું મૂલ્ય બેંકમાં બંધ કરી દીધેલા ખાતાના ચેક જેટલું પણ નથી. જ્ઞાનીઓએ સ્વચ્છંદી સાધુને, ઝાંઝવાના જળે બરબાદ થતા કાગડા સાથે સરખાવ્યો છે. સ્વચ્છંદાચારીની વાંઝણી ક્રિયાઓ નિષ્ફળતાંને વરે છે. આને કારણે ધર્મસંસ્થામાં દેવાળિયા જેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે, તે પહેલાં

અમ્મા પિયા જેવા મહાજનો ઠરેલ બુદ્ધિના ધર્મનિષ્ઠ શ્રાવકોએ, શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનો પુરુષાર્થ કરવો પડશે.

જો કોઇ સાધુ ઉદંડ બન્યો હોય, સાધુવેશમાં રહીને કેટલાંક પાપ કરતો હોય, તેને ગમતા ભોગ-ઉપભોગ મુનિવેશમાં જ શક્ય જણાતા હોય તો તે ગૃહસ્થ બનવા ધરાર તૈયાર નહીં જ થાય. ત્યારે સંપ્રદાય સંરક્ષણસમિતિ, શ્રાવકસમિતિ કે મહાજન સંસ્થાઓએ લાલ આંખ કરવી જ રહી. જરૂર પડે તો દંડો પણ હાથમાં લેવો જ રહ્યો. આવો સાધુ બુદ્ધિનો વ્યભિચારી, તર્ક કે કાવાદાવાનો આશરો લેનાર બને, અત્યંત નિષ્ઠુર પરિણામી અને ભારેકર્મી હોય તેની પાસે પહેલેથી જ બધી લડાઇ લડવાની તૈયારી હોય તેથી મહાજનસંસ્થા અને સંઘે સાથે મળીને ચાતુર્ય અને કડકાઇથી કામ લેવું જોઇએ.

સુપાત્રને દીક્ષા આપવામાં જેટલો લાભ છે તેથી પણ વધુ લાભ અપાત્ર કે કુપાત્ર બની ગયેલાને વિધિવત દીક્ષા છોડાવવામાં છે. શ્રમણસંસ્થાની વૃદ્ધિ થાય તેના કરતાં શ્રમણસંસ્થાની શુદ્ધિ થાય તેમાં વધુ લાભ છે. શ્રમણસંસ્થા ધર્મશાસનની ઉત્કૃષ્ઠ સંસ્થા છે. આ અતિ ઉજ્જવલ વસ્ત્રમાં શિથિલાચારથી દાગ ન પડે તે જોવાની ફરજ ચતુર્વિધસંઘની છે.

દીક્ષા પૂર્વેનો શાસ્ત્રાભ્યાસ અને સાધુજીવનનો મહાવરો, સાધુસંતોનાં આરોગ્ય, વૈયાવચ્ચ અને ભવિષ્યની સલામતી અંગે સંઘોની સતર્કતા જરૂરી છે. જૈનશાળાની પ્રવૃત્તિને વેગ મળશે તો સંઘોને ભવિષ્યમાં આદર્શશ્રાવક અને સાધુઓ સંપન્ન થશે.

સંઘોની કાર્યવાહકસમિતિમાં ધર્મના જાણકાર અને આચારપાલનમાં ઉત્કૃષ્ઠ શ્રાવક-શ્રાવિકાઓનો સમાવેશ કરવામાં આવે અને સંઘસંચાલનમાં દાતાઓની બિનજરૂરી દખલગીરી બંધ કરવામાં આવે તો સ્વચ્છંદાચાર પર અંકુશ રાખવાનું સરળ બનશે. ગુરુભગવંતો, દાનવીરો અને સંઘપતિઓ ફકત પોતાના પ્રચાર વિશેષ કાર્યક્રમો બંધકરે, માત્ર આચારથી જ સાત્ત્વિકતા આવશે. વળી જૈનધર્મ પ્રચારથી નહીં, આચારના પ્રભાવથી ટકી રહ્યો છે તે ન ભૂલવું જોઇએ. સંતસતીઓના સ્વચ્છંદાચારને અને શિથિલાચારને શ્રાવક-શ્રાવિકાઓ કેટલે અંશે પોષે છે અને પ્રોત્સાહન આપે છે તે અંગે

આત્મનિરીક્ષણ કરવું રહ્યું. પરિવારના નાનાં ભાઇ, બહેન કે સંતાનો કાંઇ ભૂલ કરે તો આપણા વડીલો તેને બંધબારણે શામ-દામ-દંડ-ભેદની પ્રયુક્તિથી અવળે રસ્તેથી સવળે રસ્તે લઇ જવાનો પુરુષાર્થ કરે છે. ત્યારે આ તો ધર્મના ક્ષેત્રની વાત થઇ. પ્રથમ તબક્કામાં જાહેરમાં નહીં પરંતુ, વિવેકયુકત મર્યાદાસહ એકાંતમાં ધ્યાન ખેંચી સત્યશોધન પછી કડક પગલાં દ્વારા અંકુશમાં લાવી શકાય. સત્યાસત્ય કે તથ્ય જાણ્યા વિના જ સમાચારો વર્તમાનપત્રો સુધી પહોંચી જાય કે વિકૃત રજૂઆત થાય તો ધર્મ પરત્વે ગેરસમજ ફેલાય અને અંતે ધર્મનું શાસન નબળું પડે.

કોઇ પણ ઘટનાને પરમતસહિષ્ણુતા અને અનેકાંતના દષ્ટિકોણથી જોયા પછી વિવેકપૂર્ણ નિર્ણયો લેવાય. ભગવાન મહાવીરના શાસનમાં સંપ્રદાયવાદ, ભાષા અને પ્રાંતના ધોરણે જૂથવાદ અને ઇર્ષાવૃત્તિને સ્થાને સંગઠન, સહકાર અને મૈત્રીભાવના વિકાસમાં આ સમસ્યાનો ઉકેલ છે. જૈનધર્મ મુખ્યત્વે દેરાવાસી (મૂર્તિપૂજક), સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબર એમ ચાર ફિરકાઓમાં વહેંચાયેલો છે. તેમાંય વિચારસરણી, આચાર, ભાષા અને પ્રાંત અને આચાર્યના ધોરણે અલગ અલગ સંપ્રદાયો રચાયેલા છે. જૈનોની અખિલ ભારતીય શ્વેતાંબર પરિષદ, અ.ભા.સ્થાનકવાસી પરિષદ, અખિલ ભારતીય દિગંબર પરિષદ, અખિલ ભારતીય તેરાપંથ જૈન સભા, ઉપરાંત પરિષદ મંડળો અને મહાસંઘો, ગચ્છ અને સંપ્રદાયની શ્રાવકસમિતિઓ સાધુજી, સાધ્વીજીની દીક્ષા, સંઘોના નિયમનનું કામ કરે છે.

આવી સંસ્થાઓ સમયાંતરે શ્રાવકો અને સાધુઓનાં સંમેલનો બોલાવી અને શ્રાવકાચાર અને સમાચારીને લગતી નિયમાવલિ તો બહાર પાડે છે, પરંતુ તેનું પાલન કેટલે અંશે થાય છે તેનું અવલોકન, નિરીક્ષણ અને સમીક્ષા કરવી જરૂરી છે. દર વર્ષે પ્રગતિ, પ્રાપ્તિ, ત્રૂટિ કે ક્ષતિની સમીક્ષા કરવા તેરાપંથ સંપ્રદાયની જેમ 'મર્યાદામહોત્સવ' નું આયોજન કરી સાધુ-શ્રાવકોનાં સંમેલનો ભરવા જરૂરી છે. મહાજન સંસ્થાઓ સાધુઓના શિથિલાચાર કે સંઘોમાં ચાલતી ગેરશિસ્ત પરત્વે જાગૃત રહે તો ઘણાં અનિષ્ટો નિવારી શકાય. સાધુઓના શિથિલાચાર ડામવા માટે પ્રથમ તો દરેક શ્રાવકે શ્રાવકાચારનું કડક પાલન કરવું જરૂરી ગણાય.

મહાજનસંસ્થાઓ તરફથી બહાર પાડવામાં આવતી સામાન્ય નિયમાવલિનું પાલન દરેક સંઘો કરે તો શિથિલાચાર અંકુશમાં આવી શકે. મહાસંઘોના પરિપત્રના મુદ્દા, જેમાં સાધુ-સાધ્વીજીઓને જૈનશાસનની આજ્ઞાનું વ્યવસ્થિત પાલન કરવા અનિવાર્ય સંજોગોમાં ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ સિવાય કોઇ પણ ઇલેક્ટ્રિક યંત્રનો ઉપયોગ નહીં કરવા જણાવ્યું છે. નવવાડે વિશુદ્ધ બ્રહ્મચર્યના પાલન સાથે વિશુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્ર્યપાલનની જાગૃતિ રાખવા જણાવ્યું છે. પૈસા સંબંધી વ્યવહારમાં સાધુ-સાધ્વીજીએ પડવું નહીં. દોરા, ધાગા, મંત્રતંત્રનો ઉપયોગ કરવો નહીં. બહેનો-શ્રાવિકાઓએ એકાંતમાં સાધુજીને મળવું નહીં. રાત્રે બહેનોએ સાધુજીના સ્થાનકમાં અને પુરુષ-શ્રાવકોએ સાધ્વીજીના સ્થાનકમાં જવું નહીં. સંઘપતિઓને જણાવ્યું છે કે જ્ઞાન, દર્શન ચારિત્ર્યનું સુંદર પાલન કરનાર પંચમહાવ્રતધારી સાધુ-સાધ્વીજીઓનું જ ચાતુર્માસ કરાવવું.

આ આદર્શ પરિપત્રના મુદ્દાઓના સુચારુ પાલન અર્થે:

દરેક ચાતુર્માસમાં મહાસંઘ કે મહાજન સંસ્થાઓ-કોન્ફરન્સના સભ્યોમાંથી ત્રણ ચાર સભ્યોએ ઓછામાં ઓછી એકાદ બે કે ત્રણ વાર ઉપાશ્રયોની મુલાકાત લઇ સંઘમાં ચાલતી પ્રવૃત્તિઓ અને સાધુઓની જીવનચર્યાનો અભ્યાસ કરવો જોઇએ. સંઘના સંચાલકો કે ગુરુભગવંતો સાથે સંઘની પ્રવૃત્તિઓ કે સંઘની કોઇ પણ સમસ્યા હોય તો તે અંગે વિચારવિમર્શ કરવો અનિવાર્ય છે. પરિષદ અને મહાસંઘો જેવી સંસ્થાઓને મજબૂત બનાવવામાં જ ધર્મશાસનનું શ્રેય છે.

જ્યારે મુનિત્વ ડચકાં લેતું લેતું જીવતું હશે ત્યારે શ્રાવકત્વની શી વલે થશે ?

અંધશ્રદ્ધા, ધર્મઝનૂન, સંપ્રદાયવાદ, સંકુચિત ધર્મગુરુઓ અને ધર્મસંસ્થા કે સંઘો પર લક્ષ્મીનું આધિપત્ય દૂર થશે ત્યારે અધ્યાત્મવાદ પર આધારિત શ્રમણસંસ્કૃતિના સત્ત્વનું સાચું દર્શન થશે-શ્રમણ સંસ્કૃતિ પુરસ્કૃત ધર્મ કે જે વિશ્વધર્મ બનવાની ક્ષમતાવાળો છે તેના દ્વારા વિશ્વશાંતિ અને કલ્યાણનાં વધુને વધુ મંગલ કાર્યો થતાં રહેશે.

# ભગવાન મહાવીરની સૂક્ષ્મ સંવેદના

જગતના કોઇપણ પ્રાણીને વેદના થતી જોઇએ કે સાંભળીએ ત્યારે આપણને પણ એવી વેદનાની સહજ અનુભૂતિ થાય એ સંવેદના છે.

અનુકંપા કે સંવેદના એ ઋજુહૃદયના હળુકર્મી આત્માની શુભ પરિણામધારા છે. હું આમ કરીશ તો અન્યને દુઃખ કે વેદના થશે એવા વિચાર અને વિવેકની જાગૃતિ સાથે જીવનાર વ્યક્તિ સંવેદનશીલ તો છે જ, પરંતુ તેનું આચરણ પણ ધર્મયુક્ત જ હોય.

કુટુંબથી માંડીને વૈશ્વિક સ્તરનો કલહ, લડાઇ, ઝગડા, આતંકવાદ અને ધર્મઝનૂન જોતાં દેખાય છે કે માનવી જાણે માનવીના લોહીનો તરસ્યો બની ગયો છે. સંવેદનાની સરિતાના નીર, કઠોર રેતાળ અને રૂક્ષ સહરામાં ધરબાઇને લુપ્ત થઇ ગયા છે.

જીવમાત્રમાં પવિત્ર આત્મદર્શન કરનાર વિશ્વમૈત્રીના પુરસ્કર્તા ભગવાન મહાવીરે સંવેદનાના વિચારની પોતાના આચરણ દ્વારા પ્રરૂપણા કરી છે. ગર્ભસ્થકાળ, શૈશવકાળથી સાધનાકાળની ચરમસીમા સુધીની ભગવાન મહાવીરની જીવનચર્યા તપાસીએ તો અનુકંપા અને સંવેદનાના અમૂલ્ય વિચાર રત્નોનો પવિત્ર ઝળહળતો પ્રકાશ આપણને તેમના આચરણમાં પરાવર્તિત થતો જરૂર દેખાશે.

ભગવાનને સંવેદના તેના ગર્ભસ્થકાળથી જ જાગેલી. માતાને કષ્ટ ન પડે માટે ગર્ભમાં હલનચલન બંધ કરેલું અને માતાની સંવેદનાથી પુનઃ ચાલુ કર્યું.

ભગવાન મહાવીરની બાલ્યાવસ્થાનું નામ વર્ધમાન હતું. ઉપવનમાંથી ચૂંટી લાવેલા સુંદર પુષ્પોની વેણીથી, દાસીઓ ત્રિશલામાતાનો કેશકલાપ ગૂંથી રહી છે. ત્રણ વર્ષની વયના બાળક વર્ધમાન એ કેશગુંફનની સજાવટને જોઇને એકાએક રડવા લાગે છે. માતા ગભરાઇને દોડીને વર્ધમાનને તેડી લે છે અને રૂદનનું કારણ જાણવા ઇચ્છે છે. વેદનાસભર વાણીથી બાળક વર્ધમાને પ્રશ્ન કર્યો, મા, ફૂલને કેમ મારી નાખ્યા ? માતા કહે, માર્યા નથી, ડાળીમાંથી ચૂંટી લીધાં છે. બાળક વર્ધમાન કહે છે ફૂલ ડાળી

પર હોય ત્યાં સુધી જ જીવતા રહે છે, ચૂંટી લઇએ તો એ મરી જાય. માતા કહે જો, આ ફૂલ કયાં મર્યા છે એ તો તાજાં છે, સુંગધી છે. વર્ધમાન વ્યથાયુકત સ્વરે કહે છે, ના મા, એમ નથી ક્ષણે ક્ષણે એ કરમાતા જાય છે. સાચે જ એ મરી ગયા છે. ફરીથી ફૂલને ચૂંટીશ નહિ મા ! મને બહુ દુઃખ થયું. વર્ધમાનનું દિવ્યજ્ઞાન અને સૂક્ષ્મ સંવેદના સર્વત્ર આત્માના દર્શન કરે છે.

કોઇ એકવાર, માતા વર્ધમાનને લઇ પાસેના બગીચામાં ફરવા ગઇ. લીલાઘાસની હરિયાળી પર માતા, દાસીઓ સાથે ચાલી રહી છે. વર્ધમાન દૂર ઊભા ઊભા એમને જુએ છે. મા તેને પોતાની પાસે બોલાવે છે પણ તે આવતા નથી અને કહે છે,

મા, તેં આ ઘાસના જીવોને શા માટે કચરી નાખ્યા ? એને કેટલી પીડા થઇ રહી છે ? જો એના ઉઝરડા મારી પીઠ પર પડયા છે ! માએ દોડીને વર્ધમાનને તેડી લીધો. અને પીઠ પર જોયું તો ખરેખર ઉઝરડાના નિશાન હતા. એ જોઇને માતા ખૂબ દુઃખી થઇ.

બાળક વર્ધમાન, મિત્રો સાથે પશુ-પંખીનું સંગ્રહાલય જોવા જાય છે. સંગ્રહાલયમાં પંખીઓની ક્રીડા જોઇ બાળકો નાચે છે. ખુશ થાય છે. વર્ધમાન તો આ જોઇ ઉદાસ થઇ જાય છે. ઘરે આવીને માને પૂછે છે, મુકત ગગનમાં ઊડતા પંખીઓને કયા અપરાધ માટે કેદની સજા કરી છે. શું કામ તેની સ્વતંત્રતાનો અધિકાર છીનવી લીધો છે ?

વર્ધમાનના વ્યાકુળ અંતઃકરણને કયાંય ચેન પડતું નથી. બીજે દિવસે સંગ્રહાલયમાં જઇ પહેરેગીરને દૂર જવા કહ્યું. પાંજરામાં રહેલા તમામ પશુપંખીને છોડી મૂકયા. બાલ વર્ધમાનની પ્રબુદ્ધ કરુણાને તોફાનમાં ખપાવવામાં આવે છે.

પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ કે માટીમાંના એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોના જીવનનો સંપૂર્ણ સ્વીકાર ભગવાન મહાવીરે કર્યો. છકાયનારક્ષક જગતના જીવમાત્રનું

કલ્યાણ ઇચ્છનાર ભગવાન મહાવીરના જીવનના આ પ્રસંગો અહિંસા, જીવમાત્ર પ્રત્યેની દયા, અનુકંપા અને સૂક્ષ્મ સંવેદના વ્યકત કરે છે.

પોતાના જમાઇ અને શિષ્ય જમાલી તેની વિરૂદ્ધ ગયા. તેના પ્રત્યે કોઇ ફરિયાદ નહિ. પોતે શીખવેલી તેજોલેશ્યાનો પ્રયોગ ભગવાનના શિષ્ય ગોશાળાએ ભગવાન પર જ કર્યો. છતાંય પ્રભુએ તો તેનું કલ્યાણ જ વાંછયું. ચંડકૌશિકે વિષવર્ષા કરી, પરંતુ મહાવીરની અનુકંપાએ તેની ભવપરંપરા સુધારી દીધી.

શૂલપાણી યક્ષ એક સાથે અનેક વીંછીના રૂપ બનાવી મહાવીરના રોમરોમમાં ડંખ દે છે. હાથીનું રૂપ લઇ સૂંઢમાં પકડી જમીન પર પટકે છે. છતાંય મહાવીરની સૂક્ષ્મ સંવેદનાની મધુર ઘંટડી રણકે છે. પ્રભુ કહે છે, શૂલપાણી શાંત થા, હું તો તારો મિત્ર છું. પ્રભુએ તેમને પૂર્વભવના અનેક સંચિત કર્મોનું સ્મરણ કરાવ્યું. વેરની આગમાં બળતો શૂલપાણી શાંત થયો.

સંગમે અનેક પરિષહો આપ્યા તે સમયે મહાવીરની આંખમાં અશ્રુ સર્યા, સંગમ કહે બસ, હારી ગયા, ભગવાન કહે તું મને પીડા આપે છે તેના દુઃખના આંસુ નથી. પરંતુ ભવિષ્યમાં આવા કર્મબંધનથી તારી શી ગતિ થશે તે વિચારે મને આંસુ આવ્યા, અન્યની ચિંતા કરતી પ્રભુની સૂક્ષ્મ સંવેદનાને વંદન.

સાંપ્રત વિષમકાળમાં, સવારે છાપું વાંચીએ તો, ખૂન, હત્યા, લડાઇ, લૂંટફાટના સમાચારો હોય જ. સાંજના ટી.વી. માં પણ એવા જ સમાચારો ઝળકયા કરે, સતત આવું જોયા કરવાથી વાંચવાથી અને સાંભળવાથી આપણી સંવેદનાની માત્રા ઘટતી જાય છે.

ટી.વી., કેબલ, ચલચિત્રોમાં ખૂન લડાઇ અને મારામારીનાં દશ્યો, માંસાહારનાં દશ્યો, માનવી કે પશુ પંખી પર થતાં અમાનુષી અત્યાચારના દશ્યોએ આપણી સંવેદનાને બૂઠી કરી નાખી છે.

ભગવાન મહાવીરના જીવનની નાની નાની અનેક ઘટનાઓનું ચિંતન કરવા જેવું છે. મહાપુરુષો અંતઃકરણમાં જીવે છે. આપણે એમના અવતરણમાં જીવીએ તો પણ આપણી આત્મોન્નતિ થાય.

અંતઃકરણમાં જીવવું એટલે આત્મતત્ત્વ જે કહે તેજ આચરણ, તે જ જીવનચર્યા, અવતરણમાં જીવવું એટલે, મહાપુરુષો જે રીતે જીવી ગયા, તે આત્મગુણો આપણી જીવનચર્યામાં ઊતરે તેનો સમ્યક્‌પુરુષાર્થ કરતું જીવન. ભગવાન મહાવીરના જન્મને જ્યારે ૨૬૦૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે ત્યારે તેમની સૂક્ષ્મ સંવેદનાની ભાવનાનું આપણા જીવનમાં અવતરણ થાય તેવી મંગલભાવના.

## જિનવાણી પરમ હિતકારી

ગુણવંત બરવાળિયા

મહારાજ ! કાંઇક ઉપાય કરો, હવે તો સહનશીલતાની હદ આવી ગઇ છે, ડાકુ નરપાળ અને તેમના સાગરીતોએ આખા પ્રદેશમાં આતંક ફેલાવી દીધો છે. મહાજન, શ્રેષ્ઠીઓ અને વેપારીઓએ દર્દીલા કંઠે માળવા નરેશને ફરિયાદ કરી.

રાજાનો હુકમ છૂટયો

રાજાના સીપાઇઓએ નરવીરના અડ્ડાનો નાશ કરી નાખ્યો. નરવીરના તમામ સાથીઓ તો માર્યા ગયા. પણ તેની સગર્ભાપત્ની પણ મારી ગઇ. તેના મનમાં દુઃખ હતું તીવ્ર રોષ હતો. વેદના હતી, વધારે રોષ તો પત્નીની હત્યાથી પેદા થયો હતો. બદલો લેવાની પ્રબળભાવના એના હૃદયમાં ઉભરાઇ ઊઠી. ક્રોધથી તેની નસો ફૂલી ગઇ હતી જાણે સમગ્રરાજ્યનો નાશ કરવાની વૈરભાવનાની જવાળા લબકારા લેતી હતી.

એવામાં એક આચાર્ય શિષ્ય પરિવાર સાથે ત્યાંથી પસાર થઇ રહ્યાં હતાં, સાધુના મુખ પર અદ્‌ભુત શાંતિના ભાવો હતા. મુખારવિંદ પરના તેજ અને ક્રાંતિ જાણે વાતાવરણને પાવન બનાવતા હતા.

નરવીરે આચાર્યને પ્રણામ કર્યા

આચાર્યશ્રીએ નરવીરને ધર્મલાભના આશીર્વાદ આપ્યા. આ મહાજ્ઞાની પ્રતિભાશાળી જૈનચાર્ય શ્રી યશોભદ્રસુરિજી હતાં તેમણે નરવીરના વદનને વાંચતા કહ્યું,

મહાનુભાવ, તું ખૂબ અશાંત દેખાય છે ....

નરવીરે પોતાની વ્યથાની કથા કહી. આચાર્યદેવે નરવીરને કર્મોદય અને ક્ષમાના રહસ્ય સમજાવ્યા. નરવીરને આ જિનવાણી સાંભળતા આગ ઉપર પુષ્કરાવર્તમેઘ વરસ્યાની અનુભૂતિ થઇ. આ પાવન જિનવાણી જાણે સંસારની બળબળતી બપોરમાં ચંદનના લેપ સમી શીતળતા આપનારી બની તીવ્ર કષાયોથી બળતા નરવીરના આત્માને શાંતિ મળી, વૈરની આગ ઠરી ગઇ. જિનવાણીના સંસ્કારો આત્મા પર અંકિત થઇ ગયા આવા ઉત્કૃષ્ઠ સંસ્કારો લઇને મૃત્યુ પામેલ નરવીરનો આત્મા પછીના ભવમાં મનુષ્ય

દેહ અને જૈનધર્મ પામ્યો. પૂર્વે જિનવાણી શ્રવણના પ્રતાપે જિનેશ્વરદેવનો પૂજક, આરાધક એ આત્મા મરીને કુમારપાળ બન્યો.

કુમારપાળે ૫૦ વર્ષની ઉંમર સુધી કેટલાંય કષ્ટો સહન કરી કર્મનિર્જરા કરી ગુરુદેવ હેમચંદ્રસૂરીનો પરિચય થવાથી તેનું આત્મોત્થાન થયું.

જિનવાણી માનવીના અંતરતલનું આમૂલ પરિવર્તન કરાવી શકે છે.

તીર્થંકરોના દિવ્ય વચનોને ગણધરોએ સૂત્રોમાં ગૂંથી લીધા આ જિનવચનો આગમગ્રંથોમાં સંગ્રહિત છે આ ગ્રંથોના માધ્યમથી મહાનશ્રુતધર આચાર્યોએ અનેક ગ્રંથોની રચના કરી જેમણે ગુરુ પરંપરાથી આગમ ગ્રંથોનું અધ્યયન કર્યું હોય, જેઓ સયંમી અને પ્રજ્ઞાવંત હોય એ ગુરુજનો જિનવચનોનો યથાર્થ બોધ આપી શકે છે. સદ્‌ગુરુના મુખેથી સાંભળેલ જિનવાણીનું શ્રવણ આત્માને વિશુદ્ધ કરે છે. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરેલ આ સંસારમાં આપણને સમતા, શાંતિ અને પ્રસન્નતા એક માત્ર જિનવચન જ આપી શકે.

વર્ષોની જલધારાથી ભીંજાઇને જમીન પોચી પડે છે. પોચી જમીનમાંથી જ બીજ ઝડપથી અંકુરિત થાય છે. તેમ આપણા પર કરુણા કરનાર જિનવાણીની વર્ષા આપણા રૂક્ષ હૃદયને કોમળ બનાવે છે. અનંતકાળથી આત્મા ઉપર અજ્ઞાનનાં આવરણ છે. જિનવાણીની વર્ષા આ આવરણને ભેદી જ્ઞાનબીજને અંકુરિત કરવામાં સહાય કરે છે. સ્વાતિ નક્ષત્રમાં વરસતી વર્ષાનું જલબિંદુ કાલુ માછલીના મુખમાં પડવાથી તે મોતી બને છે તેમ જિનવાણી રૂપ વર્ષા માત્ર જીવના અંતરઆત્માને સ્પર્શે તો તે સમકિત્ રત્નની પ્રાપ્તિ કરાવે છે.

રોહિણીયા ચોરના કાને ભગવાન મહાવીરના મુખેથી બોલાયેલાં જિનવચન પડયા ને તેના જીવનની દિશા બદલાઇ ગઇ.

જગદ્ગુરુ હિરવિજયસૂરીજી આદિ સંતોના મુખેથી સંભળાયેલી જિનવાણીના પ્રભાવે મોગલ બાદશાહ અકબરે માંસાહારનો ત્યાગ કર્યો.

જિનવાણી માતા પરમહિતકારી છે.

જિનવચન આત્મતત્ત્વનાં રહસ્યોનો સ્ફોટ કરી અને અધ્યાત્મજીવનને સાચું દિશાદર્શન કરાવે છે.

દરેક આત્મા સ્વતંત્ર છે, કોઇ કોઇને આધીન નથી, સ્વાધીન છે. પોતાનું કાર્ય પૂર્ણ કરવામાં સંપૂર્ણ સામર્થ્યવાન છે. બધા આત્માઓ સમાન છે. દરેક આત્મા અનંતસુખથી ભરેલો છે. સુખ, અનુભવનો વિષય છે બહારથી પ્રાપ્ત થાય તેવી વસ્તુ નથી. આત્મા જ નહિ પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે. જિનવચન કહે છે કે આપણામાં રહેલા અજ્ઞાનને ઓળખીશું તોજ સાચું જ્ઞાન પ્રાપ્ત થશે. પોતાને નહીં ઓળખવો એજ જીવની સૌથી મોટી ભૂલ છે. એ ભૂલને સુધારવી એટલે પોતાનું સાચું સ્વરૂપ સમજવું. જો સાચી દિશામાં પુરુષાર્થ કરવામાં આવે તો જીવ શિવ બની શકે છે. જૈનધર્મ પ્રમાણે પ્રત્યેક આત્મા પરમાત્મા બની શકે છે. ભગવાન, જગત કર્તા હર્તા નથી એતો સમગ્ર જગતના જ્ઞાતા દ્રષ્ટા હોય છે.

જૈનદર્શન એ કોઇ એક મત કે સંપ્રદાય નથી એતો વસ્તુનું સ્વરૂપ છે એક તથ્ય છે અને પરમસત્ય છે આ પરમસત્યને પામીને નરમાંથી નારાયણ બની શકાય છે એ જ એનો સંદેશ છે. આપણે આપણને જાણવાનો છે. આપણે સ્વની ઓળખાણ કરવાની છે ને સ્વને જાણે તે સર્વસ્વ જાણી શકે છે.

જે સમસ્ત જગતને જાણીને એનાથી પૂર્ણ અલિપ્ત વીતરાગ રહી શકે અથવા પૂર્ણ રૂપથી અપ્રભાવિત રહી ને જગતને જાણી શકે તે જ ભગવાન છે.

જેનાવડે સંસાર રૂપી સાગર તરી શકાય તેને તીર્થ કહેવામાં આવે છે અને જે આવા તીર્થને સ્થાપે. એટલે સંસાર સાગરમાંથી પાર ઉતરવાના માર્ગનું નિર્દેશન કરે તેને તીર્થંકર કહેવામાં આવે છે.

જિનવચન એ તીર્થંકર પ્રરૂપિત એટલે તીર્થંકરે પ્રેરણા કરેલ વચન છે. આવી જિનવાણીનું શ્રવણ સંસારસાગર તરવા માટે નૌકા સમાન છે.

જિનવચનનું શ્રવણ આદર અને પ્રેમથી કરીએ, સાંભળતી વખતે દૃષ્ટિ વક્તા તરફ રાખીએ, અપ્રમતભાવ-પ્રમાદ વગર બેસીને સાંભળીએ, પ્રવચન આપનાર ગુરુદેવ પ્રત્યે આદરભાવ રાખી સાંભળીએ, સરળહૃદયથી, નિષ્કપટ ભાવે પ્રવચન સાંભળીએ, જ્યાં ન સમજાય ત્યારે પ્રવચન પછી વિનયપૂર્વક વિષયને અનુરુપ પ્રશ્નો પૂછીએ, જિન વચનમાં પ્રીતિ સાથે સહૃદય, સચેતસ અને સુજ્ઞ શ્રોતા બનીએ. ગૌતમ પૃચ્છા દ્વારા જિનવચનને પોતાના અંતરમાં ઝીલી અધ્યાત્મ જગતને ઉજાળનાર ગણધર ગૌતમના જીવનમાંથી પ્રેરણા લઇ જિનવાણીને ઝીલીશું તો આત્મકલ્યાણના માર્ગે જઇ શકીશું.

# સત્પુરુષો પનિહારી સમાન છે

સંતોના ચાતુર્માસ પરિવર્તનનો દિવસ હતો. ધર્મસભામાં જ્ઞાનજ્યોત પ્રજ્વલિત થઇ રહી હતી. તેના દિવ્ય તેજલીસોટામાં અધ્યાત્મના અદભુત રંગોની છટા હતી. સંતે કહ્યું કે શાસ્ત્રોમાં જે જ્ઞાન પડેલું છે તે કૂવામાં પડેલા પાણી જેવું છે. અને જ્ઞાનીઓ સોનાની ખાણના ખાણિયા સમાન છે. સંતના શ્રીમુખેથી બોલાયેલ ચિંતનની ચિનગારી સમાન આ નાનકડું વાકય આપણા જીવનને પરમપ્રકાશના પંથે લઇ જનાર છે.

કૂવામાં પાણી તો પુષ્કળ છે, પરંતુ કૂવા કાંઠે ઊભા ઊભા પાણી જોવાથી પાણી પી શકાતું નથી કે તરસ છિપાતી નથી. સીંચણિયાને ગાગર સાથે બાંધી અને ગાગરને કૂવામાં ડુબાડવામાં આવે અને તે પાણીથી ભરાઇ જાય પછી સીંચી અને પનિહારી પાણી બહાર કાઢવાનો પુરુષાર્થ કરે છે. કૂવાથી ઘર સુધી બેડું માથે ઊંચકી અને પનિહારી તે પાણીને સ્વચ્છ ગરણાથી ગાળીને પાણિયારાના ગોળા કે ઘડામાં ઠાલવે છે.

કૂવા સમુદ્ર કે સરોવરના પાણીને અલગઅલગ સ્થાનનાં નામ દઇ શકાય, પરંતુ આકાશમાંથી વરસતી વર્ષા કે ઝાકળબિંદુને કોઇ નામ ન દઇ શકાય. ભલે તે વિશ્વના કોઇપણ ભાગમાં વરસે એમ, ધર્મ આકાશી જળ છે. તેને કોઇપણ પ્રાંત દેશ કે માનવસમૂહના ધર્મનું નામ કે કોઇપણ સંપ્રદાયનું નામ આપીએ છતાં તેના સનાતન તત્ત્વોને તુષારબિંદુ સ્વરૂપે સ્વીકારીશું તો તેની પવિત્રતા કાયમ ટકી રહેશે.

જેમ પનિહારી, પાણી સીંચવાનો પુરુષાર્થ કરી કૂવાના જળને આપ્તજનોની તૃષાતૃપ્ત કરવા સમાન બનાવે છે તેવી જ રીતે સત્પુરુષો શાસ્ત્રરૂપી કૂવામાંના જ્ઞાન જળને પોતાના પુરુષાર્થથી આકાશી જળ જેવું નિર્મળ બનાવી, જિજ્ઞાસુઓની જ્ઞાનપિપાસા સંતોષે છે. જ્ઞાનીપુરુષો આ શાસ્ત્રો વાંચી વિચારી, ઊંડું, ચિંતન મનન કરી પોતે સમજી અને અધ્યાત્મના અર્થગંભીર રહસ્યો આપણને સરળ ભાષામાં સમજાવી આપણા પર ઉપકાર કરે છે.

પનિહારી જ્યારે કૂવામાંથી પાણી સીંચીને બહાર કાઢતી હોય, ત્યારે પનઘટ પાસેથી પસાર થતો કોઇ વટેમાર્ગુ પાણી પીવા માટે આવે તો પનિહારી તેની નાત-જાત કાંઇ પણ પૂછયા વિના પોતાની ગાગરમાંથી પથિકના ખોબામાં જલધારા કરી તૃષાથી સુકાતા તેના કંઠને શીતળ જળથી તૃપ્ત કરે છે, એવી જ રીતે જ્ઞાનીઓ-સત્પુરુષો પાસે આપણે જ્ઞાનની તરસ લઇ પરમ વિનયભાવથી જઇશું તો આપણા પર કરુણા કરનારા તે સંતો આપણી જિજ્ઞાસાને જ્ઞાનદાનથી પરિતોષ કરશે.

જ્ઞાનીઓને સોનાની ખાણના ખાણિયા જેવા કહ્યા છે. ખાણિયાઓ સોનાની ખાણના માટી મિશ્રિત પથ્થરો તોડી બહાર કાઢી, પથ્થર, માટીમાંથી સોનાના કણો અલગ કરવાનો પુરુષાર્થ કરે છે, ફળસ્વરૂપ શુદ્ધ સોનાની લગડીઓ પ્રાપ્ત કરે છે.

શાસ્ત્રનું જ્ઞાન કાચા સોના જેવું છે. જ્ઞાની પુરુષો સંતોનાં વચનામૃત, શાસ્ત્ર સ્વાધ્યાય, તત્ત્વોના પરિશીલન, અને વિચારમંથનના પરિપાક રૂપે પ્રાપ્ત થતાં અનુભવજ્ઞાન પછી શાસ્ત્રોનું અર્થઘટન કરે છે.

સત્પુરુષો પોતાના જીવનની પ્રયોગશાળામાં નિશ્ચય અને વ્યવહારના સમન્વય દ્વારા, ધર્મનાં રહસ્યોની સમજણ આપણને જે સ્વરૂપમાં આપે છે, તે કિંમતી સોનાની લગડી સમાન છે.

સોનાની લગડી જો તિજોરીમાં કે સેફમાં મૂકી દઇએ તો આપણે દાગીના પહેરી શકતા નથી. પરંતુ તે લગડીમાંથી મનમોહક ઘરેણાં સોની પાસે બનાવવાનો પુરુષાર્થ કરીએ તો સુવર્ણ અલંકારોથી દેહને સુશોભિત કરવાનો લહાવો માણી શકાય. જ્ઞાનીઓએ આપેલ સોનાની લગડી જેવા ઉપદેશને જો આપણી પાત્રતા અને શક્તિ પ્રમાણે વિવેક યુક્ત પુરુષાર્થથી આચરણમાં મૂકીશું તો. જેમ સુવર્ણ અલંકારો દેહને સુશોભિત કરે તેમ આ આચરણનાં અલંકારો આપણા આત્માને શોભાવશે, જે જીવનને સમકિતના રાજમાર્ગ પ્રતિ દોરી જશે.

વિશ્વચેતનાના વણઝારા

## આંતરસમૃદ્ધિથી છલકતા આચાર્ય તુલસી : એક દર્શન

શ્રમણસંસ્કૃતિને અધ્યાત્મની અપૂર્વ સંપત્તિ વારસામાં મળી છે. આ સંસ્કૃતિની સમૃદ્ધિનું સંવર્ધન કરનાર માનવીય એકતાના સૂત્રધાર અણુવ્રત અનુશાસ્તા આચાર્ય તુલસી શ્રમણ સંતપરંપરાના એક તેજસ્વી મહાપુરુષ હતાં.

સાધુજીવનની સમાચારી પ્રમાણે જૈનમુનિઓએ પાળવાના નિયમોને પંચ મહાવ્રત કહેવામાં આવે છે. જે ઘણાં જ કઠિન હોય છે. શ્રાવકોની આચારસંહિતા પ્રમાણે, શ્રાવકોએ પાળવાનાં વ્રતોને અણુવ્રત કહે છે જે અપેક્ષાએ સરળ હોય છે. અણુવ્રત આંદોલન દ્વારા આચાર્યશ્રીએ શ્રાવકાચારના પ્રચારનું પાયાનું કાર્ય કર્યું.

સંપ્રદાય, ભાષા, પ્રાંત કે વર્ગના ભેદભાવ વિના માનવના ચરિત્ર ઘડતરના વિકાસ માટે અણુવ્રત (નાના નિયમ)ના આચરણની સમજના કાર્યક્રમથી સમાજનો પ્રત્યેક વર્ગ પ્રભાવિત થયો.

આચાર્યશ્રીએ અણુવ્રત પરિવારને વિશિષ્ટ જૈન જીવનશૈલીથી પરિચિત કર્યા.

અહીં કુરૂઢિના ત્યાગની સાથે વ્યસનમુક્તિની વાત હતી.

સાંપ્રદાયિકતાથી પર તેઓશ્રીના સ્વતંત્ર ઉપદેશનો પ્રભાવ લોકમાનસ પર પડ્યો.

તેમણે બીજા પર આક્ષેપ કર્યા વિના રચનાત્મક નીતિથી વર્તન કરી પોતાની માન્યતાનું પ્રતિપાદન કરવા અને પરમ સહિષ્ણુ બનવા કહ્યું. સર્વધર્મસમભાવ સાથે ધર્મના મૌલિક તત્ત્વો અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહને જીવન વ્યાપી બનાવવાના સામૂહિક પ્રયત્નોની હિમાયત કરી.

જૈનદર્શને ધ્યાનને અભ્યંતર તપ રૂપે સ્વીકાર્યું છે. ગણાધિપતિ આચાર્યશ્રી તુલસીની પ્રેરણાથી તેમના વિદ્વાન અને દાર્શનિક ઉત્તરાધિકારી આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ, ધ્યાનની વૈજ્ઞાનિક પદ્ધતિનો વિકાસ કર્યો. નિર્ણયશક્તિ વધારવા અને વ્યસનમુક્તિ માટે આ પદ્ધતિ ઉપકારક નીવડી, શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિષમતા દૂર કરવા સાધકોનો આત્મવિશ્વાસ વધાર્યો. શ્રમણ સંસ્કૃતિની પરંપરા જાળવવા, આધુનિક મનોવિજ્ઞાન સાથે આ પદ્ધતિનું અનુસંધાન કરી કાયોત્સર્ગ અને લેશ્યાધ્યાન, શ્વાસપ્રેક્ષા અને અનુપ્રેક્ષા જેવા પ્રયોગથી ભાવનાઓનું વિશુદ્ધકરણ કરનારી આ પદ્ધતિ દ્વારા, નકારાત્મક ભાવોને બદલે જીવનમાં વિધેયાત્મક ભાવોનું આરોપણ થઇ શકે છે. જીવને ઉપાધિમાંથી મુકત કરી સમાધિ તરફ લઇ જતી પ્રેક્ષાધ્યાનની પદ્ધતિ, માનવ માટે કલ્યાણકારી પુરવાર થઇ છે.

જૈનોના તેરાપંથ સંપ્રદાયમાં ૭૫૦ સાધુ-સાધ્વીજીઓ અને અનેક શ્રાવક-શ્રાવિકાઓ માત્ર એકજ આચાર્યની ધર્મ-આજ્ઞા, નિર્દેશન હેઠળ સંઘબદ્ધ સાધના કરે છે. તે પૂવાચાર્ય શ્રી ભિક્ષુસ્વામી અને પૂ.શ્રી જયાચાર્યે કરેલી વ્યવસ્થા અને મર્યાદાને આભારી છે. ગણાધિપતિ આચાર્ય શ્રી તુલસીએ મર્યાદાપત્રને સંઘ ચલાવવાનું માર્ગદર્શક બંધારણ કે દસ્તાવેજ રૂપે સ્વીકારી મર્યાદા મહોત્સવની પવિત્ર પરંપરા જાળવી રાખી. પ્રતિવર્ષ શેષકાળમાં મર્યાદામહોત્સવ અંતર્ગત ચતુર્વિધ સંઘ એકત્રિત થઇ વીતેલાં વર્ષ દરમિયાન થયેલી ભૂલો અને ક્ષતિઓનું અવલોકન કરી આવી ભૂલોનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખે છે. જે વ્યવસ્થા દંડ, ભય અને લાલચથી ન થઇ શકતી હોય તે અંતઃકરણના અનુશાસનને અનુસરવાથી સહજ બને છે. અહીં સંપ્રાપ્તિ કે ઉપલબ્ધિને અભિવંદના કરવામાં આવે છે. એક જ ગુરુની આજ્ઞામાં સાધના કરવાવાળા શિષ્ય શિષ્યાઓ પ્રાયશ્ચિત કે બહુમાનને તટસ્થભાવે સ્વીકારી લે છે.

સંયમજીવનના કઠોર નિયમોને કારણે જૈન સાધુ-સાધ્વીજીઓને માટે દેશવિદેશમાં પરિભ્રમણ કરવામાં એક મર્યાદા હોય છે. અહિંસા અને શાંતિના સંદેશને દેશવિદેશમાં પહોંચાડવા માટે આચાર્યશ્રી તુલસીએ પોતાની કોઠાસૂઝથી સાધુજી અને ગૃહસ્થ વચ્ચેની સમણ શ્રેણીની સ્થાપના કરી અને ધાર્મિક જગતમાં એક પ્રચંડ ક્રાંતિ કરી. ગૃહસ્થજીવનમાં શ્રાવકાચારના સંપૂર્ણપાલન સાથે ૫૦ સમણ અને સમણીઓ

દેશવિદેશમાં, અણુવ્રત, પ્રેક્ષાધ્યાન, જીવનવિજ્ઞાન અને જૈન જીવનશૈલીનો પવિત્ર સંદેશ પહોંચાડી રહ્યા છે.

જૈનવિદ્યા શિક્ષણ માટે એમની પ્રેરણાથી લાડનૂમાં જૈન વિશ્વભારતી માન્ય વિશ્વવિદ્યાલય રૂપે સુવિખ્યાત બની છે.

દેશની આંતરિક અશાંતિ અને મતભેદો વખતે એક આદર્શ મધ્યસ્થીના રૂપમાં આપણે એમના દર્શન કર્યા છે. રાજીવ-લોંગોવાલની ઐતિહાસિક પંજાબ સમજૂતીની પશ્ચાદભૂમાં તેઓશ્રીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હતી. શ્રી તુલસીએ ધર્માચાર્યની ભૂમિકામાં રહીને પણ ભારતીય રાજનીતિને પોતાના વ્યક્તિત્વ અને કતૃત્વ વડે પ્રભાવિત કરી છે. સંતની ગરિમા છોડીને ક્યારેય તેઓ રાજનીતિમાં લપટાયા નથી. તેમનું દિશાદર્શન તટસ્થ હતું.

ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણને પોતાના ગ્રંથ 'લીવિંગ વીથ પરપઝ' માં ૧૪ મહાપુરુષોના જીવનવૃત્ત પ્રગટ કર્યા છે. તેમાંના આચાર્યશ્રી એક છે.

એકપક્ષે આત્મભાવની અધ્યાત્મ-ઉદાસીનતા અને નિષ્ક્રિયતા તો બીજેપક્ષે રાષ્ટ્ર પ્રત્યે ફરજની માધ્યસ્થ ભાવનામાં તેમની પ્રતિભાના દર્શન થાય છે.

આટલી સક્રિય પ્રવૃત્તિઓમાં પણ તેમની આત્મભાવની મસ્તી. તેમની નિર્લેપતા અને નિસ્પૃહીતાના આપણને દર્શન કરાવે છે.

આચાર્યશ્રીને કેટલાયે એવોર્ડ અને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા છે જે તેમની આંતરસમૃદ્ધિની અપેક્ષાએ ગૌણ છે.

૨૩ જૂન ૧૯૯૭માં ૮૩મા વર્ષની ઉમરે ગંગાશહેર રાજસ્થાનમાં મહાપ્રયાણ કર્યું.

વિશ્વચેતનાના વણઝારા ગણાધિપતિ આચાર્યતુલસીને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ !

# શાસનસમ્રાટ પૂ.ધર્મસિંહજી સ્વામી

સૌરાષ્ટ્રની ધીંગીધરાએ ભારતવર્ષને અનેક મહાપુરુષોની ભેટ ધરી છે. એટલે જ સોરઠની વસુંધરાને સંતોની ધરતી કહી છે.

બાવીશમા તીર્થંકર નેમિનાથ સ્વામીના પુનિત પગલાંથી પાવન થયેલી યોગેશ્વર શ્રીકૃષ્ણથી સમલંકૃત થયેલ જામનગરનગરીમાં નિશીથની અર્ધચાંદની સાથે તારાઓ ઝબૂકી રહ્યા હતા. ત્યારે એક સિતારો અંતરિક્ષને અલવિદા કહી દિવ્ય વસુંધરા પર મીઠી નિંદરને માણતી એક સૌભાગ્યવતી યુવતીના મુખમાં પ્રવેશ્યો. એ ધર્મપરાયણ સન્નારી જાગૃત થઇ, તેના મનમાં પ્રસન્નતાના સ્ફૂલિંગો ફૂટ્યા અને તે અરિહંત કહેતી નમસ્કારમંત્ર જપવા લાગી.

કાળક્રમે લોકાગચ્છના ધર્મપ્રેમીશ્રાવક જિનદાસચંદ્રના ધર્મપત્ની શિવબાની કૂખે સવંત ૧૬૫૬ના વૈશાખ સુદ બારસના ગુરુવારે શાસનસમ્રાટ પૂ.ધર્મસિંહ સ્વામીનો જન્મ થયો. તેમનું બાલપણનું નામ ધરમચંદ હતું આ તેજસ્વી બાળકને સૌ કોઇ ધર્મના લાડલા નામે સંબોધતા.

શૈશવકાળની તોફાન મસ્તી, નબળાઓનો ન્યાયી પક્ષ કરનાર, કોઇવાર રંગમતી નદીમાં જલમસ્તી માણી આવે, તો ક્યારેક બાલસમૂહનો નાયક બનનાર આ બાળક, મા સામાયિક વ્રતમાં બેસે તો પોતે પણ મુહપત્તી બાંધી ગુચ્છો આમ તેમ ફેરવે. પાખીને દિવસે પિતા સાથે સ્થાનકમાં ધર્મક્રિયાનું અનુસરણ કરતો. કાળની કોને ખબર ? આ બાલસહજ નિર્દોષ ચેષ્ટાનું નાનકડું ઝરણું ભાવિમાં શાસનસમ્રાટ રૂપે ઘૂઘવતો સાગર બનશે.

લોંકાગચ્છના અધિપતિ પૂ.રત્નસિંહજીસ્વામી શિષ્યપરિવાર સાથે જામનગર શહેરમાં પધાર્યા. ૧૪ વર્ષનો કિશોર ધરમચંદ પૂજ્યશ્રીની નિશ્રામાં ધર્મને રંગે રંગાયો. માતાપિતાની આજ્ઞા મળતા સંવત ૧૬૭૨ના મહાસુદ તેરસને તા.૨-૨-૧૬૧૬ના લોકાગચ્છ સંપ્રદાયમાં જામનગર શહેરે દીક્ષા થઇ અને ધરમચંદ, ધર્મસિંહમુનિ બન્યા.

કાળક્રમે પૂ.રત્નસિંહસ્વામી, પૂ.દેવજીસ્વામી અને ત્યારબાદ જિનદાસમુનિ કાળધર્મ પામતાં શ્રી શિવજીમુનિને માથે લોકાગચ્છના યોગક્ષેમની જવાબદારીનો મુગટ પહેરાવવામાં આવ્યો. શ્રી શિવજીસ્વામી ધર્મસિંહમુનિનો વિવેક વિનયભક્તિ જોઇ તેમના પર પ્રસન્ન ભાવ રાખતા.

લોંકાશાહના ક્રાંતિકારક વિચારો અને વિધાનો પ્રમાણે આચરણ કરવામાં લોકાગચ્છના શ્રમણો પણ કાળસંજોગ મુજબ માન પાન પૂજા, સત્કાર મંત્ર-તંત્ર, દોરા-ધાગા આદિના પ્રયોગો કરવામાં ઉત્સાહના લીધે મૂળ આગમાનુસારે વર્તન, વાણી, વ્યવહારમાં શિથિલ થવા લાગ્યા હતાં. શ્રી ધર્મસિંહમુનિનો આત્મા, શ્રમણસંસ્કૃતિમાં પેસેલી આવી વિકૃતિઓ જોઇ વિક્ષુબ્ધ થતો. તેમણે કાર્યકરી ગચ્છાધિપતિ શિવજીઋષિ પાસે સવિનય વંદન કરી કહ્યું -

કૃપાળુ ગુરુદેવ, શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનો પુરુષાર્થ આદરવાનો સમય હવે પાકી ગયો છે. યતિવર્ગમાં શિથિલતા ઊંડી પ્રવેશી છે. સાધુચર્યાનો વિપર્યાસ થયો છે. જ્યાં મુનિત્વ ડચકા લેતું હોય ત્યાં શ્રાવકત્વની શી વલે થાય ? ધર્મસિંહજીએ વ્યથાને વાચા આપી.

હે વ્હાલા શિષ્ય, લોકાગચ્છને આચાર્ય વિહોણો કરી હું કોઇ સુધારાનો પ્રયોગ કરવા જાઉં તો. શિથિલાચારને વધુ ઉત્તેજન મળે. નાની નાની ટોળાશાહી સંઘાડામાં ફસાઇને બરબાદ થઇ જાય માટે ધીરજ ધરો. અવસરે ગચ્છના સ્વરૂપમાં રહી શુદ્ધ માર્ગે વિહરીશું.

પૂ.ધર્મસિંહજીમુનિએ દોઢ દાયકાના સંયમજીવનમાં સ્વાધ્યાય દ્વારા ઉત્કૃષ્ટ જ્ઞાનની ઉપાસના કરી સંસ્કૃત, પ્રાકૃત, કાવ્ય, વ્યાકરણ, ન્યાયદર્શન, આગમના સૂત્ર સિદ્ધાંતોનો અભ્યાસ કરતા તેમનું ચિંતન સપાટી પર આવ્યું અને ધર્માચારમાં પ્રવેશેલ શિથિલતાથી વધુ અકળાવા લાગ્યા.

સતાવીશ આગમોના મૂળભાવ તે સમયની લોકબોલીમાં લખી. આ ટીકા ટબા સ્તબક-સ્તવક નામે પ્રસિધ્ધ છે. જિનાગમોની ભાવનાને જ દીવાદાંડી રૂપ લક્ષ રાખી

બાલાવબોધ રૂપે પ્રરૂપ્યા. ઉપરાંત, સમવાયાંગની હુંડી, પ્રજ્ઞાપનાનો યંત્ર, સ્થાનાંગનો યંત્ર, રાજપ્રશ્નીયનો યંત્ર તથા જીવાભિગમ, જંબૂદ્વીપ તથા સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિઓ પુસ્તક સારરૂપે તેમજ સૂત્રસમાધિ, સાધુસામાચારી, દ્રૌપદીચર્યા, સામાયિકચર્યા વગેરે સુંદરપદો રચી મુનિશ્રીએ સાહિત્યસંપાદન અને સર્જનનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું.

શ્રી ધર્મસિંહે ગુરુજીને વિનયપૂર્વક કહ્યું ગુરુભગવંત ! મારામાં ઉદ્‌ભવેલા આગમાનુસારના જીવન જીવવાના ઉત્સાહને હવે વધુ વખત રોકી શકવાની સહિષ્ણુતા રહી નથી. જૈન ધર્માચાર સુધારવાની ક્રાંતિનો ઝંડો લહેરાવવા આગળ આવો અને હે પૂજ્ય અમારા નેતા બનો, ધર્મસિંહે સિંહગર્જના કરી. વત્સ તારી ટકોર અને જાગૃતિ સાચા છે. પરંતુ મોગલસમ્રાટ જહાંગીરનું તાજેતરમાં અવસાન થતાં, મોગલવંશ શાહજહાં તરફથી આપણા ગચ્છને ગૌરવયુકત પદવી, પાલખી પટ્ટો, ચામર ધ્વજ અને શાહી ફરમાન એનાયત કરવામાં આવેલ છે. સમયના સાંપ્રત વહેણે શહેનશાહી બક્ષિસનો અસ્વીકાર કરવો ઉચિત નથી. વળી વૃદ્ધાવસ્થાને કારણે હું પરાશ્રયી જીવન જીવી રહ્યો છું. ગુરુજીએ પોતાના હૃદયભાવ કહ્યા.

ગુરુજી, મને ક્ષમા કરો, આપશ્રી મને મુકત કરો આપના ઉપકારને હું નહિ ભૂલું. ધર્મસિંહે કહ્યું. તારો માર્ગ વિકટ છે. ધર્મઝનૂની લોકો તારી અવદશા કરશે તેનો મને ભય છે. ગુરુજીએ વ્યથા વ્યકત કરી.

ગુરુદેવ મારા પ્રત્યેનો આપનો અતિવાત્સલ્ય ભાવ આવી શંકા કરવા પ્રેરે છે. આપનું હૃદય આશ્વસ્ત પામે તેવી કોઇ પણ કસોટી મારા માટે ફરમાવો હું તેમાંથી પસાર થવા તૈયાર છું.

તો હે વત્સ ! આ અમદાવાદ શહેરના દરિયાપર દરવાજેથી નીકળતા ઉત્તર દિશામાં દરિયાખાન પીરના આલીશાન ઘુમ્મટમાં એક રાત્રિ વાસ કરી આવો અને તમારું સાત્ત્વિક ખમીર દેખાડવાની તક ઝડપી લો. ગુરુજીએ કહ્યું.

ગુરુજીના આશીર્વાદ લઇ અમદાવાદની ઉત્તર દિશા ભણી ધર્મસિંહજીએ દઢ મનોબળ સાથે પ્રસ્થાન કર્યું.

સાબરમતી નદી કલકલ નિનાદે અખંડસ્ત્રોત ધરીને નગરજનોને મીઠા નિર્મળ જળની લ્હાણી કરી રહી છે. તેના પૂર્વીય કિનારે એક કોતરની સમથલ ટોચે એક ઊંચી વિશાળ કમળ આકૃતિવાળી ખુલી ભવ્ય ઇમારત ઊભી છે. આ ઇમારતનો માલિક છે. શ્રીમંત તેલી દરિયાખાન. પૂર્વકર્મનાં અંતરાયે, સંતાન વિહોણો દરિયાખાન આફાની દુનિયા છોડી ચાલ્યો ગયો. એક સમયની આ રમણીય મહેલાત ભયંકર ભૂતાવળવાસિત ઇમારત મનાવા લાગી અને દરિયાખાન પીર તરીકે મનાવા લાગ્યો. કોઇ અજાણ્યા પ્રવાસી રાતવાસો કરવા આવે તો સવારે તેના મૃતદેહો જ મળતા. જોગીની જટા જેવા ઝાંખરા અને ઝાડવા નિર્જન અને વેરાનસ્થાનને વધુ બિહામણું બનાવતા.

પંચમહાવ્રતથી શોભતા તેજસ્વી ધર્મસિંહ, ત્યાં ઊભેલા બે ત્રણ મુસ્લિમ ભાઇઓ પાસે આ ઇમારતમાં રાતવાસો કરવાની આજ્ઞા માગે છે.

સાંઇબાબા ઇધર રાત ઠહરનેકા ઠીક નહી હૈ.

ક્યોં જી ?

યહ જગા મધરાતકો ભયંકર બન જાતી હૈ, બડે ભડવીર ભી સુબહ મુડદા હી હો જાતા હૈ. ઇસ ઇમારતકા માલિક દરિયાખાન રાતકો માર ડાલતા હૈ.

ઠીક હૈ, કોઇ હર્જ નહી, મેરે ઉસ્તાદ કી આજ્ઞા સે (મારા ગુરુજીની આજ્ઞાથી) મેં યહાં રાતકો ઠહરનેકો આયા હૂં, મેરી જિમ્મેવારી મેરે શિર પર, મૈં જૈન સાધુ હૂં. સૂરજ ડૂબજાને પર મેં દૂસરી જગહ નહી જા સકતા હૂં. મુઝે ઠહરને કી પરવાનગી દો !

ઠીક હૈ સાંઇ ! જૈસી તુમ્હારી મરજી ! આમિન !

આજ્ઞા મળતા મુનિરાજે ઇમારતના ઇશાન ખૂણામાં જગા પૂંજી આસન બિછાવી આરાધના શરૂ કરી.

મધ્યરાત્રિએ પવન અને કડાકા ભડાકા વધ્યા. ભયંકર બિહામણી આકૃતિએ ધુમ્મટવાળી ઇમારત પાસે દેખા દીધી. દેવોને વરેલી વૈક્રિયશક્તિના બળે દરિયાખાન પીરે ભયંકર પિશાચનું રૂપ ધારણ કર્યું.

કોણ છે, મૃત્યુને ભેટવાની ઇચ્છાવાળો બેવકૂફ અહીં મારા ધામમાં સૂરની શક્તિ સામે કોનો કપૂત આવ્યો છે, પીરે પ્રચંડ ગર્જના કરી.

અરે મુંડિયા, મરવા શું કામ આવ્યો, આ ઇમારત મેં બંધાવી છે અહીં મારી મરજી વિરૂદ્ધ કોઇ ન રહી શકે.

શાંત સમાધિવંત સૌમ્ય સૂરે મુનિ બોલ્યા, શા માટે આવા બિહામણા સ્વરૂપે ઉપસ્થિત થયા છો. આવી ઘોર વિડંબનાનો શો હેતુ ?

ઓ મગતરા જેવા માનવી ! આ ભવ્ય ઇમારત મારું સ્મારક છે. મારી ઇચ્છા વિરૂદ્ધ લોકોએ તેને પ્રમોદનું વિહારધામ બનાવ્યું છે. મારી અવજ્ઞા કરનારનું સવારે શબ જોતાં મને આનંદ ઉપજે છે. પીરે અટ્ટહાસ્ય કર્યું.

તો હે દિવ્ય આત્મા, આપ હવે શું ઇચ્છો છો ?
હે બોડિયા માથાના માનવી, તું જલ્દી ચાલ્યો જા !

કોઇની પરવાનગી વિના અમે જૈન સાધુ વાસ કરતા નથી. ત્રણ મુસ્લિમ બિરાદરોની મેં પરવાનગી લીધી છે. આપને દુ:ખ પહોંચતું હોય તો હું અહીં રહેવા ન ઇચ્છું, પરંતુ રાત્રિ દરમ્યાન અપકાય (સૂક્ષ્મ જીવો) વર્ષા થતી હોવાથી અને અન્ય નાના મોટા જીવોની વિરાધનાના સંભવને કારણે ભગવાન મહાવીરના ફરમાન મુજબ વિહાર ન કરી શકાય તેથી હું બહાર એક વૃક્ષ નીચે રાત્રિ પસાર કરી લઇશ. પરંતુ હે દિવ્યાત્મા, આપની નેકી અને પરગજુપણાને કારણે આપ દેવગતિ પામ્યા છો. છતાં તમારી વાસના આવા ઇંટ માટી ચૂનાના તુચ્છ વિનાશી મકાનમાં કેમ ભટકે છે ? શું આ મકાન કરતાં આપના દેવભવ ઓછા સારા છે ? જેથી આપ આવી ક્ષુલ્લક તૃષ્ણામાં રાચો છો. આ ક્રૂરતા-હિંસા આપની ભવ પરંપરા વધારી હીન ગતિ-દશાનું નિર્માણ કરશે.

પ્રશમરસમાં વહેતો મુનિવરની શાંત મધુરવાણીનો પ્રવાહ આગળ વધ્યો.
હે પવિત્રઆત્મા, રોષ છોડી શાંત બનો, ભાવિ જીવનને સુધારી લો. શાંતિ સમાધિ, સમતા ધરી લો.

મુનિવરની મીઠી, માર્મિક મધુર છતાં નિર્ભીક અને ભાષાસમિતિયુક્ત પ્રેરકવાણી સાંભળી યક્ષ પ્રસન્ન થયો. તામસ યક્ષાયતનમાં પ્રકાશ ફેલાયો. દરિયાખાન પીરનો દિવ્યાત્મા નિજસ્વરૂપી વૈક્રિય દેહે સૌમ્ય સ્વરૂપે હાજર થયો. મુનિએ કેટલોક સમય ઉપદેશ આપતું પ્રેરક સંબોધન કર્યું. યક્ષનું હૃદયપરિવર્તન થતા બોલ્યો, હે ધીર મુનિવર મારી વાસનાનો ત્યાગ કરું છું. જ્યારે તક આપશો ત્યારે આપની સેવામાં ઉપસ્થિત રહીશ. સર્વથા આપનો જય હો, વિજય હો ....

અહીં ઉપાશ્રયમાં, શિવજીગુરુ ચિંતાતુર હતાં કર્મઠ મુનિને પીરના યક્ષાયતનમાં રાતવાસાની આકરી કસોટી કરવા મોકલ્યા બદલ પોતાની મતિને અવિચારી ગણી અરિહંત પ્રભુને પ્રાર્થના કરતા હતા.

જનસમૂહને ખબર પડતા માનવમેદની યક્ષાયતનમાં એકઠી થઇ. મુનિધર્મસિંહે રાત્રિની ઘટનાનું વૃત્તાંત કહી આ સ્થળ વસાહત માટે સુરક્ષિત અને યોગ્ય બનેલ છે તેની વાત કહી.

લોકો ધર્મસિંહજીના જયકાર, પૂ.શિવગુરુના જયકારના નાદ સાથે મુનિ સાથે ઉપાશ્રયમાં આવ્યા ગુરુજીએ સફળતા બદલ આશીર્વાદ આપ્યા.

મુનિ સુંદરજી મોહનજી ભીખાજી વ.સોળ સાધુએ ધર્મસિંહજી સાથે જવાની આજ્ઞા માગી.

દરિયાપુરનાં તોતિંગ દરવાજાની કેટલીક ઓરડીઓમાં મુનિઓએ વાસ કર્યો અહીંથી જ જનસમૂહને ઉપદેશ આપવો શરૂ કર્યો.

સુલતાનના કારભારી દલપતરાયશાહે ધર્મસિંહજીને રહેવા માટે અનુજ્ઞા આપી, ચોકીદારે તેનું ડહેલું આપ્યું. આ જોડિયા મકાનોમાં છીપાપોળનો ઉપાશ્રય બન્યો આ ગચ્છ દરિયાપુર આઠ કોટિ સ્થાનકવાસી જૈન સંપ્રદાય તરીકે લોકજીભે પ્રસિદ્ધિ પામ્યો.

દરિયાપુર શબ્દ દરિયાપુર દરવાજાના ધર્મપ્રચારનો આરંભ સૂચવે છે તે બે પદોનો બનેલો છે. દરિયા અને પુરી. દરિયા શબ્દથી દરિયાખાન પીરની ઘુમ્મટવાળી ઇમારતમાં બનેલ પ્રસંગની સ્મૃતિ અભિપ્રેત છે. ક્રાંતિવીર લોંકાશાહની ધર્મજ્યોતને પૂ.ધર્મસિંહજી સ્વામીએ વધુ પ્રજ્વલિત બનાવી.

અમદાવાદની પશ્ચિમે સરખેજમાં ધર્મસિંહજીના ઉપદેશથી ત્યાંના શ્રાવક ધર્મદાસજી સ્વયં દીક્ષિત બન્યા અને તેની પરંપરા ધર્મદાસજી સંપ્રદાયથી પ્રસિદ્ધ થઇ. ધર્મસિંહજી મુનિની ધર્મપ્રભાવના સમગ્ર વિસ્તારમાં ખૂબજ પ્રસરી.

એકવાર પૂ.ધર્મસિંહજીમુનિ પાસે એક બ્રાહ્મણ, વિનયનું અધ્યયન સમજી રહ્યો હતો. ગુરુ રત્નાધિકોની પર્યુપાસના કરવી, બહુ વાચાળ ન બનવું. પૂછ્યું ન હોય તો કાંઇ ન બોલવું. આ વાર્તાલાપ કરતાં, સ્વાધ્યાય કરતાં મુનિને હાંક મારી. પૂજ્યશ્રીએ બોલાવ્યા. મુનિસુંદરજી, સુંદરમુનિ આવ્યા, બોલ્યા ગુરુભગવંત, આજ્ઞા ફરમાવશોજી ધર્મસિંહજી ધર્મચર્ચામાં રત રહ્યા. સુંદરમુનિને કાંઇ ન કહ્યું. થોડી ક્ષણો પછી સુંદરમુનિ સ્વસ્થાને જઇ પોતાનું સ્વાધ્યાય કરવા લાગ્યા. આવું પાંચવાર બન્યું છતાં સુંદરમુનિના મુખ પર કંટાળો ન હતો. પ્રસન્નતા જ છલકાતી. બ્રાહ્મણ આશ્ચર્યપૂર્વક ગુરુ શિષ્યના આ પ્રસંગનો મર્મ પામી ગયો અને કહે ગુરુ ભગવંત ! હવે બસ કરો. મારા સંદેહનું સમાધાન થઇ ગયું. વિનયના આ વિરલ પ્રસંગથી મને વિનયધર્મનું મહત્ત્વ સમજાઇ ગયું.

એક દિવસ એક પ્રૌઢજિજ્ઞાસુ વિપ્રવર્ય પૂ.ધર્મસિંહજી પાસે એક દળદાર ગ્રંથ મૂકીને કહ્યું કે કેટલાંક ક્લિષ્ટાર્થવાળાં પદો સમજાતાં નથી. આવતી કાલે સમજવા આવીશ. વિપ્ર જતા ગુરુજીએ શિષ્યને કહ્યું સુંદરજી, આમાંથી પાંચસો શ્લોકો તમે મુખપાઠ કરો, બાકી પાંચસો હું કંઠસ્થ કરીશ.

સર્વજ્ઞ ભગવંતે ત્રીજો પહોર ગોચરીનો બતાવ્યો છે. પૂ.ધર્મસિંહજી તથા શિષ્યો એકાસણાં કરતા ને વધુ સમય સ્વાધ્યાયને આપતાં. પોથી આકારનાં પાન વિભક્ત કરી બન્નેએ એકજ દિવસમાં પાંચસો-પાંચસો શ્લોક કંઠસ્થ કર્યા. બીજે દિવસે બ્રાહ્મણના હાથમાં ગ્રંથ સોંપી તેણે પૂછેલા શ્લોકો મૌખિક રીતે ગ્રંથ જોયા વિના સરલ રીતે ગૂઢાર્થ સહિત સમજાવ્યા.

સં.૧૭૨૩માં પૂ.શ્રી ભરૂચ પધાર્યા. શ્રી સુંદરમુનિ નર્મદા નદીના પટમાં યોગ્ય સ્થંડીલભૂમિનો ઉપયોગ કરી ઉપાશ્રયમાં ઇરિયાવહીના કાઉસ્સગમાં બેસી ગયા. ધ્યાનમાં ચેતનાના પ્રકંપનો વિસ્તાર થયો. ગુરુદેવ સંથારાના ભાવ જાગે છે. મને સંથારો અદરાવો. સુંદરમુનિએ વિનયસહ કહ્યું પૂ.ધર્મસિંહજીએ ગુરુશિષ્યના સંબંધનો વિચ્છેદકાળ જાણી સંથારો કરાવ્યો સં.૧૭૨૩ મહાસુદ બીજના સંથારો સીઝ્યો.

રાત્રે, દર્શન આપી કહે ગુરુદેવ ! આપની કૃપાથી હું પહેલા સુધર્માદિવલોકમાં સામાનિક દેવ થયો છું - સુંદરદેવ. કહેશો ત્યારે આવીશ. ધર્મસિંહજીથી પ્રાયે કરી સામાન્ય સુંદરજી નામોચ્ચાર થઇ જતાં પ્રગટ થતાં તેથી ગુરુએ કહ્યું આ રીતે આવવું યોગ્ય નથી. સુંદરદેવ ગુરુની એ સૂચનાનો અમલ કરતા.

સં.૧૭૨૮ના શિયાળો પૂર્ણ થતા સૂરત માટે વિહાર આદર્યો. સૂરતમાં ધર્મપ્રભાવનાની પ્રવૃત્તિ સોળે કળાએ ખીલી.

વિક્રમ સં.૧૭૨૮ના આસો માસની સુદ ચોથ ઓકટોબર ૧૬૭૨નો દિવસ હતો.

અંતેવાસી મુનિને પૂ.શ્રીએ ગોચરીથી પરવારી પાસે આવવા સૂચન કર્યું. આ સંકેતથી સૂરત સંગ્રામપુર ઉપાશ્રય આબાલવૃદ્ધોથી ઊભરાવા લાગ્યો પૂજ્યશ્રીએ સર્વ જીવોને ખમાવ્યા. સર્વને ધીમા અવાજે અંતિમ પદો સંભળાવ્યા. પવિત્ર વાયુમંડળમાં ગુંજારવ થયો.

કેવલી પન્નત્તો ધમ્મ શરણં પવજ્જામિ.....!

જિનશાસનને મોટી ખોટ પડી. ચારિત્રથી ચમકતો ચાંદ અસ્ત થયો, ધર્મ પ્રભાવક પૂ.ધર્મસિંહજી સ્વામીને ભાવાંજલિ.....!

# સંયોગથી સ્વભાવ પર દૃષ્ટિ તે ધર્મ

પરમ ઉપકારી તીર્થંકર પરમાત્મા સમગ્ર જીવસૃષ્ટિના કલ્યાણ અર્થે ધર્મતીર્થની સ્થાપના કરે છે અને જીવોને ધર્મનો મર્મ સમજાવે છે. તેમણે પોતાના પૂર્ણજ્ઞાનથી જોયું કે જીવાત્મા પાપોથી દુઃખ પામે છે અને ધર્મથી સુખ પામે છે.

पापद् दुःखम, धर्मात् सुखम।

પરંતુ આપણે અજ્ઞાન દશામાં સુખ મેળવવા પાપમાર્ગે ચાલીએ છીએ અને અંતે દુઃખ અને અશાંતિથી ઘેરાઇ જઇએ છીએ.

કલ્યાણમિત્ર ગુરુભગવંતો, આપણને સુખ અને શાંતિની પ્રાપ્તિ કરાવવા સદ્દાચારમય અને વ્રતીજીવન જીવવાની પ્રેરણા કરે છે. જે આપણને ધર્મ માર્ગે જવાની પૂર્વભૂમિકા પૂરી પાડે છે.

પ્રત્યેક ધર્મક્રિયાનો હેતુ કે અંતિમ ફળ તો, આત્માની શુદ્ધિ જ છે એ સંદર્ભે જ ધર્મના સ્વરૂપની વિચારણા શ્રેયસ્કર બને.

આત્માનો સ્વભાવ તે ધર્મ, આત્માને સ્વભાવમાં ધારે તે ધર્મ એટલે કે આત્માને સ્વભાવમાંથી પરભાવમાં ન જવા દે તે ધર્મ, આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતી થવી તે ધર્મ. જે આપણને સંસારપરિભ્રમણથી છોડાવી ઉત્કૃષ્ઠ શાશ્વતા સુખ તરફ લઇ જાય તે ધર્મ. વીતરાગતા પ્રગટ કરાવે તે ધર્મ.

જૈન દર્શનમાં સમ્યકદર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ ત્રિરત્નની આરાધનાને ધર્મ કહ્યો. અનેકાન્ત એ જૈનશાસનનો આત્મા છે તો સ્યાદ્‌વાદ એ જૈનશાસનની કથનશૈલી છે. અપરિગ્રહ અને જીવરક્ષારૂપ સ્થૂળ અને સૂક્ષ્મ અહિંસાનું વિવેચન જૈનધર્મના સ્વરૂપના દિવ્યદર્શન કરાવે છે. ક્ષમાપના વિશ્વને અણમોલ ભેટ છે.

શાસ્ત્રોમાં ધર્મનો માર્ગ આલેખાયેલો પડ્યો છે. ધર્મનો રસ્તો સરળ, સ્વચ્છ અને સહજ છે. ધર્મને નિર્મળહૃદયે સત્પુરુષોએ આત્મસાત કર્યો છે, તે વિરલ આત્માઓ પાસેથી ધર્મનો મર્મ પામી શકાશે.

ધર્મનો આધાર સ્વભાવ પર છે. જીવનમાં એક તરફ સંયોગ અને બીજી તરફ સ્વભાવ છે. બન્ને એક સમયે છે ત્યારે દૃષ્ટિ કોના પર પડી છે તેના પર ધર્મનો આધાર છે. સંયોગ પર દૃષ્ટિ છે તો અધર્મ થાય છે, અને સ્વભાવ પર દૃષ્ટિ છે તો ધર્મ થાય છે. સ્વદ્રવ્ય-આત્મા સ્વભાવ છે અને બધા જ પર દ્રવ્યો સંયોગ છે.

બે દિવસથી જમવાનું મળ્યું નથી, અનાયાસે અભક્ષ્ય આહારનો યોગ થયો, આ સંયોગોમાં એક બાજુ આહારસંજ્ઞાએ જોર કર્યું. કારણ કે સંયોગ પર દૃષ્ટિ જતાં આમ થયું પાછું વિચાર્યું કે આત્માનું સ્વરૂપ તો અણઆહારક છે વળી કાલે તો નિરામિષ, સાત્ત્વિક આહાર મળવાનો જ છે તો આજનો દિવસ સમતાથી પસાર કરી લઉં. આમ સંયોગ પર સ્વભાવનો વિજય થતાં જીવનમાં ધર્મનું આધિપત્ય સ્થપાય છે.

રૂપ-યૌવન અને એકાંતના સંયોગોમાં મૈથુન સંજ્ઞા જોર કરે ત્યારે આત્માના અવિકારી-અવેદી સ્વભાવનું સ્વરૂપ ચિંતન સંયોગ પર પ્રભુત્વ મેળવવા ઉપકારી બને છે.

અગાઉ જોયું તેમ ભવ-ભ્રમણના ફેરામાંથી મુક્તિ અપાવે તે ધર્મ. મુક્તિ એટલે અમરત્વ. અમરત્વ પ્રાપ્તિની પ્રક્રિયા ધર્મ દ્વારા જ થઇ શકે છે. કર્મોનું બંધન આત્માને જ છે તેથી મુક્ત, આત્માને જ કરવાનો છે. નોકષાય-કષાય ભાવો જ મૃત્યુ છે. અન્યનું મૃત્યુ જોઇને આપણે માની લઇએ છીએ કે એક દિવસ આપણું પણ મૃત્યુ ચોક્કસ થવાનું જ છે. આમ મરણને આપણે આપણો સ્વભાવ માની લઇએ છીએ. પરંતુ હકીકતમાં જોઇએ તો મરવાનો સ્વભાવ તો આત્માને વળગેલા શરીરનો છે. ધર્મ એ સમજાવે છે કે શરીર અને આત્મા ભિન્ન છે. દેહ આપણો પોતાનો કઇ રીતે હોઇ શકે ? માટે અહીં મૃત્યુના અનુસંધાનને તોડવાની વાત કરી છે. મુક્તિની ઝંખના હોય તો આત્માના અમરત્વના સ્વભાવ સાથે જીવવું પડશે.

ગુરુ ભગવંતો સત્પુરુષો જ્ઞાતા-દષ્ટાભાવે જીવે છે. કોઇ સાધુ-સંત મૃત્યુ પામે ત્યારે આપણે એ મરી ગયા એમ કહેવાને બદલે તે કાળધર્મ પામ્યા તેમ કહીએ છીએ. પુદ્ગલ તો કાળે કરી ક્ષીણ થાય. તેનું સડન ગલન થાય. કાળધર્મ-દેહના નાશ ક્ષીણ થવાનો સ્વભાવ, આયુષ્ય પૂરું થવાથી દેહ નાશ પામ્યો જે સાધુ ભગવંતનો આત્મા તે શરીરમાં હતો તે તો દેહ મૂકીને સદ્ગતિને પંથે ગયો.

આપણે જે જગત જોઇએ છીએ તે જગતમાં મૃત્યુ એટલે શરીરથી આત્માનું અલગ થવું. દેહમાંથી જીવનું ચાલ્યા જવું એટલે મૃત્યુ. દાર્શનિકદષ્ટા મૃત્યુને ભિન્ન રીતે ઓળખાવે છે. ઘડીકમાં રાજી અને ઘડીમાં નારાજી. આજે આશા કાલે નિરાશા, કોઇપળે શુભભાવ તો કેટલીક ક્ષણો કષાયભાવો, વિચારોનો ચઢાવ-ઉતાર, મનની ચંચળતા, વિહ્‌ળતા અને ભાવોની જે અનિત્યતા છે તે ક્ષણે ક્ષણે ભાવ મરણ છે. તેને જ અધ્યાત્મ ક્ષેત્રે મૃત્યુ ગણવામાં આવે છે.

આ ભાવમરણથી બચાવે તે ધર્મ. ભૌતિક વસ્તુઓ અને વ્યક્તિઓમાં સુખ દુ:ખનું આરોપણ કર્યું છે. ત્યારે ધર્મ, અંતર સાથે અનુસંધાન કરવાનું કહે છે. અંતર્મુખ થવાનું કહે છે.

વસ્તુઓ, વ્યક્તિઓ, સંયોગો પ્રસંગો અને પરિસ્થિતિથી પર થઇ માત્ર સ્વભાવ પર દષ્ટિ કરીશું તો જ જીવનમાં ધર્મ અભિપ્રેત થશે. અમરત્વના રાજમાર્ગ પર લઇ જનાર એ ધર્મ જ મુક્તિ અપાવશે.

# ભક્તિનો હૃદય સાથે સંબંધ છે

મુક્તિમાર્ગની તમામ પગદંડીઓ આગળ જતા એક જગાએ મળી જાય છે અને એક રાજમાર્ગ બની જાય છે. શ્રીમદ્જીએ કહ્યું છે કે, સત્પુરૂષના ચરણ સમીપ રહીને થાય તો ભક્તિ એ એવો સર્વોપરી માર્ગ છે કે ક્ષણવારમાં મોક્ષ કરી દે.

જ્ઞાનની, પ્રભુની, તીર્થંકરની, સદગુરૂની સર્વની ભક્તિ, કલ્યાણ કરવામાં ઉપયોગી છે. મોક્ષ મેળવવા માટે ભક્તિ એ ધુરંધર માર્ગ છે.

ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે. મનની સ્થિરતા આવે, આત્મા વિકારથી વિરકત થાય છે. શાંતિ મળે છે અને કર્મની નિર્જરા થાય છે. અહંકાર, માયા લોભ આદિ દુર્ગુણો ભક્તિથી નાશ પામે છે. કારણ કે ભક્તિમાં સમર્પણ ભાવ છે.

પરમાત્મા અને આત્માનું એકરૂપ થઇ જવું તે પરાભક્તિની છેવટની હદ છે. પરમાત્માની જ તલપ, લય, ઝંખના રહેવી તે પરાભક્તિ છે. રણમાં પ્રવાસ કરતા પ્રવાસીને શીતળ જળની ઝંખના હોય તેવી પ્રભુને પામવાની ઉત્કટ અભીપ્સા. પેલા કવિની જેમ તને મેં ઝંખી છે પ્રખર સહરાની તરસથી.... પરમતત્ત્વ સુધી પહોંચવાની આવી અભિલાષા જીવનું ઘણી ત્વરાથી કલ્યાણ કરે છે.

ભગવત ભકતને શાતા-અશાતા સુખ દુઃખ બન્ને સરખા જ છે. મહાત્મા કબીર, નરસિંહ મહેતા, મીરાંબાઇ, ગોપીઓ આદિની ભક્તિ અનન્ય, અલૌકિક અને સર્વોત્કૃષ્ઠ હતી. પ્રભુ સાથેની પ્રીત, નિરૂપાધિક છે, જેમાં હૃદય વિશુદ્ધ, અંતઃકરણ નિર્મળ બની, કષાયની કાલિમા દૂર થાય છે. રાગી સાથે પ્રીતિ કરવાથી રાગની વૃદ્ધિ થાય છે અને રાગની વૃદ્ધિ થવાથી ભવની વૃદ્ધિ થાય છે. જ્યારે વીતરાગની પ્રીતિ પ્રશસ્ત છે. પ્રભુની પ્રીતિથી જ વૈરાગ્ય જવલંત બને છે.

ગણધરગૌતમનો પ્રભુ મહાવીર પ્રત્યેનો ભક્તિભાવ વિશ્વવંદ્ય બન્યો. સ્તવન ચોવીશીમાં કવિ આનંદઘનજીનો તીર્થંકર પ્રતિ ભક્તિ સિંધુ લહેરાઇ રહ્યો છે. સાંકળો

અને બેડીઓમાં બંધાયેલ આચાર્ય માનતુંગનો ભક્તિભાવ ભકતામર દ્વારા વ્યકત થાય છે. અને એ ભાવ તેમને બંધનમુકત કરાવે છે. આવા જ ઉત્કૃષ્ઠ ભક્તિભાવની અનુભૂતિ પ્રત્યેકજીવને સંસાર મુકત કરાવી શકે.

મોક્ષ માટે કારણભૂત છે, યોગબીજ. બીજથી વૃક્ષ બને છે. તે રીતે મોક્ષની ઉત્તમ સ્થિતિ પામવા માટે યોગબીજની ચિત્તભૂમિમાં રોપણી કરવા તે બીજમાંથી ઉત્તમ યોગભવાંકુર ફૂટી નીકળે છે જે મોક્ષરૂપ પ્રાપ્તિમાં કારણભૂત બને છે. યોગબીજથી સાક્ષાત જિનદર્શનની ફળશ્રુતિ થાય છે. માટે પ્રભુભક્તિ ઉત્તમ સાધન છે. જિનેશ્વર વીતરાગ પ્રભુનીભક્તિ એ યોગબીજ માટે સર્વથી ઉત્તમ કારણ છે. કારણ કે જે વીતરાગ છે, જેણે રાગદ્વેષને જીતી લીધા છે જે શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં લીન છે. એવા પુરૂષોત્તમ પુરૂષની એક નિષ્ઠાથી આરાધના કરવી એ પ્રધાન યોગબીજ છે.

લૌકિક આકાંક્ષા પૂર્ણ કરવા પ્રભુભક્તિ કરવી જુદી વાત છે. લોકોત્તર ભક્તિમાં પારમાર્થિક દૃષ્ટિ છે. પ્રભુ જેવા પદને પામવા પ્રભુને અવલંબન લઇ, પરમપદની સેવના કરતાં સ્વયં જિન બની જવાય. શુદ્ધ સ્વરૂપની પ્રભુક્તિ કરતાં સ્વયં શુદ્ધ સ્વરૂપને ધારણ કરી શકાય તે જ લોકોત્તર ભક્તિ છે. સ્વાધ્યાય-ચિંતનને મન સાથે અને ભક્તિને હૃદય સાથે સંબંધ છે. જ્ઞાનીઓએ ગુરૂની ભક્તિ કરવાનું કહ્યું. કારણ, પ્રભુ સુધી પહોંચાડનારા સાચા ભોમિયા તો ગુરૂ જ છે.

ભક્તિના સંદર્ભે દાર્શનિકોએ માંઝારભક્તિ અને વાનરભક્તિના પ્રકારો દર્શાવ્યા છે. બિલાડી તેનાં બચ્ચાંને લઇ અને ઘર બદલાવે છે. બચ્ચાને ખૂબ જ કાળજીથી મોઢામાં લઇને ફેરવે છે.

વાંદરીનાં બચ્ચાં વાંદરીને ચોંટે છે અને વાંદરી બેફીકર દોડાદોડી કરે છે. હિંદુ સંસ્કૃતિના વૈદિકદર્શનોમાં માંઝાર ભક્તિનું મહત્ત્વ બતાવ્યું છે. અને શ્રમણ સંસ્કૃતિનું જૈનદર્શન વાનર ભક્તિમાં શ્રદ્ધા ધરાવે છે. હિંદુઓ માને છે, પરમ પિતા પ્રભુને શરણે જવાથી તે આપણને મુક્તિ આપાવશે. આપણે માત્ર શરણે જવાનો પુરૂષાર્થ કરવાનો છે. જેમ બિલાડી પોતાનાં બચ્ચાંને કોમળતાથી મોંમાં લઇને ફેરવશે તેવી જ માવજતથી પ્રભુ આપણને મુક્તિ અપાવશે.

પરંતુ જૈનદર્શનમાં, શરણાગતિથી અટકવાની વાત નથી. ત્યાંથી પુરૂષાર્થની પ્રક્રિયા શરૂ થાય છે. પંચપરમેષ્ઠિના શરણે ગયા પછી આત્માએ મોક્ષ માટે પુરૂષાર્થ કરવાનો છે.

જેમ વાનરને તેનાં બચ્ચાં વળગી રહે છે. તેમ આપણે પંચપરમેષ્ટિને આદર્શ ગણી તેનું આલંબન લઇ સાધનાને વળગી રહીશું તો આત્માનુભૂતિ થશે.

ભક્તિ અને સ્વાધ્યાય દ્વારા ફલિત થતી ક્રિયા જીવને શિવ બનવાના રાજમાર્ગ પ્રતિ દોરી જશે.

## સંજ્ઞાના આક્રમણથી બચાવે તે જ ધર્મ

આત્મા અને કર્મનો અનાદિ સંબંધ છે. જૈન ધર્મમાં દર્શાવેલ આઠ કર્મોમાં મોહનીય કર્મ સૌથી વધુ પ્રબળ છે, આત્મા પર તેનો મોટો પ્રભાવ છે. સાત કર્મો તો આત્માના મૂળ ગુણો અને મૂળ સ્વરૂપને માત્ર આવૃત્ત કરે છે. જ્યારે આ મોહનીય કર્મ આત્માના મૂળ ગુણસ્વરૂપને વિકૃત કરે છે. આ કર્મના કારણે જીવાત્મામાં વિવિધ મનોવૃત્તિઓ જન્મે છે તેને જૈનપરિભાષામાં સંજ્ઞા કહે છે.

સંજ્ઞા એટલે વૃત્તિ. સંજ્ઞા એટલે મૂર્છા. સંજ્ઞા એટલે આસક્તિ. આધુનિક મનોવિજ્ઞાન જેને સહજ સ્વાભાવિક મનોવૃત્તિઓનાં નામે ઓળખે છે. તેને જૈનદર્શને સંજ્ઞાનું નામ આપ્યું છે. આવી દસ સંજ્ઞાઓ છે.

૧. ખાવાની વૃત્તિ અને વિચાર એ આહારસંજ્ઞા
૨. ડરની લાગણી અને વિચાર એ ભયસંજ્ઞા
૩. જાતીય વૃત્તિ અને વિચાર મૈથુનસંજ્ઞા
૪. માલિકી હક્ક, મારાપણાની વૃત્તિ, વિચાર, મમતા અને આસક્તિ એ પરિગ્રહસંજ્ઞા
૫. ગુસ્સાની વૃત્તિ અને વિચાર એ ક્રોધસંજ્ઞા
૬. અહંકારની વૃત્તિ અને વિચાર એ માનસંજ્ઞા
૭. કપટની વૃત્તિ અને વિચાર એ માયાસંજ્ઞા
૮. લાલચ, લુબ્ધતા, ભેગુ કરવાની વૃત્તિ અને વિચાર લોભસંજ્ઞા
૯. ગાડરિયા પ્રવાહ જેમ ગતાનુગતિક અનુકરણની વૃત્તિ અને વિચાર એ ઓઘ સંજ્ઞા
૧૦. રૂઢિવાદ હેઠળ લૌકિક માન્યતાને વળગી રહેવાની વૃત્તિ અને વિચાર એ લોકસંજ્ઞા

મુખ્ય ચાર સંજ્ઞાઓની વિચારણા કરીએ તો, આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ. આ ચાર સંજ્ઞાઓ કર્મોથી લેપાયેલ આપણા આત્મા સાથે જન્મજન્માંતરથી જોડાયેલી છે.

આત્માને મૂળ સ્વભાવ તો અણઆહારક છે. તેને આહારની કોઇ જરૂર નથી. પરંતુ કર્માધીન ચાર ગતિમાં પરિભ્રમણ કરતો જીવાત્મા શરીર ધારણા કરે છે અને તેને ટકાવવા માટે તે આહાર કરે છે. બાળક જન્મતા સાથે માતાને સ્તનપાન કરવા માંડે છે. જે શીખવવું નથી પડતું, પૂર્વની આહારસંજ્ઞાનું પરિણામ છે.

આ સંજ્ઞાઓમાં લેપાઇ જવાથી ભવ-ભ્રમણ વધી જાય છે. જૈન દાર્શનિકોએ આ સંજ્ઞાઓને પાતળી પાડવા, તેના આક્રમણથી બચવા અને ક્રમશઃ તેમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ બતાવ્યો છે.

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચારે પ્રવૃત્તિઓ મનુષ્ય અને પશુમાં સરખી છે. પરંતુ ધર્મ મનુષ્યને પશુથી અલગ પાડે છે.

તન, મન અને આત્મા પર આહારનો નિર્ણાયાત્મક પ્રભાવ પડે છે તેથી જ કહ્યું છે કે અન્ન તેવું મન અને આહાર તેવો ઓડકાર, આત્મસાધનામાં આહાર, સાધક અને બાધક બન્ને છે. આહારસંજ્ઞાને પાતળી પાડવા માટે અનશન, ઉપવાસ, ઉણોદરી એટલે ભૂખ કરતાં થોડું ઓછું ખાવું, વૃત્તિસંક્ષેપ એટલે ભોજનમાં ઓછી વાનગીઓ લેવી, રસત્યાગ એટલે વિકારો જન્માવે છે તેવા રસ અને મસાલાવાળા આહારનો ત્યાગ, કાયાકલેશ એટલે સ્વેચ્છાએ શરીરને કષ્ટ આપવું, સંલિનતા એટલે મનની વૃત્તિઓને અશુભ ભાવમાં જતી વાળીને શુભ અને શુદ્ધ ભાવમાં સ્થિર કરવી તે બાહ્ય તપ અને આભ્યંતર કે ભીતરના તપ કરવાનું કહ્યું છે.

કંદમૂળ આદિ અભક્ષ્ય આહારનો ત્યાગ, રાત્રિ ભોજનનો ત્યાગ કરવા કહ્યું અને સાત્ત્વિક આહાર લેવા ભલામણ કરેલી છે.

મનોચિકિત્સકોની એક ટુકડીએ પોતાના અભ્યાસ માટે કેટલાક ખૂનના ગુનામાં સજા પામેલા કેદીઓના ઇન્ટરવ્યુ લીધા. આ સર્વેક્ષણમાં તેમને જણાવ્યું કે મોટાભાગના કેદીઓ મોડી રાત્રે જમવાવાળા, બેચાર દિવસનો વાસી, માંસાહારી ખોરાક ખાવાવાળા હતા. એ પ્રકારના કેદીઓની માનસિક દશા અને મનોવિકારનું સ્તર લગભગ સરખું જ હતું. મનોવૈજ્ઞાનિક નિરીક્ષણના નિષ્કર્ષમાં જણાવ્યું કે મોડી રાત્રે ખવાયેલ આહાર, માંસાહાર, વાસી આહારની શારીરિક પ્રક્રિયા પછી નિપજેલી ઉર્જાનું વિકૃતિમાં પરિણમન થાય છે. આપણે સૌ જાણીએ જ છીએ કે જૈનાચાર્યોએ માંસાહાર, રાત્રિભોજન અને વાસી ખોરાકનો નિષેધ ફરમાવ્યો છે. અહીં જૈનદર્શનના મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણનાં દર્શન થશે, જેના આચરણથી સૂક્ષ્મ અહિંસાધર્મની રક્ષા અને સાત્ત્વિક ઉર્જાનું સર્જન જીવનને

સત્ત્વ તરફ લઇ જશે. આહારમાં નિયમન અને સાત્ત્વિક આહારથી આહારસંજ્ઞા પાતળી પડશે. સાથે દયા, ક્ષમા, પ્રેમ જેવા ગુણોનો વિકાસ થશે.

જ્ઞાનીઓએ ભયસંજ્ઞાનાં મૂળ કારણો અને નિરાકરણના ઉપાયો બતાવ્યા છે. જેથી જીવનગગનમાં નિર્ભયતાનો સૂર્ય ઝળહળી ઊઠે.

ભયના મુખ્ય સાત પ્રકારો બતાવવામાં આવ્યા છે. આલોકનો ભય, પરલોકનો ભય, ધન, અકસ્માત, આજીવિકા, મૃત્યુ અને અપયશના ભયનો સમાવેશ થાય છે. પૂર્વજન્મ સંસ્કાર પ્રેરિતભય આ જીવનમાં સતત ડોકિયાં કરે છે. દા.ત. કોઇકને પ્રાણીનો વધુ ડર લાગે તો કોઇકને આગનો વધુ ડર લાગે.

જીવનપ્રવાહમાં પ્રીતનો ભય અને ભયની પ્રીત હોય છે. શંકાશીલ વ્યક્તિઓ પોતાના જીવનમાં નિરર્થક ભયનું વર્તુળ પેદા કરે છે.

ભયમાં મગજનાં તીવ્ર આંદોલનો હોય છે. ચિત્તવિકારમાં સર્વથી હાનિકારક ભય છે. ભયભીત ચિત્તનો સંબંધ સત્ય સાથે સંભવી શકે નહિ.

જીવનમાં સત્ય, ધર્મમય આચરણ, ધ્યાન, કાર્યોત્સર્ગ અને પવિત્રમંત્રોનું સ્મરણ અભયની સ્થિતિએ લઇ જાય છે. જ્ઞાનસુખ ભયરહિત છે. સમજણ અને જ્ઞાનની અમૃતવર્ષાથી આત્મભૂમિપર ભય-વેદનાની આગ બુઝાઇ જાય છે અને નિજાનંદની મસ્તીની અનુભૂતિ થાય છે.

નૈતિક કે સામાજિક અસ્વીકાર્ય અને છૂપી પ્રવૃત્તિ કરનારને ભય સતાવે છે. આપણે નિર્ભય થવું હોય તો સૃષ્ટિના તમામ જીવો માનવી તો શું ક્ષુદ્ર જંતુ પણ ભય ન પામે તેવું વર્તન કરવું જોઇએ. માટે જૈનધર્મમાં અભયદાનને શ્રેષ્ઠ દાન કહ્યું છે. જ્ઞાની ભગવંતોએ બતાવેલ પાંચ અણુવ્રત, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના આચરણોમાં ભયની સમસ્યાનો ઉકેલ છે. પવિત્રશ્લોક, સ્તોત્ર મંત્રનું રટણ, પરમ તત્ત્વમાં શ્રદ્ધા અને સદ્‌ગુરૂનું શરણ આપણને નિર્ભયતાના ઉત્તુંગ શિખર પર લઇ જશે.

જૈનદર્શનનું એક અંગ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી સૂત્ર છે. જેમાં વર્ણન આવે છે કે નારકી (નર્કમાં વસતા) ને ભય સંજ્ઞા, દેવોમાં પરિગ્રહ સંજ્ઞા તિર્યંચ (પશુ-પંખી)માં આહાર સંજ્ઞા અને મનુષ્યગતિમાં મૈથુનસંજ્ઞાની અધિકતા જોવામાં આવે છે. આમ મનુષ્યમાં કામવાસના-મૈથુન સંજ્ઞા વિશેષ દષ્ટિગોચર થાય છે.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ મોક્ષસાધનાના પંચાચાર છે. પંચાચારમાં વીર્યાચારની પ્રધાનતા દર્શાવતા પ.પૂ.ચંદ્રશેખર વિજયજીએ બ્રહ્મચર્યને જીવનનો અમૃતકુંભ ગણાવ્યો છે. માનવજીવનમાં જાતીયવાસનાના આવેગોથી બીજી મોટી કોઇ હોનારત નથી. જૈન દાર્શનિકોએ બતાવેલ પંચાચારના પાલન દ્વારા દ્રવ્યવીર્ય અને ભાવવીર્યના રક્ષણથી આપણે આ હોનારતથી બચી શકીએ છીએ.

દ્રવ્યવીર્ય એટલે શરીરની સપ્તધાતુમાં સાતમી અને ઉત્કૃષ્ઠ ધાતુ અને ભાવવીર્ય એટલે આત્માનો ઉલ્લાસ. આત્માનો ઉલ્લાસભાવ અવળા માર્ગે વહેતો હોય તો આત્માનું ભાવવીર્ય અશુભ કહેવાય. જેથી દ્રવ્યવીર્ય પણ અશુભમાં પરિણમે છે. વીર્યને શરીરનો રાજા કહ્યો છે. વીર્યનું ઓજ અને તેજમાં રૂપાંતર થાય છે જેના આધ્યાત્મિક અને ભૌતિક લાભો અપરંપાર છે.

નવવાડે વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરનારા આપણાં ગુરૂ ભગવંતો અને પૂ.મહાસતીજીઓએ વીર્યરક્ષાના ઉપાયો બતાવી આપણી પર અનંત ઉપકાર કરતાં કહ્યું છે કે, ઝેરનાં પારખાં કદી કરવા જેવા નથી, આગને અડનાર દાઝે છે એ ન્યાયે નિમિત્તોથી દૂર રહેવું, ઉપાદાનને નિર્મળ કરવું. પાત્રતા કેળવવી, સાદું અને સાત્ત્વિક ભોજન લેવું. એકાંતમાં વિજાતીયનો પરિચય-સહવાસ ટાળવો, ઉદભટ્ વેષનો ત્યાગ એટલે વસ્ત્ર-સૌંદર્ય પરિધાનમાં સાદગી અને સંસ્કારિતા, અશ્લીલ, શૃંગારિક દશ્ય, શ્રવણ મનોરંજનથી દૂર રહેવું. બીભત્સ કે અતિશૃંગારિક પુસ્તકોનું વાંચન ન કરવું. સત્ પુરૂષોનો સમાગમ અને સત્સાહિત્યનું વાંચન આ અમૃતકુંભની રક્ષા કરવામાં સહાયક બને છે. જરાસરખી અસાવધાની વિદ્યુન્માલી વિદ્યાધર, લક્ષ્મણા સાધ્વી અને મહાત્મા અરણિંકમુનિ વાસનાના આ વાવાઝોડાનો કેવો ભોગ બન્યા હતા તે ચિંતવવું. માનવદેહ ભોગ અર્થે નથી એ સમજાતા ઘણાં બધાં બંધનો અને આફતોથી બચી શકાશે.

જ્ઞાનીઓએ જેને તપમાં શ્રેષ્ઠ તપ કહ્યું છે એવા બ્રહ્મચર્ય વિશે આપણું કહેવાનું શું ગજુ ? પરંતુ આર્યસ્થૂલિભદ્ર, ઝાંઝરિયા મુનિ, સુદર્શન શેઠ, વિજય અને વિજયા શ્રાવક-શ્રાવિકા અને પેથડશા દંપતી જેવા વીરઆત્માઓના જીવનનું વારંવાર સ્મરણ કરવાથી મૈથુનસંજ્ઞા પાતળી પડશે.

પરિગ્રહનો ભાર ડૂબાડે, ત્યાગની હળવાશ તારે. સંગ્રહ એ સડો છે. વિતરણ એ શુચિતા છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે તમારી પાસે જે કાંઇ હોય તે બધાનો તમે ત્યાગ કરો છો ત્યારે તમે જગતની સઘળી દોલતના માલિક બનો છો. જરૂરિયાત કરતાં વધુ ભેગું કરવું, વધુ એકઠું કરી સંગ્રહ કરવો તેને પરિગ્રહ કહે છે. પરિગ્રહ એ પાપ અને ગુનો ત્યારે જ બને છે જ્યારે તેમાં આસક્તિ, કટ્ટર માલિકીભાવ અને ભોગ અભિપ્રેત બને. પૂર્વના પુણ્યોદયે ન્યાયસંપન્ન સમૃદ્ધિ આવે, ત્યારે ઉલ્લાસભાવે સુપાત્રદાન, લક્ષ્મીનો પરિગ્રહ ઘટાડી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી પુણ્યનું ઉપાર્જન કરાવે છે. સંપત્તિ પ્રતિ ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત ત્યારે જ સ્વીકારી શકાય જ્યારે તેના પર આસક્તિ દૂર થાય. મમ્મણશેઠનો પરિગ્રહ તેના પતનનું કારણ બન્યો તો કુબેર, શાલિભદ્ર અને આનંદ શ્રાવકનો પરિગ્રહ તે પરિગ્રહના ત્યાગને કારણે સ્વ-પરના કલ્યાણનું કારણ બન્યો.

પરિગ્રહનો વિવેકહીન ભોગ એ પાપ છે. ફ્રાન્સ જેવા મૂડીવાદી દેશોમાં પરિગ્રહની મૂર્છા એટલી હતી કે એકબાજુ મુઠ્ઠીભર મૂડીવાદી શાસકોનો વૈભવ અને બીજી બાજુ વિશાળ સમુદાયની ભયંકર દરિદ્રતા તેથી પ્રજાને એક (બ્રેડ) રોટલાનો ટુકડો મેળવવા માટે પણ શાસકો વિરુદ્ધ બળવો કરવો પડેલો, વધુ પડતા પરિગ્રહે જ કાર્લમાર્કસ ક્રાંતિનું સર્જન થયું. ક્રાંતિઓ લોહિયાળ પણ બને, જ્યારે નીજી સંપત્તિમાંથી થોડુંક પણ જરૂરિયાતવાળા માનવોને, સામાજિક કે ધાર્મિકસંસ્થાને અનુદાન આપ્યા કરીશું, પરિગ્રહના પહાડમાં તિરાડ પાડી, દાનની પાવનગંગા વહાવીશું તો પરિગ્રહ સંજ્ઞા પાતળી પડશે અને ભગવાનમહાવીરના અર્થશાસ્ત્રનું અનુસરણ થશે જે સ્વને હિતકારી અને પરને ઉપકારી બનશે.

## મહાવીરધર્મના કણકણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે.

કોઇપણ મહાન આધ્યાત્મિક પુરુષના જીવન અને તેમના દ્વારા પ્રરુપાયેલા ધર્મ માર્ગ પ્રત્યે વિચાર કે ચિંતન કરીએ ત્યારે એ ધર્મપુરુષની પ્રતિભા દ્વારા ઉપસતી પ્રતિમા આપણા માટે આરાધ્યદેવ કે ભગવાન રૂપે પ્રસ્થાપિત થઇ જશે. જ્યારે કોઇ પણ વ્યક્તિને આપણે ઐશ્વર્ય દષ્ટિકોણથી જોઇએ ત્યારે તે આપણા માટે ઇશ્વર બની જાય છે અને એ ધર્મ પુરુષના જીવન અને દેશનાના અન્ય પાસાની આપણે ઉપેક્ષા કરી અને તેનું માત્ર એકાંગી દર્શન કરીએ છીએ. આ એકાંગીદર્શન આપણને સંકીર્ણતાના એક ચોકઠામાં બંધ કરી દે છે. આપણાં માટે માત્ર, એક દ્વાર ખુલ્લું રહે છે. અન્ય દ્વારો અને તમામ વાતાયનો બંધ થઇ જાય છે. જે સંપૂર્ણદર્શન માટે બાધક બની જાય છે.

ભગવાન મહાવીર વિશે જ્યારે વિચાર કરીએ ત્યારે કયારેક એમ લાગે છે કે આપણે એમને માત્ર એક ધર્મપુરુષ કે આરાધ્યદેવ રૂપે સ્વીકારી સંતોષ માની લીધો છે. આપણે એના જીવન અને કવનના સર્વાંગીપણાને પૂર્ણરૂપ પામવાનો પુરુષાર્થ કર્યો જ નથી. એ અધૂરપના અજંપા સાથે આપણે ક્યાં સુધી ચાલ્યા કરીશું ?

ભગવાન મહાવીરના જીવન અને દેશનાના સમાજગત પાસા ઉપર નજર નાખીશું તો સંસાર પ્રત્યે નરી ઉદાસીનતા આધ્યાત્મિક બાબતો સિવાય નરી નિષ્ક્રીયતાની સાથે સામાજિક ઉત્થાન અને વિશ્વના તમામ જીવો પ્રત્યે કરુણાભાવ પ્રેરિત પ્રછન્ન સક્રિયતાના સૂક્ષ્મ દર્શન થયા વિના રહેશે નહિ.

મહાવીરે પ્રરુપેલો ધર્મ, આત્મલક્ષી હોવાથી તેમણે જીવન અને ઉપદેશ દ્વારા આત્માને પામવા માટે વીતરાગી બનવા માટે સાધના કરવાની વાત કહી. પરંતુ અહીં અટકી જવાની વાત નથી કરી. નિવૃત્તિમાં પ્રવૃત્તિની અદ્દભુત વાત કહી છે. વ્યક્તિગત સ્વાર્થનો ત્યાગ, મર્યાદાહીન વ્યક્તિગત ભોગ-ઉપભોગનો ત્યાગ, વ્યક્તિગત સુખ માટેની પ્રવૃત્તિ પર અંકુશ પરંતુ, સમષ્ટિના કલ્યાણની પ્રવૃત્તિનો નિરકુંશ વિસ્તાર એજ સાચી નિવૃત્તિ છે.

ભગવાન મહાવીરે પ્રરુપેલા સિદ્ધાંતો કે તત્ત્વજ્ઞાન રોજબરોજના જીવનમાં અપનાવીએ તો માનવીના વ્યક્તિગત જીવન, સમાજગત જીવન કે રાષ્ટ્ર ઉત્થાન માટે કલ્યાણકારી છે.

જીવમાત્રના અસ્તિત્વનો સ્વીકાર (જીવો અને જીવવા દો) એ સિદ્ધાંત જીવોને સલામતી અને શાંતિ બક્ષે છે. માંસાહારનો નિષેધ કરી અન્નાહાર અને શાકાહારની પ્રેરણા માનવીને તનનું આરોગ્ય અને મનની નિર્મળતા પ્રતિ લઇ જાય છે. જે રાષ્ટ્રીય સંપત્તિનો દુર્વ્યય અટકાવે છે. પર્યાવરણ સંતુલનપોષક છે.

અપરિગ્રહના સિદ્ધાંતના સ્વીકારમાં વધારાની સંપત્તિનું વિસર્જન કરવાના ભાવ, દાન દેવાની પ્રેરણા કરે છે. જે અન્ય પ્રતિ અનુકંપા દયા અને કરુણાનું ઉદ્‌ભવસ્થાન બને છે. જે સમાજવાદના આદર્શને ચરિતાર્થ કરવામાં સહાયક બને છે. અપરિગ્રહના આચરણથી સામાજિક ઇર્ષા અટકે અને અસલામતીની ભાવનામાંથી મુક્તિ મળે છે.

વ્યક્તિ પોતાની દષ્ટિ છોડી બીજાની દષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઇ જાય એ ઉક્તિ ભગવાનના અનેકાંતવાદ દ્વારા સમજીશું તો કેટલીય સમસ્યાઓનું નિરાકરણ થશે. અહીં કોઇ એક ઘટના, વચન કે વિચારને દરેક બાજુથી તપાસવાની વાત છે. અન્યના મતને સ્વીકારવાની કે ગણતરીમાં લેવાની વાત છે. અનેકાંતવાદ પરમત સહિષ્ણુતાનો પોષક છે. કુટુંબમાં પિતા-પુત્ર, સાસુ-વહુ, ધંધામાં શેઠ-નોકર, પ્રજા-નેતા, સમાજ, રાજ્ય અને રાષ્ટ્રમાં સંવાદીતા સ્થપાશે. અનેકાંતમાં બૌદ્ધિક કે વૈચારિક અહિંસા, અભિપ્રેત છે.

ભગવાન મહાવીરના ચિંતનમાં સામાજિક ભાવનાના ઉચ્ચતમ આદર્શના દર્શન થાય છે. અહીં વ્યક્તિને માત્ર વ્યક્તિના રૂપમાં નહિ પરંતુ સમષ્ટિના રૂપમાં જોવામાં આવી છે. સમાજના હૃદય સાથે વ્યક્તિનું હૃદય જોડાયેલું છે. વ્યક્તિના સંકલ્પનું પ્રતિબિંબ સામાજિક સંકલ્પ સાથે સંકળાયેલું છે. વ્યક્તિને સમાજના એક અવિભાજ્ય અંગ રૂપે સ્વીકાર્યું છે. આજ કારણ જૈન શાસનના ચતુર્વિધ સંઘમાં સાધાર્મિક ભક્તિની ભાવનાનો વિકાસ થયો છે.

ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગોએ સમાજગત આદર્શોને પ્રતિષ્ઠા આપી છે.

એ સમયે જ્યારે યજ્ઞો દ્વારા થતાં બલિદાનોમાં હિંસા ચરમસીમાએ પહોંચી હતી ત્યારે અહિંસા ઝંડો ફરકાવ્યો. બ્રાહ્મણ કુળના ગૌતમ આદિ વિદ્વાનોને શિષ્ય બનાવી ગણધરપદે સ્થાપી અહિંસા પરમો ધર્મ રૂપ મંત્ર જગતને આપ્યા.

એ સમયમાં શુદ્રો અસ્પૃશ્ય ગણાતા, પ્રભુએ એ બતાવ્યું કે ધર્મનો અધિકાર સહુનો સરખો છે. તેમણે પોતાના સંઘમાં શુદ્ર જાતિના લોકોમાંથી મેતાર્યમુનિ અને મુનિહરિકેશીને દીક્ષિત કર્યા અને નારીને દીક્ષા આપી સહુના સમાન અધિકાર સ્થાપિત કર્યા.

પ્રભુ કોશામ્બી નગરીમાં પધાર્યા છે. આહાર (ગૌચરી) લેવા માટે અભિગ્રહ ધારણ કર્યો છે. દાસી બનેલી રાજપુત્રી યાતના વેઠતી હોય, યાતનાના ચિહ્નરૂપે હાથે પગે બેડી, માથું મુંડાવેલ હોય, ભોંયરામાં બંધ, ત્રણ દિવસની ભૂખી, સૂપડામાં અડદના બાકુળા, આંખમાં આંસુ આદિ તેર બોલનો પ્રભુને અભિગ્રહ છે.

ભગવાને કોઇ રાજકારણી કે શ્રેષ્ઠીપુત્રીના હાથે આહાર લેવાનો અભિગ્રહ કેમ ન કર્યો ? આવી તિરસ્કૃત વ્યક્તિના હાથે આહાર લેવાના અભિગ્રહ પાછળ ભગવાનની કરુણાબુદ્ધિ હતી.

એ સમયમાં દાસત્વ પ્રથા હતી. એ પ્રથા દ્વારા નર-નારીનું શોષણ અને અમાનવીય ક્રૂર વ્યવહાર ચાલતો હતો.

ભગવાન મહાવીરના અંતરમાં દાસપ્રથા શલ્યની જેમ ખૂંચતી હતી માટે જ તેમણે આવો અભિગ્રહ કરેલો. મહિનાઓ સુધી ગોચરી ન મળતા દીર્ઘ તપસ્વી બનતા જતાં હતાં.

રાજપુત્રી ચંદના પરિસ્થિતિવશ ધનાવહ શેઠને ત્યાં દાસી થઇ ખરીદાઇને આવી હતી. પાંચ માસ અને પચ્ચીસ દિવસના ઉપવાસી પ્રભુ ગોચરી માટે ધનાવહ શેઠને આંગણે પધાર્યા. મકાનના પાછળના ભાગમાં ભોંયરામાં દ્વાર પાસે યુવાન દાસી ચંદના, મુંડિત

મસ્તકે, હાથે પગે બેડી, હાથમાં સૂપડું લઇ, બાકુળા વહોરવા, કોઇ સંતની રાહ જોતી ઊભી છે. પ્રભુએ એક દૃષ્ટિ આ દાસી પર નાખી-પાછા ફરવા પગ ઉપાડયા, તેને પાછા જતાં જોઇ ચંદનાની આંખમાં આંસુ આવ્યા. પ્રભુએ જરા પાછું વાળીને જોયું. ચંદનાની આંખમાં આંસુ જોયા. પ્રભુના તેરબોલનો અભિગ્રહ પૂર્ણ થતાં ગોચરી વહેરાવી. ચંદનાને દીક્ષા આપી-શિષ્યા બનાવી. સમગ્ર રાજ્યમાં દાસીપ્રથા દૂર કરવા રાજાને પ્રેરણા આપી.

ભગવાન મહાવીર અછંદક નામે પાખંડીનાં ગામની પ્રજાને મૂકત કરી હતી.

સમ્રાટ ચંડપ્રદ્યોતે કૌશામ્બી પર ચડાઇ કરી. કૌશામ્બીનો પરાજય અને તેના સમ્રાટ શતાનિકનું મૃત્યુ થયું. શતાનિકની પત્ની રાણી મૃગાવતીના રૂપ પર ચંડપ્રદ્યોત પાગલ બન્યો. ભગવાને કૌશામ્બીમાં પધારી ચંડપ્રદ્યોતને ધર્મદેશના સંભળાવી મૃગાવતીને ચંડપ્રદ્યોતથી મુક્તિ અપાવી.

લડાઇ થઇ હોય તે સ્થળ રૂધિર અને માંસથી ખરડાયેલું હોય, યુદ્ધભૂમિમાં ઉગ્ર વિહાર કરી સાધુએ જવું કેટલું યોગ્ય ? અહીં દોષ કે અશાતાનો પ્રશ્ન નથી. અહીં ભગવાન મહાવીરની પ્રબુદ્ધ કરુણા સામાજિક ચેતનાના વિકાસનું પ્રેરક બળ બની એક સ્ત્રીના શીલનું રક્ષણ કરે છે.

એકવાર રાજા શ્રેણિકને તેની પત્ની ચેલણા પ્રતિ શંકા ઊભી થઇ. સ્ત્રી જાતિ પ્રત્યેની નફરતને કારણે સમગ્ર અંત:પુર અને તમામ રાણીઓને આગ લગાડી ભસ્મીભૂત કરવાનો આદેશ આપ્યો. વહેમના વમળમાં ફસાયેલા સમ્રાટને ભગવાને સંબોધન કર્યું. શ્રેણિક ! મહારાજા ચેટકની સાતે પુત્રીઓ સતી સ્ત્રી છે, રાણી ચેલણા પવિત્ર છે. તારો વહેમ ભયંકર અનર્થને આમંત્રણ આપી રહ્યો છે, ને સમ્રાટ શાંત થયા.

સંત, સંસારની બળબળતી બપોરને ચંદન જેવી શીતળતા આપે છે. મહાવીર ધર્મના કણ કણમાં માનવતાનું અમૃત છલકાઇ રહ્યું છે.

આમ, ભગવાન મહાવીરના જીવનમાં સંસારપ્રત્યેની નિષ્ક્રીય ઉદાસીનતા પાછળ લોકકલ્યાણ અને લોકમાંગલ્યની પ્રચ્છન્ન સક્રિયતાના દર્શન થાય છે.

## લબ્ધિપ્રયોગ દિશાદર્શન

સંયમપંથમાં સાધુતાની પગદંડી પર વિહરતા સંતોનું જીવન દિવ્ય હોય છે. મતિની નિર્મલતા અને સાધનાના પરિણામ રૂપે સંતોના જીવનમાં સહજ ભાવે લબ્ધિ પ્રગટ થતી હોય છે.

પૂર્વાચાર્યોનાં આધારભૂત ચરિત્રો લખવાની જ્યારે પ્રથા ન હતી એ કાળમાં સંતોના જીવન વિશે દંતકથાઓ પ્રચલિત હતી. આ દંતકથાઓ એ સંતોના અધ્યાત્મ જીવનને સમજવામાં ઉપયોગી બને છે.

અવધૂત આનંદઘનજીમાં કેટલીક ચમત્કારિક શક્તિ પ્રગટેલી હતી એમ તેમની પાસે આવનારાઓને લાગતું હતું. કોઇ એક યોગી મહાત્માને શ્રી આનંદઘનજી સાથે મિત્રતા થઇ હતી. એ-યોગી સુવર્ણસિદ્ધિ કરવા અનેક પ્રયત્નો કરતા હતા. તે માટે તેમણે રસસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમણે રસસિદ્ધિની એક શીશી આનંદઘનજીને ભેટસ્વરૂપ પોતાના શિષ્ય સાથે મોકલી. એ સમયે આનંદઘનજી આબુની એક ટેકરીની શિલા ઉપર ધ્યાનારૂઢ થયા હતા. યોગીનો ચેલો આનંદઘનજી પાસે રસની શીશી લઇને આવ્યો. જ્યારે શ્રી આનંદઘનજી ધ્યાનમુકત થયા ત્યારે પેલા ચેલાએ, રસસિદ્ધિની શીશી તેમની આગળ ધરી અને કહ્યું કે, અમારા ગુરુએ આપને માટે ભેટસ્વરૂપ આ શીશી મોકલી છે. આનંદઘનજીએ શીશી હાથમાં લીધી અને પથ્થરની શિલા પર પછાડી ફોડી નાખી. તેમને આમ કરતાં જોઇ પેલો ચેલો ડધાઇ ગયો. એનાથી રહેવાયું નહિ. રોષે ભરાઇ તેણે કહ્યું, અરે શેવડા (સાધુ) તું રસસિદ્ધિને શું જાણી શકે ? મારા ગુરુએ કેટલી બધી ઉગ્ર સાધના કરીને આ રસસિદ્ધિ તૈયાર કરી હતી અને તે તેને ઢોળી નાખી ? તું ખરેખર મૂઢ ગમાર છે. આનંદઘનજી પેલા અજ્ઞાની શિષ્યનું અયોગ્ય વચન સાંભળી અને, તારા ગુરુજી રસસિદ્ધિ વડે શું આત્મકલ્યાણ સાધવાના છે, એમ કહ્યું.

શિષ્યે કહ્યું, રસસિદ્ધિ વડે પથ્થરમાંથી સુવર્ણ બનાવી શકાય છે. આ ચમત્કારથી જગતને વશ કરી શકાય છે. આનંદઘનજીએ કહ્યું આત્મસાધનાની આગળ સુવર્ણસિદ્ધિ કોઇ મોટી વાત નથી. શિષ્ય કહે, આત્માની મોટી વાતો કરનારા ઘણા છે

પરંતુ આવી સિદ્ધિઓ મેળવનારા કોઇક વિરલા જ હોય છે. આ શબ્દો સાંભળીને આનંદઘનજીને થયું કે એ શિષ્યને સાધનાનો કંઇક પરિચય બતાવવો જોઇએ. તેમણે ઊઠીને પાસેના પથ્થરોની એક નાના શિલા પર લઘુશંકા કરી તેથી તે પથ્થરની શિલા સોનાની થઇ ગઇ, એ જોઇ પેલો શિષ્ય આશ્ચર્યચકિત થઇ ગયો અને બોલ્યો, અહો જેની લઘુશંકામાં(મુત્ર) સુવર્ણસિદ્ધિ છે તેને રસસિદ્ધિનું શું કામ ? પોતાની લઘુશંકા વડે જો સુવર્ણ બનાવી શકાતું હોય તો તેમની યોગશક્તિ કેટલી વિશિષ્ટ હશે !

જે સંતોની વડીનીત - લઘુનીત (વિષ્ટા અને મુત્ર) કે અશુચિ જે શરીરમાંથી બહાર પડે છે તેમાં એટલી સિદ્ધિ હોય તો તે સંતોમાં કેટલી તાકાત હશે.

સૌરાષ્ટ્રના જૈન સંત પૂ.માણેકચંદજી મ.સા. (તપસ્વીમુનિ) ના જીવનનો એક પ્રસંગ છે. એક વાઈના દર્દીને, વાઇ આવતા પૂજ્ય મહારાજસાહેબની અશુચિનો સ્પર્શ થતાં વાઇનું દર્દ ગાયબ થઇ ગયું હતું.

આ સંતોના અણુ અને પરમાણુમાં શીતળતા અને વિશુદ્ધિ હોય. એમણે પોતાની સાધના દ્વારા કાયાકલ્પ કરી, શરીરની સાથે આત્માની આંતરિક વિશુદ્ધિ કરી છે તેનું પરિણામ તેની અશુચિમાં પણ હોય એમની અશુચિ પણ આપણી પાવન સંપદા બની માંગલ્યનો સાક્ષાત્કાર કરાવે તેથી જ તો તીર્થંકરોના શ્વાસ કે શરીરમાંથી સુગંધ આવે છે. ભગવાનના સમોસરણમાં ભગવાનની વાણી શત્રુઓ મિત્ર બનીને સાંભળે. સિંહ અને બકરી સાથે આવે, તીર્થંકરના ભાવોની પ્રબળતા મૈત્રીભાવ અને વાત્સલ્ય પ્રગટાવે છે.

સાધુને સાધનામાં સ્વકલ્યાણ સાથે લોકકલ્યાણની ભાવના હોય છે. જ્યારે લબ્ધિ પ્રગટે ત્યારે તેનો ભાવ સ્વ પર માંગલ્ય-કલ્યાણની ભાવનાથી કાર્ય કરે છે.

જૈનદર્શન ચમત્કારમાં માનતું નથી. સાધુઓની સમાચારી પ્રમાણે સંતોને કે સતીઓને લબ્ધિપ્રયોગના પ્રદર્શનનો નિષેધ છે. સ્વસુખ કે લોકપ્રિયતા માટે સંતો કદી આવા પ્રયોગો કરતા નથી.

આજે પણ કેટલાય સંતોના જીવનમાં વચનસિદ્ધિ અને અન્ય લબ્ધિઓ પ્રગટેલી છે. સંતો પાસે લબ્ધિ હોય તે તેનો પ્રયોગ વિના કારણ ન જ કરે. ચતુર્વિધ સંઘની લાજ સાચવવા, શીલની રક્ષા કે કટોકટી સમયે સંઘ અને ધર્મ પ્રભાવના ટકાવવા માત્ર કરુણાબુદ્ધિથી જ કરે છે. તપસ્વી, તીર્થ અને ધર્મની રક્ષા અર્થે છેલ્લા ઉપાય તરીકે જ અનિવાર્ય સંજોગોમાં આ પ્રયોગ કરે છે.

સાંસારિક દુઃખ દૂર કરવા, ભૌતિક સુખ મેળવવા અને ક્ષુલ્લક કારણોસર ગુરુ પાસે લબ્ધિ પ્રયોગ કરવા વિનંતી કરવી તે શ્રાવકાચાર વિપરીત છે.

દેવાધિદેવ પરમતીર્થંકર ભગવાન મહાવીરના જીવનનો એક પ્રેરક પ્રસંગ લબ્ધિ પ્રયોગ અંગે આદર્શ ને દિશાદર્શન કરાવનારો છે.

મગધદેશમાં મોરાક નામનું એક ગામ હતું ને ગામમાં એક પાખંડી રહે. અચ્છંદક એનું નામ. મંત્ર, તંત્ર અને સિદ્ધિઓની એ કંઇક વાતો કરે.

લોક તો બિચારા અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ ચમત્કારની જરાક વાત સાંભળે કે બધું મૂકીને ટોળે વળી જાય અને આવી વાતોને સો ગણી કરી પ્રસરાવે ત્યારે જ તેઓને સંતોષ થાય અને તેથી ચમત્કાર કરનારની બધે વાહવાહ થઇ જાય.

ભૌતિક સુખની ઝંખના કરતી આ દુનિયામાં તનમનના દુઃખીઓનો કોઇ પાર નથી. શારીરિક રોગ, સંતાનની આશા, દરિદ્રતા, વળગાડ; વહેમ, ધન અને પદ માટે લાલચ, મોહ અને મમતા સંસારમાં ભર્યાં પડયાં છે.

આવું હોય ત્યાં પાખંડીની બોલબાલા, જેટલી વધુ ચાલાકી એટલી વધુ બોલબાલા. અચ્છંદક તો કંઇકંઇ કરતો જાય. ભોળા લોકો તો સમજે કે કેવો ત્યાગી, વૈરાગી અને યોગી ! અચ્છંદકનો ધંધો તો ધીકતો ચાલવા લાગ્યો. કાળક્રમે ભગવાન મહાવીર મોરાક ગામે આવ્યા અને ગામ બહાર રહ્યા.

અચ્છંદકની ચમત્કારિક વાતો ભગવાનના જાણવામાં આવી. એમણે જોયું કે દિવસે સાધુ-સંત-યોગી થઇને રહેતો અચ્છંદક રાતે ન કરવાનાં કામો કરે છે, પાપો આચરે છે.

ભગવાન તો કરુણાના અવતાર. એમને થયું આમાં તો લોકોય ડૂબશે અને અચ્છંદક પણ ડૂબશે. આનો કંઇ ઉપાય કરવો ઘટે. પણ એમણે જોયું કે ચમત્કાર વગર લોક નહીં માને.

જ્ઞાનીભગવંત તો બહારના અને ભીતરના બધાય ભેદ ક્ષણમાં ભાખી દે. એમણે તો કોઇના મનની વાત કહી, કોઇને તેના જીવનની રહસ્યમય વાત બતાવી તો કોઇની ભૂતકાળની વાત કહી સંભળાવી.

લોકસંજ્ઞાનો પ્રવાહ ઢાળ જુએ ત્યાં દોડી જાય. એ તો અચ્છંદકને ભૂલીને ભગવાન પ્રતિ વળવા લાગ્યો. હવે બધે ભગવાનની વાહ વાહ થવા લાગી. ભગવાનની લોકપ્રિયતા વધવાથી અચ્છંદક અકળાયો. લોકો પરથી પોતાની પક્કડ ઢીલી પડવાથી તેણે ભગવાનને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો, ભય બતાવ્યો, લાલચ આપી પણ ભગવાન એનાથી પાછા ન પડ્યા.

પછી તો ભગવાનની ચમત્કારની કંઇકંઇ વાતો લોકજીભે રમવા લાગી.

પણ ભગવાન તો આત્મસાધના કરવા નીકળેલ યોગી. આત્મામાં પરમાત્માને પ્રગટાવવા તેમણે સર્વસ્વનો ત્યાગ કરેલો. એમને તો આંતરશુદ્ધિ સિવાય બીજું કશું જ ન ખપે.

એ તો તરત ચેતી ગયા. ચમત્કારનો માર્ગ તો સંસાર વધારવાનો અને આત્માને ખોવાનો માર્ગ, એમાં તો આપણા અંતરઆત્માનો અવાજ રૂંધાય અને દુનિયા છેતરાય ને વળી પાંચ જાંબુ માટે હીરાના સોદા જેવો ખોટનો ધંધો !

ભગવાનનું મનોમંથન પરાકષ્ટાએ પહોચ્યું. પહેલા આત્માને તારવો પછી જ દુનિયાના ઉદ્ધારનો વિચાર કરવો. આત્મકલ્યાણ એ જ સાચો માર્ગ, આવા ચમત્કારથી દૂર સારા. અને લોકોને સાવધાન કરીને ભગવાને બીજે વિહાર કર્યો.

જીવનની દુન્યવી બાબતોથી પર એ મહાન આત્માને કંચન કે કીર્તિની કોઇ કામના ત્યાં રોકી ન શકી.

## મિત્રના ઘરનું આમંત્રણ.....!

ગીતાર્થ ગુરુભગવંતોએ જૈનશાસનમાં તપનો મહીમા ઠેરઠેર ગાયો છે. જૈન ધર્મમાં આવતાં પર્વો લોકોત્તર પર્વો છે. આયંબિલની ઓળી એ શાશ્વતુ લોકોતર પર્વ છે. આયંબિલ તપની નવ દિવસની આરાધનામાં જૈનદર્શનનું નવ પદ ચિંતન અભિપ્રેત છે. શ્રીપાળ મયણાએ આ નવ દિવસ બાહ્ય અને અભ્યંતર તપને આત્મસાત કરી, દેહને પરિશુદ્ધ કરી, આત્માની ઉર્ધ્વ ગતિ કરી તે કથા આપણે સહુ જાણીએ છીએ.

આયંબિલનો પ્રથમ દિવસ અરિહંત પ્રભુની આરાધનાનો છે. કેવળજ્ઞાન, શુકલધ્યાન અને શુકલ લેશ્યા હોવાથી તેનો વર્ણ શ્વેત છે અને તે વિશ્વવાત્સલ્યનું પ્રતીક છે. બીજો દિવસ સિદ્ધપદની સાધનાનો છે. જે અગ્નિનું પ્રતીક છે, કર્મને બાળે, પ્રઝાળે છે. ત્રીજા દિવસે આચાર્યજીને વંદના કરવાની છે જેનો જ્ઞાનના સૂર્ય સમ પીળો વર્ણ અને પદ્મલેશ્યા છે. ચોથો દિવસ શીતળ છાંયડી દેતા વૃક્ષના લીલા વર્ણ જેવા નીલલેશ્યા વાળા ઉપાધ્યાયજીની આરાધનાનો છે. પાંચમો દિવસ સાધના કરી કાળા ડીબાંગ કર્મોને અંદરથી વંદન કરવાનો છે. છેલ્લા ચાર દિવસ સમકિતની સાધના કરવા માટેના છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનો વર્ણ સફેદ છે એ આત્માના આ નવ પદોમાં પહેલા પાંચ પદોને શરણે આપણે જવાનું છે જ્યારે, નિર્મળ ગુણો છે શેષ ચાર પદો આત્મસાત કરવાની સાધનામાં જોડાવાનું છે.

જૈનધર્મ ગુણપૂજક છે જેથી આ નવપદની સાધનામાં દરેકપદના ગુણની સંખ્યા પ્રમાણે આપણે તે પદની માળા, વંદના અને કાઉસ્સગ કરીએ છીએ. ઘણા સાધકો આ નવ દિવસ, પદના વર્ણ પ્રમાણેના રંગનું ફકત એક ધાનનું આયંબિલ તપ પણ કરે છે.

તુચ્છઆહાર વાસનાઓને શાંત રાખે છે, રસપરિત્યાગ અને રૂક્ષભોજન સાધનામાં સહાયક બને છે. વર્ષમાં આસો અને ચૈત્ર માસ એમ બે વાર ઓળી આવે છે. આરોગ્યવિજ્ઞાનની દષ્ટિએ આયંબિલને દિવસે રસ વિનાના ભોજનને કારણે સમગ્ર પાચનતંત્રને પાચનક્રિયાના કાર્યમાંથી ખંડસમયની મુક્તિ મળે છે. શરીરમાં પડી રહેલા

વધારાના રસોનો ઉપયોગ થઇ જાય છે. ઓટોલીસીસ (Autolysis) ની પ્રક્રિયા અને શરીર સ્વશુદ્ધિકરણને કારણે નિર્મળ અને નીરોગી બને છે.

જ્ઞાનીઓ કહે છે કે વિગઇઓ (રસ) એ શત્રુનું ઘર છે, આયંબિલ એ મિત્રનું ઘર છે, અને ઉપવાસ એ પોતાની માલિકીનું ઘરનું ઘર છે. જેણે રસ જીત્યો એણે જગત જીતી લીધું છે. (ચૈત્ર સુદ ૭) અને આસો સુદ, થી નવ દિવસ આયંબિલની ઓળી નિમિત્તે આપણને મિત્રના ઘરનું પ્રેમભર્યું નિમંત્રણ મળ્યું છે.

# ત્રીજો ચૂલો.....!

ફઇબાના આગમન સાથે જ જાણે ઘરનું વાતાવરણ બદલાઇ જાય, ધર્મની વસંતઋતુ ખીલે, સંસ્કારસરિતા ગૃહદ્વારે ખળખળ કરતી વહેતી હોય.

તપસ્વી સાધ્વી જેવો ફૈબાનો દેહ, રસપરિત્યાગ અને દ્રવ્ય તપ જીવનમાં વણાયેલા. દ્રવ્ય તપ એટલે ચોક્કસ નક્કી કરેલી થોડી વાનગીઓ જ જમવામાં લેવી. દા.ત. દસ દ્રવ્યથી શરૂ કરતા જમવામાં એક એક દ્રવ્ય ઘટાડતું જવું, તેવા તપને દ્રવ્ય તપ કહે છે.

સાદગીપૂર્ણ ધર્મયુકત જીવન, સાથે સાથે કર્મયોગી, પરિશ્રમવાળી જીવનચર્યા, આળસનું નામ નહિ.

ફઇબા ચૈત્ર-વૈશાખમાં અમારા ગામ ખાંભામાં આવે. સાવરકુંડલા એમનું સાસરું. ભર્યુંભાદર્યું એમનું કુટુંબ, સમૃદ્ધ હોવા છતાં સંયમીત જીવન, નિરાભિમાની, સરળતા અને સૌમ્યતાના ભાવો તેમના મુખારવિંદ પર રમતા રહે.

સવારે બે સામાયિક કરે, દરરોજ કાંઇક ને કાંઇક નવી વાનગી વડી, પાપડ, ચોળાફળી બનાવે. ગોદડા સીવી દે. રાત્રે પ્રતિક્રમણ કર્યા પછી સ્તવનો ગવરાવે અને અમને બધાં બાળકોને ભેગા કરી ધર્મપ્રેરક કથાવાર્તા સંભળાવે.

બપોરે અમે બહાર રમતા હોઇએ ત્યારે પકડીને ઘરમાં લાવે અને કહે કે બહુ તડકો છે, ટાઢે પહોરે રમજો, ચાલો...તમારી પરીક્ષા પૂરી થઇ હવે તમારા ચોપડા અને કપડાના કબાટ સાફ કરી ગોઠવો, સ્વચ્છતાના આગ્રહી, જયણા ધર્મ વિષે સમજાવે.

શિવકુંવરબેન થોડા'દિ રોકાવા આવ્યા છો તો આરામ કરો. જાણે કામ સાથે જ લેતા આવ્યા છો અને વધારામાં આ છોકરાવ સાથે માથાકુટ મારી બા કહેતા.

ભાભી, મનગમતા કામમાં તો થાક ઊતરી જાય. ફૈબા હસીને કહેતા.

અમારા માટે તો ફૈબાનું આગમન એટલે ઘર આંગણે ફૂટેલા વાત્સલ્ય વીરડાનું અમૃતપાન. ચૈત્રમાસમાં આંયબિલની ઓળી આવે. આયંબિલ તપમાં રસ વિનાનો લુખ્ખો આહાર દિવસમાં એક સમય જ લેવાનો હોય, ફઇબા નવે નવ દિવસનું વિધિસહ આયંબિલ તપ કરે. વારાફરતી અમને એકેક ભાંડરડાને એકેક આયંબિલ કરાવે. એક દિવસ ફૈબા સાથે હું ઉપાશ્રયની આયંબિલશાળામાં આયંબિલ કરવા ઘરેથી નીકળતો હતો. ફૈબા કહે તારી બચતપેટીમાંથી આઠાઆના સાથે લઇ લે. મને એમ કે વળતા કલીંગર કે એવો કાંઇ ભાગ લેવાનો હશે. આયંબિલ કર્યા પછી ફઇબાએ પોતાના બટવામાંથી એક રૂપિયાનો સિક્કો કાઢી ઉપાશ્રયની દાન પેટીમાં નાખ્યો અને મને કહ્યું કે પેલા આઠ આના આ પેટીમાં નાખી દે ! મેં તેમ કર્યું પછી મને કહ્યું કે આયંબિલશાળામાં આપણે જમ્યા એટલે કાંઇક દાન કરવું જોઇએ. વળી તપ સાથે ત્યાગનું મહત્ત્વ સમજાવ્યું.

ઉપાશ્રયનાં પગથિયાં ઉતરતા ફૈબાના વેવાઇ અમીચંદભાઇ મળી ગયા. દઢધર્મી શ્રાવક, ઉપાશ્રયની બાજુમાં જ રહે. ફઇબાને કહે કે, શિવકુંવરબેન ઓળી પૂરી થાય પછી એક દિ મારે ઘરે જમવાનું રાખો. ભાઇ, હું બધાંને મળવા ઘેર આવી જઇશ પણ જમવાનું નહિ બને. ફઇબાએ જવાબ આપ્યો, વિસ્મયથી અમીચંદભાઇ કહે કેમ ?

એક મહિના માટે મારે પચ્ચખાણ છે, મારે ત્રીજા ચૂલાનું ના ખપે. એક ચૂલો ભાઇના ઘરનો, બીજો ઉપાશ્રયની આંયબિલ શાળાનો, હવે ત્રીજા ચૂલાનું નહિ ખપે. આવતે વખતે આવીશ ત્યારે વાત.

આપણી સાંપ્રતજીવન શૈલીનું નિરીક્ષણ કરીએ ત્યારે વિચાર આવે કે દરરોજ આપણે કેટલા ચૂલાનું ખાઇએ છીએ ?

સવારે ઘરનું, બપોર પછી ઑફિસની ચા, સાંજે કોઇક હોટલમાં નાસ્તો, ક્યારેક રસ્તા પરનું, ક્યારેક માર્કેટની ગાદી પર આવેલી ભેળ. દરરોજ આપણે કેટલા ચૂલાનું ખાતા હશું ?

ફઇબા તો હવે હૈયાત નથી. કયારેક બીજીવાર બહારનું ખાવાનું બને ત્યારે ચૌક્કસ ફઇબાના શબ્દોના ભણકારા સંભળાય ભાઇ ! મારે ત્રીજા ચૂલાનું ના ખપે...!

## કષાય : આત્મગુણોને હરનાર ચોર

પૂનર્જન્મરૂપી સંસાર વૃક્ષના મૂળને સીંચન કરવાવાળા, ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો છે કષાયની ભૂમિમાં અંકુર ફૂટે છે અને એ વિષવેલી વિસ્તરે છે.

કષ + આય = કષાય કષ એટલે સંસાર આય એટલે વૃદ્ધિ જેના કારણે સંસારની વૃદ્ધિ થાય તે કષાય. જ્ઞાનીજનોએ કષાયને આત્મગુણોનો હણનાર કહ્યો છે. કષાય, ભાવમરણનું કારણ છે આત્મગુણોને હરનાર ચોર છે.

ક્રોધ, માન, માયા, લોભ એ ચારેની ચોર ચાલ, આતમગુણો સરકાવીને, પળમાં નાસી જાય !

આ ચાર કષાયોને સીફતથી આત્માનું ધન ચોરનાર ચાર ચોર કહ્યા છે.

માનવીય ગુણોનો પ્રથમ શત્રુ ક્રોધ છે. ક્રોધ શબ્દથી તો આપણે પરિચિત છીએ પરંતુ ક્રોધથી બીલકુલ અજાણ છીએ. કેટલીકવાર શબ્દોના પરિચયને સત્યનો પરિચય માનવાની આપણે ભૂલ કરી લેતા હોઇએ છીએ આ ભ્રમને કારણે આપણે ક્રોધ પરિચયથી વંચિત છીએ. ઘણીએ વાર આપણાં પર કોઇએ ક્રોધ કર્યો હશે, કેટલીએ વાર આપણે કોઇ પર ક્રોધ કર્યો હશે. ક્રોધથી આપણે એટલા બધાં નજીક હોઇએ છીએ. કયારેક ક્રોધમાં આપણે ડૂબી જઇએ છીએ એટલે જ દૂરથી તટસ્થ ભાવે આપણે ક્રોધને જાણી શકયા નથી. આપણી ક્રોધાગ્નિમાં બીજાને આપણે દઝાડયા હોય, એટલે એ ક્રોધને જાણે, પરંતુ આપણે આપણાં ક્રોધને જાણી શકયા નથી. ક્રોધમાં ભાન ભૂલી વૈરની ગાંઠ બાંધી લીધી તો દુર્ગતિ. આ ક્રોધ સામેવાળા કરતાં આપણને વધુ બાળે છે પરંતુ તે આપણી જાણની બહાર.

ભગવાન મહાવીરે કહ્યું છે ક્રોધની સામે ક્ષમા એ આત્મગુણોનો રક્ષણ કરનાર ચોકિયાત છે. ક્રોધ એ ઝેર છે, તો ક્ષમા એ સમતા અમૃત છે, કષાયોને ઉપશાંત કરનાર રસાયન છે. વિકૃતિ ક્રોધ છે તો આત્માની પ્રકૃતિ ક્ષમા છે.

ક્રોધને કારણે સાધુના જીવે ચંડકૌશિક સર્પ બનવું પડયું હતું.

સંજોગથી સ્વભાવ પર દષ્ટિ લઇ જઇશું તો નિમિત્તને દોષી નહીં ગણીએ અને કર્મોદયનો સ્વીકાર કરીશું એટલે ક્રોધમાંથી બચી શકીશું.

જીવનના ઉત્કૃષ્ટ ગુણોનો ખાત્મો બોલાવનાર બીજો કષાય માન છે. માન અને સ્વમાનને જુદી પાડતી રેખા બહુ પાતળી છે. સ્વમાન એટલે આત્મગૌરવ અને માન એટલે અહંકાર. શ્રીમદ્જીએ કહ્યું છે કે માન ન હોત તો અહીં જ મોક્ષ હોત, ઘણીવાર આપણી સૂક્ષ્મદષ્ટિ અને વિવેકના અભાવને કારણે સ્વમાન સમજીને માનને પોષતા હોઇએ છીએ.

અહંકારી માણસ ખિલખિલાટ હસી પણ ના શકે, તેમને સાચા મિત્રો ના હોય, હા.. ઘણા ખુશામતીયા હોય. માનવાળો માનવી એકદંડિયા મહેલનો નિવાસી હોય.

માનને કારણે રાવણની દુર્ગતિ થઇ. માનના વાદળોએ બાહુબલિના કેવળજ્ઞાન સૂર્ય આડે આવરણ કર્યું. અખાએ ચાબખા મારતાં કહ્યું કે,

મરતા પહેલાં જાને મરી, બાકી રહે તે શ્રી હરિ

તારા મૃત્યુ પહેલાં જો તારો અહ્મ મૃત્યુ પામે તો તું જ ભગવાન ! અહ્મ જતાં અર્હમ બનાય.

વ્હાલા ! તારો વળ જો જાય વછૂટી<br>
તો દેહ, તારું દેવળ બને રે લોલ...

વળ એટલે માન, અહીં સંપૂર્ણ અહંવિસર્જનની સાધનાની વાત કરી છે. અહંકાર વિનાની વ્યક્તિ મંદિર જેટલી જ પવિત્ર છે.

અહંકાર અને ભક્તિ સાથે રહી શકતા નથી. ઉત્તરાધ્યયનસૂત્રમાં ચરમ તીર્થંકરે કહ્યું છે કે માનને જીતવાથી જીવ માર્દવ કે મૃદુતાના ગુણોનું તેના જીવનમાં ઉપાર્જન કરી આત્માને ઉર્ધ્વગામી બનાવી શકે છે.

અહંકારનો અર્થ છે બધાં મને માન આપે, એ અન્યની આંખોમાં દેખાડવાની ચેષ્ટા કરનાર છે બીજાની આંખમાં હું વસું, અન્યની દષ્ટિનું હું કેન્દ્રસ્થાન બનું તેવી તૃષ્ણા, નિરાભિમાની પોતાની જાતને જોવાનો પુરુષાર્થ કરે છે. એ પામવાનો પુરુષાર્થ છે, વિનય નમ્રતા આત્મદર્શનના ઉપાય છે, ધર્મ વિનયમૂલક છે. વળી જે વિનયમાં, મોક્ષ અપાવાની તાકાત છે તે માન સન્માન તો અપાવે જ ને !

ત્રીજો કષાય માયા કે જે માનવના સરળતાના ગુણનો હાસ કરે છે.

સર્પ એક બાજુ શાંત પડેલો હોય છતાંય કોઇ તેના પર વિશ્વાસ રાખી તેને સ્પર્શ ન કરે, અરે તેની નજીક સુદ્ધાં ન જાય. જેમ સર્પ સમગ્ર માનવજાતનો વિશ્વાસ ગુમાવે છે, તેમ માયાવી માણસ સમગ્ર સ્નેહી અને પરિચિતજનોનો વિશ્વાસ ગુમાવી દે છે.

માયા એટલે જૂઠ, કૂડકપટ, દગો, છેતરપિંડી, છળકપટ વિશ્વાસઘાત, વગેરે પ્રમાદવશ થતાં કુકર્મો છે. જૂઠના સિંહાસન પર માયા રાજ કરે છે. કપટયુક્ત વ્યવહાર મૈત્રીનો નાશ કરે છે, જીવ શુભગતિનો નાશ કરી દુર્ગતિને નોતરે છે.

માયા વિશ્વાસઘાતના મહાપાપની જવાબદાર છે. માયાવી બની કમાયેલું ધન સુખ નહીં આપી શકે. માયાથી મેળવેલા હોદ્દાઓ, સત્તાઓ સાચી પ્રતિષ્ઠા નહીં આપી શકે. માયાની વિકૃતિ વ્યક્તિત્વને ઝાંખપ લગાડે છે. અન્યનો વિશ્વાસ સંપાદન ન કરી શકે. દુનિયાને છેતરનાર પોતાના આત્માને છેતરી રહી છે. માયાને જીતવાથી આર્જવતા અને સરળતાના ગુણનું ઉપાર્જન કરી શકાય છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે આત્મજાગૃતિ એટલે અપ્રમત્તદશા. પ્રમાદને કારણે માયા, અમરવેલની જેમ આત્મવૃક્ષ પર ભરડો લે છે. અમરવેલની શક્તિ અદ્દભુત હોય છે. તેને મૂળ હોતા નથી છતાં એ વૃક્ષ પર છાઇ વળે છે. પોતે લીલીછમ રહી વૃક્ષને ધીરે ધીરે સૂકવવા માંડે છે વૃક્ષનું શોષણ કરી જીવે છે. એટલે એ મરતી નથી. વૃક્ષના મૂળ, ભૂમિમાંથી જે પોષણ મેળવે છે એ અમરવેલ શોષી લે છે.

તૃષ્ણા અને પ્રમાદને કારણે માયા આત્મગુણોનો સંહાર કરે છે. લીલાલહેર કરતી માયા આપણને દુર્ગતિ તરફ ધકેલતી રહે છે.

આપણું ભાવમરણ થતું જાય છે અને માયા ખીલતી રહે છે. માયાનું આભાસી અને અદ્રશ્ય મૂળ હાથમાં આવવું મુશ્કેલ છે.

કલ્યાણમિત્ર ગુરુભગવંત જ અમરવેલ જેવી માયાથી બચાવી શકે.

ચોથો કષાય લોભ છે. જ્ઞાનીએ કહ્યું છે કે,
જેમ અક્ષયપાત્ર કદી ખાલી થતું નથી,
તેમ લોભપાત્ર કદી ભરાતું નથી !

પરિગ્રહ એ લોભનું સંતાન છે. પરિગ્રહમાં આસક્તિ-કર્મબંધનું કારણ બને છે. અઢળક સંપત્તિનાસ્વામી મમ્મણ શેઠની કૃપણતા - લોભીવૃત્તિ અને તેની પરિગ્રહમાં આસક્તિને કારણે દુર્ગતિ થઇ. જ્યારે આઢળક સંપત્તિના સ્વામી આનંદ શ્રાવકની ઉદારતા અને સંતોષવૃત્તિને કારણે દાનેશ્વરી બન્યા અને આત્માનું ઉત્થાન કર્યું.

કૃપણતા એક રોગ છે. કંજુસાઇને કરકસર તરીકે ઓળખાવવી તે આત્મવંચના છે.

તૃષ્ણા અનંત છે ભગવાન મહાવીર કહે કે, તને આખી પૃથ્વીનું સુવર્ણ મળી જાય આખી પૃથ્વી પર તારું આધિપત્ય સ્થપાય જાય, છતાંય તું તૃપ્ત થઇ શકીશ નહીં, કારણ તૃપ્તિનો સંબંધ બાહ્ય પદાર્થો પર નથી, અંતર દશા પર છે.

આ ભગવાન મહાવીરના શબ્દો છે. જેને અનુભવની એરણપર ચેતન રૂપ હથોડા ટીપાય છે. ભગવાનનો અનુભવ કહે છે. તેઓ એ રાજ્યના રાજા હતા. બધું જ હતું તેમની પાસે સ્વેચ્છાએ તમામ સંપત્તિનું દાન કરી દીધું પોતાનાં વસ્ત્રો સુદ્ધાનું દાન કરી દિંગબર બની વિહાર કરી ગયા. તેમણે બન્ને સ્થિતિને અનુભવ કર્યો છે. એક રાજ્યના રાજા તરીકેને અને બીજો ત્યાગી સંતરૂપે, અપરિગ્રહી સાધકદશાનો. બન્ને

સ્થિતિમાં તેઓ સમભાવી સમતાધારી હતાં. કારણ કે તેમને લોભ ન હતો. પરિગ્રહમાં આસક્તિ ન હતી.

ભગવાન કહે છે સમગ્ર જગતની સંપત્તિ તને મળી જાય છતાં અતૃપ્ત રહેવાનો. જ્યારે તું તને મળીશ ત્યારે જ પરમ તૃપ્તિને પામીશ. અહીં સ્વયં આત્મા સાથેના મિલનની વાતમાં અતંર્મુખ થવાનો સંકેત અભિપ્રેત છે.

લોભદશા આત્મામાં પ્રબળ બને, એટલે આત્મામાં મહાવિનાશકારી પાપોનો પ્રવેશ થાય છે. લોભ વિવિધ વ્યસનો પાસે પહોંચવાનો રાજમાર્ગ છે.. લોભ સર્વ પાપોનું આશ્રયસ્થાન અને સર્વ વિનાશનું વિશ્રામસ્થાન છે. દાનભાવના દ્વારા લોભદશા ઘટતી જાય છે. લોભ જીતવાથી સંતોષ ધન ઉપાર્જી શકાય છે.

ક્ષમા-પ્રીતિ, વિનય, વિશ્વાસ અને સંતોષની ગુણસમૃદ્ધિની ચોરી કરનાર, ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયચોરને, આત્મભૂમિમાંથી હાંકી કાઢવાની સાધના, તે જ કષાય મુક્તિ માટેનો સમ્યક્પુરુષાર્થ છે.

## આવતું વર્ષ કેવું જશે ?

દિવાળીનો દિવસ હતો, ધર્મસ્થાનકમાં સંતોના દર્શન કરી આશીર્વાદ લેવા આવતાં ભાવિકોનું આવાગમન સવારથી જ વધી ગયું હતું. નવલાં વસ્ત્ર પરિધાનમાં આબાલવૃદ્ધની વણઝાર ચાલુ હતી.

પાંત્રીશ વર્ષનો એક યુવાન તેના નવ વર્ષના બાળક સાથે ધર્મસ્થાનકમાં દાખલ થયો. સંતના દર્શન કરી પૂછયું. મહારાજ આવતું વર્ષ કેવું જશે ? અમે કાંઇ જ્યોતિષી નથી જેથી આવતા વર્ષની આગાહી કરી તમને કહી શકીએ, પરંતુ ગણિત અને વિજ્ઞાનની દષ્ટિએ કહી શકાય. સંતે જવાબ આપ્યો.

કઇ રીતે ? યુવકે પૂછયું.

સંત કહે, પહેલા તમે કહો કે તમે આવતું વર્ષ કેવું જશે એ તમારા માટે પૂછયું કે આખા દેશ માટે કે પછી આખી દુનિયા માટે.

દેશના દુનિયાની પંચાત આવા પર્વને દિવસે કોણ કરે હું તો મારી અને મારા પુત્રની વાત કરું છું.

સંત કહે તમે ગત વર્ષ જેવું જીવ્યા તેના પ્રત્યાઘાત રૂપે આવતું વર્ષ જવાનું છે. દાર્શનિક કર્મવિજ્ઞાનનો આ નિયમ છે.

લક્ષ્મીપૂજન વેળાએ માત્ર આપણી જ લક્ષ્મી ગુણકની ગતિએ વધ્યા કરે એ ભાવના ભાવીશું તો સમજ જે કે લક્ષ્મી ચંચળ છે નો નિયમ તને લાગુ પડશે. દિવાળીમાં માત્ર તું અને તારા પરિવારને નવાં કપડાં, મીઠાઇ અને હિલસ્ટેશન એવા નિતાંત સ્વાર્થમાંથી બહાર નીકળી કુટુંબ-પરિવારનો દરેક સભ્ય, સાધર્મિકો, નોકરચાકરનો પણ થોડો ખ્યાલ રાખીશ અને દરિદ્રનારાયણના હોઠ પર દીપાવલીનું સ્મિત ફરકે એવું કાર્ય કરીશ તો લક્ષ્મી મહાલક્ષ્મી બનશે અને સ્વંય ગુણકની ગતિએ આવતા વર્ષે તારે ત્યાં લક્ષ્મીજીનું પદાર્પણ થશે.

શાલિભદ્રની સમૃદ્ધિની ઝંખના સાથે તેના ત્યાગનું સ્મરણ કર. પૂર્વે કરેલાં દાનને કારણે શાલિભદ્રને ત્યાં રિદ્ધિસિદ્ધિએ માંડવા નાખ્યા હતા. શાલિભદ્ર અને મમ્મણ શેઠનું ચરિત્ર વાંચતા આપણને પ્રિય કોણ લાગે ? શાલિભદ્ર આપણો આદર્શ બની જાય.

અન્યાય, શોષણ, અનીતિ અને હિંસામય સાધનો દ્વારા મેળવેલી સંપત્તિ અને નફાની એન્ટ્રીઓ તારા ચોપડામાં પડે અને તેનું પૂજન તું કરે, આ વર્ષે મેળવેલી આવી સંપત્તિ આવતા વર્ષે તારું કલ્યાણ કઇ રીતે કરી શકે ? કર્મનું ગણિત સ્પષ્ટ છે.

પછી સંતે બાળક તરફ એક દૃષ્ટિ કરી કહ્યું : પર્વના આ દિવસોમાં ફટાકડા ફોડી સૂક્ષ્મ, માસુમ જીવોની હત્યા થાય, કોમળ જીવોને પારાવાર પીડા થાય, આવું થયા પછી એના બદલામાં આપણને સુખ કેમ મળે ?

માત્ર હું અને મારું છોડી વિશ્વકલ્યાણ ભાવના ભાવ્યા પછી માંગલિક શ્રવણ કરવા મંગલ થશે.

છેલ્લે કલ્યાણ મિત્ર ગુરુભગવંતે કહ્યું મન, વચન અને કાયાના યોગ વડે એવો કાર્યો કરજો કે, પ્રભુ મહાવીરે, દિવાળી આત્મપ્રકાશનું જ્યોતિપર્વ બનાવ્યું, એ પર પ્રકાશનું આપણાં સૌમાં અવતરણ થાય ગૌતમસ્વામીના કેવળજ્ઞાનની સ્મૃતિરૂપ ગૌતમ પ્રતિપદાના મંગલ પ્રભાતે આપણા જીવન નૂતનજ્ઞાનનો અભ્યુદય થાય, જીવન પરોપકારની પાવાપુરી, સમતા, સત્કર્મ એ સમકિતનું સમેતશિખર રચાય. તન અને મન આરોગ્ય સાથે આંતરસમૃદ્ધિમાં વૃદ્ધિ થાય.

કેટલીક ક્ષણો નીરવ શાંતિ પછી યુવકના મનમાં ચિંતનની ચિનગારી ચાંપી સંત પ્રસન્નમુદ્રામાં ધ્યાનસ્થ થયા.

# શ્રીમદ્ રાજચંદ્ર : અંતરંગ દશાની કથા

શ્રીમદ્ રાજચંદ્રજીનો જન્મ સંવત ૧૯૨૪ના કારતક પૂર્ણિમાને દિવસે સૌરાષ્ટ્રના મોરબી પાસેના વવાણિયા ગામે ભક્તિમય અને સંસ્કારી શ્રી રવજીભાઇ પંચાણભાઇ મહેતાના ધર્મપત્ની શ્રી દેવબાઇના કૂખે થયો હતો.

શ્રીમદ્જીનું હુલામણાનું નામ લક્ષ્મીનંદન હતું પાછળથી આ હુલામણું નામ બદલીને રાયચંદ પાડવામાં આવ્યું હતું. આગળ જતા તેઓ શ્રીમદ્ રાજચંદ્ર નામે સહુના આદરપાત્ર વિભૂતિ બની ગયા.

શ્રીમદ્ રાજચંદ્રના બાહ્ય વ્યાપારી ગૃહસ્થજીવન ઉપરથી તેમની અણિશુદ્ધ પ્રામાણિકતા જાણી શકાય. પરંતુ તેઓની આત્મિક આભ્યંતર દશાનો ખ્યાલ આવી શકે નહીં. તેમના અંગત જીવનવ્યાપાર અને આંતરિક દશા વિષે જાણવા માટે તેમણે જે પત્ર વ્યવહાર કર્યો છે અને જે સાહિત્ય સર્જન કર્યું છે તેનું ઊંડાણપૂર્વક ચિંતન - મનન કરવું રહ્યું.

આઠમા વર્ષે કવિતાનું સર્જન, શિક્ષણકાળમાં બળવતર સ્મૃતિ, કૃષ્ણભકત કુટુંબમાં જન્મ પરંતુ જૈનોના પ્રતિક્રમણ સૂત્રમાંનો ક્ષમાનો ભાવ તેમના અંતઃતલને સ્પર્શી ગયો અને જૈનદર્શન પ્રતિ રુચિ થઇ.

શ્રીમદ્જીની ઉંમર સાત વર્ષની હતી એ સમયે પોતાના ગામમાં અમીચંદભાઇ નામના એક ગૃહસ્થ ગુજરી ગયા. મરવું તે શું ? મૃતદેહને શા માટે બાળી દેવો ? આવા પોતાના મનમાં ઉઠેલા સવાલો પરથી ચિંતન કરતાં, ચિંતનના ઊંડાણમાં જતા તેમને જાતિસ્મરણ પ્રગટ થયું. જાતિસ્મરણ એટલે પોતાના પૂર્વભવોનું જ્ઞાન, મતિની નિર્મળતાને કારણે આ જ્ઞાન થાય છે. જૈન કથાનકોમાં ચંડકૌશિક, મેઘકુમાર વગેરેને ભગવાન મહાવીરના વચનોથી જાતિસ્મરણ થયાનો ઉલ્લેખ છે, આત્માના અસ્તિત્વનો બોધ થવા માટે જાતિસ્મરણ જ્ઞાન ઉપકારી સાધન છે. શ્રીમદ્જીના જીવનમાં આત્માના આધ્યાત્મિક વિકાસ માટે આ ઉપલબ્ધિ પારદર્શક બની હતી.

આત્માનો મૂળ ગુણ જ્ઞાન છે. જ્ઞાનશક્તિ એ એવી શક્તિ છે કે, આ જન્મથી બીજા જન્મમાં સાથે જઇ શકે છે પૂર્વ જન્મની આવી જ્ઞાનશક્તિને કારણે તેઓએ સાત વર્ષનો અભ્યાસક્રમ માત્ર બેજ વર્ષમાં પૂર્ણ કર્યો હતો.

૧૭ વર્ષની ઉમરમાં બ્રહ્મચર્ય વિષેની તેમની સમજણ કેટલી સ્પષ્ટ અને સમ્યક છે તેનો ખ્યાલ તેમણે રચેલી નીચેની કાવ્યપંક્તિ પરથી આવશે.

**નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,**
**ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન !**

હું ને પામવાની ઉત્કટ ઝંખનાને કારણે મુખ્ય બંધન સ્ત્રીનું લાગતું તેમને નિજી જીવનની અંતરંગ વાતો કહેવાના પાત્રોની દુર્લભતાનું દુઃખ હતું.

શ્રીમદ્દજી કુશળ અને પ્રામાણિક વેપારી હતા. તેમની સાથેના મોતી અને ઝવેરાતના સોદામાં એક આરબ વેપારીને અંગત મુશ્કેલી ઊભી થઇ. પોતાનો તમામ નફો જતો કરી શ્રીમદ્દજીએ તે વેપારીને માલ પરત કરી દીધો. એ આરબ વેપારી તેમને ખુદા સમાન માનતો હતો. શ્રીમદ્દજીએ એ વખતે એ વેપારી પાસે એવા ભાવ વ્યકત કર્યા હતા કે, રાયચંદ દૂધ પીએ છે, લોહી પી નથી શકતો. આ શબ્દો તેમની અંતઃકરણની આધ્યાત્મિક દશાના દર્શન કરાવે છે.

શ્રીમદ્દજીમાં અદ્દભુત અવધાનશક્તિ હતી. એક સાથે ઘણી વસ્તુઓ સ્મૃતિમાં રાખવાની શક્તિને અવધાનશક્તિ કહે છે. મુંબઇમાં તેમણે વિશિષ્ટ વ્યક્તિઓની હાજરીમાં કરેલા બાવન અવધાનથી પ્રભાવિત થઇ સમારંભમાં તેમનું સુવર્ણચંદ્રકથી બહુમાન થયેલું. તેમણે સો અવધાન સુધીના પ્રયોગો પણ કરેલા. તેમને આ પ્રયોગો બતાવવાનું ઇંગ્લાંડ તરફથી આમંત્રણ મળેલું, પરંતુ ભૌતિક સિદ્ધિઓથી નહિ આકર્ષાતા આ આમંત્રણનો વિનયપૂર્વક અસ્વીકાર કરેલો. આ પ્રસંગથી એ યોગાત્માની અલૌકિક પાત્રતાના આપણને દર્શન થાય છે.

શ્રીમદ્જી પ્રત્યે ઘણા મુમુક્ષુ, જિજ્ઞાસુ, સાધુચરિત ગૃહસ્થો, અને મુનિઓ આકર્ષાયા હતાં. લલ્લુજી મહારાજ, મુનિશ્રી દેવકરણજી ન્યાયાધીશ ધારશીભાઇ, શ્રી સૌભાગભાઇ, શ્રી જૂઠાભાઇ, શ્રી પોપટલાલ, શ્રી અંબાલાલ, શ્રી મનસુખભાઇ, શ્રી કૃષ્ણદાસ, શ્રી ત્રિભોવનભાઇ અને શ્રી પ્રાણજીવનદાસ વગેરે.

સંવત ૧૯૪૪માં પોપટલાલભાઇ મહેતાના સુપુત્રી ઝબકબાઇ સાથે શ્રીમદ્‌ના લગ્ન થયા હતાં. નિસ્પૃહી ગૃહસ્થાશ્રમનો આદર્શ તેમના જીવનમાં જણાતો હતો.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી શ્રીમદ્જીના ધર્મચિંતનથી ખૂબજ પ્રભાવિત થયેલા. ગાંધીજીએ કહ્યું હતું કે, શ્રીમદ્‌ના જીવન - કવનમાંથી દયા ધર્મનું મેં કૂંડા ભરીને પાન કર્યું છે.

શ્રીમદ્જીના સર્જનનું વિવિધ વર્ગીકરણ કરી શકાય.
મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો
સ્વતંત્ર કાવ્યો
મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિશાસ્ત્ર એ ત્રણ ગ્રંથો
સ્ત્રી નીતિબોધક ગરબાવળી, બોધવચન, વચનામૃત મહાનીતિ
પંચાસ્તિકાય ગ્રંથનું ગુજરાતી ભાષાંતર
શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાંથી ત્રણ ભાવનાઓનો અનુવાદ, સ્વરોદય જ્ઞાન, દ્રવ્યસંગ્રહ, આનંદઘનના સ્તવનોના અર્થ, દશવૈકાલિકની ગાથાઓનું ભાષાંતર
વેદાંત અને જૈન દર્શન સંબંધી નોંધો
ઉપદેશ નોંધ (મુમુક્ષુઓએ લીધેલી નોંધો)
ત્રણ હાથ નોંધો - આભ્યંતર પરિણામ અવલોકન વ.

શ્રીમદ્જીએ તેમના સર્જનમાં સદ્‌ગુરુનો મહિમા ઠેર ઠેર ગાયો છે. તેઓએ કોઇ ગચ્છ મત કે સંપ્રદાયની તરફેણ કરી નથી. પરંતુ આત્મધર્મની પ્રધાનતા બતાની છે. કોઇપણ ધર્મ વિશે ઘસાતું લખ્યું નથી. તેઓએ પર મત સહિષ્ણુતાને ચરિતાર્થ કરી હતી. ભકતશ્રી લઘુરાજસ્વામીએ તેમના પદોનો અનંત મહિમા કહ્યો છે. ભક્તિ - જ્ઞાન

અને ક્રિયાનો સુમેળ, નિશ્ચય અને વ્યવહારનો સમન્વય તેમના તત્ત્વચિંતનમાં નિખરે છે.

રાજકોટમાં સંવત ૧૯૫૭ના ચૈત્રવદ પાંચમના દિવસે શ્રીમદ્ રાજચંદ્રજી આ ક્ષેત્ર અને નાશવંત દેહનો ત્યાગ કરી ઉત્તમ ગતિને પામ્યા.

અલ્પ આયુષ્યમાં આત્માના અગોચર રહસ્યો છતાં કરી ચિરંતન કૃતિઓ દ્વારા આધ્યાત્મિક જગતને સમૃદ્ધ કરનાર શ્રીમદ્ રાજચંદ્ર, જ્ઞાની આત્મદશામાં રહેનાર પરમ વંદનીય દિવ્ય પુરુષ હતા. તેમણે જ રચેલી ગાથા દ્વારા તેમને ભાવપૂર્વક વંદન કરીએ.

**દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત**
**તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત**

# જ્ઞાન : શુધ્ધિપૂર્વકની બુધ્ધિનો વૈભવ

જ્ઞાન એટલે જાણવું. એક ડોકટર તેના તબીબીવિજ્ઞાનને લગતું જાણે તે, વકીલ કાયદા જાણે કે વેપારી તેના વેપારને લગતું જાણે તે વ્યાવહારિક જીવનમાં જ્ઞાન કહેવાય. વ્યાવહારિક જ્ઞાન આ ભવમાં સુખ સમૃદ્ધિ આપવા ઉપકારક નીવડી શકે પરંતુ આધ્યાત્મિક જ્ઞાન તો ભવપરંપરા સુધારી શકે. આત્માને જાણવા માટેનું વાચન શ્રવણ તે આધ્યાત્મિકજ્ઞાન કહેવાય. ઈન્દ્રિયોના માધ્યમ વડે આપણને જે જ્ઞાન થાય છે, અનુભવાય, જોવાય, સંભળાયું, સ્વાદનો અનુભવ થાય તેને વહેવારની અપેક્ષાએ આપણે પ્રત્યક્ષ જ્ઞાન કહીએ છીએ. દા. ત. મેં મારી સગી આંખે જોયું, મેં મારા સગા કાને સાંભળ્યું પરંતુ આ બધું ઈન્દ્રિયોના માધ્યમથી થયેલું જ્ઞાન એક અપેક્ષાએ પરોક્ષ કહી શકાય.

જેમ સૂર્ય આડે વાદળાં આવવાથી સૂર્યનો પૂર્ણ પ્રકાશ આપણે જોઈ શકતા નથી તેમ આત્મા પર કર્મનાં આવરણોને કારણે આપણને જ્ઞાન થતું નથી પરંતુ આ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી, પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠા મનના માધ્યમ વિના પણ કેટલુંક જ્ઞાન પ્રગટે છે. માત્ર આત્માથી આત્મા દ્વારા જે જ્ઞાન થાય તેને જ પ્રત્યક્ષજ્ઞાન કહેવાય.

જ્ઞાન અંતરની જડતા દૂર કરી, અજ્ઞાનના અંધારા ઉલેચી અને પ્રકાશ પ્રગટાવે છે. જીવનમાં શું સ્વીકારવા જેવું છે અને શું છોડવા જેવું છે તેની સાચી સમજણ આપે છે.

મતિ અને શ્રુતજ્ઞાન એ પરોક્ષજ્ઞાન છે જે સત્પુરૂષો પાસેથી સાંભળીને કે સતશાસ્ત્રો વાંચીને પ્રાપ્ત થાય છે. જાતિસ્મરણજ્ઞાન મતિની નિર્મળતાને કારણે થાય છે. આ જ્ઞાનને કારણે પૂર્વભાવો જ્ઞાનમાં ભણાય આ જ્ઞાન પ્રાથમિકદશામાં પરોક્ષ છે અને ઉત્કૃષ્ટદશામાં પ્રત્યક્ષ છે.

અવધિ, મન:પર્યવ અને કેવળજ્ઞાનનો આત્મા સાથે સીધો સબંધ છે. ઈન્દ્રિયો અને મનની સહાય વિનાનું આ જ્ઞાન અતીન્દ્રિય છે. અવધિજ્ઞાનમાં અમુક વિસ્તારની સીમા (અમુક કીલોમિટરની લિમિટ) માં જોઈ શકાય છે. સામા માણસના મનમાં શું વિચાર ચાલી રહ્યો છે તે મન:પર્યવજ્ઞાની જાણી શકાય છે.

સંતસમાગમ કે સતશાસ્ત્રના વાંચવાથી મેળવેલા જ્ઞાન પર ચિંતન કરવામાં આવે તો એ ચિંતાજ્ઞાનનું ભાવજ્ઞાનમાં રૂપાંતર થાય છે. વિચારમંથન પછીની અનુભૂતિ એ જ્ઞાનની પરાકાષ્ઠા છે. આ અનુભવજ્ઞાનને દાર્શનિક અપેક્ષાએ સાક્ષાત્કાર પણ કહી શકાય.

જ્ઞાનનું અજીર્ણ થાય તો પોતાની જાત માટે અને અન્ય માટે તિરસ્કાર ભાવ આવે અને એ પચે તો જ્ઞાનીના મનની વિચારધારા ચાલે કે જ્ઞાન તો સમુદ્ર જેટલું વિશાળ છે અને હું તો માત્ર આચમન જેટલું પણ મેળવી શકયો નથી. જ્ઞાન, જીવનમાં ઠરતું જાય તેમ તેમ વધુને વધુ પોતાની અજ્ઞાનતાનું ભાન કરાવશે. વર્ષોથી જ્ઞાન ઓળખવા આપણે મથામણ કરીએ છીએ પરંતુ અજ્ઞાન ઓળખવાનો પુરૂષાર્થ આપણા જ્ઞાનની ક્ષિતિજનો વિસ્તાર કરી દેશે. જે જીવનમાં ઉપશમભાવ સમત્વ અને મૈત્રી પ્રગટાવશે.

જ્ઞાનનું આચરણમાં પરિવર્તન થાય એજ જ્ઞાનની ફળશ્રુતિ, જ્ઞાન સહિતની ક્રિયા કર્મનિર્જરાનું કારણ બને છે.

સતપુરૂષોએ આત્મોદ્ધાર માટે જ્ઞાન અને ક્રિયાના સમન્વયને મહત્ત્વ આપ્યું છે. જેના જીવનમાં રાગ દ્વેષની પરિણતી મંદ થતી હોય તેને જ સાચો જ્ઞાની કહ્યો છે.

જ્ઞાનની આરાધના વખતે મા સરસ્વતીને પ્રાર્થના કરીએ કે ''મારી અવિદ્યાનો નાશ કરી મારામાં તત્ત્વદષ્ટિનું અંજન કરો, શુદ્ધિપૂર્વકની બુદ્ધિનો મને વૈભવ પ્રાપ્ત થાય, એકાંત દ્રષ્ટિના અંધાપામાંથી મને અનેકાંતની દિવ્યદ્રષ્ટિ પ્રાપ્ત થાય. ભ્રાંતિના

વિષયવૃક્ષોથી ઘટાટોપ જંગલમાં હું ભૂલો પડયો છું મને સમ્યક્જ્ઞાનના રાજમાર્ગ પ્રતિ દોરી જાવ.''

સદ્ગુરૂની પ્રાપ્તિ અને સત્શાસ્ત્રોના લાભ માટેની ઉપાસના લાભપંચમીને જ્ઞાનપંચમી બનાવી દેશે. સદ્ગુરૂની કૃપાથી મળેલી જ્ઞાનની એક ચિનગારી પર ચિંતન કરતાં કરતાં સહસ્ત્ર સૂર્ય જેવું દેદીપ્યમાન દિવ્યજ્ઞાન પ્રગટશે.

# ભગવાન મહાવીર : ચ્યવનથી જન્મકલ્યાણ સુધીની યાત્રા

## તીર્થંકરની માતાને આવેલાં સ્વપ્નાંઓ
## આત્મદશાના ઉત્કર્ષનો સંકેત કરે છે.

તીર્થંકર ભગવાનના જીવનની દિવ્યઘટનાઓને કલ્યાણક રૂપે ઓળખવામાં આવે છે. અષાઢ સુદ-૬ને દિવસે તીર્થંકર ભગવાન મહાવીરનું પૂર્વભવના દશમાં દેવલોકથી ચ્યવન થઇ માતાના ગર્ભમાં આવવું તેને ચ્યવનકલ્યાણ કહેવામાં આવે છે ચૈત્ર સુદ-૧૩ને દિવસે માતાના ગર્ભમાંથી પૃથ્વી પર જન્મ લે છે તેને જન્મ કલ્યાણ કહેવાય. આત્માના ઊર્ધ્વગામન માટે ઘર કુટુંબ, સંસાર, રાજ વૈભવ છોડી કારત વદ-૧૦ને દિને દીક્ષા અંગીકાર કરે છે તે દીક્ષાકલ્યાણક. વૈશાખ સુદ-૧૦ને દિને ગો-દોહ આસન, ધ્યાનસ્થ મુદ્રામાં ઋજુવાલિકા નદીને કિનારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે તેને કેવળ કલ્યાણક રૂપે આપણે ઉજવીએ છીએ આસો વદ અમાસના દિને સર્વકર્મની નિર્જરા કરી, અષ્ટકર્મના કાલીનાગ પર વિજય પ્રાપ્ત કરી સિદ્ધબુદ્ધ બની મોક્ષ પ્રાપ્ત કરે છે તે નિર્વાણ મહોત્સવને આપણે મોક્ષ કલ્યાણક રૂપે ઉજવીએ છીએ.

ચરમતીર્થંકર ભગવાન મહાવીરના જીવનની આ દિવ્ય અને અપૂર્વ ઘટનાઓ જગતના સર્વજીવો માટે કલ્યાણકારક હોવાથી તેને આપણે સૌ કલ્યાણક રૂપે ઉજવીએ છીએ.

આ પાંચે કલ્યાણકોના સમયે સમગ્રજગતના તમામ જીવો શાતા-શાંતિ અનુભવે છે. તીર્થંકરના પ્રચંડ પુણ્યોદયને કારણે કલ્યાણકોના સમયે, નર્કમાંના નારકીના જીવો જે સતત વેદના અને પીડાની અનુભૂતિ કરનારા છે તેને પણ એ ક્ષણ કલ્યાણરૂપ પરિણામી શાતા આપનારી બને છે.

ભગવાન મહાવીરના ચ્યવનથી જન્મસુધીની વિશિષ્ટ ઘટનાઓનું ચિંતન સ્વપરના કલ્યાણનું કારણ બની રહેશે.

આત્મસ્થિરતામાં નિમગ્ન ભગવાન મહાવીરનો આત્મા અષાઢ સુદ છઠની રાત્રિએ દેવલોકથી ચ્યવી, બ્રાહ્મણ નગરના ઋષભદ્દત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાં આવ્યો પ્રભુનો ગર્ભકાળ સાડાબ્યાસી રાત્રિનો થયો અને દેવાનંદાની કુક્ષિમાંથી પ્રભુમહાવીરના આત્માને લઇ ત્રિશલાદેવીની કુક્ષિમાં મૂકયો અને ત્રિશલાદેવીની કૂખે પુત્રીરૂપે જે ગર્ભ હતો તેને દેવનંદાની કૂખે મુકયો આમ, હિરણ્યગમૈષી દેવતાએ બન્ને માતાઓને અવસ્વાપિની નિદ્રા મૂકી ગર્ભનું સંહરણ કરી લીધું.

આ સમયે દેવાનંદાને સ્વપ્ન આવ્યું કે તેનાં બહુમૂલ્ય રત્નનો દાબડો ચોરાઇ રહ્યો છે. પૂર્વભવમાં ત્રિશલા અને દેવાનંદા દેરાણી જેઠાણી હતા. દેવાનંદાએ ઇર્ષાવશ ત્રિશલાનો રત્નનો દાબડો ચોરી લીધો હતો. આ કર્મોદયના ફળસ્વરૂપે રત્ન જેવા દીકરાનું ગર્ભમાંથી સંહરણ થયું અને તીર્થંકરની માતા બનવાનું સૌભાગ્ય ગયું.

આ ઘટનાને દંતકથા રૂપે ન લેતા તેને કર્મવિજ્ઞાન અને આધુનિક તબીબી વિજ્ઞાનને સંદર્ભે તપાસવા જેવી છે. ટેસ્ટ ટ્યુબ બેબી દ્વારા ગર્ભમાંના બાળકનો વિકાસ આ વાતને પુષ્ટિ આપે છે.

પાછલી રાત્રિએ ત્રિશલારાણીએ તેજસ્વી ચૌદ સ્વપ્નો જોયાં. ઊંઘમાંથી જાગીને મંદગતિથી ત્રિશલારાણી સિદ્ધાર્થ રાજાનાશયન ભવનમાં ગયા એ વાત પતિ પત્નીના સદાચારમય મર્યાદાશીલ જીવનની સાબિતી આપે છે. રાજાને અભિવાદન કરી સ્નેહથી સ્વપ્નની વાત કરી. એ વાત પ્રસન્નદામ્પત્ય જીવનમાં મધુરતા અને વિવેક અભિપ્રેત છે તેનું દર્શન કરાવે છે.

સિદ્ધાર્થ સત્પુરુષ હતા તેમણે કહ્યું દેવી આજે તમે રત્નકુક્ષિ બની ગયા. તમારી કૂખે કોઇ મહાન આત્મા આવ્યો છે. વધુ નથી જાણતો પણ આ ચોવીશીના પરમ અને ચરમ તીર્થંકર પ્રગટ થવાનો સમય પાકી ગયો છે. બની શકે કે એ મહાન આત્મા તમારે ઉદરે આવ્યો હોય ! ભાવિ તીર્થંકરની માતાને મારા પ્રણામ હો !

સ્ત્રીદાક્ષિણ્ય અને સ્ત્રીસન્માનની ભાવનાને ચરિતાર્થ કરતો આ સંવાદ છે.

બત્રીશ દોષરહિત ગર્ભનું પાલન કરનાર માતા પરાક્રમી, વીર અને દિવ્ય મહાપુરુષને જન્મ આપી શકે છે. આ આદર્શદંપતીમાં આવા સઘળા ગુણો અભિપ્રેત હતા.

જૈનદર્શનમાં આત્મવિકાસના તબક્કાને ૧૪ ગુણસ્થાનકના સંદર્ભે નિર્દેશવામાં આવ્યા છે ત્રિશલારાણીને આવેલાં ૧૪ સ્વપ્નો અદ્‌ભુત છે. આત્મવિકાસની શ્રેણીમાં જે ચૌદ ભૂમિકા છે તેમાંથી દરેક આત્માએ પસાર થવાનું છે આ ભૂમિકાનો સંકેત ચૌદ સ્વપ્નામાં મળી રહે છે.

રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવ્યા અને સ્વપ્નાની દરેક હકીકત જણાવી સ્વપ્ન શાસ્ત્રીઓએ આનંદિત થઇ સ્વપ્નાનું પૃથકકરણ કર્યું.

ત્રિશલાદેવીએ સ્વપ્નમાં સિંહ જોયો તેનો અર્થ બતાવતા સ્વપ્નશાસ્ત્રીઓએ કહ્યું કે સિંહ વીરતાનું પ્રતીક છે. તમારો પુત્ર જગતમાં અજોડ શૂરવીર થશે જે સ્વરૂપ શુદ્ધિનો પુરુષાર્થ પ્રગટ કરશે. સ્વપ્નમાંનો હાથી અચલતા અને અડોલતાનું પ્રતીક છે. ઉપસર્ગો અને પરિષહોમાં અડોલ રહેશે, સ્વપ્નમાંનો વૃષભ-બળદ દઢતાનું પ્રતીક છે ગુણસ્થાનકના સ્પર્શ દ્વારા પ્રગટતા ગુણોનો સંકેત વૃષભના સ્વપ્નથી મળે છે.

શત શત પાખંડીઓ પર બેઠેલા લક્ષ્મીનું સ્વપ્નદર્શન, આ આત્મા શાશ્વત આત્મલક્ષ્મીનો સ્વામી થશે તેનું દર્શન કરાવે છે. સ્વપ્નમાંની બે વિજયમાળાનો સંકેત છે કે આ આત્મા, ઘાતી તથા અઘાતી બન્ને પ્રકારનાં કર્મો સાથે વિજય મેળવી આંતર જગતના દુષ્મનોને પરાજિત કરી અરિહંત બનશે. ચંદ્ર-સૌમ્યતા, શાંતતા અને શીતળતાનું પ્રતીક છે. ઉગતા સૂરજની પ્રીત આત્મોકર્ષ બતાવે છે. વિભાસ્કર સમ સૂર્યબિંબ અપ્રમત પરમાર્થી સંતના આંતરભાવનું પ્રતીક છે સ્વપ્નમાંનો ધ્વજ, ધર્મક્રાંતિનો ધ્વજ લહેરાવનાર પૂર્વકરણોને પરિશુદ્ધ કરી દશે દિશામાં કીર્તિ ફેલાવનાર આત્માનો સંકેત કરે છે. કળશ ઉત્તમ સૌભાગ્યનું પ્રતીક છે. આત્માનુશાસનની સુર્વણપ્રભા પ્રસરાવવાનો નવમા ગુણસ્થાનનો ઉલ્લાસભાવ સુર્વણકળશ પ્રગટ કરે છે.

પદ્મસરોવર નિર્લેપભાવનો સંકેત કરે છે ચતુર્વિધસંઘની પ્રવૃત્તિઓ છતાં અંતરદશાની નિર્લેપતા જળમાં કમળ જેવી જે આત્માની હોય તેજ અરિહંતપદને પ્રાપ્ત કરે છે તે વાતનો સંકેત કરે છે.

સ્વપ્નમાં સાગરની ગર્જના કર્મશત્રુઓ પરના વિજયના પ્રતીક સમાન છે. પ્રશમતા અને ક્ષીરસાગર દ્વારા અનુપમ જગવાત્સલ્યના પ્રેમરાશિનું અગિયારમા ગુણસ્થાનનું દર્શન કરાવે છે.

દેવવિમાન આત્મોત્થાનનું પ્રતીક છે. સ્વપ્નામાં અમૂલ્ય રત્નરાશિનું દર્શન, કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્રરૂપ ત્રિરત્નને પામવાનો સંકેત કરે છે. સ્વપ્નમાં ધૂમ્રહીન અગ્નિજવાળા, અમાપસામર્થ્ય, પુરુષાર્થ અને સહિષ્ણુતા દ્વારા મુકત દશા પ્રત્યે પ્રયાણ કરતા ચૌદમા ગુણ સ્થાન અયોગી કેવળી અવસ્થાનો સંકેત કરે છે.

મુનિશ્રી સંતબાલજી કહે છે કે આત્માની ભાવદશાનો ગુણસ્થાનકના સંદર્ભે આત્મોત્કર્ષનો સંકેત આ ૧૪ દિવ્ય સ્વપ્નોમાંથી આપણને મળે છે.

માતાને પીડા ના થાય એ માટે ગર્ભમાં ભગવાન મહાવીરે હલનચલન બંધ કર્યું. ગર્ભ ગલન આદિના અનુમાનથી માતા ચિંતામાં પડી ગયાં. અવાધિજ્ઞાનથી પ્રભુએ જાણ્યું ત્યારે પુનઃહલનચલન શરૂ કર્યું અહીં આપણને માતૃભકત મહાવીરનાં દર્શન થાય છે. ભગવાનનો જન્મોત્સવ ઉજવવા ભગવાન ઇન્દ્ર મેરૂ પર્વત પર એક હજાર આઠ ઘડાનો અભિષેક કરવા સંકલ્પ કરે છે, ત્યારે ઇન્દ્રને શંકા થાય છે કે આ કોમળ બાળક આટલા ઘડાનો અભિષેક ઝીલી શકશે ? ત્યારે ભગવાન અંગૂઠાથી મેરૂપર્વતને હલાવી ઇન્દ્રને નિશ્ચિંત કરે છે. આમ, ભગવાનના ચ્યવનથી જન્મકલ્યાણ સુધીની વિશિષ્ઠ ઘટનાઓ તેઓના સુલક્ષણનું દિવ્યદર્શન કરાવે છે.

# જૈનધર્મમાં આરોગ્યની સંગીન વિચારણા

માનવીના જીવનમાં આરોગ્યને ઘણું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પહેલું સુખ તે જાતે નર્યા, એ ઉક્તિ આરોગ્ય માનવીનું સૌથી પ્રથમ સુખ મનાયું છે, એ વાતનું સમર્થન કરે છે. આરોગ્યનો પ્રશ્ન જીવન સાથે સતત સંકળાયેલો છે.

તબીબો અને વૈદ્યો માનવીના શરીરનો અભ્યાસ કરી તેના શરીર અને જીવનના ફેરફારોનું નિરીક્ષણ કરી અને રોગની ચિકિત્સા અને ઉપચાર કરે છે.

મનોવૈજ્ઞાનિકો મનોચિકિત્સકો માનવીના મનની દશાનો અભ્યાસ કરી તેનું પૃથ્થકરણ કરી કેટલાંક તારણો કાઢે છે. મનોચિકિત્સકો દૈહિક અને મનોદૈહિક રોગોનો પોતાની કાર્યપદ્ધતિ દ્વારા ઉપચાર કરે છે. કોઇપણ શારીરિક રોગ માનસિક રુગ્ણતા સાથે સંબંધ ધરાવે છે. વૈદ્યો અને તબીબો મન અને શરીરશુદ્ધિ સુધીના મર્યાદિત ઉપચાર કરે છે.

જ્યારે જૈનદાર્શનિકોએ શરીરશુદ્ધિમાં અટકયા વિના આત્મશુદ્ધિની ઉપચાર પ્રક્રિયાને અનિવાર્યપણે જોડી દીધી છે. કારણ કે તે તો ભવરોગ નિવારવાવાળા પરત વૈદ્યરાજ છે.

જૈનધર્મમાં અલગ રીતે કોઇ શરીરશાસ્ત્ર કે આરોગ્યશાસ્ત્રનો વિકાસ થયો નથી. કારણ કે જૈનદર્શન શરીરમાં નહીં, આત્મામાં માનનારું દર્શન છે. અહીં આત્માના વિકાસમાં સહયોગી બને તેવા શરીરનું મહત્ત્વ છે.

અધ્યાત્મ અને આરોગ્ય અલગ નથી, માટે જૈનધર્મ સાહિત્યમાં આડકતરી રીતે આરોગ્યચિંતન વ્યકત થતું જોવા મળે છે.

જૈનધર્મનાં વ્રતો આરોગ્યને પુષ્ટિ કરનારા હોય છે. ધાર્મિક અનુષ્ઠાનો પણ માનસિક અને શારીરિક રોગને દૂર કરી તન અને મનને નિર્મળતા દેનારા છે.

જૈન ધર્મમાં શુ ખાવું, કેટલું ખાવું અને કયા સમયે ખાવુંની વિશદ વિચારણા છે. તપને કર્મનિર્જરાના સાધન રૂપે સ્વીકાર્યું છે, છતાં બાહ્ય અને અભ્યંતર તપનું

આરોગ્યની દષ્ટિએ ઘણું જ મહત્ત્વ છે અને તેના વધારાના ફાયદા મળે છે. આ તપથી કેટલાક શારીરિક અને માનસિક રોગો દૂર થાય છે. વ્યસનમાંથી મુક્તિ મળે છે. ધ્યાનથી વીલપાવર વધે છે. વધુ પડતી ચંચળતા વીવરીંગ માઇન્ડ હોય તો તેમાં સ્થિરતા લાવે છે અને નિર્ણયશક્તિ વધે છે.

ઉપવાસ દરમિયાન ભોજન ન લેવાથી સમગ્ર પાચનતંત્રને પાચનક્રિયાના કાર્યમાંથી મુક્તિ મળવાથી પાચનતંત્રમાં શુદ્ધિ કાર્ય આરંભાય છે અને આખા શરીરમાં સ્વશુદ્ધિકરણની પ્રક્રિયા થાય છે. શરીરમાં કોઇ જગ્યાએ વિષ દ્રવ્યોનો જમાવ થયેલો હોય તો તે ઉપવાસ દરમ્યાન ઓટોલિસીસની પ્રક્રિયા દ્વારા વિસર્જિત થવા માંડે છે. તેમનામાં રહેલા ઉપયોગી ભાગ શરીરના મહત્ત્વનાં અંગો હૃદય, મગજ વગેરેને પોષણ આપવાના કામમાં આવે છે. ઝેર શરીરમાંથી બહાર ફેંકાય છે. ગાંઠો અને ઓછી ઉપયોગી પેશીઓનું વિસર્જન થાય શરીર નિર્મળ અને નિરોગી બને છે.

જૈન સાધનાપદ્ધતિમાં ત્રિદંડની વાત આવે છે. મનોદંડ, વચનદંડ અને કાયદંડ એમાં કાયાને પણ એક દંડ ગણી તેને સાધી લેવાની વાત કહી. ધર્મસાધના માટે કાયા પણ એક સાધન છે તો તેની ઉપેક્ષા કેમ ચાલે ? તેની અવગણના કરવાથી તો અનિષ્ટ થશે. કારણ કે મન, વચન અને કાયાનો આધ્યાત્મિકસાધના સાથે ઊંડો સંબંધ છે.

ભગવાન મહાવીરે અનેક પ્રકારના સંયમ બતાવ્યા છે તેમાં છ પ્રકારના સંયમ આરોગ્યની દષ્ટિએ ખૂબ મહત્ત્વના છે. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા અને મનનો સંયમ. આ છ પ્રકારના સંયમો જીવનશક્તિનું રક્ષણ અને સંવર્ધન કરનારાં પરિબળો છે જે આરોગ્યવર્ધક પણ છે.

શરીરવિજ્ઞાન સ્થૂળજગતનો વિષય છે, કારણ કે શરીર સ્થૂળ છે. તેનાથી આગળ આગળ વધીએ તો સૂક્ષ્મ જગત છે. જેમનામાં વિષય સાથે સંબંધ ધરાવે છે. મન શરીર કરતાં સૂક્ષ્મ છે. મનોવિજ્ઞાન દ્વારા આપણે તેને પણ પકડી શકીએ છીએ. તેમાં આગળ વધીએ તો એક અત્યંત સૂક્ષ્મ ભાવજગત છે. ભાવનું જગત સૂક્ષ્મતમ હોવાથી તેને પકડવું મુશ્કેલ છે.

શરીરની રુગ્ણતાનાં કારણો તબીબો જાણી શકે છે. માનસિક રોગોને મનોચિકિત્સકો પકડી શકે છે. મન શરીરને પ્રભાવિત કરે છે. તેનો અભ્યાસ થતા મનોકાયિક રોગનો સ્વીકાર થયો અને તબીબીવિજ્ઞાનમાં તેની ચિકિત્સાપદ્ધતિ અને ઉપચારપદ્ધતિના અભ્યાસ અને વિકાસની શરૂઆત થઇ.

ભાવ આપણા આરોગ્યને પ્રભાવિત કરે છે. એ ખ્યાલ હજી પણ સ્પષ્ટ નથી. તેનું કારણ છે કે આપણે મન અને ભાવને એક જ સમજી લીધા છે. ભાવ અને મનના ભેદની એક પાતળી રેખાને ઓળખવી પડશે. ભાવ એ જીવનું સ્વરૂપ છે. ભાવ કર્મના ઉદય-વિલયથી પેદા થાય છે જે સ્વભાવતઃ ચાલતો રહે છે. આમ, કર્મનો આરોગ્ય *સાથે સંબંધ સ્થાપિત થાય છે. ભાવનાની વિશુદ્ધિ, શુભચિંતન, સંવેગ, લેશ્યા* આભામંડળ પુરુષાર્થ આ બધાં પરિબળો ભાવ જગત સાથે સંકળાયેલાં છે, જેનો આરોગ્ય સાથે સંબંધ છે.

સમયના સાંપ્રતપ્રવાહમાં એક એવી માન્યતા પ્રચલિત છે કે બૌદ્ધિકવિકાસ અને માનસિક વિકાસ એક જ છે. ખરેખર આ બંને વચ્ચે પણ એક સૂક્ષ્મ અને પાતળી રેખા છે. વળી ભાવાત્મક વિકાસ તો આ બંનેથી પણ ભિન્ન છે.

આત્માનું ચિંતન કરનારા જૈનદાર્શનિકો અને પૂર્વાચાર્યોએ ભાવનાને ખૂબ જ પ્રાધાન્ય આપ્યું છે. ક્રોધ, મદ, માયા, લોભ, ઇર્ષા, ભય, ઘૃણા, વાસના આ બધી આપણી ભાવનાઓ છે. જેવા ભાવ હશે તેવો ભવ થશે. મન મૂળ નથી, મૂળ તો ભાવ છે. આપણા સમગ્ર અસ્તિત્વનું આપણી અંતરંગચેતનાનું પ્રતિનિધિત્વ કરનારું શક્તિશાળી તત્ત્વ એ ભાવ છે.

તનને રુક્ષ કરનાર, મનને દૂષિત કરનાર આત્માને કર્મરોગથી ઘેરી લેનાર આ કષાયોથી મુકત થવાની પ્રક્રિયા ભવરોગ નિવારનાર આ પરમ વૈદ્યોએ બતાવી છે.

સ્થૂળ વિજ્ઞાનની દષ્ટિએ વિચારીએ તો તન-મનની સ્વસ્થતાનો આધાર પોષક આહાર છે. એ રીતે વિચારીએ તો પરમ તીર્થંકર ભગવાન મહાવીર કદી સ્વસ્થ રહી શકે જ નહીં. કારણ કે તેમણે તેમના સાડાબાર વર્ષના સાધનાકાળમાં પોષક આહાર

લીધો જ ન હતો, ઉપવાસ અને નિર્જળા ઉપવાસ, પારણામાં પણ જે લુખું સુક્કું મળી જાય તેનાથી જ ચલાવી લેતા. પોષક તત્ત્વો ન લેવા છતાં તેઓ તન, મન અને ભાવથી તદ્દન સ્વસ્થ રહ્યાં હતા.

શરીરવિજ્ઞાન કહે છે કે આપણું શરીર ઘણાં બધાં પોષક તત્ત્વો સ્વયં શરીરમાંથી પેદા કરી લે છે. આ પ્રક્રિયાને બીજા સંદર્ભે તપાસીએ તો એ સત્ય સુધી આપણે પહોંચી શકીએ કે જે વ્યક્તિનું ભાવતંત્ર વિશુદ્ધ છે, તે પોતાને જરૂરી તત્ત્વોનું સ્વયં સર્જન કરી લે છે. ભગવાન મહાવીરની છ માસની નિર્જળા ઉપવાસની દીર્ઘ તપસ્યા હોવા છતાં આવા જ કારણસર સ્વસ્થ રહી શક્યા.

વર્તમાનમાં જૈનસાધુજીએ એક વર્ષ સુધીના ઉપવાસ કર્યા, કેટલાંક શ્રાવક, શ્રાવિકાઓએ માસક્ષમણ (૩૦ દિવસના ઉપવાસ) થી માંડીને છ માસ સુધીના ઉપવાસની તપશ્ચર્યા કરી છે.

કેટલાક સંતોએ આશ અને છાશની પરાશથી એક એક વર્ષ સુધીની તપશ્ચર્યા કરી છે.

રાજસ્થાનના મેવાડપ્રદેશમાં છાશને ગરમ કરે અને તેની ઉપર જે પાણી આવે તેને આશનું પાણી કહે છે. એક સાધ્વીજીએ માત્ર આશનું પાણી લઇ એક વર્ષ સુધી તપશ્ચર્યા કરી. સૌરાષ્ટ્રમાં તપસમ્રાટ નામે પ્રસિદ્ધ જૈન સાધુજીએ છાશની પરાશના ઉપયોગ દ્વારા વર્ષો સુધી તપશ્ચર્યા કરેલી.

જ્યારે ભાવતંત્ર શક્તિશાળી બની જાય ત્યારે ભીતરથી શક્તિના સ્રોતનું સર્જન થાય છે.

આપણે બહારની બાબતોને મુખ્ય ગણી રોગનું મૂળ શોધવાનો પ્રયાસ કરીએ છીએ. મન અને ભાવની અવગણના કરીએ છીએ. મનની પવિત્રતામાં રોગપ્રતિકારક શક્તિ ઉત્પન્ન કરવાની ક્ષમતા છે. ભાવોની પવિત્રતા, લેશ્યાની પવિત્રતા, અધ્યવસાયની પવિત્રતા અને કષાયોની ઉપશાંતિમાં રોગનો નાશ કરી તન-મનમાં આરોગ્યની સ્થાપના કરવાની પ્રચંડ તાકાત રહેલી છે.

# જૈનધર્મ પર્યાવરણ સંતુલનપોષક છે

જૈનધર્મનાં વ્રતો, નિયમો અને સૂત્ર-સિદ્ધાંતો ધર્મની પુષ્ટિ કરનારાં છે સાથે સાથે પર્યાવરણની સંતુલના માટે સહાયક છે એ વિષય પર ચિંતન કરીશું તો જૈનધર્મ વૈજ્ઞાનિક છે તેની પ્રતીતિ થશે.

સમયના સાંપ્રતપ્રવાહમાં પ્રદૂષણ સમસ્યા એક વિકરાળ રાક્ષસ સ્વરૂપે આપણા આંગણામાં આવીને ઊભી છે, જાણે વિકાસની હરણફાળ પર એક મસ મોટું પ્રશ્નાર્થ ચિહ્ન મુકાઇ ગયું છે !

સૃષ્ટિની સમગ્ર પ્રકૃતિ તાલબદ્ધ ચાલી રહી છે. સૃષ્ટિના તમામ પદાર્થો માનવી માટે જ સર્જાયા છે, આવા ખોટા ખ્યાલને કારણે ઉપભોક્તા સંસ્કૃતિનો ઉદ્‌ભવ થયો. માનવીય જરૂરિયાતો વધી તેથી ઉત્પાદન વધારવાની જરૂર પડી. વિવેકહીન વૈજ્ઞાનિક પ્રગતિ, અસંયમ અને કુદરતી સાધનોના શોષણ દ્વારા માનવીએ પ્રકૃતિ પર આક્રમણ કર્યું.

જૈનધર્મે સંયમ, અહિંસા, અને અપરિગ્રહના સિદ્ધાંતોની પ્રરૂપણા કરી છે જે સિદ્ધાંતો પર્યાવરણના સંતુલન માટે સહાયક બને છે.

ભોગલક્ષી જીવનશૈલીની સામે ભગવાનમહાવીરે ત્યાગ અને સંયમની વાત કરી. જીવનમાં સંયમ આવશે તો ઉપભોક્તા વૃત્તિ પાતળી પડશે. દિવસમાં એક બાલદી પાણીથી ચાલી શકતું હોય તો વધુ પાણી ન વાપરવું.

પર્યાવરણના સંદર્ભે અહિંસા વિશે વિચાર કરીશું તો જણાશે કે ભગવાન મહાવીરે સત્યનો સાક્ષાત્કાર કર્યો હતો, એ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી તેમણે કહ્યું કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ દરેકમાં જીવ છે, આ દરેકને સ્વતંત્ર સત્તા છે, તેઓ કોઇકના માટે નથી બન્યા. આ પાંચ તત્ત્વોમાં સ્થિર રહેનારા જીવોના અસ્તિત્વનો સ્વીકાર કરી આ સૂક્ષ્મ જીવોની હિંસાથી બચવા જૈનદર્શને ઊંડું ચિંતન

કર્યું છે. પાણી, વાયુ, માટી, વૃક્ષો અને પ્રાણીઓ આ તમામ મળી પર્યાવરણ અથવા વાતાવરણને રચે છે. આ તમામ ઘટકોનું પરસ્પર સંતુલન ન જળવાય તો પ્રદૂષણ ઉત્પન્ન થાય છે, માનવજીવન પર પર્યાવરણ સંકટ આવી પડે છે.

જૈનધર્મ એક સજીવ તત્ત્વ રૂપે સ્વીકારે છે તેમાં અપકાયના સ્થાવર જીવો પણ હોય છે, પાણીના આશ્રયમાં વનસ્પતિકાયના સ્થિર-સ્થાવર જીવો તેમજ ત્રસકાયના એટલે હાલતા-ચાલતા જીવો ઉછેર પામતા હોય છે. જળપ્રદૂષણથી પાણીમાંની વનસ્પતિ અને હજારો પ્રકારના જળચર જીવોની હિંસા થાય છે. ઇરાન-ઇરાકના ખાડી યુદ્ધના તેલ-કચરા દ્વારા સમુદ્રમાં ભયંકર જળપ્રદૂષણ થયું, પાણીમાંના અસંખ્ય જીવોની હિંસા તો થઇ ઉપરાંત માનવજાતે પણ ખૂબ સહન કરવું પડ્યું.

જમીન પર કબજો એ સામ્રાજ્ય વધારવાનો પરિગ્રહ, સત્તા અને મૂડીનું કેન્દ્રીકરણ હિંસા વધારનારુ છે. તેની સામે અપરિગ્રહના સિદ્ધાંતમાં સંયમ અને ત્યાગ અભિપ્રેત છે.

હિરોશીમા-નાગાસાકી પર થયેલા બૉમ્બવિસ્ફોટને કારણે તાપમાન (ટેમ્પરેચર) એટલું વધી ગયું કે (અલ્ફા, બીટા, ગામા) રેડીએશનને કારણે કેન્સર જેવા રોગો થયા, જિન્સને અસર થઇ જેથી રોગો વારસામાં આવ્યા, પ્રદૂષણને કારણે એ સમયે એસિડનો વરસાદ થયો અને હજારો માણસો માર્યા ગયા ને એ અસરથી લાખો અપંગ બન્યા, માતાના ગર્ભમાં રહેલાં બાળકો પણ અપંગ અવતર્યાં.

અમેરિકાની સામ્રાજ્યવાદની ઘેલછાએ વિશ્વને યુદ્ધસર્જિત પ્રદૂષણનું તાંડવનૃત્ય બતાવ્યું છે. વિવેકહીન ઉપભોગ અને સ્પર્ધાને કારણે ઉત્પાદન વધારવાની આંધળી દોટમાં મહાકાય કારખાનાં પાણીનો વ્યાપક ઉપયોગ કરે છે. દિલ્હીની યમુના નદી અને ઇંગ્લેન્ડની ટેમ્સ નદી વગેરે નદીઓ પ્રદૂષિત થઇ રહી છે.

દરેક જીવને જીવવાનો અધિકાર છે. આપણે એનું જીવન છીનવી શકીએ નહિં એટલે માંસાહારનો જૈનધર્મ નિષેધ કરે છે.

આઇસક્રીમ બનાવનારી અમેરિકાની એક બહુ મોટીકંપનીના માલિક જહોન રોબિન્સે લખેલા પુસ્તક ડાયેટ ફોર ન્યુ અમેરિકામાં જણાવ્યું છે કે માંસાહારીઓને કારણે અમેરિકામાં કુદરતી સંપત્તિ, ઊર્જા, પાણી અને વનસ્પતિઓનો જે ભયંકર દુર્વ્યય થાય છે તેના પ્રદૂષણને કારણે પર્યાવરણની અસંતુલિતતા ઉદ્ભવી છે.

લેખકના મતે માત્ર એક પાઉન્ડ બીફ પેદા કરવા માટે સોળ પાઉન્ડ અનાજ અને સોયાબીન, પચ્ચીસો ગેલન પાણી અને એક ગેલન પેટ્રોલ વપરાય છે. અમેરિકામાં ઘર વપરાશથી લઇને ખેતી અને કારખાનામાં બધું મળીને જેટલું પાણી વપરાય છે તેટલું પાણી માંસ માટે ઉછેરાતા પશુ માટે વપરાય છે. કેવળ અમેરિકામાં બાવીસ કરોડ એકર જમીનમાં આવેલાં જંગલોનો ખાતમો ગોમાંસના ઉત્પાદન માટે બોલાવવામાં આવ્યો છે. અનાજ અને શાકભાજીના ઉત્પાદનમાં વપરાતાં સાધનો કરતાં માંસ ઉત્પાદન માટે વીશ ગણુ રો-મટીરિયલ્સ વપરાય છે. લેખકના મતે અમેરિકા જો બેફામ માંસાહાર પર પચાસ ટકા કાપ મૂકે તો દર વર્ષે દુનિયાના ત્રીસ કરોડ લોકોને પેટ પૂરતું ખાવાનું પહોંચાડી ભૂખમરાથી બચાવી શકાય. ઉપરાંત, પાણી અને વનસ્પતિની બચતથી પર્યાવરણને સંતુલિત રાખી શકાય. જંગલોમાં વૃક્ષો કાપવાથી તેની જળસંગ્રહ કરવાની ક્ષમતા ઘટી જાય. વનસ્પતિના વિનાશ દ્વારા રણો વિસ્તરશે.

યુવાચાર્ય મહાપ્રજ્ઞ કહે છે કે, વૃક્ષવિહીન ધરતી લોકોમાં ક્રૂરતા અને બર્બરતાનાં બીજ રોપશે. વન આપણા પ્રાણવાયુનો ભંડાર છે. એક વ્યક્તિને દરરોજ ઓછામાં ઓછો ૧૬ કિલોગ્રામ ઓકિસજન જોઇએ અને એટલો ઑક્સિજન પેદા કરવા માટે ૫૦ વર્ષનું આયુષ્ય તથા ૫૦ ટન વજન ધરાવતાં પાંચ છ વૃક્ષો હોવાં જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો પાંચ-છ વૃક્ષો કાપવાં એટલે પરોક્ષ રીતે એક વ્યક્તિને પ્રાણવાયુથી સદંતર વંચિત કરી દેવી. વાસ્તવમાં તેનો શ્વાસ રુંધી તેની હત્યા કરવા સમાન છે.

વાયુનાં પ્રદૂષણ અને ધ્વનિનાં પ્રદૂષણો આપણે જોઇ શકીએ છીએ. પર્યાવરણવિદ્દોના મતે વાયુમંડળમાં ઓઝોન પડને નાઇટ્રોજન ઑકસાઇડને કારણે હાનિ થવાનું જોખમ ઊભું થયું છે. છેલ્લાં સો વર્ષમાં વાયુમંડળમાં કાર્બન ડાયોકસાઇડના પ્રમાણમાં ૧૬ ટકાની વૃદ્ધિ થઇ છે. જે માનવ-આરોગ્ય માટે હાનિકારક છે. વાહનોમાંથી

નીકળતો ધુમાડો પણ હવાને પ્રદૂષિત કરે છે. સુપરસોનિક જેટ વિમાનો નાઇટ્રિક ઑકસાઇડ ઉત્પન્ન કરે છે, જે વાયુનું પ્રદૂષણ વધારે છે.

જૈનધર્મે અગ્નિકાયના જીવોનો સ્વીકાર કર્યો છે. કોલસા, પેટ્રોલ વગેરે ઊર્જા વપરાય ત્યારે અગ્નિકાયના જીવોને પીડા થાય છે માટે શ્રાવકાચારમાં મહાહિંસા, આરંભ-સમારંભ થાય તેવા કર્માદાનના ધંધાનો નિષેધ છે. અને નિરર્થક પરિભ્રમણનો પણ નિષેધ કર્યો છે.

કોલાહલના કારણે થતાં ધ્વનિ પ્રદૂષણ સામે મૌનનો મહિમા પ્રગટ કર્યો છે. આમ, જૈન ધર્મનાં વ્રતો ને સિદ્ધાંતો પર્યાવરણના સંતુલનમાં સહાયક બને છે.

# જૈન દર્શન : મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ

મનોવૈજ્ઞાનિકો, મનોચિકિત્સકો માનવીના મનની દશાનો અભ્યાસ કરી તેનું પ્રથક્કરણ કરી કેટલાંક તારણો કાઢે છે. મનોચિકિત્સકો દૈહિક અને મનોદૈહિક રોગોનો પોતાની કાર્યપદ્ધતિ દ્વારા ઉપચાર કરે છે. કોઇપણ શારીરિક રોગ, માનસિક રુગ્ણતા સાથે સંબંધ ધરાવે છે. મનોચિકિત્સકો મન અને શરીરશુદ્ધિ સુધીના મર્યાદિત ઉપચાર કરે છે. જ્યારે જૈન દાર્શનિકોએ શરીરશુદ્ધિમાં અટકયા વિના આત્મશુદ્ધિની ઉપચાર પ્રક્રિયાને અનિવાર્યપણે જોડી દીધી છે. કારણ કે તેનો ભવરોગ નિવારવાવાળા પરમ વૈધરાજ છે.

યુરોપની પુનઃજાગૃતિના કાળે ત્રણ વિદ્વાનો ઉદયમાં આવ્યા, માર્કસ, આઇસ્ટાઈન અને ફ્રોઇડ આ ત્રણે વિદ્વાનોએ ક્રમશઃ સામ્યવાદ સાપેક્ષવાદ અને મનોવિજ્ઞાનની વિચારધારાનો પ્રારંભ કર્યો આજ દિશામાં જો જૈનદર્શનનું મનન કરવામાં આવે તો વિશ્વમૈત્રીની મિતિમે સવ્વ ભૂએસુ ગાથા માર્કસના સામ્યવાદની સમર્થન કરતી દૃષ્ટિગોચર થાય છે. આવી જ રીતે જૈનદર્શનનો મૌલિક સિદ્ધાંત અનેકાંતવાદ પણ સાપેક્ષવાદની તદ્દન સમીપ છે. કર્મવાદ જૈનદર્શનનો આધારસ્તંભ છે. જેની અસ્પષ્ટ છાયા આપણે ફ્રોઇડવાદમાં જોઇ શકીએ છીએ.

ફ્રોઇડવાદના મત અનુસાર દરેક વ્યક્તિના મનની ઇચ્છાઓની છાપ તેના વ્યક્તિત્વ પર પડે છે. ઇચ્છાપૂર્તિ ન થાય ત્યાં સુધી તેને શાંતિ મળતી નથી. જૈન મત અનુસાર સર્વે મનુષ્યનો જીવાત્મા સાંસારિક કાર્યોને કારણે નિરંતર કર્મબંધ કરતો રહે છે. જ્યારે આશ્રવ રોકી, સંવર ભાવમાં આવી, કર્મોની નિર્જરા કરે ત્યારે જ પરમ આનંદ પામી શકે. ફ્રોઇડવાદે માત્ર મનુષ્ય જાતિનું જ વિશ્લેષણ કર્યું છે. જ્યારે જૈનદર્શન સંપૂર્ણ જીવાત્માને લઇને આગળ વધે છે. સંપૂર્ણ જીવાત્મા એટલે અહીં જીવ કોઇપણ યોનિમાં, ગતિમાં કે પર્યાયમાં કર્મબંધ કે કર્મનિર્જરા કરે તેને પણ ગણત્રીમાં લે છે. આમ પૂર્વજન્મના કર્મ અને સંસ્કાર પણ લક્ષમાં લે છે.

પાશ્ચાત્ય મનોવિજ્ઞાનીઓ મનને જ સર્વેસર્વા માને, જ્યારે જૈનદાર્શનિકો માને છે કે મનથી આગળની વસ્તુ છે આત્મા. આત્મદર્શન જૈન સભ્યતા તથા સંસ્કૃતિની મૌલિક વિશેષતા છે.

સાંસારિક ક્રિયાકલાપોની જાણકારી ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા દ્રવ્ય મનને થાય છે. રાગદ્વેષના કષાયોને ભાવમન ગ્રહણ કરી તેનું વિશ્લેષણ કરે છે.

ફ્રોઇડવાદના અચેતન મનની તુલના આપણે કાર્મણ શરીર સાથે કરી શકીએ. આપણા દમિત મન, વચન અને કાયાના વ્યાપારોનો સંબંધ કાર્મણશરીર સાથે હોય છે. આજે મનોવિજ્ઞાનનાં ક્ષેત્રમાં જેટલાં પણ શોધકાર્યો થઇ રહ્યા છે, તે કાર્મણશરીર સુધીજ સીમિત છે. જ્યારે જૈનદર્શન અનુસાર ઔદારિક, તેજસ અને કાર્મણશરીરથી આગળ છે જીવાત્મા-શુદ્ધાત્મા.

સમગ્રજીવનને અંતે જે કર્મ અને સંસ્કાર આત્મા ઉપર પડેલા છે, તે પછીની જન્મ-જન્માંતર યાત્રામાં સાથે જ આવે છે. ક્યારેક આપણને અનુભવ થાય છે કે વિના કોઇ પ્રત્યક્ષ કારણે પણ આપણને ભયભીત અથવા ક્રોધિત થઇ જઇએ છીએ. હકીકતમાં પૂર્વે બંધાયેલા કર્મસંસ્કાર તેનું અપ્રત્યક્ષ કારણ અવશ્ય હોય છે.

ફ્રોઇડ નિયતિવાદી હતા જ્યારે જૈનદર્શનમાં પાંચ સમવાય એટલે કાળ, સ્વભાવ, કર્મ, નિયતિ અને પુરુષાર્થ આ પાંચેયની અનિવાર્યતા બતાવવામાં આવી છે. અને નિમિત્તેને પણ લક્ષમાં લેવામાં આવે છે.

ફ્રોઇડવાદમાં જેમ શુભ વિચાર વગેરેને શુભ સંકલ્પમાં પરિવર્તિત કરવામાં આવે છે. એવી જ રીતે જૈનદર્શનમાં ભાવનાઓ અને લેશ્યાઓનું વર્ણન થયું છે. કર્મવાદના ચિંતનમાં ઉદ્‌વર્તન ઉદીરણાથી સંક્રમણ વિગેરે અવસ્થાઓમાં કર્મ નિર્ઝરા થાય છે. દ્રવ્ય અથવા ભાવમન દ્વારા અજાણતા પાપોનું સેવન થઇ જાય, અજાગ્રત અવસ્થા અથવા સ્વપ્નમાં પાપોનું સેવન થઇ જાય તેવા સૂક્ષ્મ પાપોના પ્રાયશ્ચિત માટે પણ જૈન ધર્મના આવશ્યક સૂત્રમાં વિસ્તારથી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

વીસમી સદીના પ્રારંભમાં ફ્રોઇડવાદ અસ્તિત્વમાં આવ્યો આ વિચારધારાથી ભારતના અનેક ચિંતકો વિદ્વાનો અને વિચારકો પ્રભાવિત થયા તેમાંના એક ઓશો રજનીશ પણ હતાં એમના મત અનુસાર જો મનુષ્યજાતિ સર્વાધિક પીડિત હોય તો તેનું કારણ માત્ર કામવાસના છે. આ વિષયે વિષદ ચર્ચા ન કરતાં આપણે માત્ર એક વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી સૂત્ર છે. જેમાં વર્ણન આવે છે કે નારકી (નર્કમાં વસતા)માં આહાર સંજ્ઞા અને મનુષ્યગતિમાં મૈથુનસંજ્ઞાની અધિકતા જોવામાં આવે છે. આ નાની એવી વાતમાં સ્પષ્ટ થાય છે કે મનુષ્યમાં કામવાસના-મૈથુનસંજ્ઞા વિશેષ દૃષ્ટિગોચર થાય છે. એ સિદ્ધ કરવા માટે ફ્રોઇડ અને ઓશોએ પોતાના સમગ્ર જીવનનો ઘણો સમય આપ્યો હતો. આમાં જૈનદર્શનની પ્રાચીનતા ગહનતા અને વિશાળતાના દર્શન થશે.

મનોચિકિત્સકોની એક ટુકડીએ પોતાના અભ્યાસ માટે કેટલાક ખૂનના ગુનામાં સજા પામેલા કેદીઓના ઇન્ટરવ્યુ લીધા. આ સર્વેક્ષણમાં તેમને જણાયું કે, મોટા ભાગના કેદીઓ મોડી રાત્રે જમવાવાળા અને બે ચાર દિવસનો વાસીખોરાક ખાવાવાળા હતા. એ પ્રકારના કેદીઓની માનસિક દશા ને મનોવિકારનું સ્તર લગભગ સરખું જ હતું. મનોવૈજ્ઞાનિક નિરીક્ષણના નિષ્કર્ષમાં જણાવાયું કે મોડી રાત્રે ખવાયેલા આહાર અને વાસી આહારની શારીરિક પ્રક્રિયા પછી નિપજેલી ઊર્જાનું વિકૃતિમાં પરિણમન થાય છે. આપણે સૌ જાણીએ છીએ કે જૈનાચાર્યો એ રાત્રિભોજન અને વાસીખોરાકનો નિષેધ ફરમાવ્યો છે. જેના આચારણથી સૂક્ષ્મ અહિંસા ધર્મની રક્ષા અને સાત્ત્વિક ઉર્જાનું સર્જન જીવનને સત્ત્વ તરફ લઇ જાય છે.

જૈનદર્શનમાં સંમોહનની વાત આવે છે પણ તે આદર્શ સંમોહનના રૂપમાં આવે છે. મનોચિકિત્સક રોગીના શરીરને શિથિલ કરી અચેતન મનમાં ઘર કરી ગયેલી ચિંતા અને વિકારની જડ સુધી પહોંચે છે. જૈનધર્મના આવશ્યક સૂત્ર અને અંતરતપમાં કાયોત્સર્ગની વિધિ બતાવવામાં આવી છે કાયોત્સર્ગ એટલે કાયાને શિથિલ કરવી આત્મ સંમોહનની ક્રિયા ધ્યાન સાથેની આ ક્રિયા દ્વારા નીડરતા વ્યસનમુક્તિ એકાગ્રતા સાથે નિર્ણયશક્તિનો વિકાસ થાય છે. લોગ્ગસ પણ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે જે આત્માથી પરમાત્મા સુધી પહોંચવાની શુદ્ધિકરણની પ્રક્રિયા દર્શાવે છે. લોગ્ગસ આપણા અજાગૃત મનની શક્તિઓને જાગૃત કરી આધ્યાત્મિક ઊંચાઇએ પહોંચવામાં મદદ કરે છે.

આધુનિક વિજ્ઞાને વ્યક્તિના મનના ફોટોગ્રાફ્સ લેવાનું કાર્ય કર્યું છે અનિયમિત આકાર અને ઝાંખા ઘેરા રંગના વાદળોનો ફોટાઓ મનના વિવિધ ભાવો પ્રગટ કરે છે. લંડનમાં ડૉ.બ્રાકડેએ આ અંગે ઘણું સંશોધન કાર્ય કર્યું છે. પશુઓની ઓરાના ફોટા લેતા જણાયું હતું કે ગાયની AOURA આભા સૌથી મોટી હતી. આપણે ત્યાં ગાયનો સ્વીકાર એક પવિત્ર પશુ રૂપે થયો છે. રશિયાની કિર્લીયન દંપતીએ પાન-છોડની આભાના ફોટાઓ લઇને પ્રયોગ કરેલા છે. વૃક્ષો અને પશુઓના વિકાસપર, ક્રોધ પ્રેમ શુભચિંતન વ. ભાવોની અસર જોવા મળી હતી.

દરેક વ્યક્તિની ચોપાસ એક આભામંડળ હોય છે. સતત શુભ કલ્યાણકારક શુદ્ધ વિચારધારા પ્રવાહિત કરતાં અરિહંત પરમાત્માના મસ્તક પર એક તેજોવલય અને શરીર ચોપાસ એક આભામંડળ હોય છે. પરંપરાગત ચિત્રોમાં પણ આપણે તે જોયું છે. ભારતીય મનોવિજ્ઞાનના અભ્યાસી શ્રીદત્તના કહેવા કે મંડળ હોય છે. જે સૂક્ષ્મ શરીરને કારણે એની ચારે તરફનું એક પ્રભાવક્ષેત્ર છે. આ સૂક્ષ્મ શરીર જે સૂક્ષ્મ જગત સાથે સંબંધિત છે એની રક્ષા કરે છે. એને શક્તિકવચનામ આપી શકાય આપણી ચોપાસ આપણા અહમનું અદૃશ્ય સુરક્ષા વર્તુળ પણ હોય છે.

જૈનોના દરેક અનુષ્ઠાનોમાં વંદનની ક્રિયા કરવાની હોય છે જે જૈનચાર્યોએ નમન કરવાનું કહ્યું છે તેની પાછળ શરીરવિજ્ઞાન, યોગવિજ્ઞાન અને મનોવિજ્ઞાનનાં પરિબળો કામ કરે છે.

નમવાથી આપણું પેટ દબાશે અને પેટ નીચેની પેન્ક્રીયાસમાંથી રસ ઝરશે જે તામસી તત્ત્વોને શાંત કરશે. આ શરીર વિજ્ઞાનની પ્રક્રિયા થઇ. સાષ્ટાંગ પ્રણામની સ્થિતિમાં વંદન કરવું એટલે સમગ્રક્રિયાથી સમથળ પૃથ્વીના સાન્નિદયે સમાન્તર પણે આપણે દંડવત થઇએ ત્યારે વૈશ્વિક ચેતનાનું આપણી સાથે અનુસંધાન થતાં જગતની શક્તિનો સહજ પ્રવેશ થાય છે. બાહ્યકૃતિ સાથે આંતર પરિવર્તન થતા, પ્રણામ માટે આપણે જ્યારે નમીએ છીએ ત્યારે ભીતરસ્થિત અહંકાર પણ નમી જાય છે. ઝૂકી જાય છે. આપણામાંથી આપણી ચોપાસ સતત નીકળતું, સર્જતું અહ્મની સુરક્ષાનું વર્તુળ ભાંગી પડે છે આ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાથી આપણે રચેલા અહ્મ અને મમની દીવાલોમાં

તિરાડ પડે છે તે શરણાગતિના અભ્યંતર ભાવોના પ્રવેશ માટે સહાયક બને છે. ભાવના અભિપ્રેત થતાં લોકોત્તર વંદનની યાત્રા શરણાગતિમાં પરિણમે છે.

આધુનિક મનોવિજ્ઞાનના નિરીક્ષણ પ્રમાણે કોઇપણ વ્યક્તિની ચિત્તની એકાગ્રતા સામાન્ય સંજોગોમાં ૪૮ મિનિટથી વધુ રહી શકે નહિ. જૈનધર્મના ગણધર ભગવંતોએ સામાયિકની અવધિ બે ઘડી એટલે ૪૮ મિનિટ રાખી છે.

અધ્યાત્મ અને મનોવિજ્ઞાન એકબીજાથી ખૂબજ નજીક છે. છેલ્લા દસ વર્ષમાં રશિયાના મનોવિજ્ઞાનીઓએ વિધેયાત્મક વિચારધારા પર ઘણું સંશોધન કર્યું છે. મનોદૈહિક રોગો મટાડવા તેનો ઉપયોગ પણ થાય છે. એજ પ્રમાણે જૈન દર્શનમાં સ્વ-પર કલ્યાણની ભાવનાનું મહત્ત્વ બતાવ્યું છે. વિશ્વમૈત્રીના વિચારને પ્રધાનતા આપી છે. ક્ષમાનો ભાવ અને જગતનો સર્વ જીવોના કલ્યાણની શુભચિંતનની વાતને મુખ્ય ગણી છે.

મનોચિકિત્સકોએ મનના થાકને દૂર કરવા શરીર શિથિલ કરી નિર્વિચારની ઉપચારવિધિ બતાવી છે. જૈનાચાર્યોએ વિકસાવેલ પ્રેક્ષાધ્યાન પદ્ધતિમાં નિર્વિચાર તબક્કામાં આત્મા સંવર ભાવમાં આવતા આશ્રવ અટકે છે તેથી કર્મબંધ થતું નથી. ઉપરાંત આ ધ્યાન પદ્ધતિમાં મન અને શરીરના સ્વાસ્થય સાથે કર્મનિર્જરાથી આત્મા વિશુદ્ધ બને છે.

આમ, જૈનદર્શનમાં બાહ્ય તપ, ધ્યાનસહિત અભ્યંતર તપ, જાપ અને વંદનાની વિધિઓમાં એક વિશિષ્ટ વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક દષ્ટિકોણ રહેલો છે.

## અહિંસા પરમો ધર્મ

धम्मो मंगलमुक्किटठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ।

ધર્મ સર્વશ્રેષ્ઠમંગલ છે, કયો ધર્મ ? અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ સર્વશ્રેષ્ઠ છે. આવા ધર્મમાં જેનું જીવન રમમાણ છે. આવા ધર્મયુક્ત આચરણથી જેની જીવનચર્યા સલગ્ન રહે છે, તેને દેવો પણ નમસ્કાર કરે છે.

મનુષ્યના કુદરતી પાંચ ધર્મો છે જે દરેક દાર્શનિક પરંપરાએ સ્વીકાર્યા છે. સર્વમાન્ય રીતે અપનાવ્યા છે. મનુષ્યમાત્રના કુદરતી ધર્મો એક સમાન જ હોઇ કોઇ પણ દેશ ધર્મ જાતિ કે સમાજનો સભ્ય એમ સ્વીકારશે નહીં કે ચોરી કરવી જોઇએ, બ્રહ્મચર્ય નહિ પાળવું, લોભ કરવો, હિંસા કરવી, અસત્ય બોલવું.

એનો અર્થ એ કે અહિંસા, સત્ય, ત્યાગ અને મૈથુનવર્જન દરેક ધર્મવાળાઓએ પવિત્ર માનેલ છે.

### વિશ્વ ધર્મપરંપરામાં અહિંસા

દુનિયાનો પ્રાયઃ દરેક ધર્મ, ધર્મગ્રંથ અને ધર્માત્માઓએ એક યા બીજા સ્વરૂપે અહિંસાને પ્રાધાન્ય આપ્યું છે. તેથીજ માનવજાતિના ઇતિહાસમાં અહિંસા વિષયક જેવું અને જેટલું વિષદ છણાવટયુક્ત વર્ણન મળે છે તેવું અને તેટલું વર્ણન બીજા કોઇપણ વિષય પરત્વે નથી. માનવીની ચેતના અને માનવીની કરુણાનો મૂળાધાર તેનામાં રહેલી અહિંસાવૃત્તિ છે. અહિંસાવૃત્તિ મૂળભૂત વૃત્તિ હોવા છતાં તે સર્વમાન્ય હોવા ઉપરાંત તેના સિદ્ધાંતોમાં એકરૂપતા જણાતી નથી. હિંસા અને અહિંસાને અલગ તારવવાની ભેદરેખા દરેક ધર્મમાં અલગ-અલગ છે. કોઇ પરંપરામાં પશુવધ-માનવ વધને માન્ય કરવામાં આવતો નથી. તો કયાંક એકેન્દ્રિય જીવ, વનસ્પતિ-ઝાડપાનને પીડા ઉપજાવવી તેને પણ હિંસા સ્વરૂપે દર્શાવવામાં આવ્યા છે.

મૂસાએ ધાર્મિક જીવન માટે દસ આદેશો આપ્યા એમાંનો એક, 'હત્યા ન કરો' આ આદેશનો અર્થ યહુદી સમાજે પોતાના જાત ભાઇની હિંસા ન કરવી તે સ્વાર્થ પૂરતો મર્યાદિત રાખ્યો ઇસ્લામધર્મમાં પણ અહિંસાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તે પણ સધાર્મિક બંધુઓ સુધીજ સીમિત રહ્યું છે. ઇસાઇ ધર્મમાં પણ અહિંસાની વાત છે. ઇશુએ કહ્યું કે શત્રુઓ પ્રતિ પણ કરુણા ભાવ રાખવો. ઇસુ વેરનો બદલો લેવાની સાફ ના પાડતાં કહે છે કે તમારા ડાબાગાલે કોઇ તમાચો મારે તો તમારે જમણો ધરવો.

કુરાનેશરીફના ખુદાનું નામજ રહિમાન છે જેના જીવનમાં પ્રાણી માત્ર પ્રત્યે દયા અભિપ્રેત હોવી ઘટે. અશોજરથુસ્ટ્રના ઉપદેશના સારમાં પવિત્ર વિચાર છે. જરથોસ્ટ્રી પ્રજાના પ્રભુનું નામ જ જો પાક છે તો દયા-પવિત્રતા અને પરોપકાર તેને પ્રિય કેમ ન હોય ?

આ બધાનું યોગ્ય અર્થઘટનવાળું આચરણ હોય તોજ અહિંસા તેઓના જીવનમાં ચરિતાર્થ થાય.

યજુર્વેદમાં સર્વપ્રાણી પ્રત્યે મિત્રભાવની કામના સેવવામાં આવી છે, વેદોની અહિંસક ચેતના માનવજાત સુધીજ સીમિત રહી છે. અપવાદરૂપે ભગવાન મહાવીરના પૂર્વકાળમાં વૈદિક પરંપરામાં વિકૃતિ ભળવાને કારણે પશુબલિ સ્વીકૃત હતોજ પરંતુ, નરબલિનાં ઉદાહરણો પણ ઇતિહાસમાં જોવા મળે છે.

શ્રમણપરંપરામાં અહિંસક ચેતનાનો સર્વાંશે વિકાસ થયેલો જોવા મળે છે. કારણકે તેમાં નવકોટી પૂર્ણ અહિંસાનો વિચાર અભિપ્રેત છે અહીં મન વચન કાયાથી હિંસા કરવી નહિ, કરાવવી નહિ અને કરતા પ્રત્યે અનુમોદન આપવું નહિ. આમ અહીં અહિંસાનો અર્થ ગહનતા અને વ્યાપકતા સાથે સાંકળી લેવામાં આવ્યો છે.

બૌદ્ધપરંપરામાં નવકોટી અહિંસાની માન્યતા સ્વયંની અપેક્ષા એ કરવામાં આવે છે. બીજા તેમના નિમિત્તે શું કરે છે શું કહે છે તેમની વિચારણા થઇ નથી, માટે તેઓ નિમંત્રિત ભોજનનો સ્વીકાર કરે છે. જૈન નિર્ગ્રંથો આવા નિમંત્રિત ઔદેશિક આહારને ગ્રાહ્ય કરતા નથી કારણકે ત્યાં નૈમેત્તિક દોષની સંભાવના રહેલી છે.

વિશ્વની ઘણી દાર્શનિક પરંપરામાં અહિંસા અંગેની સંક્ષિપ્ત વિચારણા આપણે કરી. એ ઉપરથી એટલું ફલિત થાય છે કે અહિંસા એક યા બીજી રીતે તમામ ધર્મને સ્વીકાર્ય છે જ એટલે અહિંસા તમામધર્મનો લઘુતમ સાધારણ અવયવ છે.

અહિંસા સર્વને હિતકારી સર્વમાન્ય સિદ્ધાંત છે.

## જૈનધર્મના પરિપ્રેક્ષ્યમાં અહિંસા

જૈન પરંપરામાં અહિંસાનો વ્યાપક રીતે ઉપલબ્ધ છે જૈનધર્મ અહિંસાપ્રધાન છે માટે જૈનોનું સ્વીકૃત સૂત્ર અહિંસાપરમોધર્મ છે. અહિંસા જ પરમ અને ઉત્કૃષ્ઠ ધર્મ છે, અહિંસા જૈનધર્મનો પર્યાય છે, જૈન ધર્મની પ્રત્યેક સાધનામાં અહિંસાનું મધુર સંગીત વહેતું રહે છે તેથી મનુષ્ય આનંદવિભોર બને છે. જો માનવ અહિંસાની સાધનામાં સફળ થાય તો બાકીની અન્ય સાધનામાં આસાનીથી સફળ થઇ શકે.

## અહિંસાનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ

જૈનધર્મમાં અહિંસાના સિદ્ધાંતને મનોવૈજ્ઞાનિક આધારે સ્થાપિત કરવામાં આવ્યો છે. અહિંસાને અર્હત પ્રવચનનો સાર શુદ્ધ અને શાશ્વત ધર્મ રૂપે દર્શાવવામાં આવ્યો છે. ક્યારેક પ્રશ્ન ઊઠે, અહિંસાને ધર્મ કેમ માનવામાં આવે છે ? મનોવૈજ્ઞાનિક સ્તરે તેનો પ્રત્યુત્તર છે દરેક પ્રાણીમાં જિજીવિષા પ્રધાન છે દરેક જીવને સુખ અનુકૂળ છે દુઃખ પ્રતિકૂળ છે માટે કોઇને ન હણવા, ન મારવા.

## હિટલરની અનુમોદનાની ભયાનકતા

કોઇ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે કષ્ટ આપવામાં આવેતો હિંસા થવાની જ. કોઇ મજૂર માથે ખૂબ ભાર ઉંચકી હાંફતો જતો હોય, રસ્તામાં ભીડ હોય ત્યારે પ્રથમ તેને અનુકૂળ રસ્તો કરી આપવો તે પરોક્ષ રીતે અહિંસાચરણ થયું કહેવાય.

પ્રશ્ન એ ઉદભવે કે હિંસા કરવામાં વધુ પાપ, કરાવવામાં કે અનુમોદન કરવામાં વધુ પાપ, જૈન ધર્મ તો અનેકાંત વાદનું પ્રતિપાદન કરવાવાળો ધર્મ છે. દરેક સમસ્યાનો

અનેકાંત દૃષ્ટિએ ઉકેલ શોધવો જોઇએ. હિંસ આચરનાર ન હોય પણ હિંસાચારને સમર્થન આપવામાં આવતું હોય ત્યાં પાપકર્મ થવાનું'જ તેનું પ્રત્યક્ષ જાણીતું ઉદાહરણ **હિટલર** છે. હિટલર વિશ્વયુદ્ધની ભયંકર જ્વાળામાં સંસારને ઘસડી જનારો શાસક હતો. કહેવાય છે કે વિશ્વયુદ્ધ વખતે પોતે એક પણ ગોળી ચલાવી નથી લડાઇ કરી નથી શસ્ત્ર હાથમાં પકડયું નથી. પોતાના હાથે એક પણ સૈનિક માર્યો કે ઘાયલ કર્યો નથી પરંતુ, તેના આદેશ, સૂચના આયોજન અને સલાહથી લડાઇમાં અનેક મરાયા. લોહીની નદીઓ વહી, હિંસાનું સામ્રાજ્ય સ્થાપાયું. હિંસાના પાપની ન્યૂનાધિકતા, ભાવના અને વિવેકશક્તિ પર આધારિત છે. અહી માનવસંહારના પાપનો ભાર હિટલરના શિરે જ આવે.

## જૈનપરંપરામાં અહિંસાનો અર્થ વિસ્તાર

'આચારાંગ'માં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને પ્રાણીરૂપ ષટ્ જીવનિકાયની હિંસાનો નિરોધ ફરમાવાયો છે.

દરેક આત્મા સમાનરૂપે સુખ મેળવવા ઇચ્છે છે. જ્યારે બીજાનો જીવ પોતાના જીવ જેવો છે તે સમજણમાં આવશે ત્યારે સ્વઆત્મા અને પર આત્મા વચ્ચેનું અંતર નાશ પામશે, નહીંતર અહિંસા શબ્દ માત્ર દંભ અડંબર રૂપે રહેશે. વ્યક્તિની ભિન્નતા હોવા છતાં બન્નેમાં એકધર્મ સમાન છે અને તે છે દુઃખની અપ્રિયતા. આ રહ્યું તેનું ઉદાહરણ.

## પંચાયતનો પ્રસંગ

એક કાળ એવો હતો જ્યારે ગામની પંચાયત પ્રભાવી સંસ્થા હતી. પંચનો ફેંસલો ન્યાયાધીશનું કામ કરતો. બે ભાઇઓ વચ્ચે મિલ્કતના મુદ્દે ઝગડો થયો. મામલો ન્યાય માટે પંચ પાસે ગયો મોટાભાઇ ને આરોપી ઠેરવવામાં આવ્યો પરંતુ મોટોભાઇ આરોપ સ્વીકારવા તૈયાર ન હતો. પંચનો ન્યાય ધર્મન્યાય સર્વમાન્ય ગણાય. નક્કી થયું કે ગરમ કરેલો તવો આરોપીના હાથ પર મૂકવામાં આવે જો તેનો હાથ બળે નહિ તો આરોપમાંથી મુક્ત થાય અને હાથ બળેતો આરોપ સાચો પુરવાર થાય.

નિશ્ચિત દિવસે તવો ગરમ કરવામાં આવ્યો. પંચમાંના એકે સાણસાથી તવો પકડીને આરોપીના હાથ પર મૂકવા માંડયો કે તરત આરોપીએ હાથ પાછો ખેંચી લીધો, ને કહ્યું કે પંચમહાશય ! પંચનો હાથ તે મારો હાથ, પંચમહાશય આપ ગુનેગાર નથી તેથી આપ આ તવો આપના હાથથી ઉપાડીને આપો તો મારો હાથ લેવા તૈયાર છે. સમાનતાના આ સૂત્રે પંચના નિર્ણયનો માર્ગ બદલી નાખ્યો. અહીં સ્વઆત્મા સ્વને પરઆત્મા વચ્ચેનું અંતર નાશ પામ્યું અને ઉત્પન થયું સમાનતાનું સૂત્ર. મહાવીરના સમાનતાના સૂત્રે હજારો માણસોને જાગૃત કર્યા ને તેથી જ તેમણે કહ્યું કે અહિંસાનો સિદ્ધાંત સર્વજીવહિતાય છે.

### હિંસાના પ્રકાર :

ભગવાન મહાવીરે અહિંસાને સમજવા માટે કેટલાંક સ્તરો નિર્ધારિત કરેલાં છે. તે સ્તરો તેની વસ્તુસ્થિતિ પર આધારિત હોય છે. તેમણે હિંસાને ચાર વિભાગોમાં વિભકત કરી છે. (૧) સંકલ્પી ( ૨) આરંભી (૩) ઉદ્યોગી (૪) વિરોધી.

જાણી-બૂઝીને કોઇ ખાસ સંકલ્પ-નિર્ધાર સાથે, ઇરાદા સાથે જે હિંસા આચરવામાં આવે છે તે સંકલ્પી હિંસા છે. સંકલ્પી હિંસા આક્રમણાત્મક હિંસા છે. પ્રત્યેક માનવી માટે તે પરિહાર્ય છે. દઢસંકલ્પશક્તિ વડે તે, અંકુશિત કરી શકાય છે. સંકલ્પી હિંસા વૈરવૃત્તિ-દ્વેષ ઇર્ષાનું પરિણામ છે, જેનું પરિણામ હંમેશ નકારાત્મક હોય છે કારણ તે અન્યને ત્રાસ આપવા, પીડા કરવા, તડપાવવા જ, આચરવામાં આવતી હોય છે.

આરંભી હિંસા આજીવિકાત્મક હિંસા છે. ખાન-પાન, રહેણીકરણી, ઘર-ગૃહસ્થી, સંસારના વ્યવહારો ચલાવવા માટે જે હિંસા આચરવામાં આવે છે તે આરંભી હિંસા છે. જે માનવ, ભૌતિકસાધનોના સર્જન, સંરક્ષણ દ્વારા પોતાનું જીવન ચલાવે છે તે આ હિંસાનો ત્યાગ કરવા, છોડવા અસમર્થ છે. જીવનવ્યવહારમાં ઘર ચલાવવા અનેક પ્રકારની હિંસા નિશ્ચિત છે. પરંતુ આવા રોજિંદા વ્યવહારમાં પણ દરેક જીવે સાવધાની રાખવી જોઇએ કે જેથી ઓછામાં ઓછી હિંસા થાય, હિંસાને નિવારી શકાય.

કુટુંબના ભરણપોષણ અર્થે, ધંધા-વ્યવસાય માટે, ખેતી-વાડી, વેપાર-ઉદ્યોગ માટે જે હિંસા આચરવામાં આવે છે તે ઉદ્યોગી હિંસા છે. જીવનમાં દરેક જીવને કર્મ કરવું જ પડે છે પછી તે સાધુ હોય કે ગૃહસ્થ હોય, માનવ હોય કે પ્રાણી હોય.

'न हि कश्चित्, क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत' અર્થાત્ કોઇપણ વ્યક્તિ ક્ષણ માટે પણ કર્મ, કાર્ય વિના રહી શકતી નથી. અકર્મણ્ય, આળસુ, પ્રમાદી બની પ્રવૃત્તિમાંથી મુક્તિ મેળવી શકાતી નથી. માનવ મન જ પ્રવૃત્તિઓનું મૂળ સ્તોત્ર છે. સાંસારિક-ગૃહસ્થાશ્રમી જીવોએ પોતાના જીવનનિર્વાહ માટે ઉદ્યોગી હિંસા આચરવી પડે છે. આમાં પણ પ્રત્યેક જીવની સાવધાની રાખી જયણા વિવેકપૂર્વક, ન્યાય-નીતિપૂર્વક કાર્ય કરી હિંસાને નિવારી શકે છે.

શત્રુના આક્રમણ સમયે દેશને, નગરને, પરિવારને, કુટુંબને કે પોતાની જાતને બચાવવા માટે, અન્યાયનો પ્રતિકાર કરવા માટે, આઝાદીની સુરક્ષા અને રાષ્ટ્રની શાંતિ માટે જે યુદ્ધ કરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. તે પ્રત્યાક્રમણ હિંસા અર્થાત્ આક્રમણનો વળતો જવાબ. સુરક્ષા-બચાવ માટે જે હિંસા આચરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. ભૌતિક સંસ્થાનો પર પોતાનું અસ્તિત્વ રાખવા જેઓ ઇચ્છે છે તેઓ આ હિંસા છોડવા અસમર્થ છે.

અહિંસા એ દયા, મૈત્રી, કરુણા, સમતા, સહિષ્ણુતા, અનુકંપાનો ભાવ છે જેથી જૈનશાસ્ત્રોમાં અહિંસાને પ્રાણીમાત્રની હિતૈષણીમાતા કહેવામાં આવે છે. ભગવાન મહાવીરે અહિંસાને માતા ભગવતી કહી છે.

## સંવેદનાની સૂક્ષ્મતા

આપણા, શબ્દથી કે ઇશારાથી, હલનચલનથી સામે વાળી વ્યક્તિને દુ:ખ પીડા કે વેદના થાય તે હિંસા છે. માટે જ જૈનદર્શન મન, વચન અને કાયા દ્વારા થતાં કાર્યમાં વિવેક અને જયણાની વાત કરી છે.

જૈનધર્મ માને છે કે એકેન્દ્રિય જીવોમાં પણ સંવેદના હોય છે માટે વનસ્પતિના જીવો પ્રત્યે પણ અનુકંપા રાખવા કહ્યું છે.

ભગવાન મહાવીરના શૈશવકાળના કેટલાય પ્રસંગો આ સંદર્ભે રસપ્રદ છે.

મા ત્રિશલા ફૂલોની વેણી બનાવરાવે છે ત્યારે વર્ધમાન કહે છે આ વીંધાતા ફૂલો જોઇ મને વેદના થાય છે.

મા ત્રિશલા દાસીઓ સાથે ઘાસની હરિયાળીવાળા રસ્તાપર ચાલે છે ત્યારે બાળ વર્ધમાન કહે છે આ ઘાસ પર તમે કોઇ ન ચાલો, તે કચડાય છે તો મારા શરીર પર પીડા થાય છે. માતાએ વર્ધમાનનો વાંસો જોયો તો તેના પર ઉઝરડાના નિશાન હતાં. આવી હતી ભ.મહાવીરની સૂક્ષ્મ સંવેદના.

## હેમચંદ્રાચાર્ય અને હીરવિજયજીની અહિંસાભાવના

તીર્થંકરો, ગણધરો અને પૂર્વાચાર્યોએ અહિંસાની ભાવનાનું રક્ષણ અને સંવર્ધન કર્યું છે. પરમ તીર્થંકર ભગવાન મહાવીરનું જીવન અહિંસાનો અવતાર હતું.

ભારતવર્ષમાં સમગ્ર ગુજરાતે અહિંસક રાજ્ય તરીકે ઊંડી છાપ પાડી છે. તેના મૂળમાં આચાર્ય હેમચંદ્રાચાર્ય છે. આચાર્યની દેશનાની અસરને કારણે કુમારપાળે અમારી પ્રવર્તના કરાવી એટલું જ નહિ, પશુને પણ ગળ્યા સિવાય પાણી ન પીવડાવવું તેવી સૂક્ષ્મ જીવદયાના હિમાયતી હતા.

ચંપાશ્રાવિકાએ માસક્ષમણનું તપ કર્યું. બાદશાહ અકબરને જાણ થતાં તેણે કહ્યું કે આવા ઉગ્રઉપવાસ કઇ રીતે શકય બને ? ચંપાશ્રાવિકાએ તેમને જૈન ધર્મની વાત કરી. અકબરને શ્રાવિકાના ગુરુ હીરવિજયનાં દર્શન કરવાની ઇચ્છા થઇ.

ગુરુ રાજ્યદરબારમાં પધારતાં ગાલીચા પર ચાલવાની ના પાડી. અકબરે કારણ પૂછતાં કહ્યું કે ગાલીચા નીચે અસંખ્ય જીવો હોય તેનો ઘાત થાય. રાજા કહે દરબારમાં દરરોજ સાફસૂફી થાય છે. ગાલીચો ઊંચો કરતાં અનેક કંથવા અને સૂક્ષ્મ જીવો દેખાયા.

હીરવિજયજીના પ્રતિબોધથી અકબરે અહિંસા માટે દિનેઇલાહી સ્થાપ્યો અને પોતે જે ચકલાની જીભનું સ્વાદીષ્ટ ભોજન કરતો હતો તે બંધ કર્યું અને પર્યુષણ વગેરે ફુલ ૧૫ દિવસ કતલખાનાં બંધ કરાવ્યાં.

## જગડુશાનો અનુકંપાભાવ

દાનવીર શ્રેષ્ઠીવર્ય જગડુશા દરિયાની મુસાફરી કરતા હતો. ખારવાએ કહ્યું કે અહીં એક દેવી આ સમયે મુખ ફેરવે છે જેથી વહાણો ડૂબે છે, અમંગળ થાય છે જેથી અમુક સમય પછી જ મુસાફરી કરી શકાય. જગડુશા દેવીની અર્ચના પૂજા ધ્યાન દ્વારા સાધના કરે છે. દેવી ૧૦૮ બકરાનો ભોગ માગે છે મંદિરનાં ૧૦૮ પગથિયાં પર ભોગ મૂકવાનો છે. પહેલે પગથિયે પોતે તલવાર લઇ બેસે છે. બીજે પોતાના પુત્રને બેસાડે છે અને કહે છે કે હે દેવી પહેલા મારો પછી મારા પુત્રનો ભોગ, બલિ સ્વીકારો ત્યાર પછી આ નિર્દોષ જીવોનો ભોગ લો. દેવી જગડુશાની જીવદયાથી પ્રભાવિત થઇ અભયદાન આપે છે.

**હિંસાના પ્રકાર** : હિંસા બે પ્રકારે થાય છે. (૧) **પ્રત્યક્ષહિંસા** અને (૨) **પરોક્ષહિંસા.**

**પ્રત્યક્ષ હિંસા** - જે હિંસા પ્રત્યક્ષ રીતે દેખાય છે, સમજાય છે તે પ્રત્યક્ષ હિંસા. એકેન્દ્રિય જીવથી માંડી પંચેન્દ્રિય જીવ સુધીના જીવોની હિંસા સહજ રીતે થાય છે પરંતુ તે કયારે-કેમ થઇ તે જણાઇ આવે છે. જરા જેટલી સાવધાની વડે તે રોકી શકાય છે, અટકાવી શકાય છે.

પરોક્ષહિંસાનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ, વ્યાપક, કઠિન અને દુર્ગમ છે. તે સામાન્યરીતે સરળતાથી જોઇ-જાણી શકાતું નથી. પરોક્ષ હિંસાના ઉંડાણ, તળને સમજવું અત્યંત આવશ્યક છે. પરોક્ષ હિંસા થતી નથી. હિંસાનાં અનેકવિધ રૂપો છે અને તેના અલગ-અલગ અગણિત પ્રકાર છે. જેમ જેમ તેના પર વિસ્તૃત, તલસ્પર્શી ચિંતન થશે. તેમ તેમ હિંસા-અહિંસાના સૂક્ષ્મ અને વ્યાપક રૂપ પ્રગટ થશે.

## હિંસાનું સ્વરૂપ

આત્મા સાથે જ્યારે હિંસાનો બંધ થાય છે ત્યારે આત્મામાં કંપન ઉત્પન્ન થાય છે, આંતરિક હલચલ મચે છે અને સાથોસાથ ક્રોધ, અહંકાર, સ્વાર્થ, લોભ, દંભ જેવા સંસ્કારો જાગૃત થાય છે, જ્યાં સુધી આત્મામાં આવા સંસ્કાર, કંપન નથી હોતાં ત્યાં સુધી ત્યાં હિંસાનું બંધન હોતું નથી. આત્મા સ્થિર, શાંત હોય છે. પૂર્વ જણાવ્યું તેમ હિંસાના અનેક ભેદ છે. તેની ગણના સમુદ્રની લહેરો જેમ અસંભવ, અશક્ય છે. પરંતુ સ્થૂળ રીતે જોતાં સૌ પ્રથમ હિંસાના ત્રણ સ્વરૂપ દશ્યમાન થાય છે. સરંભ, આરંભ, સમારંભ. હિંસા માટે સામગ્રી એકત્રિત કરવી એટલે સમારંભ. અને પછી પ્રારંભથી અંત સુધી હિંસાની ક્રિયા કરવી તે આરંભ - આમ આ ત્રણે ભેદ હિંસાના થયા. હિંસા માટેનો સંકલ્પ કે પ્રયત્ન થાય છે. તેની પાછળના કારણ વિષે વિચારતાં સ્પષ્ટ જણાય છે કે અંતરહૃદયની દૂષિત ભાવનાઓ જ હિંસા માટે પ્રેરિત કરે છે. પ્રાથમિક અવસ્થામાં દુઃખમાંથી ક્રોધ ઉપજે છે અને ક્રોધ હિંસાને આમંત્રે છે. આવો દૂષિત સંકલ્પ હિંસાની પ્રાથમિક સામગ્રીરૂપે આગળ આવે છે અને પછી એ સંકલ્પના બળને આધારે હિંસાનો આરંભ થાય છે. મનની દૂષિત ભાવનાઓને ચાર ભાગોમાં વિભાજિત કરી શકાય - ક્રોધ - માન - માયા અને લોભ. હિંસાના મૂળના આ ચાર દૂષિત સંકલ્પો જ હિંસા પ્રત્યે ઉન્મુખ કરે છે. આ સંકલ્પો જેટલાં ઊંડા, તીવ્ર એટલી હિંસા પ્રબળ, બળવત્તર બને છે.

સરંભ, સમારંભ અને આરંભ - ત્રણેને ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર સાથે ગુણવાથી હિંસાના બાર ભેદ થયા. તેને મન, વચન અને કાયાના સાધનો સાથે ગુણવાથી છત્રીસ ભેદ થયા. પછી કરવું-કરાવવું અને અનુમોદના કરવી આ ત્રણે યોગથી ગુણવાથી એકસો આઠ ભેદ થાય છે. આમ સ્થૂળ રીતે એકસો આઠ ભેદે હિંસા થાય છે અને તેને રોકવા માટે સંઘર્ષ કરવો પડે છે.

હિંસાનો અર્થ મારી નાખવું એટલું જ નહીં પરંતુ, મનમાં આવતો પ્રત્યેક દૂષિત સંકલ્પ હિંસા છે. કોઇપણ પ્રાણીની સ્વતંત્રતાને અંકુશિત કરવી એ પણ હિંસા છે.

## માનસિક હિંસા

જીવન, સમાજ અને રાષ્ટ્રને પરસ્પર સંબંધ છે. આ ત્રણે સ્તરે માનવ પોતાની અનેકવિધ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપે છે. ઉપર જોયું તેમ હિંસા દ્વારા કષાય-ક્રોધ ઉત્પન્ન થાય છે. જેને પરિણામે સામાજિકતા ખંડિત થાય છે અને તેમાંથી ઉચ-નીચ, જાતિ-પાતિ, છૂતાછૂત જેવા રોગ વિકસે છે. હરિજન-ચાંડાળ જેવી નીચ જાતિઓને માન્ય કરી તેમની સામે નિર્દય-ક્રૂર વ્યવહાર કરવામાં આવે છે તે પણ માનસિક હિંસાનું સ્વરૂપ છે.

દરેક મનુષ્ય પરમપિતા પરમેશ્વરનું સંતાન છે. કોઇનું કોઇપણ રીતે શોષણ કરવું તે માનસિક હિંસા છે.

## હિંસાની તીવ્રતા

અહીં એક પ્રશ્ન ઉદ્ભવે કે ખાવું, પીવું, ઊઠવું, બોલવું, ચાલવું જેવી પ્રત્યેક ક્રિયા હિંસાત્મક છે તેથી જીવન પાપમય થયું જ કહેવાયને આપણા શાસ્ત્રોમાં આ વિષય પરત્વે ઉકેલ મળી આવે છે.

એકવાર ગૌતમે ભગવાન મહાવીરને પૂછયું, ભંતે ! આ જીવન પાપમય છે. જીવનની પ્રત્યેક ક્રિયામાં ચાલવું-ઊઠવું, બોલવું, બેસવું, ખાવું-પીવું જેવી કેટકેટલી ક્રિયાઓ કરવાની હોય છે. પ્રત્યેક ક્રિયામાં પાપ તો થાય જને. તો સર્વત્ર પાપ-પાપ અને પાપ જ ભાસે છે તો આપ એવો યોગ્ય માર્ગ બતાવો જેથી પાપમુકત બની જીવી શકાય.

પ્રભુએ કહ્યું, ગૌતમ ચાલવું એ પાપ નથી, ખાવું એ પાપ નથી, બોલવું એ પાપ નથી. સૂવું એ પાપ નથી. આવી દૈનિક આવશ્યક ક્રિયાઓમાં કયાંય એવું પાપ નથી. શરતમાત્ર એટલી કે તમે હરેક ક્રિયામાં, કાર્યમાં વિવેક જાળવી રાખો તો જીવનની બાહ્યક્રિયામાં આમ પાપ નથી, પુણ્ય નથી. પાપ તો છે વિવેકથી ચ્યૂત થવામાં.

સૂત્રકૃતાંગ આગમમાં આર્દ્રક નામે અધ્યાય છે જેમાં હસ્તિતાપસોની ચર્ચા છે. આ હસ્તિતાપસો એમ માને છે કે આહાર માટે અનેક વાનસ્પતિક એકેન્દ્રિય જીવોની હિંસાની અપેક્ષાએ એક મહાકાય હાથીને મારવો અલ્પ હિંસા છે અને એ પ્રકારે તેઓ પોતાને અધિક અહિંસક સિદ્ધ કરે છે. જૈન પરંપરાનુસાર તે અનુચિત-અયોગ્ય છે. એના પ્રત્યુત્તર રૂપે સમજાવવામાં આવ્યું છે કે હિંસા-અહિંસાના વિવેકમાં કેટલા પ્રાણીઓની હિંસા થઇ તે મહત્ત્વનું નથી પરંતુ કયા પ્રાણીની હિંસા થઇ છે તે વિશેષ મહત્ત્વનું છે. ભગવતીસૂત્રમાં આ પ્રશ્ન વિષયે છણાવટ કરતાં દર્શાવવામાં આવ્યું છે કે સ્થાવર જીવોની અપેક્ષાએ ત્રસ-જીવની અને ત્રસ-જીવોમાં પંચેન્દ્રિય, અને પંચન્દ્રિયોમાં મનુષ્યની અને મનુષ્યમાં ઋષિની હિંસા વિશેષ નિકૃષ્ટ માનવામાં આવી છે. માત્ર એટલું જ નહીં જ્યાં ત્રસ જીવોના ઘાતક અનેક જીવોની હિંસાના નિમિત્ત બને છે ત્યાં ઋષિની હિંસા કરનાર ઋષિ ઘાતક, અનંત જીવોની હિંસાના નિમિત્ત બને છે. આથી હિંસા-અહિંસાના વિવેકમાં સંખ્યાનું મહત્ત્વ નથી. મહત્ત્વ છે પ્રાણીની ઐન્દ્રિક અને આધ્યાત્મિક ક્ષમતાના વિકાસનું.

એક જે માન્યતા છે બધા આત્માઓ સમાન છે માટે બધી હિંસા સમાન છે પરંતુ તે યથાયોગ્ય નથી. કેટલીક પરંપરાઓમાં દરેક પ્રાણીઓની હિંસાને સમસ્તરે સ્થાપિત કરી અહિંસાના વિધાયક પક્ષનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે તર્કસંગત નથી. અહીં હિંસાનો સંબંધ આત્મા સાથે સ્થાપિત કરવામાં આવ્યો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે હિંસા આત્માની નહીં, પ્રાણોની થાય છે અને જે પ્રાણીઓની પ્રાણસંખ્યા અર્થાત્ જૈવિકશક્તિ સુવિકસિત છે તેની હિંસા અધિક નિકૃષ્ટ છે. વનસ્પતિની અપેક્ષાએ પશુહિંસામાં, પશુહિંસાની અપેક્ષાએ મનુષ્યહિંસામાં વિશેષ ક્રૂરતા અપેક્ષિત છે. માટે હિંસકભાવો અથવા કષાયોની તીવ્રતાને કારણે મનુષ્યની હિંસા વિશેષ નિકૃષ્ટ-અધમકોટિની લેખાશે.

હિંસા - અહિંસામાં વિવેકપૂર્ણ વ્યવહાર બાહ્યઘટના ઉપરાંત કર્તાની મનોવૃત્તિ પર હિંસાનો આધાર છે.

## વીતરાગતા : અહિંસાની જનની

વૈરાગ્ય એ રાગનું જ એક પ્રશસ્ત સ્વરૂપ છે. હું અને મારા પ્રત્યે રાગ ભાવ અને અન્ય પ્રત્યે દ્વેષભાવ તે વિકૃતિ છે. જગતના તમામ જીવો પ્રત્યે સ્નેહભાવ તે સંસ્કૃતિ છે અને માત્ર આત્મા પ્રત્યે જ રાગ તે પ્રકૃતિ છે. રાગનું આ પ્રકૃતિજન્ય સ્વરૂપ તે પ્રશસ્ત છે. જે બાહ્ય જગતથી સંબંધિત ન હોય, જે રાગ બાહ્ય જગતથી પર થઇ આંતરજગતમાં ફેલાય તે વૈરાગ્ય. વિશ્વના પદાર્થો પરની પ્રીતિ તે રાગ. આંતરિક ઉચ્ચ ધ્યેય, કોઇ ઉચ્ચ હેતુ પ્રત્યેની પ્રીતિ તે વૈરાગ્ય. આમ રાગ દ્વેષથી પર થાય તે વીતરાગી બની શકે.

જગતની તમામ ધર્મપરંપરાએ પ્રેમ અને સ્નેહની વાત કહી છે. ભગવાન મહાવીરે વીતરાગતાની વાત કહે છે. રાગ અને દ્વેષ એક સિક્કાની બે બાજુ છે.

એક વ્યક્તિને કોઇ એક સંપત્તિ પ્રત્યે રાગ થયો. એ સંપત્તિ મેળવવા માટે તે બળજબરી કરશે. પેલી વ્યક્તિ તે સંપત્તિ ન આપે તો હિંસા સુધી પહોંચી જશે. એક વ્યક્તિને એક રૂપવતી પર રાગ થયો. કદાચ તે એ રાગને પ્રેમ એવું નામ પણ આપી શકે. એ રૂપના ભોગ-ઉપભોગ માટે તે બળાત્કાર કે હિંસા સુધી પણ પહોંચી શકે. આમ પ્રથમ રાગ અને પછી દ્વેષ ઉત્પન્ન થાય છે અને તે હિંસામાં પરિણમે છે એટલે રાગને હિંસાનું ઉગમસ્થાન કહી શકાય. વીતરાગતા અહિંસાની જનની છે.

## વૈરાગ્યનો દીવો

દૃઢવૈરાગ્ય આવે તો અહિંસાનું આચરણ થાય. પ્રસંગોપાત્ત આવતો વૈરાગ્ય શા કામનો ? એક વ્યક્તિએ સંતને પૂછયું કે મારે કબીરને મળવું છે કયાં મળશે ? સામેની ગલીમાં કબીર રહે છે. તપાસ કરતાં જણાયું કે કબીર કોઇ પરિચિતનું મૃત્યુ થતાં સ્મશાનમાં ગયાં છે. પેલાએ સંતને પૂછયું સ્મશાનમાં ઘણાં હોય માટે કબીરને કેમ શોધવા સંત કહે જેને માથે દીવો બળતો હોય તે કબીર. પેલો સ્મશાનમાં જઇ જુએ છે બધા માથે દીવા છે. સંતને કહે હવે કેમ કબીરને શોધું ? સંત કહે આ વૈરાગ્યના દીવા છે સ્મશાનમાંથી બહાર નીકળે પછી પાંચ મિનિટ બધાં સાથે ચાલજે જેનો દીવો જલતો હોય તે કબીર અને પેલાને કબીર મળી ગયો.

સ્મશાનવૈરાગ્ય ક્ષણિક છે. કબીર જેવો ચિંરજીવ દઢવૈરાગ્ય હોય તો અહિંસાની આરાધના સરળ બને.

## પરિગ્રહમૂર્ચ્છા હિંસાનું કારણ

પ્રત્યેક વ્યક્તિને માલિકીભાવ ગમે છે. આ વસ્તુ માત્ર મારી માલિકીની જ હોય બીજા કોઇની નહિ.

લલ્લુ ગામડેથી શહેરમાં ફરવા આવ્યો એક હોટલમાં ઉતર્યો, ફર્યો. પછી હોટલ ખાલી કરી સામાન ટેક્ષીમાં મૂકયો યાદ આવ્યું કે છત્રી તો રૂમમાંજ ભૂલાઇ ગઇ. પાછો દાદરા ચડી હોટલની રૂમપર આવ્યો રૂમતો હનીમુન પર આવેલા કપલને આપી દીધેલી. રૂમ બંધ હતી. અંદર કોઇ વાતો થતી હતી, લલ્લુ કી હોલ પર કાન લગાવી સાંભળે છે. યુવક તેની પત્નીને કહે છે. દેવી આકાશમાં છવાયેલી કાળી ઘટા જેવા આ વાળ કોના છે ?

તારા છે પ્રિયે !

માછલી જેવી ચંચળ આંખ કોની છે ? પત્ની બોલી તારી છે પ્રિયે ! લલ્લુ મુંઝાઇ ગયો. છત્રીનો નંબર આવશે ! અને બોલ્યો દેવી ! અંદર કોણ છે હું જાણતો નથી પણ છત્રીનો વારો આવે ત્યારે યાદ રાખજો.... છત્રી મારી છે.

અહીં પતિ, પોતાની પત્નીના પ્રત્યેક અંગ પર માલિકીભાવ સ્થાપવા ઉત્સુક છે જ્યારે, લલ્લુને છત્રીની ચિંતા છે જો પોતાના માલિકીભાવમાં, પરિગ્રહમાં જરા તિરાડ પડે તો વ્યક્તિ હિંસક બને છે.

## અપરિગ્રહ અને અનેકાંતનું આચરણ અહિંસાપોષક છે

જૈનદર્શને પરિગ્રહ વિષે સૂક્ષ્મ નિરીક્ષણો કર્યા છે. પરિગ્રહ એ પાપ અને ગુનો ત્યારે બને છે કે જ્યારે તેમાં આસક્તિ, કટ્ટર માલિકીભાવ અને ભોગ અભિપ્રેત બને.

ત્યાગને બદલે ભોગલક્ષી જીવનશૈલીને કારણે કુટુંબોમાં કુસંપ વધ્યા. સાગરીય તેલક્ષેત્રોના ભૂમિબિંદુ માટે એક જ રાષ્ટ્રના બે રાજ્યો ઝગડે છે. કાવેરી અને નર્મદાના નીરની વહેંચણી માટે પણ વિવાદ, તેલ માટે આંતરરાષ્ટ્રીય લડાઇઓ ખંજરથી લઇને વિસ્ફોટ બોમ્બ જેવા ઘાતક શસ્ત્રો દ્વારા માનવી આજે માનવીના લોહીનો તરસ્યો થયો છે.

કુદરતે બક્ષેલી જમીન અને જલરાશિના ઝઘડા જાણે આપણને ઓછા પડયા હોય તેમ, આકાશી ક્ષેત્રોમાં સ્પેસ લેબોરેટરી અને અવકાશી સ્ટેશનો સર્જી મોરચાનું મંડાણ થઇ રહ્યું છે, કુટુંબથી શરૂ થઇ વિશ્વ, અને હવે આ કુરુક્ષેત્ર કોસ્મિક વિશ્વ સુધી વિસ્તરી ચૂકયું છે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું કે તમારી પાસે જે કાંઇ હોય તે બધાનો તમે ત્યાગ કરો છો ત્યારે તમે જગતની સઘળી દોલતના માલિક બનો છો.

અપરિગ્રહનું વ્રત શ્રદ્ધાપૂર્વક આચરણ પામે ત્યારે સમાજવાદના આદર્શની પ્રતિષ્ઠા થઇ શકે.

પરિગ્રહના વિવેકહીન ભોગે ફ્રાન્સ જેવા મૂડીવાદી દેશોમાં હિંસાએ તાંડવનૃત્ય કર્યું. ફ્રાંસમાં એક બાજુ મૂડીવાદી શાસકોનો વૈભવ અને બીજી બાજુ વિશાળ સમુદાયની ભયંકર દરિદ્રતા, તેથી પ્રજાને એક (બ્રેડ) રોટલાનો ટુકડો મેળવવા શાસકો વિરૂદ્ધ બળવો કરવો પડેલો. વધુ પડતા પરિગ્રહને લીધે જ કાર્લમાર્કસ ક્રાંતિનું સર્જન થયું. ક્રાતિઓ લોહિયાળ પણ બને. ભગવાન મહાવીરનું અર્થશાસ્ત્ર અહિંસાપોષક છે. **મુનિસંતબાલજીની ધર્મ આધારીત સમાજરચનાની વાત અહિંસા પોષક છે**. પોતાના વિચારો બીજા પર ઠોકી બેસાડવા તે હિંસા છે. જૈનધર્મમાં બતાવેલ અનેકાંત વિચારધારાનું આચરણ હિંસા નિવારી શકે છે. બીજાની વાત પણ સાચી હોઇ શકે. કોઇપણ વિચાર કે અન્યના મતને દરેક બાજુએથી જોવો. જો માનવી પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઇ જાય, એ સુંદર વાત જૈનદર્શને અનેકાંતવાદ દ્વારા સમજાવી છે.

માતા-પુત્ર, પતિ-પત્ની, સાસુ-વહુ, શેઠ-નોકર-બે પક્ષના કાર્યકરો-પ્રજા-નેતા, સરકાર-પ્રજા, અમલદાર-પ્રજા, સંસ્થાના કાર્યકરો દરેક અભિપ્રાય અને ઘટનાને

અનેકાંત દ્વારા જોશે તો મોટાભાગના પ્રશ્નો ઉકલી જશે. જૈનધર્મે અન્યના મત પ્રતિ ઉદાર અને સહિષ્ણુ થવાની વાત પરમત સહિષ્ણુતાના સિદ્ધાંતમાં સમજાવી છે. અનેકાંતનું આચરણ, અહિંસાપોષક બને છે. અનેકાંતનું આચરણ વિશ્વશાંતિનો મૂલાધાર છે.

## ધર્મઝનૂન અને પૂર્વગ્રહ હિંસાનું કારણ

આત્મા કે પદાર્થનો મૂળ સ્વભાવ ધર્મ છે એટલે, ધર્મ એ પ્રકૃતિ છે. પોતાના ધર્મની પરંપરામાં રહીને સદાચાર, અહિંસાયુક્ત સત્ ધર્મનું પાલન તે સંસ્કૃતિ છે, અને ધર્મ ઝનૂન તે વિકૃતિ છે. ધર્મ અને ધર્મઝનૂન બંને અંતિમ છેડા છે. હકીકતમાં ધર્મને ઝનૂન સાથે કશી નિસ્બત નથી, કશો જ સંબંધ ન હોઇ શકે, પરંતુ દુર્ભાગ્યે ધર્મ અને ધર્મઝનૂન એવી સમાંતર ચાલતી બાબત બની ગઇ છે કે તેમને છૂટી પાડવી મુશ્કેલ છે.

ધર્મ તો અમૃત છે અને ઝનૂન વિષ છે, તો આ અમૃતમાં વિષ કોણ, ક્યારે, કેવી રીતે અને શા માટે ભેળવે છે ? ધર્મ સાથે ઝનૂન જોડાય તો ધર્મનો છેદ ઊડી જાય સમજણ ન હોય ત્યારે ઝનૂન પ્રગટે છે. કેટલાંક મુખ્ય તત્ત્વો ધર્મઝનૂનપ્રેરક છે, એમાનાં એક છે કહેવાતા ધર્મગુરુઓ. તેઓ પોતાનો સ્વાર્થ સાધવા માટે ચોક્કસ ધર્મ કે સાંપ્રદાયિક ટોળાંઓ ઊભાં કરીને પોતાનું આધિપત્ય કે વર્ચસ્વ જમાવવાનું કાર્ય કરે છે. આવા ધર્મનેતાઓના સ્થાપિતહિત (વેસ્ટેડ ઇન્ટરેસ્ટ) ધર્મઝનૂનની જનની છે.

બીજું તત્ત્વ પૂર્વગ્રહ છે.

એક સાપનું ગામ હતું. આખા ગામમાં દરેક જગ્યાએ સાપ દેખા દે. સાપ પગ પરથી ચાલી જાય, સાપ બાળકો સાથે રમે. બહારગામથી આવેલા ભાઇએ ગામવાળાને આશ્ચર્ય સાથે પૂછયું, આવા કાળોતરા નાગના સમૂહ સાથે રહેતા તમને ડર નથી લાગતો ? આ સાપનું ગામ છે. અહીં નાગ કરડતા નથી. ગામવાળાએ શાંતિથી પ્રત્યુત્તર આપ્યો.

આ ગામમાં એક નોળિયાએ જન્મ લીધો. નોળિયાના મા-બાપે કહ્યું કે આપણે સાપના ગામમાં રહીએ છીએ, પરંતુ એ આપણા દુશ્મન છે. નોળિયાનું બચ્ચું કહે, કેમ

દુશ્મન ? બાપા કહે આ દુશ્મની, પરંપરાથી છે. કેટલીય પેઢી પહેલાં આપણા પરદાદાને સાપના પરદાદાએ મારેલ, માટે તને સાપ મળે ત્યારે લાગ જોઇને તેને મારજે. બચ્ચું કહે, મારી સાથે તો આ દુશ્મની નથી, તો શા માટે મારું ? આ સાપે મારું તો કશું બગાડયું નથી. બાપે ગામના બધા જ વડીલોને ભેગા કરી કહ્યું કે આ બચ્ચું મારું માનતું નથી. સમગ્ર નોળિયાની જાત માટે આ કલંક છે. બધાંએ મળીને નોળિયાના બચ્ચાંને સમજાવ્યું. ન માન્યું તો બધાંએ પૂર્વગ્રહને કારણે ભેગા મળીને એને મારી નાખ્યું.

આપણી માનવજાતમાં આના કરતાં ભયંકર ઝેર-દ્વેષ છે. બીજા ધર્મમાં જન્મ લેવો તે દુશ્મનીનું કારણ કેમ હોઇ શકે ? માત્ર પૂર્વગ્રહને કારણે ધર્મમાં ઝનૂન ભળે છે અને પરિણામે લોહીની નદીઓ વહે છે. કોઇ પણ ધર્મમાં જન્મેલી વ્યક્તિના લોહીનો રંગ લાલ જ હોય, તો ભેદભાવ શા માટે ?

બીજા ધર્મ વિષે ગેરસમજણ થવાનું વાસ્તવિક કારણ અન્ય ધર્મો વિષેની જાણકારી કે સમજણનો અભાવ હોય છે. હકીકતમાં આપણું ચિંતન ત્યાં સુધી પહોંચતું નથી. પરિણામે બીજા ધર્મ પ્રત્યે વૈમનસ્ય કે ધર્મઝનૂન તરફ આપણે વળીએ છીએ.

બીજાના મત પ્રત્યે સહિષ્ણુ રહી એકબીજાના ધર્મને, બરાબર સમજીએ તો જ પૂર્વગ્રહ દૂર થાય. કટ્ટર ધાર્મિક અને સાંપ્રદાયિક વાડાબંધી, નજીક રહેનાર વચ્ચે પણ વૈચારિક અંતર વધારી દે છે.

એક વસ્તુને વિવિધ દષ્ટિકોણથી જોઇએ, વસ્તુના પ્રત્યેક ભાગને જોવાથી, એક વિચારને દેશ-કાળ, વ્યક્તિ અને પરિસ્થિતિને લક્ષ્યમાં લઇને જોવાથી તે વ્યક્તિ કે વિચારનું અનેકાંત દષ્ટિથી દર્શન કે ચિંતન કરતા તે ચોક્કસ પૂર્વગ્રહમુક્ત બને. પૂર્વગ્રહ અને સ્વાર્થપ્રેરિત ધર્મઝનૂન તો અનેકાંતનો હત્યારો છે. અનેકાંતદષ્ટિ ધર્મનાં મૂળભૂત તત્ત્વોની રક્ષક છે. એ જીવતી હશે ત્યાં સુધી ધર્મમાં વિકૃતિ નહિ પેસે.

અનુયાયીઓની શ્રદ્ધા કે અંધશ્રદ્ધા, ભોળપણ અને અજ્ઞાનનો ફાયદો કહેવાતા ધર્મગુરુઓ જ ઉઠાવતા હોય છે. રાજકારણમાં ધર્મ જરૂરી છે પરંતુ ધર્મમાં રાજકરણ કેટલાંય અનિષ્ટોને જન્માવે છે.

## યુદ્ધ અને અહિંસા

વિશ્વની કોઇ પણ ધર્મપરંપરાએ યુદ્ધની તરફેણ કરી નથી. શબ્દ સામેનું આક્રમણ ખાળવા, અન્યાયને ખાળવા સ્વબચાવ, સંઘની આપત્તિ દૂર કરવા સ્ત્રીના શિયળનું રક્ષણ કરવા જે હિંસા આચરવામાં આવે તે વિરોધી હિંસા છે.

વિરોધી હિંસાનાં ઉત્તમ ઉદાહરણ છે મર્યાદા પુરુષોત્તમ રામ અને શ્રીકૃષ્ણ. અન્યાયનો પ્રતિકાર જ્યારે અહિંસાથી શક્ય ન હોય ત્યારે વિરોધી હિંસાનો આશ્રય અનિવાર્ય થઇ રહે છે. સામાન્યજીવનમાં અન્યાયનો પ્રતિકાર આવશ્યક બતાવ્યો છે. અન્યાયનો પ્રતિકાર ન કરનાર વ્યક્તિ આડકતરી રીતે તો અન્યાયની અનુમોદક જ ગણાય ને ? અન્યાયના પ્રતિકાર માટે જ ગાંધીજીએ સ્વાતંત્ર્ય સંગ્રામની ઘોષણા કરેલી. આધુનિક યુગમાં મહાત્માગાંધીજીએ આંદોલન દ્વારા અહિંસક સત્યાગ્રહ દ્વારા દેશને આઝાદી અપાવી. આવી **અહિંસા કાયરોનો ધર્મ નથી**. અહિંસા પરમો ધર્મ નો અંચળો ઓઢી અહિંસાને ઢાલ સ્વરૂપ રાખી પોતાની અશક્તિ છુપાવવી તે દંભ છે. અહિંસાના આવા મહોરાં જનતાને નિર્બળ કરી મૂકે છે.

ઐતિહાસિક યુદ્ધપ્રસંગોનાં પાત્રો પર ચિંતન કરીએ ત્યારે સતી સીતાજી, વિભીષણ, યુધિષ્ઠિર, અર્જુન, ભીષ્મ, દ્રોણાચાર્ય, વિદુરજી, ભગવાન મહાવીરના સમયના બિંબિસાર, શ્રેણિક, ચેડા રાજા, ચેટક રાજા, રાજા ઉદાયન, કલીંગના રાજા અશોક, કુમારપાળ રાજાના મંત્રી ઉદયન અને મહાનીતિજ્ઞ ચાણક્ય જેવા મહાપુરુષોની ભાવના અને મનોમંથન તપાસવા જેવા પથદર્શક છે, એક બાજુ સમરાંગણમાં યુદ્ધ તો બીજી બાજુ હૈયાના કુરુક્ષેત્રમાં આંતરમનોમંથનનું તુમુલ યુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું હતું.

યુદ્ધોત્તર વિનાશનાં કરુણ દશ્યોની કલ્પનાથી એક રાક્ષસી વિક્ષુબ્ધ બની સીતાજી પાસે જઇ યુદ્ધનાં ભયાનક પરિણામોનું ચિત્ર રજૂ કરી કહે, આ યુદ્ધથી લાખો વિધવા બનશે, હે **સીતાજી**, આપ સ્ત્રી છો તો સ્ત્રીજાતિ પ્રત્યે દયા અનુકંપા લાવી લંકાપતિના દાસી બની જાઓ અને આ દારુણ યુદ્ધને અટકાવી દો. સીતાજી બહુ જ માર્મિક જવાબ આપે છે, જ્યારે જ્યારે સ્ત્રીઓ મારા જેવી પરિસ્થિતિનો ભોગ બનશે

ત્યારે મારું દૃષ્ટાંત લઇ વિચારશે કે રામની મહાસત્ત્વશાલિની સીતા પણ જો લંકાપતિને શરણે થઇ ગઇ તો આપણું શું ગજું ? આવો વિચાર કરી તે કન્યાઓ અને સ્ત્રીઓ પરપુરુષને આધીન થવા લાગે તો ? ભવિષ્યમાં કરોડો સ્ત્રીઓ કુલટા બને તેવી પરંપરા સારી કે વર્તમાનને યુદ્ધમાં લાખો સ્ત્રીઓ વિધવા બને તે સારું ? રાક્ષસી શું બોલે ? અહીં શિયળના રક્ષણ માટે વિરોધી હિંસા અનિવાર્ય બની જાય છે.

ઇતિહાસમાં બીજું આવું જ ઉદાહરણ છે **શ્રીકૃષ્ણ-અર્જુનનું**. અર્જુનને કુરુક્ષેત્રમાં તેમની સામે ઊભેલા તેમનાં સ્વજનો સામે યુદ્ધ કરવામાં રસ ન હતો. તે ઉદાસીન હતો. વિષાદયોગમાં અટવાયેલા અર્જુનને આત્મા, પરમાત્મા, ધર્મ, ફરજ અને કર્તવ્યની પ્રેરણા શ્રીકૃષ્ણએ આપી, અને અર્જુનને યુદ્ધ માટે પ્રવૃત્ત કર્યો.

બંને પક્ષે વિષ્ટિકાર બની યુદ્ધ ટાળવા શ્રીકૃષ્ણે અનેક પ્રયત્નો કર્યા, સ્વયં દૂત બની દુર્યોધનની સભામાં જઇ પાંડવોને માત્ર પાંચ ગામ આપવા વિનંતી કરી, દુર્યોધન ન માન્યો. સત્ય, ન્યાય અને નીતિ માટે યુદ્ધ એટલે વિરોધી હિંસા શ્રીકૃષ્ણ માટે અહીં ફરજનો ભાગ બની.

શ્રીકૃષ્ણ તો परित्राणाय साधुनाम् ધર્મની પુનઃસ્થાપના કરવી તે જીવન લક્ષ્ય હતું. સાત્ત્વિકોના આધાર અને સંરક્ષક એવા શ્રીકૃષ્ણે ભગવત્ ભક્તિની ટોચ જેવા ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય જેવા સદ્ગુણસંપન્ન અને સતપ્રવૃત્ત માનવોનો સંહાર શા માટે કરાવ્યો ?

સૂક્ષ્મ માનવસંબંધો અને વહેવારોના પારગામી શ્રીકૃષ્ણની પ્રજ્ઞા અદ્ભુત હતી. એમની નજર માનવજાતના કલ્યાણ પર મંડાયેલી હતી. સત્ય, નીતિ અને ન્યાયની સામે તેમને મન ગમે તે વ્યક્તિ ગૌણ હતી. અધર્મ અને અન્યાયને પક્ષે બેસનાર વ્યક્તિ અધર્મ અને અન્યાયનો અનુમોદક બની જાય છે. અધર્મ અને અન્યાયને શરણ આપનાર ધર્મી વ્યક્તિ પણ અધર્મી બની જાય, એ ન્યાયે શ્રીકૃષ્ણએ પાર્થને બાણ ચડાવવાની પ્રેરણા કરી, યુદ્ધને જ કલ્યાણ માન્યું.

દ્રોણાચાર્ય ગમે તેવા ભદ્રપુરુષ હોવા છતાંય અધર્મનો પક્ષ લઇ બ્રહ્મશસ્ત્ર છોડી હજારો નિર્દોષ માનવોનો સંહાર કરવા તૈયાર થઇ ગયા હતા. શ્રીકૃષ્ણનું તેની સામે લેવાયેલું પગલું પોતે જે પક્ષમાં ઊભા હતા તેના યોગક્ષેમ માટેનું હતું. શ્રી કૃષ્ણની રણનીતિ ધર્મ અને ન્યાયના રક્ષણ માટે હતી.

ધર્મપુરુષ, અધર્મ અને અનીતિને શરણ આપે તો તે અધર્મી બની જાય છે, આ ઉપરથી આપણે તારતમ્ય કાઢવાનું કે જે દેશ આતંકવાદી અને ત્રાસવાદીઓને શરણ આપે તે દેશને આતંકવાદી કે ત્રાસવાદી જાહેર કરવો જોઇએ અને તેને અપરાધી ગણી દંડ દેવો જોઇએ.

ભગવાન મહાવીરના સમયમાં ભવિતવ્યતા અને કર્મોદયને કારણે કેટલાંક યુદ્ધો થયાં. એ સમયના રાજાઓ અને કેટલાય સેનાપતિઓ શ્રાવકનાં વ્રતો પાળતા. અધર્મ અને અન્યાયના પ્રતિકાર માટે પણ યુદ્ધને અંતિમશસ્ત્ર તરીકે જ અપનાવતા. યુદ્ધકાળમાં પણ તેમના જીવનમાં ધર્મ, નીતિ, દયા અને ન્યાયને સ્થાન હતું.

**ઉદાયન રાજાએ રાજા પ્રદ્યોતને પરાસ્ત કર્યો**, રાજા પોતાના નગરમાં પાછા ફરી રહ્યા છે. માર્ગમાં જ છાવણી નાખીને રહ્યા. ઉદાયન રાજા સંગ્રામમાં કેદ કરેલા પ્રદ્યોત રાજાની ભોજન વગેરેની પોતાની પ્રમાણે જ સંભાળ રાખતા. પર્યુષણ પર્વ આવતાં ઉદયન રાજાએ ઉપવાસ કર્યો. રસોઇયાએ પ્રદ્યોતને પૂછયું, આજે શું જમશો ? આ સાંભળી ઉજ્જયિની પતિ પ્રદ્યોતને લાગ્યું કે આવો પ્રશ્ન આજ સુધી થયેલ નથી. નક્કી આ ઉપહાસ મારું બંધન કે વધ સૂચવે છે, આવું વિચારી રસોઇયાને તેમણે પૂછયું કે આવું પૂછવાનું કારણ શું ? રસોઇયો બોલ્યો, રાજન, આજે પર્યુષણપર્વ છે તેથી અમારા સ્વામી, સાથીઓ સાથે ઉપોષિત થયા છે, અર્થાત્ સૌએ ઉપવાસ કરેલ છે. માટે તમારા એકલા માટે જ રસોઇ બનાવવાની છે. પ્રદ્યોતે કહ્યું કે, હે પાચક, મારાં માતા-પિતા શ્રાવક હતાં તેથી હું પણ આ મહાપર્વનો ઉપવાસ કરીશ. રસોઇયાએ પ્રદ્યોતનાં આ વચનો રાજા ઉદયનને કહી સંભળાવ્યાં, તેથી ઉદયને કહ્યું કે કારાગૃહમાં રહીને પર્યુષણપર્વ પાળનાર પ્રદ્યોત મારો ધર્મબંધુ થયો. તેથી તરત જ તેમને કારાગ્રહમાંથી મુકત કરો. તમામ હિંસાના પ્રાયશ્ચિત્ત રૂપે પ્રતિક્રમણ કરી પ્રદ્યોતની ક્ષમા માગી અને પાપથી નિવૃત્ત

થયેલા તે નિર્મળ આત્માએ રાજ્યલક્ષ્મી છોડી શુદ્ધ સાધુપણાનો અંગીકાર કર્યો. ઉદયન રાજા છેલ્લા રાજર્ષિ થયા.

ભગવાન મહાવીરના પરમભક્ત શ્રેણિકના પુત્ર કુણિક અને હલ્લવિહલ વચ્ચે પણ યુદ્ધ ખેલાયું. હલ્લ અને વિહલ્લના ભાગમાં આવેલાં દિવ્ય કુંડલ, વસ્ત્રો, હાર અને સેચનક હાથી, મોટાભાઇ કુણિકને પડાવી લેવા હતા. હલ્લ અને વિહલ્લ મામા ચૈટક રાજાને શરણે ગયા. ચૈટક, ધર્મી શ્રાવક પુરુષ હતા. યુદ્ધ, ધર્મ, હિંસા, અહિંસાનું તેનું મનોમંથન અદ્‌ભુત હતું.

જે પરિસ્થિતિમાં હણવા નિમિત્તે નહિ છતાં અનિવાર્ય રીતે ત્યાં થતી હિંસા એ દ્રવ્યમાં હિંસા છે અને ભાવમાં અહિંસા છે, તો તેવી હિંસા એવી પાપકર નથી અને એવી બંધનકર પણ નથી કે જે પાપ કે બંધ-બંધન ન હરી શકે, કારણ કે આ સમજણવાળી વ્યક્તિ પોતાથી થયેલી હિંસાનો ગર્વ નથી લેતી કે હિંસાને ફાળે વિજય નથી ચડાવતી. પરંતુ ઊલટી હિંસામાં પોતે જ નિમિત્ત થયેલ છે તેનું પ્રાયશ્ચિત્ત જરૂર કરશે.

**રાજા ચૈટક** યુદ્ધભૂમિમાં પણ વ્રતોને અંગીકાર કરતા અને **ચેડારાજ તો** સમરાંગણમાં પણ સામાયિક અને પ્રતિક્રમણના પવિત્ર ભાવોમાં રહેતા.

ચેટકને પક્ષે લડનાર નાગરથીનો પૌત્ર વરૂણ, સત્ય, ન્યાયી અને શ્રાવકનાં દ્વાદશવ્રતને પાળનાર હતો. કુણિકનો સેનાપતિ યુદ્ધની માગણી કરતો સમરાંગણમાં ઘા કર, ઘાકર'નો પોકાર કરતો ધસ્યો. ઉત્તરમાં વરૂણ બોલ્યો, કે, હે મહાભૂજ, હું શ્રાવક છું અને મારે એવું વ્રત છે કે કોઇના ઉપર પ્રથમ પ્રહાર કરવો નહીં. સ્વરક્ષણ મારી રણનીતિ અને ધર્મ છે. મૃત્યુ સમયે વરૂણે સમારાંગણમાં તૃણનો સંથારો કરી સંલેખના વ્રત સાથે સમાધિમરણને આત્મસાત્ કર્યું.

**અભયારાણીની** અબ્રહ્મચર્યની માગણીનો અનાદર કરનાર, સુદર્શનને અભયા રાણીએ શૂળીએ ચડાવવા લગી દાવ ખેલ્યા છતાં, છેવટે **સુદર્શનનું** સત્ય તરી આવ્યું. ત્યારે રાજાને હાથે થતો અભયારાણીનો વધ એ જ સુદર્શને અટકાવ્યો. ભરપૂર હિંસાના

મુખમાં આબાદ અહિંસા પળાવી કટ્ટર વિરોધીનો પ્રેમભર્યો સામનો કરી વિજય મેળવ્યા પછી વિજયમાળા વિરોધીને જ પહેરાવીને પ્રેમ પાથરવો, એ અહિંસાની સફળતા છે.

આજે સમગ્ર વિશ્વમાં સત્તા અને જમીનની લાલસા, આતંકવાદ અને ધર્મઝનૂનને કારણે યુદ્ધનાં નગારાં વાગે છે ત્યારે સત્ય, ન્યાય, નીતિ અને વિવેકનું ચિંતન જરૂરી છે. સત્યના પક્ષ માટે અને અન્યાયના પ્રતિકાર માટે ડાહ્યા અને શાણા પુરુષો યુદ્ધોને અંતિમ સાધન રૂપે જ સ્વીકારે છે. શાંતિને ઝંખતી માનવજાતને આજે યુદ્ધની નહિ પરંતુ યુદ્ધને નિવારી શકે તેવા પ્રજ્ઞાપુરુષ બુદ્ધની જરૂર છે. ક્રોધ, માન, માયા અને લોભનું જે ઊગમસ્થાન છે, જે ભીતરમાં ફૂંફાડા મારી રહેલ છે, તેવા અષ્ટકર્મના કાલીનાગ સામે પ્રત્યેક માનવે યુદ્ધ કરી તેને પરાસ્ત કરી નિર્મળ બનવાની ભાવના જ પરમ કલ્યાણકારી છે.

## ધંધામાં અહિંસા

શ્રાવક હિંસાયુકત ધંધાઓ ન કરે જેમાં હિંસા સમાયેલી છે, તેવાં ૧૫ કર્માદાનના ધંધા ઉદ્યોગ શ્રાવકો ન કરે અને કરવાની અનુમોદના પણ ના કરે આવો ધંધો કરતી કંપની કે ઉદ્યોગોના શેર કે બોન્ડમાં પણ રોકાણ ન જ કરે.

જૈનો શાકાહારની જ તરફેણ કરે છે અભયદાન જ શ્રેષ્ઠદાન છે. માટે શાકાહાર જરૂરી છે. માંસાહાર તો વર્જ્ય છે પણ અનંતકાય અભક્ષ્યનો પણ જૈનોને ત્યાગ હોય શાકાહાર પછી જૈનાહારમાં સ્થૂળની સાથે સૂક્ષ્મ અહિંસાની પણ વિચારણા છે. કતલખાના બંધ થાય તોજ શાંતિ સ્થપાય. કતલખાનામાં કપાતા પશુઓની ચીસના ભયંકર સ્પંદનો સંવેદનોથી ધરતીમાં કંપ પેદાથાય છે અને તેના પરિણામે ધરતીકંપ પણ થાય છે.

**અહિંસા પર્યાવરણ સંતુલનપોષક છે અને** સૂક્ષ્મ હિંસાનો નિષેધ કરતો જૈન ધર્મ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોના સુખમય અસ્તિત્વના સમાન અધિકારનું સમર્થન કરે છે. જેથી વાયુ-અગ્નિ-જમીન-પાણી અને વનસ્પતિના જીવોની વિરાધના ન કરવા

જણાવે છે. ભોગ ઉપભોગમાં સયંમ અને વિવેક જૈન જીવનશૈલીમાં અભિપ્રેત છે. શાકાહાર-વનસ્પતિ અને પાણીની રક્ષા દ્વારા કુદરતી સાધનો અને સંપતિનો વેડફાટ અટકે છે જે પર્યાવરણ સંતુલન પોષક છે.

## ઉપભોક્તાવાદથી ઉપયોગની સંસ્કૃતિ

અહિંસાના પોષણ માટે વિશ્વે ઉપભોક્તા વાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ જવું પડશે.

પાણીમાં અસંખ્ય જીવો છે. સાચો શ્રાવક તો પાણીને ઘી જેમ વાપરે. પાણી અને ઉર્જાનો બેફામ ઉપયોગ કુદરતી સંપત્તિનું દેવાળું નીકળશે, વનસ્પતિ કાગળ વ.નો બેફામ ઉપયોગ કુદરતી સંપત્તિનો નાશ કરશે ભવિષ્યમાં પાણી માટે પાણીપત-યુદ્ધ સર્જાય તો નવાઇ નહિ.

વિકલ્પના વનથી ભટકવાનું બંધ કરવાનું, ભોગોપભોગથી સંયમમાં આવવાની વાતમાં જયણા અને વિવેક અભિપ્રેત છે. ઉપભોકતાવાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ પાછા ફરવાનો સમય પાકી ગયો છે.

સવારે ઊઠી પંચમહાભૂતોને વંદનક રી તેના વિવેક પૂર્ણ ઉપયોગ માટેની આજ્ઞા માગવામાં આપણું સૌનું કલ્યાણ છે.

## જીવેષણા અને અહંકારનું મૃત્યુ અહિંસા છે

ભગવાન મહાવીર કહે છે જેને ન જીવવાની ઇચ્છા છે જેને ન મરવાની ઇચ્છા છે માત્ર સમભાવ અને સમદષ્ટિ છે તેજ સમતાનો આરાધક બની શકે છે અને તેજ સાચો અહિંસક છે.

અહંકારના મૃત્યુ ઘંટનો છેલ્લો ટંકારવ અહિંસાના જન્મની મધુર ઘંટડી વગાડી શકે છે.

રાવણનો અહંકાર જ મહાહિંસા અને વિનાશનું કારણ બન્યો. અહીં સીતાના રૂપ કરતા સીતા મેળવવાના વટનો સવાલ તેને હિંસા ભણી પતન અને વિનાશભણી લઇ ગયો.

## લતામંગેશકરનો સ્વર

બીજા પ્રત્યેનો શુભભાવ આપણું શુભ કરે. સ્વરસામાજ્ઞી લતા મંગેશકરની તરુણ અવસ્થાનો એક પ્રસંગ છે. ત્યારે તે પાર્શ્વગાયિકા તરીકે પ્રખ્યાત ન હતી તેનો પિતરાઇભાઇ એક નાના ગામમાં રહેતો. આમંત્રણ મળતાં તે ભાઇને ત્યાં ગઇ. ઘરના વાડામાં ઘણા બધા કોયલનાં બચ્ચાંનો મધુર અવાજ આવ્યો. ભાઇને પૂછયું પક્ષીઓનો આ મધુર અવાજ કયાંથી ? ભાઇએ વાડામાં રાખેલ ચાલીશ કોયલ બતાવતા કહ્યું કે આ ચાલીશ કોયલમાંથી આજે તારા માટે ખૂબ સ્વાદિષ્ટ ભોજન બનાવરાવીશ અને તને પ્રેમથી જમાડીશ.

તરુણી લતા વિચારે છે કે આવા મધુરા કંઠવાળા ચાલીશ નિર્દોષ કોયલ પંખીની મારા ભોજન માટે હત્યા ? હરગીજ નહિ અને ભાઇને સ્નેહથી વિનવી અને બધીજ કોયલને મુકત કરે છે. જાણે અભયદાન પામેલી ચાલીશ કોયલનો કંઠ લતાના કંઠમાં વસી ગયો અને વિશ્વમાં એ સ્વરસામ્રાજ્ઞી કિન્નરકંઠી રૂપે પ્રખ્યાત થઇ.

આ છે અહિંસાનું વિધેયાત્મક પરિણામ.

અહિંસાથી સાત્ત્વિક બનાય છે. અહિંસાના આચરણથી સંવાદ સ્થપાય છે. શાંતિને ઝંખની વિશ્વની સમગ્ર માનવજાતને આજે ભગવાન મહાવીરની અહિંસાની જરૂર છે. મા ભગવતી અહિંસા, આપણા સૌમાં અવતરીત થાઓ તેવી મંગલકામના સાથે વિરમું છું.

**જય જિનેન્દ્ર !**

(Paper for 12th Biennial Jaina Convention July 3-6-2003
cincinnati ohio U.S.A.)

# ગુણવંત બરવાળિયા 'ગુંજન'ના પુસ્તકો
## (સર્જન અને સંપાદન)

- ઊર નિર્ઝરા (સ્વરચિત કાવ્યોનો સંગ્રહ)
- તપાધિરાજ વર્ષીતપ (જૈનદર્શનમાં તપ)
- કલાપી દર્શન (કવિ કલાપીની જન્મશતાબ્દી નિમિતે પ્રગટ થયેલ તેમના જીવન-કવન અને વિવેચનના લેખોનો સંચય)
- હૃદય સંદેશ (શિક્ષણ અને વિદ્યા-જગતને લગતા લેખો)
- પ્રીત - ગુંજન (સો વર્ષના પ્રણય કાવ્યોનો પ્રતિનિધિ સંગ્રહ)
- શૈલેષી (આલોચના અને ઉપાસના)
- અહિંસા મીમાંસા
- Commentry on Non-Violence (અહિંસા મીમાંસા અંગ્રેજી)
- વાણીના ઝરૂખેથી (વાગ્મિતા)
- ચંદ્રસેન કથા
- અધ્યાત્મનિષ્ઠ સંતબાલજી
- સંકલ્પસિધ્ધિના સોપાન
- અમરતાના આરાધક
- આગમ દર્શન (પરિચય પુસ્તક)
- ભગવાન મહાવીર અને સંયમ જીવન
- દામ્પત્ય વૈભવ (દામ્પત્ય જીવનને લગતાં લેખોનો સંચય)
- દાર્શનિક દ્રષ્ટા
- વિશ્વવાત્સલ્યનો સંકલ્પ
- અભિવંદના
- જીવનનું રહસ્ય
- કામધેનું (હિન્દી-અંગ્રેજી)
- ઉત્તમ શ્રાવકો
- અધ્યાત્મ સુધા
- અમૃત ધારા

- અધ્યાત્મ અમૃત (જૈન અધ્યાત્મ સ્ટડી સર્કલના દશાબ્દી વર્ષ નિમિત્તે સભ્યોના અધ્યાત્મ વિષયક લેખનો સંગ્રહ)
- શ્રીમદ રાજચંદ્ર-એક દર્શન (શ્રીમદ્‌જીના જીવનના વણસ્પર્શ્યા પાસાનું દર્શન)
- સર્વધર્મ દર્શન
- વિચારમંથન
- અમરસેન વયરસેન કથા
- Glimpses of world religions (સર્વધર્મ દર્શન અંગ્રેજી)
- શાકાહાર (અનુવાદ-ડૉ. મધુબહેન બરવાળિયા)
- દુલેરાય માટલિયા કૃત બે વિરલ વિભૂતિઓ શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી
- જ્ઞાન સાધના અને સરસ્વતી વંદના
- મર્મસ્પર્શ
- મૃત્યુનું સ્મરણ
- ભારતીય સંસ્કૃતિમાં દાન ભાવના
- જૈનધર્મ (પરિચય પુસ્તિકા)
- આપની સન્મુખ
- અધ્યાત્મ આભા

પ્રાપ્તિ સ્થાન :
- નવભારત સાહિત્ય મંદિર
  ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
  ગાંધી રોડ, દેરાસર પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.
- ચિંતન પ્રકાશન : ૧/૩૧૬, સિધ્ધિવિનાયક,
  હિંગવાલા લેન એક્ષ., મુંબઈ-૭૫.
  ફોન : ૨૫૧૨ ૫૬૫૮ / ૨૫૧૫ ૫૪૭૬.

